
BAOU
Education for All

# Dr. Babasaheb Ambedkar Open University

(Established by Government of Gujarat)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4



## એમ.એ.: ઈતિહાસ

## MAHIS-101

## પ્રથમ સત્ર

# ઐતિહાસિક સંશોધન પદ્ધતિઓ



BAOU
Education
for all

# સ્વાધ્યાયનું અજવાળું

*ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં, ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. 1994માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસ્ટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.*

*ડૉ. બાબાસાહેબ આંબેડકરની 125મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, 'જ્યોતિર્મય' પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.*

*શિક્ષણ એટલે માનવામાં થતું મૂડીરોકાણ . શિક્ષણ લોકાસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છેઃ 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'*

*ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.*

*'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહીં પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉંમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપરદ અનુભવ કરી શકે છે.*

*યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાંત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને પહોંચે છે. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી જ્ઞાનનું કેન્દ્રબિંદુ બની રહી છે. વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.*

**પ્રો. ડૉ. અમીબહેન ઉપાધ્યાય**
**કુલપતિશ્રી,**
**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,**
**જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે,**
**છારોડી, અમદાવાદ.**

**નિદર્શન (Direction)**

| | |
|---|---|
| *પ્રો.(ડૉ.) યોગેન્દ્ર પારેખ* | *નિયામક, સ્કૂલ ઓફ હ્યુમેનીટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સંપાદક (Editor)**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**સહ –સંપાદક (Co-Editor)**

| | |
|---|---|
| *ડૉ. મુકેશ આહિર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ.ગોરધન એમ.રોહિત* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિ (Subject Committee)**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *અધ્યાપક અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ,<br>ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. અરુણ વાઘેલા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. જીગીશ પંડ્યા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**વિષય પરામર્શન (Subject Review)**

| | |
|---|---|
| *પ્રો.ડૉ. હરપાલ રાણા* | *પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. જીગીશ પંડ્યા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, એસ.પી.યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર.* |

**લેખન (Writing)**

| | |
|---|---|
| *ડૉ. દીપક ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર,* IITE , *ગાંધીનગર.* |
| *ડૉ. અરુણ વાઘેલા* | *પ્રોફેસર & અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ.પ્રદ્યુમ્ન ખાચર* | *અધ્યક્ષ અને એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, મહિલા કૉલેજ, જુનાગઢ.* |
| *ડૉ. નરેશ પરીખ* | *એસોસિયેટ પ્રોફેસર, આઈ.ડી. પટેલ આર્ટસ કૉલેજ, કડી.* |

**ભાષા પરામર્શન (Language Review)**

| | |
|---|---|
| *ડૉ. એ. એ. શેખ* | *સરકારી વિનયન એ વાણિજ્ય કૉલેજ, જાદર,તા. ઈડર* |


**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

*આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.*

**ISBN :** 978-93-5598-634-4

પ્રકાશન વર્ષ : **2026-પ્રથમ આવૃત્તિ**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

**પ્રથમ સત્ર એમ.એ. : ઈતિહાસ**

**MAHIS-101**

**ઐતિહાસિક સંશોધન પદ્ધતિઓ**


**એકમ : 1** **01**

ઈતિહાસ સંશોધનની વિભાવના, પ્રકારો અને મહત્ત્વ

**એકમ : 2** **13**

ઈતિહાસ સંશોધનના ક્ષેત્રો

**એકમ : 3** **21**

ઈતિહાસ સંશોધનના સોપાનો

**એકમ : 4** **31**

ઈતિહાસ સંશોધન માટેના આવશ્યક ગુણો

**એકમ : 5** **40**

સંશોધનની પદ્ધતિઓ અને ઉપકરણો, પુરાતાત્વિક અને મૌખિક પદ્ધતિ,વિષયવસ્તુ-વિશ્લેષણ, ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિ અને ઐતિહાસિક માહિતીની તારવણી અને અર્થઘટન

**એકમ : 6** **61**

માહિતીના સ્ત્રોત - પ્રથમ કક્ષાના અને દ્વિતીય કક્ષાના,દસ્તાવેજોની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા

**એકમ : 7** **75**

ઈતિહાસ સંશોધનનું આયોજન

**એકમ : 8** **81**
**સંશોધન સમસ્યાની પસંદગી અને વ્યાખ્યા**

**એકમ : 9** **93**
**સંશોધન દરખાસ્તની તૈયારી**

**એકમ : 10** **102**
**સાહિત્ય સમીક્ષા : અર્થ, મહત્ત્વ અને કાર્યપદ્ધતિ**

**એકમ : 11** **113**
**સંશોધન અહેવાલનું સામાન્ય પરિરૂપ**

**એકમ : 12** **128**
**પાદનોંધ અને સંદર્ભસૂચિ**

**એકમ : 13** **139**
**માહિતી પૃથ્થકરણ અને ઈતિહાસ લેખન**

**એકમ : 14** **147**
**ઈતિહાસકારની ભાષાશૈલી**

**એકમ : 15** **155**
**ઈતિહાસલેખનની વિવિધ શાખાઓ :**
**બ્રિટીશ સામ્રાજયવાદી શાખા, ભારતીય રાષ્ટ્રવાદી શાખા, માર્કસવાદી શાખા, એનાલ્સ શાખા, સબાલ્ટર્ન શાખા**

## પાઠયક્રમ પરિચય

ઈતિહાસના અભ્યાસુ અને ઈતિહાસ વિષયમાં સંશોધન કરવા ઈચ્છતા હોય તેમણે ઈતિહાસની સંશોધન પદ્ધતિનું જ્ઞાન હોવું જરૂરી છે. જેમાં સંશોધનના પ્રકારો, વિભાવના, સંશોધન માટે આવશ્યક ગુણો, સંશોધન કરતાં રાખવામાં આવતી કાળજી વગેરે સંશોધન કાર્યમાં પાયાની ભૂમિકા ભજવે છે. ઈતિહાસ જેવા વિષયમાં સંશોધન કાર્ય માટે જરૂરી સાધન સામગ્રી કયાંથી અને કેવી રીતે પ્રાપ્ત કરવી તેમજ પુરાતત્ત્વ તેમજ લેખિત સાધનો કયા છે, વળી મળેલી માહિતીમાંથી ઐતિહાસિક તારણી કેવી રીતે કરવી એ સંશોધન માટે આવશ્યક ગુણો છે.

સંશોધનના કાર્ય માટે મળેલા સાધનોમાંથી પ્રથમ કક્ષાના અને દ્વિતીય કક્ષાના સાધનો કયા છે તે સંશોધન કર્તાએ જાણવુ આવશ્યક છે. ઈતિહાસ જેવા વિષયમાં ચોક્કસ કાર્યપદ્ધતિના આધારે સંશોધન કાર્ય કરવું પડે છે. આ સંશોધન માટે જે તે વ્યક્તિ **No Document No History** વિના સંશોધન કરી શકે નહિ. સંશોધન માટે ઉપયોગ લેવામાં આવતી અને એ માહિતીનું એકત્રીકરણ ત્યારબાદ પૃથ્થકરણ અને સંદર્ભસૂચિ દ્વારા ઈતિહાસ લેખન કેવી રીતે કરવું તે સર્વે બાબતાની અહીં ચર્ચા કરેલ છે.

ઈતિહાસના સંશોધન માટે ભાષા અને વિષયવસ્તુ કેવું હોવું જોઈએ. સંશોધન કરતા કંઈ બાબતોનો ખ્યાલ રાખવો જોઈએ; તેમજ ભારત જેવા દેશમાં ધર્મ, જ્ઞાતિ કે સમાજની ભાવના કે લાગણીને ઠેસ ન પહોંચે તેવી ભાષાનો ઉપયોગ કરવો જોઈએ. આ સિવાય ઈતિહાસના અભ્યાસુ માટે ઈતિહાસ લેખનની વિવિધ શાખાઓ જેમાં બ્રિટીશ સામ્રાજ્યવાદી, ભારતીય રાષ્ટ્રીય તેમજ માર્કસવાદી શાખાના માર્ગદર્શક હેઠળ લખાયેલી ઈતિહાસ દર્શનની વિસ્તૃત ચર્ચા  અહી આમ, ઐતિહાસિક સંશોધન પદ્ધતિમાં ઈતિહાસના સંશોધનને લગતા સમગ્ર આયામોને આવરી લઈ વિસ્તૃત ચર્ચા કરેલ છે.

| એકમ : 1 | ઈતિહાસ સંશોધનની વિભાવના, પ્રકારો અને મહત્ત્વ |
|---|---|

:: રૂપરેખા ::

**1.0 ઉદ્દેશ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 ઈતિહાસ સંશોધનની વિભાવના**

**1.3 ઈતિહાસ સંશોધનના પ્રકાર**

**1.4 ઈતિહાસ સંશોધનનું મહત્ત્વ**

**1.5 તમારી પ્રગતિ ચકાસો**

**1.6 સારાંશ**

**1.7 ચાવીરૂપ શબ્દો**

**1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**1.9 સ્વાધ્યાય**

**1.10 સંદર્ભ**

## 1.0 ઉદ્દેશ

*પ્રસ્તુત પ્રકરણના અભ્યાસ પછી તમે,*

- *ઈતિહાસ સંશોધનની વિભાવના જાણશો.*
- *ઈતિહાસ સંશોધનના પ્રકાર સમજશો.*
- *ઈતિહાસ સંશોધનનું મહત્ત્વ સમજશો.*

## 11 પ્રસ્તાવના

*સંશોધન અને માનવ વચ્ચે અતૂટ સંબંધ છે. માનવીના ઉદ્ભવથી માંડી હાલ સુધીના વિકાસ પાછળ સંશોધન જ રહેલું છે. પાષાણ યુગથી માંડી હાલ સુધી માનવીએ અનેક ક્ષેત્રો અનેક પ્રકારના સંશોધન હાથ ધર્યા છે. ઈતિહાસ વ્યાપક અને વિશાળ વિષય છે.આમ જોવા જઈએ તો ઈતિહાસની શરૂઆત માનવીની ઉત્પત્તિ પહેલાં બ્રહ્માંડની ઉત્પત્તિથી શરૂ થયેલ છે. ઈતિહાસ વિષયમાં સામાન્ય રીતે માનવીના ઉદ્ભવ અને વિકાસને સંશોધન તરીકે પસંદ કરવામાં આવે છે. સંશોધન અનેક વિષયમાં અનેક પ્રકારે થતા જોવા મળે છે. ઈતિહાસ વિષયમાં થતા સંશોધન માટે એક વિશિષ્ટ અને આગવી પદ્ધતિ કાળક્રમે વિકાસ પામી ચૂકી છે. હાલમાં ઈતિહાસ વિષયના સંશોધનના વિજ્ઞાન અને ટેક્નોલોજીના કારણે ફેરફાર જોવા મળે છે. પરંતુ ઐતિહાસિક સંશોધન પદ્ધતિમાં જે સોપાન હાથ ધરવામાં આવે છે તેમાં કોઈ મોટો ફરક પડ્યો નથી.*

*ઐતિહાસિક સંશોધનની ખૂબ પ્રાચીન સમયથી જોવા મળે છે. શરૂઆતમાં તેમાં રાજકીય અને વહીવટી બાબતોનું પ્રાધાન્ય હતું પરંતુ કાળક્રમે તેમાં સમાજ, અર્થતંત્ર, સંસ્કૃતિ, કલા, સાહિત્ય, વિજ્ઞાન અને ટૅક્નોલોજી જેવા વિષય ઉમેરાતા ગયા. હાલમાં માનવજીવન સાથે સંકળાયેલ તમામ બાબતો ઐતિહાસિક સંશોધનનું કાર્યક્ષેત્ર છે.*

**ઈતિહાસ સંશોધનની વિભાવના, પ્રકાર અને મહત્ત્વ**

*ઈતિહાસ સંશોધનની વિભાવના, પ્રકાર અને મહત્ત્વ નીચે મુજબ છે.*

## 1.2 ઈતિહાસ સંશોધનની વિભાવના

*ઈતિહાસ વિષયમાં સંશોધન સરળ નથી. ભૂતકાળના અવશેષો અને દસ્તાવેજોનું તલસ્પર્શી પરીક્ષણ તથા પૃથક્કરણ કરવાની પ્રક્રિયાને ઈતિહાસ સંશોધન કે ઐતિહાસિક સંશોધન કહે છે. આ પ્રક્રિયામાંથી પ્રાપ્ત થયેલી હકીકતને આધારે ભૂતકાળની રજૂઆતને ઈતિહાસ લેખન કહે છે. ઐતિહાસિક સંશોધન દ્વારા ભૂતકાળના માનવજીવનને શક્ય એટલું વિસ્તૃત અને વિશદરૂપે રજૂ કરી શકાય છે.*

*ઐતિહાસિક સંશોધનમાં ભૂતકાળના બનાવો, લોકો, સમાજ, સભ્યતા, સંસ્કૃતિ, વિકાસ વગેરેની તપાસ કરી તેના વિશે જ્ઞાન મેળવવામાં આવે છે. આ સાથે જે તે સમયની પરિસ્થિતિની સમજ કેળવવામાં આવે છે. આ તમામ બાબતોની વર્તમાન સમય પરની અસરને સમજવામાં આવે છે. ઐતિહાસિક સંશોધન એ વિવિધ સ્ત્રોત અને પદ્ધતિઓના ઉપયોગથી ભૂતકાળની ઘટનાઓ, લોકો, સભ્યતા, સંસ્કૃતિ, સાહિત્ય, વિજ્ઞાન અને ટૅક્નોલોજી તથા માનવજીવન અને સમાજ સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંકળાયેલ બાબતોની તપાસ અને અભ્યાસ કરવાની પ્રક્રિયા છે. જેનો ઉદ્દેશ ઉપલબ્ધ સંશોધનોના આધારે ભૂતકાળનું અર્થઘટન અને પુનઃનિર્માણ કરવાનો છે.*

*ઐતિહાસિક સંશોધન એ ભૂતકાળ વિશે અભ્યાસ કરવા અને લખવા માટે વિવિધ પદ્ધતિ, તકનીક અને દિશાદર્શનની એક પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં ભૂતકાળના પુનઃનિર્માણ માટે વિવિધ સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે. આ આધાર પુરાવા અને સ્ત્રોતોની મદદથી ભૂતકાળની ઘટનાઓનું સચોટ ચિત્ર ઉપસ્થિત કરવામાં આવે છે.*

*ઐતિહાસિક સંશોધન એવી પ્રક્રિયા છે જેમાં વિવિધ દસ્તાવેજો, સ્ત્રોતો અને અવશેષો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે અને પછી તેનું વૈજ્ઞાનિક પદ્ધતિથી પૃથક્કરણ અને વિશ્લેષણ કરી ચોક્કસ તારણો આધારે ભૂતકાળની ઘટનાઓનું પુનઃ સ્થાપન કરવાનો પ્રયાસ કરવામાં આવે છે. જેમાં કારણ અને અસર કે વલણોના પરીક્ષણ દ્વારા વર્તમાન ઘટનાને સમજવામાં અને ભવિષ્યની ઘટનાઓની આગાહી કરવામાં મદદ મળે છે. ઐતિહાસિક સંશોધન એ ભૂતકાળમાં બનેલ ઘટનાઓની વર્તમાન અને ભવિષ્ય પર થનાર અસરને જાણવાની એક વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. જેમાં વિવિધ સ્ત્રોતોના ઉપયોગથી માહિતીનું એકત્રીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં*

આવે છે. ઐતિહાસિક સંશોધન માત્ર ભૂતકાળ અને વર્તમાનની ઘટનાઓ વચ્ચેના જોડાણને શોધવામાં મદદરૂપ થાય છે એટલું જ નહીં પરંતુ ભવિષ્યની સંભવિત ઘટનાઓની આગાહી માટે માહિતી પૂરી પાડે છે.

W.H. McDowellના પુસ્તક "Historical Research : A Guide"માં તે જણાવે છે કે ઐતિહાસિક સંશોધન ભૂતકાળની વ્યવસ્થિત તપાસ અને ઐતિહાસિક ઘટનાઓની શોધ અને તપાસ છે. આ પ્રક્રિયા વિશાળ સ્ત્રોતોના આધારે થાય છે. આ પ્રક્રિયા દ્વારા વર્તમાન સમયની વિચારધારા, માન્યતાઓ અને રિવાજોના મૂળ શોધી શકાય છે અને તેને વધારે સારા બનાવવા માટે માર્ગદર્શન મળે છે. ભૂતકાળની સાચી સમજણ, વર્તમાનમાં યોગ્ય બદલાવ અને ભવિષ્ય માટે માર્ગદર્શન માટે ઐતિહાસિક સંશોધન અનિવાર્ય છે.

ભૂતકાળમાં બનેલી ઘટના અથવા ઘટનાના સમૂહની વિવેચનાત્મક તપાસ કરીને તે ઘટનાઓના સંદર્ભમાં તથ્યો સ્થાપિત કરવા અને તારણો તારવવાં એટલે ઐતિહાસિક સંશોધન (Historical research refers to the critical study of past events or the combination of the past events that is carried out in order to establish facts and drive conclusions regarding such events.)

ઐતિહાસિક સંશોધન પદ્ધતિને સમગ્ર અને અનંત જૂથો માટેની સામાન્ય લાક્ષણિકતાઓ કે ગુણવત્તા સાથે સંબંધ નથી પરંતુ ચોક્કસ સમય અને સ્થળના સંદર્ભમાં બનેલા સઘન વૈયક્તિક બનાવો જોડે સંબંધ છે. આ પ્રકારના અભ્યાસનો જે આધાર બને છે તે ઐતિહાસિક સામગ્રી જેનો મૂલાચ્છેદ ન થઈ શકે એવું દુન્યવી સ્થાન ધરાવે છે અને 'બંધ' પ્રકારની માહિતીની માલિકી ધરાવે છે. આમ ઐતિહાસિક સંશોધન પાછળનો મૂલાધાર એ છે કે ભૂતકાળના અવશેષોમાંથી જીવંત ભૂતકાળની પુનઃ રચના કરવાની છે અને આ ધ્યેય પૂર્ણ કરવા માટે અનેક પ્રમાણભૂત પૂર્વધારણાઓ અને ઉત્કલ્પનાઓની રચના કરવી પડે છે.

કર્લિંગર : ઐતિહાસિક સંશોધન એ બનાવો, વિકાસો અને ભૂતકાળના અનુભવોનું વિવેચનાત્મક સંશોધન છે. ભૂતકાળની માહિતીના પ્રાપ્તિ સ્થાનોની પ્રમાણભૂતતાનું અને મહત્ત્વપૂર્ણ પુરાવાઓના અર્થઘટનનું કાળજીપૂર્વક મૂલ્યાંકન છે.

વાનડેલન : જ્યારે ભૂતકાળના કોઈ પ્રસંગ, વિકાસ કે અનુભવ સામે પ્રશ્ન ઊઠે છે ત્યારે ઐતિહાસિક સંશોધનની શરૂઆત થાય છે.

ડેવિડ જે. ફોક્ષ : ઐતિહાસિક અભિગમ એ ભૂતકાળ સંબંધિત સંશોધન છે કે જે પ્રવર્તમાન રસના પ્રશ્નને પહેલેથી જ અસ્તિત્વ ધરાવનાર સામગ્રીના હેતુપૂર્ણ અભ્યાસ દ્વારા ઉકેલવાનો પ્રયાસ કરે છે.

સુખિયા અને મરેહોત્રા : કોઈ પણ વિષયના અભ્યાસ માટેનો ઐતિહાસિક અભિગમ એટલે ભૂતકાળના જીવનના કેટલાક પાસાંઓને પુનઃ ગણતરીમાં લેવાનો પ્રયાસ.

*વૉલ્ટર આર. ભોર્ગ અને મેરિડિથ ડી. ગોલા : ઈતિહાસકારની ભૂતકાળના પ્રશ્નો સંબંધિત હકીકતો ધરાવનારા દસ્તાવેજો અને અન્ય સ્ત્રોતોની વ્યવસ્થિત શોધ એટલે ઐતિહાસિક સંશોધન.*

*ઐતિહાસિક સંશોધન એ વિવેચનાત્મક સંશોધન છે. આ વિવેચન કોઈ બનાવ, વિકાસ કે ભૂતકાળના અનુભવોના સંદર્ભમાં હોય શકે. એમાં વર્તમાન સમસ્યાનો ભૂતકાળની સામગ્રીઓનો સહારો લઈ ઉકેલ મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે. આ માટે ઐતિહાસિક સંશોધકો અન્ય સંશોધકોની જેમ જ માહિતી ભેગી કરે છે, પ્રમાણભૂતતા માટે માહિતીની ચકાસણી કરે છે અને માહિતીનું અર્થઘટન કરે છે. એક સારા ઐતિહાસિક સંશોધનમાં ઉપલબ્ધ માહિતીઓ, સામગ્રીઓનો એક તજ્જ્ઞ દ્વારા સંપૂર્ણ અભ્યાસ કરીને નવીન અંતઃસૂઝ અને તારણો તારવવાનો પ્રયાસ કરવામાં આવે છે.*

*ભૂતકાળનો અભ્યાસ કરવાથી વર્તમાન સંસ્થાઓ, વ્યવહારો અને સમસ્યાઓને વધુ સારી રીતે સમજવાનો પ્રયાસ કરે છે. વર્તનવાદી સંશોધનોમાં ઐતિહાસિક સંશોધન અગત્યનું છે. શિક્ષણ એ ઐતિહાસિક સંશોધનના સદાચારનું એક વિશેષરૂપે સારું ઉદાહરણ છે. કારણ, પ્રવર્તમાન અને ભાવિ દિશામાં પ્રગતિ સાધવા માટે ભૂતકાળના પ્રવાહો અને કાર્યોને જાણવા અને સમજવા આવશ્યક છે.*

*ઐતિહાસિક સંશોધન પણ અન્ય સંશોધનોની જેમ જ માહિતી પર આધારિત હોય છે. જો કે ઐતિહાસિક સંશોધક માટે માહિતીના ઉપયોગની સમસ્યાઓ અદ્વિતીય હોય છે. કારણ, માહિતી પહેલેથી જ અસ્તિત્વ ધરાવતી હોય છે. નવી માહિતી રચવી પડતી નથી. એણે તો માત્ર માહિતી શોધવાની જ હોય છે. તદ્ઉપરાંત માહિતી જે સ્વરૂપમાં મળે તે સ્વરૂપમાં જ સ્વીકારવી પડે છે. એમાં કોઈ ફેરફાર કરી શકાતો નથી. આમ સર્વેક્ષણો અને પ્રાયોગિક અભ્યાસની જેમ ઐતિહાસિક સંશોધનમાં માહિતી પર નિયંત્રણ કરી શકાતું નથી.*

*ઐતિહાસિક સંશોધક માહિતી સર્જી નથી શકતો એટલું જ નહિ પણ ઉપલબ્ધ માહિતીના અર્થઘટનમાં પણ મુશ્કેલીઓ અનુભવતો હોય છે. ઐતિહાસિક માહિતીનો કોઈ પણ ટુકડો સ્વયં સ્પષ્ટ અર્થ સૂચવી શકતો નથી અને એકદમ સ્પષ્ટ શાબ્દિક વિધાનોનું પણ પૂરક અર્થઘટન આવશ્યક બને છે.*

*આમ માહિતીનું અર્થઘટન એ ઐતિહાસિક માહિતી એકઠી કરવાનું અગત્યનું પાસું બને છે. ઐતિહાસિક બાબતો જ્યાં સુધી સમસ્યા સાથેનો સંબંધ સ્થાપિત ન કરી શકે ત્યાં સુધી તે માહિતી નથી બનતી. ઐતિહાસિક સંશોધકે માહિતી વિકાસમાં બેવડી સમસ્યાનો સામનો કરવો પડે છે. તે ઈચ્છિત માહિતી સર્જી નથી શકતો અને જે માહિતી ઉપલબ્ધ હોય તેનો સંબંધ અને અર્થપૂર્ણતા સાબિત કરવા પડે.*

## 1.3 ઈતિહાસ સંશોધનના પ્રકારો

*ઐતિહાસિક સંશોધનના પ્રકાર નીચે મુજબ છે :*

**દફતરીય સંશોધન (Archival Research)**

*આ પ્રકારના સંશોધનમાં પ્રાથમિક સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં અભિલેખાગારમાં સંગ્રહિત દસ્તાવેજો, લાઈબ્રેરી, મ્યુઝિયમ વગેરે જેના ભંડારમાં સંગ્રહાયેલ સ્ત્રોતોના ઉપયોગ દ્વારા સંશોધન હાથ ધરવામાં આવે છે. દા.ત. જો કોઈ વ્યક્તિ મરાઠાકાલીન વહીવટી વ્યવસ્થા પર સંશોધન કરવા ઈચ્છતો હોય તો તેને વિવિધ સ્થાનોમાં સંગ્રહીત દસ્તાવેજો મેળવી તેનો અભ્યાસ કરી પોતાનું સંશોધન કરવું પડે. આ પ્રકારના સંશોધનમાં હસ્તપ્રતો, પત્રો, ફોટોગ્રાફ્સ, કલાકારીગરી, ડાયરી, વિવિધ પુરાતત્ત્વીય અવશેષો, તામ્રપત્ર, ભીંતપત્ર, શિલાલેખ, ગુફાઓ વગેરેનો ઉપયોગ કરી માહિતી એકત્રીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે છે. આર્કાઈવલ સંશોધન ઘણા ઐતિહાસિક સંશોધનો માટે મૂળભૂત છે. કારણ કે તે ચોક્કસ સમયગાળાના પ્રત્યક્ષ પુરાવા પુરા પાડે છે.*

**ઈતિહાસવૃત્તીય સંશોધન (Historiographical Research)**

*આ પ્રકારના સંશોધનમાં ગૌણ સ્ત્રોતોનો ઉપયોગ થાય છે. કોઈ એક ચોક્કસ વિષયમાં મહારથ કે ઊંડાણથી જાણકારી મેળવવા આ પ્રકારનું સંશોધન હાથ ધરવામાં આવે છે. સમયાંતરે આવેલા પરિવર્તન અને ફેરફાર સમજવામાં આ સંશોધન ઉપયોગી છે. વિવિધ બાબતોનો વિકાસ કઈ રીતે થયો તે ઓળખવા આ સંશોધન ઉપયોગી છે. દા.ત. ભારતમાં અંગ્રેજોના આગમન બાદ શરૂઆતની સ્થિતિથી માંડી સંપૂર્ણ ભારત પર તેમના પ્રભુત્વ પરનું સંશોધન જેમાં સમય જતાં અંગ્રેજોની નીતિઓમાં આવેલ પરિવર્તન અને તેની ભારત પર સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અસરો શોધવા આ પ્રકારના સંશોધન ઉપયોગી છે. જેવી કે આર્થિક અસરો માટે દાદાભાઈ નવરોજીના લેખ અને પુસ્તક ખૂબ ઉપયોગી થાય. આ પ્રકારના સંશોધનમાં ઈતિહાસકારો વિદ્વાનોએ ભૂતકાળની ઘટનાઓને સમજવા કે સમજાવવા માટે ઉપયોગમાં લીધેલા વિવિધ અર્થઘટનો, પદ્ધતિઓ અને દૃષ્ટિકોણ તપાસ કરવામાં આવે છે.*

**નૃવંશિય સંશોધન (Athropological Research)**

*આ પ્રકારના સંશોધનમાં સમકાલીન અથવા પ્રાચીન સમુદાય કે સાંસ્કૃતિક જૂથોનો પ્રત્યક્ષ નિરીક્ષણ, મુલાકાત અને પ્રત્યક્ષ અધિકારી દ્વારા અભ્યાસ કરવામાં આવે છે. દા.ત. આંદામાન-નિકોબાર દ્વીપ સમૂહોમાં વસતા લોકોના વિકાસનો અભ્યાસ, વળી જલિયાવાલા બાગ હત્યાકાંડ બાદ કોઈ ઈતિહાસકારે પ્રત્યક્ષ નિરીક્ષણ તેમજ ઘટનાનો ભોગ બનેલા લોકોની વચ્ચે જઈ તેમની મુલાકાત દ્વારા મેળવેલ માહિતીના આધારે લીધેલ ઈતિહાસ આ પ્રકારના સંશોધનના શ્રેષ્ઠ ઉદાહરણ છે. ખાસ કરીને પ્રાચીન સમાજ અને સંસ્કૃતિ અંગે ઊંડાણથી સમજ મેળવવા આ પ્રકારના સંશોધન હાથ ધરવામાં આવે છે. આ પ્રકારના સંશોધન દ્વારા લોકો સમાજ, સમુદાય કે સભ્યતાની સ્થાપનાથી માંડી વર્તમાન વિકાસ અંગેની માહિતી મળે છે. આ સાથે તેમની સામાજિક પ્રણાલી, રીતરિવાજ, રહેણીકરણી વગેરે અને તેમાં આવેલ પરિવર્તન તેમજ પરિવર્તનના કારણો અંગે માહિતી મેળવી શકાય છે. વર્તમાન અને ભવિષ્ય બંને માટે ઉપયોગી થાય છે.*

### સંખ્યાત્મક સંશોધન (Quantative Research)

*આ પ્રકારનું સંશોધન આંકડાકીય માહિતીની આધારે હાથ ધરવામાં આવે છે. આ પ્રકારના સંશોધનમાં તરાહ* (pattern), *વલણો* (trends) *અને બનાવો સાથેની વિવિધ બાબતોના અનુસંબંધને સ્થાપવા માટે યોજવામાં આવે છે. દા.ત. અંગ્રેજો દ્વારા ભારતમાંથી કરવામાં આવેલ શોષણ વિવિધ આંકડાઓ દ્વારા સમજી શકાય છે. આ જ રીતે ભારતમાં આધુનિક શાળા, કૉલેજ વગેરેનો વિકાસ અને અસર આ પ્રકારના સંશોધન દ્વારા જાણી શકાય છે.*

### ગુણાત્મક સંશોધન (Qualitative Research)

*આ પ્રકારનું સંશોધન વિવિધ ઐતિહાસિક ઘટનાઓના અર્થ, કારણ અને અસર સમજવા હાથ ધરવામાં આવે છે. જેમાં વિવિધ ઘટનાઓના સંદર્ભમાં અન્ય ઘટનાઓ ઘટવી તેનું મહત્ત્વ કે આડઅસર જેવી બાબતો શોધવામાં આવે છે. દા.ત. કોઈ સમયની સામાજિક સ્થિતિમાં આવેલું પરિવર્તન તેમાં કયા પરિબળોએ ભાગ ભજવ્યો તેમજ આ પ્રકારના પરિવર્તનની રાજકારણ, સંસ્કૃતિ, કલા અને વિજ્ઞાનના ક્ષેત્રે કેવી અસર થઈ તે શોધી શકાય છે.*

### તુલનાત્મક સંશોધન (Comparative Research)

*સંશોધનમાં ઐતિહાસિક ઘટના, સંસ્થા, ધર્મનું પ્રદાન, પ્રદેશોનો વિકાસ, સંસ્કૃતિઓનો વિકાસ અને પ્રદાન વગેરે જેવી બાબતોની તુલના કરવામાં આવે છે. આ તુલના બે રીતે કરવામાં આવે છે.* (1) *સમાનતા* (2) *તફાવત. દા.ત. સિંધુ ખીણની સભ્યતા અને વૈદિક સભ્યતા વચ્ચે તુલના. એ જ રીતે મૌર્ય વહીવટી તંત્ર અને મરાઠા વહીવટી તંત્ર વચ્ચે તુલના. આ ઉપરાંત બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ અને સનાતન ધર્મનું પ્રદાન.*

### આંતરવિદ્યા શાખાકીય સંશોધન (Interdisciplinary Research)

*આ પ્રકારના સંશોધનમાં વિવિધ વિષયોનું ઈતિહાસ સાથે સંકલન કરી સંશોધન કરવામાં આવે છે. જેમ કે ઈતિહાસ સાથે નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજ્યશાસ્ત્ર, ભૂગોળ, અર્થશાસ્ત્ર, સંસ્કૃતિ વગેરેનું સંકલન કરી સંશોધન કરવું. દા.ત. ભારતમાં વૈદિક સભ્યતાનો વિકાસ. વિવિધ વિદેશી પ્રજાઓનું ભારતમાં સ્થળાંતર અને તેની અસરો. આ પ્રકારના સંશોધનમાં વિવિધ વિષયો સાથે સંકળાયેલ આંતરસૂઝ અને પદ્ધતિઓ પણ ઉપયોગમાં લેવાય છે. દા.ત. કોઈ પ્રજાનું યુદ્ધખોર માનસ સમજવા મનોવિજ્ઞાન ઉપયોગી થાય તેમજ કોઈ પ્રજાનો આર્થિક વિકાસ અને વલણ સમજવા અર્થશાસ્ત્ર ઉપયોગી થાય.*

### વર્ણનાત્મક સંશોધન (Descriptive Research)

*સંશોધનમાં વિવિધ ઐતિહાસિક ઘટનાઓનું વિસ્તારથી વર્ણન કરવામાં આવે છે. આ પ્રકારના સંશોધનનો મુખ્ય હેતુ વિવિધ બાબતો ઊંડાણથી સવિસ્તાર સમજાવવાનો હોય છે. આ પ્રકારના સંશોધનમાં ભૂતકાળના બનાવો, તેના કારણ અને અસર, વિવિધ પ્રદેશોની સંસ્કૃતિનો ઉદ્‌ભવ, વિકાસ અને પ્રદાન વગેરેનો અભ્યાસ થાય છે.*

*આ પ્રકારના સંશોધન મોટાભાગે માહિતી પ્રદાન માટે તેમજ કારણો અને અસરો સમજવા ઉપયોગી છે. તેમાં અનેક પ્રકારના સ્ત્રોતોનો ઉપયોગ થાય છે અને તે ખૂબ લાંબો સમય માંગી લે છે.*

**વિશ્લેષણાત્મક સંશોધન (Analytical Research)**

*આ પ્રકારના સંશોધનમાં વિવેચનાત્મક વિચારો, માહિતીનું સંશ્લેષણ અને સૈદ્ધાંતિક માળખાનો ઉપયોગ થાય છે.* (Critical thinking, Synthesis of information and theoretical framworks) *આ પ્રકારના સંશોધન વિવિધ પ્રદત્ત* (Data)*ના ઉપયોગ દ્વારા ઘટનાઓ પાછળની સ્થિતિને સમજવા માટે હાથ ધરવામાં આવે છે. આ સંશોધન દ્વારા ઘટના શા માટે બની તેની સાથે સાથે અન્ય ઘટનાઓ સાથે તેનું આંતર જોડાણ અને બે કે તેથી વધુ ઘટનાઓની એકબીજા પર અસર જાણવામાં આવે છે. આ પ્રકારના સંશોધનનો વ્યાપ ખૂબ વધારે હોય છે. દેશ, ખંડ અને વિશ્વની ઘટનાઓ પણ તેમાં વણી લેવાય છે. દા.ત.* 1857*ના પ્રથમ સ્વાતંત્ર્ય સંગ્રામના કારણો, અમેરીકન ક્રાંતિ અને ભારતનું ગુલામ બનવું,* 19*મી અને* 20*મી સદીની સુધારણા ચળવળ પર વૈશ્વિક પ્રવાહોની અસર વગેરે.*

## 1.4 ઈતિહાસ સંશોધનનું મહત્ત્વ

*હાલના યુગનાં માનવજીવનના મૂળ ભૂતકાળમાં સમાયેલા છે. જો હાલના માનવ સમાજને સમજવો હોય તો ભૂતકાળમાં સમાજની સ્થાપનાથી માંડી હાલ સુધીના વિકાસને સમજવો પડે. હાલના વૈશ્વિક પ્રવાહો, આંતરરાષ્ટ્રીય સંબંધો વગેરે સમજવા તેમજ ભાવિ પડકારોને સમજવા, જાણવા અને નિરાકરણ માટે ઐતિહાસિક સંશોધન મહત્ત્વની ભૂમિકા ભજવે છે.*

*ઐતિહાસિક સંશોધન કોઈપણ દેશ કે પ્રદેશના વર્તમાનને સમજવામાં મદદરૂપ થાય છે. ઐતિહાસિક સંશોધનની મદદથી આપણે સમયાંતરે પુનરાવર્તિત થતી ઘટનાઓ, તરાહો અને વલણોનો અભ્યાસ કરીને ભવિષ્ય માટે આગાહી કરી શકીએ છીએ.*

*ઐતિહાસિક સંશોધન દ્વારા મળેલ માહિતી, જ્ઞાન અને સમજના આધારે ભૂતકાળની ભૂલોને જાણી શકીએ છીએ. આવી ભૂલોથી બચવા તેમજ તેમાંથી જરૂરી બોધપાઠ લેવા આવા સંશોધનો ખૂબ મહત્ત્વના છે. આ જ રીતે ભૂતકાળની સફળતાઓ પણ વર્તમાન ભવિષ્ય માટે યોગ્ય અને પૂરતું માર્ગદર્શન પૂરું પાડે છે. આવા સંશોધનો ભાવિ નિર્ણય પ્રક્રિયા માટે મહત્ત્વનું યોગદાન પૂરું પાડે છે.*

*ઐતિહાસિક સંશોધન કોઈપણ દેશ કે પ્રદેશની સભ્યતાની, સમાજની તેમજ સંસ્કૃતિની ઓળખ કરવામાં મદદરૂપ થાય છે. રાષ્ટ્રીય ઓળખની સ્થાપના કરવા, રચના કરવા તેમજ જાળવણીમાં મદદરૂપ થાય છે. ઐતિહાસિક સંશોધન સાંસ્કૃતિક વારસાની જાળવણીમાં પણ મદદરૂપ થાય છે. ઐતિહાસિક સંશોધન નષ્ટ થતી ભાષા, પરંપરા અને પ્રથાઓની જાળવણીમાં મદદરૂપ થાય છે.*

ઐતિહાસિક સંશોધન દેશના નાગરિકોને રાજકીય વિચારધારા અને પ્રણાલીઓની મૂળ સમજ આપે છે. તે આ પ્રકારની પ્રણાલી અને વિચારધારાની રચના, તેના મૂળ અને વિકાસને સમજવામાં મદદરૂપ થાય છે.

આ પ્રકારના સંશોધન દેશના નાગરિકોમાં વિવેચનાત્મક વિચારસરણીનો વિકાસ કરે છે. જેના દ્વારા દેશના નાગરિકોમાં એક્તાની ભાવનાનો વિકાસ થાય છે. આ ઉપરાંત વિવિધ મુદ્દા અને સમસ્યાઓ પરત્વે નાગરિકો જાગૃત બને છે, રસ લેતા થાય છે અને ઉકેલ પ્રક્રિયામાં ભાગીદાર બને છે.

ઐતિહાસિક સંશોધન રાજનીતિજ્ઞો અને વહીવટકર્તાઓને યોગ્ય અને ચોક્કસ માર્ગદર્શન પૂરું પાડે છે. ભૂતકાળની નિષ્ફળતા, ભૂલો અને ગેરસમજોને ધ્યાનમાં રાખી વર્તમાન અને ભાવિ નીતિઓના ઘડતરમાં માર્ગદર્શન આપે છે. ઉપરાંત કાયદા અને કાનૂની પ્રણાલીને સમજવા અને અર્થઘટન કરવામાં પણ મદદરૂપ થાય છે.

ઐતિહાસિક સંશોધન દ્વારા અનેક સભ્યતા અને સંસ્કૃતિની જાણકારી પ્રાપ્ત થાય છે. જેના દ્વારા વર્તમાનમાં વિવિધ પ્રકારની માન્યતાઓ અને અનુભવોનું ઘડતર કરવામાં મદદરૂપ થાય છે. આ પ્રકારની સમજ માનવીના પ્રત્યે સહાનુભૂતિનું વલણ કરવામાં મદદરૂપ થાય છે. વિવિધ પ્રકારના સામાજિક અને સાંસ્કૃતિક સંઘર્ષ અને તકરારના મૂળને સમજીને યોગ્ય નિરાકરણ માટે આ પ્રકારના સંશોધનો ખૂબ જ મહત્ત્વના છે.

ઐતિહાસિક સંશોધન અન્ય વિદ્યાશાખાને લગતા સંશોધન માટે પણ ઉપયોગી છે. જેમકે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર વગેરે. કોઈપણ વિદ્યાશાખાના મૂળ સ્વરૂપ અને વિકાસને સમજવા ઐતિહાસિક સંશોધન અનિવાર્ય છે.

ઐતિહાસિક સંશોધન વિવિધ પ્રકારના જ્ઞાનના મૂળને સમજવા તેમજ જ્ઞાનનો સંચય કરવા માટે મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ઐતિહાસિક પદ્ધતિ દ્વારા એકત્ર કરેલ અને સંગ્રહિત દસ્તાવેજો તમામ પ્રકારના લોકો અને સંસ્થાઓને જરૂરી માહિતી પૂરી પાડે છે. આવા દસ્તાવેજોનો ઉપયોગ શૈક્ષણિક, કાનૂની, વહીવટી વગેરે ક્ષેત્રો માટે ઉપયોગી થાય છે.

ઐતિહાસિક સંશોધન દ્વારા શૈક્ષણિક મૂલ્ય જાળવણી, અભ્યાસક્રમ વિકાસ, બૌદ્ધિક સંવર્ધન જેવા લાભ મળે છે. દા.ત. ભારતની પ્રાચીન સભ્યતાઓ, ભારતનો મધ્યકાલ, ભારતનું ગુલામ બનવું, જલિયાવાલા બાગ હત્યાકાંડ, ભારતની સ્વતંત્રતા પ્રાપ્તિની ચળવળ વગેરે દ્વારા આધુનિક ભારતની રચના માટે માર્ગદર્શન અને જરૂરી નીતિ વિષયક મદદ મળી રહે છે.

જો કે ઐતિહાસિક સંશોધનો આંતરિક વૈધતા (માન્યતા)ને અંકુશમાં રાખવામાં ન આવે, પૂરતા પુરાવા-દસ્તાવેજો ન મળવા, અધૂરી માહિતી દ્વારા અર્થઘટન, યોગ્ય વિષયવસ્તુ વિશ્લેષણ ન થવું, પૂર્વગ્રહ, વગેરે જેવી મર્યાદાઓ ધરાવે છે. છતાં એકંદરે ઐતિહાસિક સંશોધન અનેક પ્રકારે ઉપયોગી અને મહત્ત્વનું છે.

## 1.5 તમારી પ્રગતિ ચકાસો

**1. આપેલ ખાલી જગ્યા યોગ્ય વિકલ્પથી પૂરો.**

(1) *ઐતિહાસિક સંશોધનનું કાર્યક્ષેત્ર ________ છે.*

*(માનવજીવન અને સંકળાયેલ તમામ બાબતો, આનુવાંશિક બદલાવ અને તેના પરિબળો, પ્રાકૃતિક વિજ્ઞાનના ઉપયોગથી વિકાસ)*

(2) *ઐતિહાસિક સંશોધનમાં _________ની તપાસ હાથ ધરવામાં આવતી નથી.*

*(ભૂતકાળના બનાવો, સભ્યતા અને સંસ્કૃતિ, વિજ્ઞાનના નિયમો)*

(3) _______*પ્રકારના ઐતિહાસિક સંશોધનમાં પ્રાથમિક સ્ત્રોતોનો ઉપયોગ કરવામાં આવે છે.*

*(દફ્તરીય, નૃવંશીય, સંખ્યાત્મક)*

(4) ________*પ્રકારના ઐતિહાસિક સંશોધનમાં ગૌણ સ્ત્રોતોનો ઉપયોગ થાય છે.*

*(દફ્તરીય, હિસ્ટોરિયોગ્રાફિક્સ, તુલનાત્મક)*

(5) _________*પ્રકારના સંશોધનમાં સમકાલીન કે પ્રાચીન સમુદાય કે સાંસ્કૃતિક જૂથોનો અભ્યાસ કરવામાં આવે છે.*

*(દફ્તરીય, હિસ્ટોરિયોગ્રાફિક્સ, નૃવંશીય)*

**2. આપેલી વિગતોના યોગ્ય જોડકાં જોડો.**

| A | B |
|---|---|
| 1. *આંકડાકીય માહિતીને આધારે હાથ ધરવામાં આવતું સંશોધન* | a. *તુલનાત્મક સંશોધન* |
| 2. *ઐતિહાસિક ઘટનાઓના કારણ અને અસર તપાસવા હાથ ધરવામાં આવતું સંશોધન* | b. *સંખ્યાત્મક સંશોધન* |
| 3. *વિકાસ અને પ્રદાનને સમજવા કરવામાં આવતું સંશોધન* | c. *ગુણાત્મક સંશોધન* |
| 4. *વિવિધ વિષયોનો ઈતિહાસ સાથે સંકલન કરી કરવામાં આવતું સંશોધન* | d. *વર્ણનાત્મક સંશોધન* |
| 5. *ઐતિહાસિક ઘટનાઓનું વિસ્તારથી વર્ણન કરતું સંશોધન* | e. *આંતર શાખાકીય સંશોધન* |

1 _______ 2 _______ 3 ________ 4 ________ 5 ________

**3. આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) *વિવેચનાત્મક વિચારો, માહિતીનું સંશ્લેષણ અને સૈદ્ધાંતિક માળખા આધારિત સંશોધનને વિશ્લેષણાત્મક સંશોધન કહે છે.*

(2) *હાલના યુગના માનવજીવનના મૂળ વર્તમાનમાં સમાયેલ છે.*

(3) *ઐતિહાસિક સંશોધનની મદદથી ભૂતકાળમાં થયેલ ભૂલોમાંથી બોધપાઠ મળે છે.*

(4) *ઐતિહાસિક સંશોધન દેશના નાગરિકોને રાજકીય વિચારધારા અને પ્રણાલિઓની મૂળ સમજ આપે છે.*

**(4) બહુવિકલ્પ પ્રશ્નો**

(1) *ઐતિહાસિક સંશોધન એક એવી પ્રક્રિયા છે જેમાં નીચેનામાંથી કઈ બાબતોનો સમાવેશ થાય છે.*

(a) *ભૂતકાળની ઘટનાઓના અભ્યાસ*

(b) *દસ્તાવેજ, સ્ત્રોતો અને અવશેષો દ્વારા માહિતી એકત્રીકરણ*

(c) *ભૂતકાળની ઘટનાની વર્તમાન અને ભવિષ્ય પર થનાર અસરનો અભ્યાસ*

(d) *ઉપરના તમામ*

(2) W. H. Mc Dowel*ના કયા પુસ્તકમાંથી ઐતિહાસિક સંશોધનની પાયાની બાબતો જાણવા મળે છે ?*

(a) Research Methodology in History

(b) Historical Research : A Guide

(c) Research Process in History

(d) History and Research

## 1.6 સારાંશ

*આમ પ્રસ્તુત પ્રકરણમાં આપણે ઐતિહાસિક સંશોધનની વિભાવના, પ્રકાર અને મહત્ત્વની ચર્ચા કરી. ઐતિહાસિક સંશોધન અન્ય સંશોધન કરતા કઈ રીતે અલગ પડે છે તેમજ કઈ રીતે વિશિષ્ટ છે એ પણ આપણે જોયું. હવે આગળના પ્રકરણમાં આપણે ઐતિહાસિક સંશોધનના પ્રકાર વિશે ચર્ચા કરીશું.*

## 1.7 ચાવીરૂપ શબ્દો

**દફતર (અભિલેખાગાર)** — *દફતર (અભિલેખાગાર) એ ઐતિહાસિક દસ્તાવેજોનો સંગ્રહ છે. વિવિધ પ્રકારના ઐતિહાસિક દસ્તાવેજો જે ગ્રંથ, લેખ, પત્ર, હસ્તપ્રત, ફોટોગ્રાફ, વહીવટી દસ્તાવેજ, રાજ્યાઆદેશ વગેરેને ભવિષ્યના સંશોધન માટે જે સ્થળે સંગ્રહ કરવામાં આવે તેને દફતર ભંડાર કે અભિલેખાગાર તરીકે ઓળખવામાં આવે છે.*

**નૃવંશશાસ્ત્ર** — *ભૂતકાળ અને વર્તમાનમાં મનુષ્ય તેમના વર્તન અને સમાજનો વૈજ્ઞાનિક અભ્યાસ કરતું શાસ્ત્ર છે. આ શાસ્ત્ર માનવજીવનનો સાંસ્કૃતિક પ્રથા, સામાજિક બંધારણ, જૈવિક ઉત્ક્રાંતિ, ભાષા અને પુરાતત્વીય અવશેષોના*

*આધારે અભ્યાસ કરે છે.*

## 1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**ખાલી જગ્યાના ઉત્તર**

(1) *માનવજીવન સાથે સંકળાયેલ તમામ બાબતો* (2) *વિજ્ઞાનના નિયમો* (3) *દફ્તરીય*

(4) *હિસ્ટોરીયો ગ્રાફિક્સ* (5) *નૃવંશીય*

**જોડકાં જોડોના ઉત્તર**

1-b 2-c 3-a 4-e 5-d

**(3) વિધાન ખરાં છે કે ખોટાંના ઉત્તર**

1- *સાચું* 2-*ખોટું* 3-*સાચું* 4-*સાચું*

(4) **બહુવિકલ્પ પ્રશ્નોના ઉત્તર**

## 1.9 સ્વાધ્યાય

**1. નીચે આપેલ પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

(1) *ઈતિહાસ સંશોધનની વિભાવના સ્પષ્ટ કરી તેનું મહત્ત્વ સમજાવો.*

(2) *ઈતિહાસ સંશોધનના પ્રકાર વિશે ચર્ચા કરો.*

**2. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) *દફ્તરીય સંશોધન અંગે સમજ આપો.*

(2) *નૃવંશીય સંશોધન એટલે શું ?*

**3. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો.**

(1) *ઐતિહાસિક સંશોધનની સંકલ્પના સ્પષ્ટ કરો.*

(2) *હિસ્ટોરિયો ગ્રાફિક્સ સંશોધન એટલે શું ?*

(3) *વિશ્લેષણાત્મક સંશોધન એટલે શું ?*

## 1.10 સંદર્ભ


(1) *ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ* (1994), *ડૉ. રમણલાલ ક. ધારૈયા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.*

(2) Research Methodology in History (2020), Jaiswal Pradip, Gaurav Books, Bengaluru.

(3) Historical Research : A Handbook for Students (2013), Suresh Sharma Usha Sharma, Atlantic Publishers & Distributes, New Delhi.

(4) A Manual of Historical Research Methodology (2010), N. N. Pillai, Gyan Publishing House, New Delhi.

(5) Itihas : Sangrah Evam Adhayam (2012), Sundarlal, Rajpatana Granthghar Jaipur.

| એકમ : 2 | ઈતિહાસ સંશોધનના ક્ષેત્રો |
|---|---|

**:: રૂપરેખા ::**

**2.0 ઉદ્દેશ્યો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ઈતિહાસના સંશોધનક્ષેત્રોનું વર્ગીકરણ અથવા પ્રકારો**

**2.3 સારાંશ**

**2.4 ચાવીરૂપ શબ્દો**

**2.5 તમારી પ્રગતિ ચકાસો**

**2.6 સંદર્ભગ્રંથો**

## 2.0 ઉદ્દેશ્યો

1) *આ પ્રકરણ ના અભ્યાસ પછી તમે ઈતિહાસ ના સંશોધનના વિવિધ ક્ષેત્રો વિશે જાણી શકશો.*

2) *ઈતિહાસના વિવિધ ક્ષેત્રો જેમ કે, સામાજિક ઈતિહાસ, આર્થિક ઈતિહાસ, સાંસ્કૃતિક ઈતિહાસ, રાજનૈતિક ઈતિહાસ વિશે માહિતગાર થશો.*

## 2.1 પ્રસ્તાવના

*જ્ઞાનક્ષેત્રમાં ઈતિહાસ એક એવો વિષય છે કે તેનું વિસ્તાર ક્ષેત્ર ઘણું વ્યાપક છે. ઈતિહાસનો સંબંધ માનવીની ભૂતકાલીન પ્રવૃત્તિ, કાર્યો, સમસ્યાઓ વગેરે સાથે છે. બી. શેકઅલીએ નોંધ્યું છે કે "સમયના વહેણ સાથે ઈતિહાસનું ક્ષેત્ર પણ વિસ્તર્યું છે. ઈતિહાસનું મુખ્ય કાર્ય ઘટિત ઘટનાઓનું વર્ણન અને તેની પાછળ રહેલી કાર્યકારણની પરંપરાને જાણી તેનું વર્ણન અને વિશ્લેષણ કરવાનું છે. પ્રારંભમાં ઈતિહાસનો અભ્યાસ અતુપ્ત જ્ઞાનને તુપ્ત કરવા માટે થતો હતો. હેરોડોટસે અતીતના માનવીના કાર્યોને વર્તમાન તથા ભવિષ્ય માટે સુરક્ષિત રાખવાના માધ્યમ તરીકે ઈતિહાસને જોયો હતો, પરંતુ દેશ, કાળ અને પરિસ્થિતિ અનુસાર ઈતિહાસનું ક્ષેત્ર વિસ્તરતું રહ્યું છે. ઈતિહાસના ક્ષેત્રને વિસ્તૃત કરવામાં અનેક પરિબળો કાર્યરત છે. જે નીચે મુજબ છે.*

(1) *દેશકાળ અને પરિસ્થિતિ પ્રમાણે*

(2) *ઈતિહાસના અધ્યયન અને સંશોધનમાં પરિવર્તન આવવાને કારણે*

(3) *બદલાતા સમયમાં સાંપ્રત સમસ્યાઓના સમાધન માટે ઈતિહાસ તરફ જોવાની સમસ્યાઓના સમાધાન માટે*

(4) *વિજ્ઞાન અને ટેકનોલોજીના વિકાસને પરિણામે*

(5) *ઈતિહાસ લેખન પદ્ધતિમાં નવા વિચારો અને પદ્ધતિઓ આવવાથી.*

*ઉપરોક્ત પરિબળોને પરિણામે ઈતિહાસના પ્રાચીન, મધ્ય, અર્વાચીન એવા વિભાગો પાડી ઈતિહાસનું અધ્યયન અને સંશોધન થયું છે. આ જ રીતે વિષયગત વિભાજન ઈતિહાસના અનેક ઉપવિષયો પણ બન્યા. જેવા કે રાજકીય ઈતિહાસ, સાંસ્કૃતિક ઈતિહાસ, આર્થિક ઈતિહાસ, સામાજિક ઈતિહાસ, ધાર્મિક ઈતિહાસ, બૌદ્ધિક ઈતિહાસ, લશ્કરી ઈતિહાસ, વિચારોનો ઈતિહાસ, કલા અને શિક્ષણનો ઈતિહાસ, જ્ઞાન-વિજ્ઞાનનો ઈતિહાસ વગેરે. ઈતિહાસના ક્ષેત્રના વિસ્તારથી એવું કહેવાની ઈચ્છા થાય કે ઈતિહાસના દાયરામાં તો શું આવે એને બદલે શું ન આવી શકે ? એમ કહેવું જોઈએ. ઈતિહાસકાર લેવીએ નોંધ્યું છે કે "ઈતિહાસનું વર્ગીકરણ ઉપયોગી અને સ્વાભાવિક છે. એનો હેતુ વિશેષ તથા પરિવર્તનકારી ઘટનાઓનું જ્ઞાન છે. હું માનું છું કે અતીતના જ્ઞાનનું જેટલું વિસ્તરણ થશે તેટલો જ ઈતિહાસ જ્ઞાનનો પણ વિકાસ થશે, સાથે ઈતિહાસના કાર્યક્ષેત્રનો પણ. એક સમયે ઈતિહાસ, રાજનીતિશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર અને સાહિત્યનો હિસ્સો હતો, પરંતુ આજે એક સ્વતંત્ર વિષય, જ્ઞાન શાખા અને સાંસ્કૃતિક એકમોમાં જ વિભાજિત થતો ઈતિહાસ માનવજીવનની સર્વાંગી બાબતોને સમાવેશ કરી અધ્યયન-સંશોધન કરે છે. પરિણામે આજે માનવ અને સમાજનું સર્વાંગીણ વિવરણ પ્રસ્તુત કરી શકાય છે.*

## 2.2 ઈતિહાસના સંશોધનક્ષેત્રોનું વર્ગીકરણ અથવા પ્રકારો

### (1) રાજકીય ઈતિહાસ (Political History)

*રાજકીય ઈતિહાસ એ ઈતિહાસની મહત્ત્વપૂર્ણ શાખા છે. તેને ઈતિહાસનો આધારસ્તંભ પણ કહેવાય છે. કારણ કે મોટાભાગના ઈતિહાસ સંશોધનો રાજકીય ઈતિહાસના સમય અને સ્થાનના પરિપ્રેક્ષ્યમાં થાય છે. ઈતિહાસકાર એ.એલ.રાઉસે એ રાજકીય ઈતિહાસને ઈતિહાસની કરોડરજ્જુ સમાન ગણાવ્યો છે. ગ્રીક તત્વચિંતક એરિસ્ટોટલ ઈતિહાસમાં મનુષ્યના રાજકીય કાર્યોને જ મહત્ત્વનું સ્થાન આપ્યું હતું. આ પ્રકારના ઐતિહાસિક વર્ણનો સ્વાભાવિક છે. કારણકે ભૂતકાળ હો યા વર્તમાન માનવજીવન સદૈવ મહાન વ્યક્તિઓ અને સંસ્થાઓથી પ્રભાવિત રહ્યું છે. પ્રત્યેક સમાજમાં રાજકીય ગતિવિધિઓ રાજયના ચોક્કસ વ્યક્તિઓના હાથમાં કેન્દ્રીત હોય છે. માટે સામાન્ય લોકોની તુલનાએ રાજકીય વ્યક્તિઓને વધુ મહત્ત્વ આપવામાં આવે છે. તેઓને રાજ્યના ભાગ્યવિધાતા અને ધર્મપ્રધાન રાજકીય ઈતિહાસમાં વિભિન્ન રાજયવંશોના ઉત્થાન અને પતનની સાથે ઐતિહાસિક મહાપુરુષોનું જીવન દર્શન અને રાજયને ગતિ, દિશા તથા અર્થ આપનાર ઐતિહાસિક મહાપુરુષોના જીવન પર અભ્યાસ અને સંશોધન કરવામાં આવે છે. ઉદા. તરીકે મેકિયાવેલી, સિકંદર, રૂસો, વોલ્તેર, નેપોલિયન, હિટલર, ચાણક્ય, અશોક, અકબર, શિવાજી, મહાત્મા ગાંધી વગેર.*

*રાજકીય સંસ્થાઓ સમાજનો રંગમંચ છે. તેથી રાજકીય ઈતિહાસ અભ્યાસનું મહત્ત્વનું પાસું છે. વિશ્વ અને ભારતમાં આદિકાળથી આજ સુધી સેંકડોની સંખ્યામાં રાજકીય*

સંસ્થાઓ ઉગી અને આથમી છે. વેદકાલની સભા અને સમિતિ, વિવિધ રાજ્યવંશોના વહીવટીતંત્રો, વગેરે. જે વહીવટી ઈતિહાસના મહત્ત્વના નમૂના બને છે. અલબત્ત, રાજકીય ઈતિહાસનો ભાગ હોવા છતાં ઈતિહાસના પ્રકાર તરીકે વહીવટી ઈતિહાસનું સ્વતંત્ર અસ્તિત્વ છે. વર્તમાનમાં સ્રોત સામગ્રીથી રાજકીય ઈતિહાસને જોવાનો એક નવો દૃષ્ટિકોણ, ઈતિહાસને જોવાનો દૃષ્ટિકોણ વિકસ્યો છે. રાજકીય જીવનચરિત્ર લેખન (Prosopography) તરીકે ઓળખાતા આ દૃષ્ટિકોણ મુજબ કોઈ પણ રાજ્ય, સમાજ વ્યવસ્થામાં એક મધ્યમવર્ગ અસ્તિત્વ ધરાવતો હોય છે. તેનો જે તે શાસક, રાજા કે રાજ્યવ્યવસ્થા વિશે શો અભિપ્રાય હોય છે, તે ઈતિહાસના અભ્યાસ અને સંશોધનમાં મહત્ત્વનો મુદ્દો બને છે. બાકી દરબારી કે આશ્રિતોના હસ્તે લખાયેલા ઈતિહાસની કોઈ તટસ્થતા હોતી નથી.

રાજકીય ઈતિહાસમાં માત્ર રાજ્ય, રાજ્યવંશો, કે રાજા-મહારાજાઓ, શાસકોનું જ વર્ણન થતું નથી તેની સાથે રાજ્ય, શાસકો સામે થયેલાં પ્રજાકીય આંદોલનો, રાજકીય દાવપેચ પણ રાજકીય ઈતિહાસનો વિભાગ બને છે. વિશ્વના આપખુદ, નિરંકુશ શાસકો અને સામ્રાજ્યવાદી વિચારધારા વિરુદ્ધ લડાયેલા સંઘર્ષો તેના નમૂનાઓ છે. ઉદા. તરીકે અમેરિકાનું સ્વાતંત્ર્ય યુદ્ધ (1779) 1789ની ફ્રેન્ચ રાજ્યક્રાંતિ, રશિયાની ક્રાંતિ (1917) 1947 માં સંપન્ન થયેલું ભારતીય રાષ્ટ્રીય આંદોલન પણ રાજકીય ઈતિહાસનું એકમ બને છે. આજે ભલે એડવર્ડ ફ્રિમેનના પ્રસિદ્ધ વિધાન 'ઈતિહાસ ભૂતકાળનું રાજકારણ છે અને રાજકારણ એ વર્તમાનનો ઈતિહાસ છે.' સાથે સંમત ન થઈએ છતાં ઈતિહાસના મૂળ પ્રકાર તરીકે રાજકીય ઈતિહાસનું મહત્ત્વ બરકરાર છે. તેના કાર્યક્ષેત્રમાં પણ અઢળક વૃદ્ધિ થઈ છે.

### (2) સામાજિક ઈતિહાસ (Social History)

સામાજિક ઈતિહાસએ ઈતિહાસનું મહત્ત્વનું ક્ષેત્ર છે. તેનું કાર્યક્ષેત્ર અત્યંત વ્યાપક છે. જેની અંતર્ગત માનવીના કાર્યો, વ્યવહારો, કૌટુંબિક જીવન, રીતિરિવાજો, જ્ઞાતિ, પરંપરાઓ, રહેણીકરણી, આનંદ પ્રમોદ, વગેરેનો સમાવેશ થાય છે. વર્તમાન સામાજિક સમસ્યાઓને સમજવાની ચાવી સામાજિક ઈતિહાસમાં પડેલી છે. પરિણામે 20મી સદીના મોટાભાગના ઈતિહાસકારોનું ધ્યાન સામાજિક ઈતિહાસના લેખન પર કેન્દ્રીત થયું હતું. અર્નોલ્ડ ટોયન્બીના મતે ઈતિહાસનું નિર્માણ સામાજિક અણું તત્તવોથી થયેલું છે. – સામાજિક ઈતિહાસ વિના આર્થિક ઈતિહાસ બંજર અને રાજકીય ઈતિહાસ અવર્ણનીય હોવાનો મત ટ્રેવેલ્યને વ્યક્ત કર્યો છે. સામાજિક ઈતિહાસને સૌથી વધુ લોકપ્રિય બનાવવાનું શ્રેય જી.એમ.ટ્રેવેલ્યનને ફાળે જાય છે. તેણે 'ઈંગ્લેન્ડનો સામાજિક ઈતિહાસ' (Social History of England) અને Recreation of History જેવાં ગ્રંથોમાં સામાજિક ઈતિહાસનું ચિત્રણ કર્યું છે. ટ્રેવેલ્યનના મતે સામાજિક ઈતિહાસના દાયરામાં ભૂતકાલીન મનુષ્યનું રોજિંદું જીવન, સામાજિક વર્ગોના, પારસ્પરિક આર્થિક સંબંધો, કુટુંબનું સ્વરૂપ, ગૃહસ્થ જીવન, શ્રમિકોની સ્થિતિ, પ્રકૃતિ પરત્વે માનવીનો દૃષ્ટિકોણ, સાંસ્કૃતિક જીવન તથા સામાન્ય સંજોગોમાંથી નિષ્પન્ન થયેલ ધર્મ, સાહિત્ય, સંગીત, વાસ્તુકલા, શિક્ષણ તથા સાહિત્યનો સમાવેશ થાય છે.

*ઈતિહાસના કેન્દ્રસ્થાને મનુષ્ય છે અને મનુષ્ય સામાજિક પ્રાણી છે. તેથી ઈતિહાસમાં સામાજિક ઈતિહાસનો અભ્યાસ અને સંશોધન મહત્ત્વનું બને છે. છતાં ઈતિહાસના અન્ય પ્રકારોની જેમ સામાજિક ઈતિહાસનું લેખન સરળ નહીં પણ પડકારજનક છે. ભારતીય સમાજ વિવિધ જાતિઓ અને જનજાતિઓનો સમૂહ છે. તે દરેકની પોતપોતાની આગવી સમસ્યાઓ અને ઈતિહાસ છે. ભારતીય ઈતિહાસને હિન્દુ, મુસ્લિમ અને બ્રિટિશ યુગોમાં વહેંચી જેમ્સ મીલે ભારતના સામાજિક ઈતિહાસ સાંપ્રદાયિક વાઘા પહેરાવવાનો પ્રયત્ન કર્યો હતો. જેમ્સ મીલ દ્વારા આરંભાયેલી સાંપ્રદાયિકતા આજે પણ સામાજિક ઈતિહાસની સમસ્યા બની રહી છે. સુમિત સરકારે તેમના પુસ્તક 'રાઈટીંગ સોશ્યલ હિસ્ટરી'માં સામાજિક ઈતિહાસ લેખનની સમસ્યાઓ પ્રતિબિંબિત કરી છે. રોમીલા થાપર પ્રાચીન ભારતનો સામાજિક ઈતિહાસ, રામશરણ શર્મા પ્રાચીન ભારતમાં ભૌતિક પ્રગતિ અને સામાજિક સંરચના કે.એમ.અશરફ હિન્દુસ્તાની પ્રજાનું જીવન અને સ્થિતિ, એચ.કે.નકવી મુઘલકાલીન શહેરીકરણ અને નગરીય કેન્દ્રો, રવીન્દ્રકુમાર આધુનિક ભારતનો સામાજિક ઈતિહાસ અને મકરન્દ મહેતા કૃત 'હિન્દુ વર્ણવ્યવસ્થા, સામાજિકપરિવર્તન અને ગુજરાત દલિતો' વગેરેનું સામાજિક ઈતિહાસના ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન છે. સાંપ્રત ઈતિહાસલેખનમાં સામાજિક ઈતિહાસનું લેખન નિરંતર વધી રહ્યું છે. ઉદા. તરીકે જ્ઞાતિ, જ્ઞાતિમંડળો, સામાજિક વર્ગો, જાતિઓ વગેરે સામાજિક ઈતિહાસનું અત્યંત મહત્ત્વ હોવા છતાં ઈતિહાસના  પર્યાપ્ત પૂરાવાઓના અભાવે તેનું બારીક વર્ણન અત્યંત મુશ્કેલ છે.*

**(3) આર્થિક ઈતિહાસ (Economic History) :**

*પ્રસિદ્ધ આર્થિક ચિંતક આદમ સ્મિથે  તેમના 'રાષ્ટ્રની સંપત્તિ' નામના પ્રસિદ્ધ ગ્રંથમાં નોંધ્યું છે કે મનુષ્ય મોટાભાગની પ્રવૃત્તિઓ સ્વહિત એટલે કે પોતાના માટે કરતો હોય છે અને  તેમાંય આર્થિક પ્રવૃત્તિઓ મુખ્ય હોય છે તેથી ઈતિહાસના આલેખનમાં પણ આર્થિક બાબતો કે પ્રવૃત્તિઓને કેન્દ્રસ્થાને મૂકવી જોઈએ. સ્મિથની કૃતિ અને તેના આર્થિક ચિંતને ફ્રાન્સ તુર્ગો અને નેકર જેવાં અર્થશાસ્ત્રીઓને અને રૂસો, વોલ્તેર જેવાં ચિંતકોને પ્રભાવિત કર્યા હતા.*

*વિલિયમ એસ્લેએ લખ્યું છે કે માનવીએ આજીવિકાના સાધનોના ઉત્પાદનમાં મહત્તમ સંતોષ પ્રાપ્ત કરવા જે કંઈ કર્યું તે આર્થિક ઈતિહાસ છે. આર્થિક ઈતિહાસનું ક્ષેત્ર ઘણું વ્યાપક છે. આર્થિક ઈતિહાસના ભાગરૂપે સમાજની આર્થિક જરૂરિયાતો સાથે સંકળાયેલી બધી બાબતોનો સમાવેશ થાય છે. ઉદા. ખેતી, ઉદ્યોગ, બેંક, વીમા, પશુપાલન, શિકાર, વગેરે. માનવીની ભૂતકાલીન પ્રત્યેક આર્થિક પ્રવૃત્તિ આર્થિક ઈતિહાસનો ભાગ બને છે. કાર્લ માર્ક્સ દ્વારા ઈતિહાસનું ભૌતિકવાદી અર્થઘટન રજૂ થયા પછી આ ક્ષેત્રે વિચાર કરવા માટે વિદ્વાનો મજબૂર બન્યા હતા. આ રીતે આર્થિક જરૂરિયાતોને સામાજિક આચરણની જડના રૂપમાં જોવાનું શ્રેય માર્ક્સવાદીઓને ફાળે જાય છે. આર્થિક પરિસ્થિતિ માનવજીવનના કાર્યો અને વ્યવહારોને પ્રભાવિત કરે છે. રાજ્ય, સમાજ અને સંસ્કૃતિના ઉત્થાન અને પતનમાં પણ ક્યાંકને ક્યાંક  આર્થિક પરિસ્થિતિ જવાબદાર હોય છે. માનવજીવનમાં આર્થિક પ્રવૃત્તિઓના મહત્ત્વને પારખી*

ઈતિહાસના આર્થિક ઈતિહાસલેખન પર વિશેષ ભાર મુકવામાં આવે છે. ઔદ્યોગિક ક્રાંતિએ આર્થિક ઈતિહાસને ગતિ આપી હતી. રોજર્સ, વિલિયમ એશ્લે, આર.એ.ટોની, બકલે , લિપ્સન, કાર્લમાર્ક્સ વગેરેએ આર્થિક ઈતિહાસને ગતિ આપવામાં  મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. જ્યોર્જ રીચાર્ડ અને તેના સહાયકોએ 'Universal History of Labour' દ્વારા આ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. સર જહોન હનેફમનું 'Bank of England' હેનરી કૃત 'Economic History of United States', મેકડરમોટનું 'History of Western Railways' વગેરે પશ્ચિમી લેખકોનું  આર્થિક ઈતિહાસના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન છે. જર્મનીમાં તો વ્યાપારી મતભેદોના ફળસ્વરૂપે ઐતિહાસિક અર્થશાસ્ત્રીઓનો વર્ગ ઉભો થયો હતો. German School of Historical Economist' તરીકે પ્રસિદ્ધ થયો હતો.

ભારતમાં પણ આર્થિક ઈતિહાસની દોઢસો વર્ષ લાંબી પરંપરા રહી છે. સૌપ્રથમ રાષ્ટ્રવાદી નેતા દાદાભાઈ નવરોજીએ 'Poverty and Unbritish Rule in India' નામના ગ્રંથમાં 'Drain Theory' (અંગ્રેજોની લોહી ચૂસવાની જાતિ)નો પર્દાફાશ કર્યો હતો. આજ પરિપાટી પર રમેશચંદ્ર દત્ત લિખિત 'Economic History of India' એમ.જી. રાનડે લિખિત 'ઈજજફઅજ on Indian Economic' વગેરે આર્થિક ઈતિહાસની મહત્ત્વપૂર્ણ કૃતિઓ છે.

ભારતમાં આર્થિક ઈતિહાસની શાખાએ વિસ્તારવાનું શ્રેય  માર્કસવાદી ઈતિહાસકારોને ફાળે જાય છે. તેમણે કૃષિ, ઉદ્યોગ, વ્યાપાર, વાહનવ્યવહાર, મહેસૂલ વગેરેનો ઈતિહાસ લખ્યો છે ડી.એન.ઝા 'Economy and Society  in Early India: Issues and Pradigms' 1883 રજની પામ દત્ત કૃત 'India Today', તપનરાય ચૌધરી, ઈરફાન હબીબ સંપાદિત 'Cambridge Economic History of India', ઈરફાન હબીબનું 'Agrarian System during the mughals', શિરીન મુસવી લિખિત 'Economy of the mughal empire: A Statistical Study', બિપિનચંદ્રનું 'Rise and growth of econoic Nationalism in India',  સુમિત સરકારનું 'Swadeshi Movement in Bengal' (1903-1908) આર્થિક ઈતિહાસના ક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાનો છે.

ગુજરાતી પ્રજાની છાપ વ્યાપારી પ્રજા  તરીકેની છે. છતાં ગુજરાતની આર્થિક પ્રવૃત્તિઓ વિશે આર્થિક ઈતિહાસના ક્ષેત્રે ખાસ આશાસ્પદ વાતાવરણ નથી. સુરેન્દ્ર ગોપાલ કૃત 'Commerce and Crafts in Gujarat During the 16th and 17th Century' આશીનદાસ ગુપ્તા અને મકરંદ મહેતાના ગ્રંથો તેમાં અપવાદરૂપ છે. વિશાળ દરીયા કાંઠો અને સૌથી વધુ બંદરો ધરાવતા ગુજરાતમાં આર્થિક ઈતિહાસ લેખનની ભરપૂર  શક્યતાઓ પડેલી છે.

આજે વિશ્વ, વૈશ્વિક અર્થવ્યવસ્થા નીચે આવી રહ્યું છે ત્યારે આજની આર્થિક પ્રગતિ અને સમસ્યાઓને મૂલવવા માટે આર્થિક ઈતિહાસનું લેખન વધી રહ્યું છે. ઈતિહાસકારો અને અર્થશાસ્ત્રીઓનું મજીયારું ગણાતું આ ક્ષેત્ર આજે ઈતિહાસકારોનો ઈજારો બની રહ્યું છે.

**(4) સાંસ્કૃતિક ઈતિહાસ (Cultural History) :**

*સાંસ્કૃતિક ઈતિહાસ એ ઈતિહાસનો મહત્ત્વનો પ્રકાર છે. તેનું કાર્યક્ષેત્ર ઘણું વિસ્તૃત છે. સાંસ્કૃતિક શબ્દને નજર રાખીએ તો તેમાં માનવજીવનની મોટાભાગની બાબતોનો સમાવેશ થાય છે. સાંસ્કૃતિક ઈતિહાસ હેઠળ સામાજિક, આર્થિક, લલિત કલાઓ જેવી કે ચિત્રકલા, સંગીત, વાસ્તુ, સાહિત્ય ઉપરાંત ધર્મ, શિક્ષણ રાજકીય સંસ્થાઓ, અર્થવ્યવસ્થા, વિજ્ઞાન-ટેકનોલોજી, મનોરંજન વગેરેનો અભ્યાસ અને સંશોધન થાય છે.*

*ભારતીય સંદર્ભમાં સંસ્કૃતિવિદ્ એ. એલ. બાશમકૃત* 'Wonder that was India' *(અદ્દભૂત ભારત) રાજકીય ઈતિહાસમાંથી બિનરાજકીય ઈતિહાસ કે સાંસ્કૃતિક ઈતિહાસ તરફનો મહત્ત્વપૂર્ણ મુકામ હતો. આ પરંપરાને આગળ ધપાવવાનું કાર્ય પ્રસિદ્ધ ભારતીય ઈતિહાસકાર ડી. ડી. કોશામ્બીએ કર્યું. તેમણે* 'An introduction to the study of Indian History', 'Ancient Indian History and Culture' (1965) *દ્વારા સાંસ્કૃતિક ઈતિહાસને નવો આયામ આપ્યો છે.*

*વર્તમાન સમયના ઘણાખરાં ઈતિહાસકારો એ સામાજિક, ધાર્મિક અને આર્થિક પાસાંઓના પરિપ્રેક્ષ્યમાં સાંસ્કૃતિક ઈતિહાસ પર ભાર મૂકી તેને રાજકીય ગતિવિધિઓ સાથે જોડવાના પ્રસંશનીય પ્રયત્નો કર્યા છે. ભારતની સાંસ્કૃતિક વિરાસતની વ્યાપકતાને ધ્યાનમાં રાખી સાંસ્કૃતિક ઈતિહાસને પ્રાચીન, મધ્યકાળ અને આધુનિક ભારતના સાંસ્કૃતિક ઈતિહાસમાં વહેંચવામાં આવ્યો છે. એચ.સી.રાય ચૌધરી, દત્તા અને મજૂમદાર કૃત 'ભારતનો બૃહદ ઈતિહાસ ભાગ* 1, 2, 3 *તથા ચોપરા, પુરી અને દાસ સંપાદિત 'છ* social, cultural and economic History of India', Vol I, II, III *વગેરે સાંસ્કૃતિક ઈતિહાસના મહત્ત્વના ગ્રંથો છે.*

*સાંસ્કૃતિક ઈતિહાસ ઘણું મોટું ક્ષેત્ર છે. તેની વિશાળતા અને વ્યાપકતાને ધ્યાનમાં લઈ ભારતીય ઈતિહાસકારોએ તેનું યુગવિશેષ, શાસક વિશેષ કે જે તે યુગની સંસ્કૃતિને વિવિધ પાસાંઓમાં વિભાજીત કરી લેખન કર્યું છે. રોમીલા થાપર કૃત* 'Ashoka and the Decline of Maurya Empire', *રાધાકુમુદ મુકરજી લિખિત* 'Chandragupta Maurya and his Time', *રાહુલ સાંકુત્યાયન કૃત 'ઋગ્વૈદીક આર્ય', મજમુદાર અને અલ્તેકરનું 'ધ વાકાટકા, ગુપ્તા- એજ, રામાનંદ ચેટરજી લિખિત,* 'Raja Rammohan Rai and Modern India', *રામધારીસિંહ દીનકર રચિત 'સંસ્કૃતિ કે ચાર અધ્યાય' વગેરે સાંસ્કૃતિક ઈતિહાસના સંદર્ભમાં મહત્ત્વપૂર્ણ ગ્રંથો છે.*

*ગુજરાતી ભાષામાં સંસ્કૃતિ અને સાંસ્કૃતિક ઈતિહાસ વગેરે ખાસ જુદી પડતી બાબતો ગણાઈ નથી. હરિપ્રસાદ શાસ્ત્રી, રસિકલાલ પરીખ, પ્રવિણચંદ્ર પરીખ અને ભારતીબેન શેલત સંપાદિત ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસગ્રંથ* 1 *થી* 9 *માં સાંસ્કૃતિક ઈતિહાસનું નિરૂપણ થયું છે. તેમ છતાં ગુજરાતમાં સાંસ્કૃતિક ઈતિહાસનું ખેડાણ પર્યાપ્ત માત્રામાં થયું નથી. ગુજરાતી સંશોધકોએ અખિલ ભારત સ્તરના ઈતિહાસને કેન્દ્રમાં રાખી સાંસ્કૃતિક ઈતિહાસનું આલેખન કર્યું છે. છતાં*

ગુજરાતના શિલ્પ-સ્થાપત્યો, જળાશયો, સાહિત્યિક કૃતિઓ, હવેલીઓ, પ્રાચીન નગરો, ધર્મસંપ્રદાયો પર પર ત્રુટક-ત્રુટક સંશોધનો થાય છે. જો કે પ્રજાજીવનનો ધબકાર ગણી શકાય તેવાં સાંસ્કૃતિક ઈતિહાસના મહત્ત્વના પાસાં સમાન મેળાઓ, તહેવારો, લોકસાહિત્ય, મૌખિક પરંપરાઓ, જનજાતિઓની સાંસ્કૃતિક ગતિવિધિઓ વગેરે તરફ નજર દોડાવવાની હજુ બાકી છે.

ઉપર ઉલ્લેખેલા પ્રકારો ઉપરાંત ઈતિહાસના વિસ્તારક્ષેત્રોમાં બૌદ્ધિક ઈતિહાસ, વિચારોનો ઈતિહાસ, બંધારણીય ઈતિહાસ, કાનૂની ઈતિહાસ, સ્થાનિક ઈતિહાસ, વિશ્વ ઈતિહાસ, સૈનિક ઈતિહાસ, ધાર્મિક ઈતિહાસ, શિક્ષણનો ઈતિહાસ સમકાલીન ઈતિહાસ વગેરેનો સમાવેશ થાય છે. જો કે વ્યાપક સંદર્ભમાં ઉપર ઉલ્લેખેલો પ્રકારોમાં તેનો એક યા બીજી રીતે સમાવેશ થઈ શકે. જે વાચકો અને સંશોધકોની નજર સમક્ષ રહેવું જોઈએ.

## 2.3 સારાંશ

ઈતિહાસના અત્યાધુનિક વલણ પ્રમાણે ઈતિહાસ સંશોધનનું કાર્યક્ષેત્ર અસીમ બની રહ્યું છે. વિજ્ઞાન અને ટેકનોલોજીનો ઈતિહાસ, પર્યાવરણનો ઈતિહાસ વગેરે વિકસતા જતા ક્ષેત્રો છે. છેલ્લે, ઈતિહાસના વિસ્તાર ક્ષેત્રમાં માનવ માત્રનું કલ્યાણ, વિશ્વ એકતાની ભાવના સંકળાયેલી છે. ઈતિહાસ મનુષ્ય માટે જ નહીં સમાજ અને રાષ્ટ્રના સર્વાંગી વિકાસનું સશક્ત માધ્યમ છે. ઈતિહાસના વિસ્તાર ક્ષેત્રોની ઉપયોગીતા વિભિન્ન વર્ગો માટે હોવા છતાં ઈતિહાસ વસ્તુતઃ જ્ઞાનનો અભય સ્રોત છે અને જ્ઞાનની વિવિધ શાખાઓની માફક ઈતિહાસના વિભિન્ન પ્રકારો સમાજની દરેક પ્રકારની જિજ્ઞાસા અને જરૂરિયાતો પૂરી કરવાનું સર્વશ્રેષ્ઠ માધ્યમ છે.

## 2.4 ચાવીરૂપ શબ્દો

રાજકીય ઈતિહાસ, સાંસ્કૃતિક ઈતિહાસ, આર્થિક ઈતિહાસ, સામાજિક ઈતિહાસ, ધાર્મિક ઈતિહાસ, બૌદ્ધિક ઈતિહાસ, લશ્કરી ઈતિહાસ, વિચારોનો ઈતિહાસ, કલા અને શિક્ષણનો ઈતિહાસ, જ્ઞાન-વિજ્ઞાનનો ઈતિહાસ.

## 2.5 તમારી પ્રગતિ ચકાસો

1. ઈતિહાસ સંશોધનના ક્ષેત્રો વિષે વિસ્તૃત ચર્ચા કરો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

2. સામાજિક,આર્થિક અને રાજકીય ઈતિહાસનું વિશ્લેષણ કરો.

______________________________________________________________________
______________________________________________________________________
______________________________________________________________________

## 2.6 સંદર્ભ ગ્રંથો


1. Shreedhara E., A Taxbook of Historiography, Delhi, 2013
2. *પાંડે ગોવિંદચંદ, (સંપા.), ઈતિહાસઃ સ્વરૂપ એવં સિદ્ધાંત, જયપુર, ,* 2003
3. *પરીખ રસિકલાલ, ઈતિહાસઃ સ્વરૂપ અને પધ્ધતિ, અમદાવાદ,* 1967
4. *વાઘેલા અરુણ અને ગાંધી બી.એન, ઈતિહાસનું પધ્ધતિશાસ્ત્ર, અમદાવાદ,* 2023

| એકમ : 3 | ઈતિહાસ સંશોધનના સોપાનો |
|---|---|

**:: રૂપરેખા ::**

**3.0 ઉદ્દેશ**

**3.1 પ્રસ્તાવના**

**3.2 ઈતિહાસ સંશોધનના સોપાન**

**3.3 તમારી પ્રગતિ ચકાસો**

**3.4 સારાંશ**

**3.5 ચાવીરૂપ શબ્દો**

**3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**3.7 સ્વાધ્યાય**

**3.8 સંદર્ભ ગ્રંથો**

## 3.0 ઉદ્દેશ

*પ્રસ્તુત પ્રકરણના અભ્યાસ પછી તમે,*

- *ઈતિહાસ સંશોધનના સોપાન સમજશો.*
- *ઐતિહાસિક સંશોધન કાર્ય કઈ રીતે હાથ ધરવામાં આવે છે તેની સમજ કેળવશો.*

## 3.1 પ્રસ્તાવના

*ઐતિહાસિક સંશોધન અન્ય સંશોધન કરતા જુદું પડતું હોવા છતાં તેના સોપાનો સર્વેક્ષણ અને વર્ણનાત્મક પ્રકારના સંશોધનોને મળતા આવે છે. ઈતિહાસ ખૂબ વ્યાપક અને વિશાળ કાર્યક્ષેત્ર ધરાવતો વિષય છે.હજારો વર્ષોથી માનવ અને માનવસમૂદાયો જે વિકાસ અને પ્રગતિ કરી છે તેના ક્ષેત્રો એટલા બધા વિશાળ છે કે તેને સમજવા લાંબુ અધ્યયન અને બહોળો સમય આપવો પડે.*

*ઈતિહાસમાં સંશોધન માટેનું કાર્યક્ષેત્ર ખૂબ જ વિશાળ છે જેમાં પ્રાગ ઐતિહાસિક યુગથી શરૂ કરી આદ્ય ઐતિહાસિક યુગ અને ઐતિહાસિક યુગ એમ મુખ્ય ત્રણ વિભાગ જોવા મળે છે. આ ત્રણેય વિભાગ ખૂબ જ વિશાળ છે. આથી ઐતિહાસિક સંશોધન માટે કાર્યક્ષેત્રની પસંદગી અને ત્યારબાદના સોપાન એકબીજા પર આધારિત છે.*

*આ જ રીતે ઈતિહાસ વિષય સાથે સંકળાયેલી બાબતો પણ મુખ્યત્વે સંશોધકના રસ અને જરૂરિયાતને આધારિત હોય છે. એટલે વિષય પસંદગી ખૂબ જ ચોકસાઈ અને સમય માંગી લે છે. ઈતિહાસમાં સંશોધન પાછળ સમય અને ખર્ચ અન્ય સંશોધન કરતા વધારે લાગે છે. ઈતિહાસકારે ઐતિહાસિક સંશોધન કરતા પહેલાં ઘણી ખરી બાબતો અગાઉથી વિચારી લેવી જોઈએ. જેના કારણે તેનું સંશોધન સરળ અને*

*અર્થપૂર્ણ બને. આથી તેના સોપાનો યોગ્ય રીતે જાણવા જરૂરી છે. આમ સંશોધક માટે સંદર્ભ સાહિત્ય બીજો માર્ગદર્શક પુરવાર થાય છે.*

## 3.2 ઈતિહાસ સંશોધનના સોપાન

*ઐતિહાસિક સંશોધનના સોપાન નીચે મુજબ છે.*

(1) *સંશોધન માટે કાર્યક્ષેત્ર અને વિષયની પસંદગી*

(2) *સંશોધન શીર્ષકની પસંદગી*

(3) *સંદર્ભ સાહિત્યનો અભ્યાસ*

(4) *સંશોધન યોજનાનું આયોજન*

(5) *સંશોધન સ્ત્રોતોની પસંદગી અને મૂલ્યાંકન*

(6) *માહિતી એકત્રીકરણ (નોંધ અને આયોજન)*

(7) *માહિતી વિશ્લેષણ*

(8) *માહિતીનું અર્થઘટન અને તારણોની ચકાસણી*

(9) *સંશોધન લેખન*

(10) *પ્રૂફ વાચન અને પ્રકાશન*

**(1) સંશોધન માટે કાર્યક્ષેત્ર અને વિષયની પસંદગી**

*ઈતિહાસ ખૂબ વિશાળ અને વ્યાપક વિષય છે. આથી ઐતિહાસિક સંશોધનમાં સૌ પ્રથમ કાર્યક્ષેત્ર અને વિષયની પસંદગી કરવી જોઈએ. આ સોપાનમાં સંશોધકે તેના રસ અને જરૂરિયાત મુજબ કાર્યક્ષેત્ર અને વિષયની પસંદગી કરવી જોઈએ. જેમાં પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન જેવા વિભાગમાંથી પસંદગી કરવી જોઈએ. ત્યારબાદ રાજકીય, સામાજિક, આર્થિક, ધાર્મિક, વહીવટી, શિક્ષણ, સંસ્કૃતિ, સાહિત્ય વગેરેમાંથી કયા વિષયમાં સંશોધન હાથ ધરવું છે તે નિશ્ચિત કરવું જોઈએ.*

**(2) સંશોધન શીર્ષકની પસંદગી**

*એકવાર કયા યુગના કયા ક્ષેત્રે અભ્યાસ કે સંશોધન કરવું છે. તે નક્કી થયા પછી શીર્ષકની પસંદગી કરવી જોઈએ. આ શીર્ષક નક્કી કરતી વખતે હેતુ, સમયગાળો, બનાવ કે ઘટના, સંશોધનનો ઉદ્દેશ, પ્રકાર, કાર્યક્ષેત્ર વગેરેને ધ્યાનમાં રાખીને યોગ્ય શબ્દોની પસંદગી કરવી જોઈએ. શીર્ષક બને એટલું ટૂંકું ને અસરકારક એટલે કે હેતુકેન્દ્રી હોવું જોઈએ. દા.ત., રાજકીય "ઈસ્ટ ઈન્ડિયા કંપનીની નીતિઓની ભારતના રાજકારણ પર અસર", "સામાજિક 20મી સદીના સામાજિક સુધારણા આંદોલનની ગુજરાતની સ્ત્રીઓની સ્થિતિ પર અસર."*

**(3) સંદર્ભ સાહિત્યનો અભ્યાસ**

*ઐતિહાસિક સંશોધનનું સૌથી મહત્ત્વનું સોપાન સંદર્ભ સાહિત્યનો અભ્યાસ છે. અહીં બે પ્રકારના સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવો જોઈએ. જેમાં (1) પસંદ કરેલા*

*વિષયને લગતા સૈદ્ધાંતિક સાહિત્યનો અભ્યાસ, જેમાં સમયગાળો, સ્થિતિ, ઘટના કે બનાવ વગેરેને લગતી પૂરતી માહિતી મેળવવી જોઈએ. (2) પૂર્વે થયેલા સંશોધન. જેમાં પસંદ કરેલા વિષય પર અન્ય લોકોએ કરેલા સંશોધનોનો અભ્યાસ કરવો જોઈએ. સંદર્ભ સાહિત્યના અભ્યાસથી પોતાના ઉદ્દેશ, હેતુ, કાર્યરચના, સ્ત્રોતોની માહિતી, માહિતી એકત્રીકરણ, માહિતી વિશ્લેષણ અને અર્થઘટન સંબંધિત સ્પષ્ટતાઓ થાય છે તેમજ અગાઉના સંશોધનની ભૂલો, ત્રુટિઓ કે અધૂરપને નિવારી શકાય છે.*

**(4) સંશોધન યોજનાનું આયોજન**

*આ સોપાનમાં શીર્ષક પસંદગી અને સંદર્ભ સાહિત્યના અભ્યાસ બાદ સંશોધક પોતે હાથ ધરવાના સંશોધનનો ભાવિ ચિતાર તૈયાર કરે છે. જેમાં શીર્ષક અને ઉદ્દેશ આધારિત હેતુઓનું નિર્માણ કરવામાં આવે છે. આ સાથે અભ્યાસના પ્રશ્નો, વિવિધ સ્ત્રોતો અને તેનું વિભાજન, સમયસારણી, ખર્ચ, માહિતી એકત્રીકરણની રીત અને પદ્ધતિ, માહિતી એકત્રીકરણ માટેના ઉપકરણ અને પદ્ધતિની પસંદગી, માહિતીનું વિશ્લેષણ, અર્થઘટન અને તારવણી વગેરે બાબતો નિર્ધારિત કરવામાં આવે છે. સંશોધનનું આ સૌથી મહત્ત્વનું સોપાન છે. અહીં એકવાર ઉપરોક્ત બાબતો નક્કી કર્યા બાદ સંશોધન સમય સારણી મુજબ વિવિધ બાબતોમાં આગળ વધીને સંશોધન કાર્ય પૂર્ણ કરશે.*

*ઐતિહાસિક સંશોધનમાં અન્ય સંશોધન કરતા સમય અને ખર્ચ વધારે થાય છે. આથી સંશોધકે ખાસ કરીને સમય આયોજન કરવું જોઈએ. ઘણીવાર સંશોધકે ધાર્યું હોય એટલી સરળતાથી માહિતી ના મળે તો સંશોધન લાંબુ ચાલે છે. એ જ રીતે ઘણીવાર મળેલી માહિતીના યોગ્ય વિશ્લેષણ અને અર્થઘટનમાં પ્રશ્નો ઊભા થાય છે. આમ સંશોધન યોજનામાં સમય અને ખર્ચ ખૂબ વિચારીને, વિવિધ બાબતો, ભાવિ બાબતોને ધ્યાનમાં રાખી કરવું જોઈએ. આયોજનમાં માહિતી એકત્રીકરણની પદ્ધતિ અને માહિતી માટેના સ્ત્રોતનું આયોજન યોગ્ય રીતે કરવામાં આવ્યું હોય તો સંશોધન સરળતાથી પૂર્ણ થાય છે. કારણ કે ઐતિહાસિક સંશોધનમાં સૌથી મહત્ત્વની બાબત સ્ત્રોત છે.*

**(5) સંશોધન સ્ત્રોતોની પસંદગી અને મૂલ્યાંકન**

*આ સોપાનમાં સંશોધક પોતાના વિષય, શીર્ષક, સંશોધન હેતુ અને સંશોધન પ્રશ્નોના અનુરૂપ વિવિધ સ્ત્રોતોની પસંદગી કરશે. જેમાં પ્રાથમિક કક્ષાના સ્ત્રોતો અને ગૌણ કક્ષાના સ્ત્રોતોમાંથી કેટલી અને કઈ કઈ માહિતી મેળવવાની છે તે નિર્ધારિત કરવામાં આવશે. એક વાર સ્ત્રોત પસંદ થયા બાદ તેનું મૂલ્યાંકન અને ચકાસણી કરવામાં આવશે. જેમાં પસંદ કરેલ સ્ત્રોત શીર્ષક મુજબની જરૂરી, ચોક્કસ, વિશ્વસનીય માહિતી આવે છે કે કેમ અને જરૂર પડે તો સ્ત્રોતો વધારી શકાય કે રદ કરી શકાય. અહીં પુરાતત્વીય, લિખિત, દસ્તાવેજી, મૌખિક, સાહિત્યિક વગેરે જરૂરી સ્ત્રોતોમાંથી યોગ્ય સ્ત્રોતોની પસંદગી કરવામાં આવે છે.*

*સંશોધન માટેના સ્ત્રોત મુખ્યત્વે બે પ્રકારના હોય છે. સંશોધકે શક્ય બને ત્યાં સુધી પ્રાથમિક કક્ષાના સ્ત્રોત પસંદ કરવા જોઈએ. ભૂતકાળની ઘટનાના વાસ્તવિક, પ્રત્યક્ષ અને ઘટના સાથે સીધો સંબંધ હોય તેવા સ્ત્રોત સંશોધનોની ગુણવત્તા માટે મહત્ત્વના છે. આ સ્ત્રોત લેખિત કે પુરાતત્વીય પ્રકારના હોય શકે જેમાં શિલાલેખ, સરકારી આદેશ, ઠરાવ કે ખરીતા, પ્રત્યક્ષ ઘટના જોનારના વર્ણન, વિદેશી પ્રવાસીઓના વર્ણન, કોઈ સંસ્થા, સંગઠન કે દેશનું બંધારણ, હસ્તપ્રતો, સિક્કા, મહોર, સમાચારપત્રો, રોજનીશી, ગ્રંથ, લેખ, આત્મકથા, ચલચિત્ર,ઓડિયો-વીડિયો, મૂર્તિ, મહેલ, અવશેષો, સાધનો, વાસણો, નરકંકાલ, મકાન, કિલ્લા, ખંડેર, હથિયાર, શિલ્પ વગેરે હોય શકે.*

*આ જ રીતે ગૌણ સ્ત્રોત જે વિશ્વસનીયતા ધરાવતા હોય તો તેનો ઉપયોગ કરવો જોઈએ. ગૌણ સ્ત્રોત પ્રાથમિક સ્ત્રોતને આધારે જ નિર્માણ પામેલા હોય છે. જેના ગ્રંથ, નાટક, સાહિત્યિક રચના, ગીત, સ્મારક, સંશોધન લેખ વગેરેનો સમાવેશ કરી શકાય.*

*આ ઉપરોક્ત મળેલ સ્ત્રોતોનું મૂલ્યાંકન બે પ્રકારે કરવામાં આવે છે. એટલે કે પસંદ કરેલ સ્ત્રોત વિશ્વસનીય છે કે નહી તેની ખાતરી કર્યા બાદ જ જો વિશ્વસનીય હોય તેવા જ સ્ત્રોતોનો ઉપયોગ કરવો જોઈએ. સૌ પ્રથમ બાહ્ય મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમાં સ્ત્રોત અસલી અને વિશ્વસનીય છે કે નહી તેની ચકાસણી કરવામાં આવે છે. જેમાં મળેલ સ્ત્રોત જે તે સમયનું જ છે કે કેમ ? આ માટે વિવિધ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં રાસાયણિક પ્રક્રિયા અને અન્ય રીતે ચકાસણી કરવામાં આવે છે. જેમ કે કાળગણના નક્કી કરવાની સાથે સાથે જે તે સમયના લક્ષણો એટલે કે ભાષા, લિપિ, શૈલી વગેરેનું જ્ઞાન ધરાવતા તજ્જ્ઞો જ આવી ખાતરી કરી શકે. સંશોધક પોતે આટલા બધા ક્ષેત્રોનો નિષ્ણાત ન જ હોઈ શકે આથી તે આવા નિષ્ણાતોની મદદ લઈ સ્ત્રોત અંગે ખાતરી કરી શકે.*

*એક વખત નક્કી થાય કે સ્ત્રોત વિશ્વસનીય છે પછી તેનું આંતરિક મૂલ્યાંકન હાથ ધરવામાં આવે છે. જેમાં તેના વિષયની પ્રમાણભૂતતા ચકાસવામાં આવે છે. જેમાં વિવિધ પ્રશ્નોના જવાબ દ્વારા સ્ત્રોતની માહિતી સાચી અને યોગ્ય છે તે જાણવામાં આવે છે. વિવિધ માહિતીનું અન્ય માહિતી કે સ્ત્રોત સાથે ક્રોસ ચેકીંગ કરી ખાતરી કરવામાં આવે છે. સ્ત્રોતમાંથી મળતી માહિતી સમય, સ્થળ, સ્થિતિ મુજબ સાચી અને યોગ્ય છે તેની ખાતરી કરવામાં આવે છે અને સ્ત્રોત પાસેથી પ્રામાણિક, તટસ્થ અને યોગ્ય માહિતી મળે તો તેનો સંશોધનમાં ઉપયોગ કરવામાં આવે છે.*

**(6) માહિતી એકત્રીકરણ (નોંધ અને આયોજન)**

*આ સોપાનમાં વિવિધ પ્રકારના સ્ત્રોતોમાંથી જરૂરી માહિતી એકત્ર કરવામાં આવે છે. જેમાં સંશોધક સૌ પ્રથમ આયોજન કરશે અને આયોજન મુજબ વિવિધ નોંધ કરશે. હેતુ અને સંશોધન પ્રશ્નો મુજબ એક એક કરીને સ્ત્રોતને તપાસવામાં આવશે અને તેમાંથી સંશોધન માટે જરૂરી જે પણ માહિતી હોય તેની નોંધ કરવામાં આવશે. આ નોંધ વિશિષ્ટ પદ્ધતિથી કરવામાં આવે છે. જેથી કોઈ માહિતી રહી ના જાય કે ખોટી*

*માહિતી લખાઈ ન જાય. નોંધ હેતુ અને વિવિધ ક્ષેત્રો મુજબ નોંધવી જોઈએ. જેથી ક્રોસ ચેકીંગ કરતી વખતે પૂરતી અને યોગ્ય માહિતી મળી રહે એવું ના થાય કે નોંધ યોગ્ય ના હોવાથી ફરીથી સ્ત્રોતોને તપાસવા પડે.*

*વિષય અનુરૂપ જે અને જેટલા પણ સ્ત્રોત મળ્યા હોય તેમાંથી બિનજરૂરી કે વધારાના સ્ત્રોત દૂર કરવા જોઈએ. પોતાના વિષય અને શીર્ષકને અનુરૂપ માહિતી એકત્ર કરવી જોઈએ. વિવિધ સ્ત્રોતની એક પછી એક ચકાસણી કરી એમાંથી મળતી માહિતીને વિવિધ વિભાગ નીચે વર્ગીકૃત કરી નોંધતા રહેવું જોઈએ. જેથી જ્યારે માહિતી વિશ્લેષણ, અર્થઘટન અને તારણોની રચના સમયે સરળતાથી માહિતી મળી રહે. આ માટે સંશોધન પ્રશ્નોના ક્રમ પ્રમાણે માહિતીને એકત્ર કરી તેને સંગ્રહીત કરવી જોઈએ. મળેલી માહિતીને અનુરૂપ ગોઠવી અને તેને ક્રમ આપી સંગ્રહીત કરવી જોઈએ. જે પણ સ્ત્રોતમાંથી માહિતી મળી હોય તે સ્ત્રોતના આધારે માહિતીની નોંધ કરવી જોઈએ. આમ યોગ્ય રીતે સ્ત્રોત અને સંશોધન પ્રશ્નો મુજબ ગોઠવેલી માહિતી જરૂર પડે ત્યારે સરળતાથી મળી શકે છે. વિવિધ સ્ત્રોતમાંથી મળેલી માહિતીને વિગતવાર, ક્રમવાર, વિભાગવાર નોંધી તેની પર જરૂરી નોંધ કે નિશાની મૂકવી જોઈએ જેથી જરૂર પડે સરળતાથી ઉપયોગમાં લઈ શકાય.*

**(7) માહિતી વિશ્લેષણ**

*વિવિધ સ્ત્રોતોમાંથી વિવિધ પ્રકારે એકત્ર કરેલ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે. જેમાં શીર્ષક, સંશોધનના હેતુ અને સંશોધનના પ્રશ્નો મુજબ માહિતીનું અનુક્રમ મુજબ વર્ગીકરણ કરવામાં આવે છે. આમ વિવિધ સ્ત્રોત મુજબ મળેલી જુદા જુદા પ્રકારની માહિતીને વિવિધ વિભાગો મુજબ વર્ગીકૃત કરવામાં આવે છે. આથી જ્યારે સંશોધક છેલ્લે અહેવાલ લખવા બેસે ત્યારે જરૂરી માહિતી સરળતાથી મળી રહે. આ વર્ગીકરણ કરતી વખતે વિવિધ સ્ત્રોતોને ધ્યાનમાં રાખીને વર્ગીકરણ કરવું જોઈએ જેથી ક્રોસ ચેકીંગ કરતી વખતે માહિતી યોગ્ય સ્વરૂપે મળી રહે.*

*મળેલી માહિતીનું વિશ્લેષણ સમય માંગી લે છે. અનેક સ્ત્રોત અને આધાર પુરાવા સાથે માહિતી મોટા પ્રમાણમાં એકત્ર થઈ હોય છે.આથી સંશોધકે પોતાના સંશોધન માટે જરૂરી એવી માહિતીને ધ્યાનમાં રાખી અન્ય માહિતી અલગ કરી દેવી જોઈએ. જરૂરી માહિતીને અલગ કર્યા બાદ સંશોધન પ્રશ્ન અનુસાર અને સ્ત્રોત અનુસાર વિશ્લેષણ કરવું જોઈએ. ઘણીવાર એક જ પ્રકારના સ્ત્રોતમાંથી મળેલી માહિતી વિવિધ જગ્યાએ ઉપયોગી થાય એમ હોય છે. આથી માહિતીના વિશ્લેષણ સમયે તે ક્યાં અને કઈ રીતે મદદરૂપ થશે તેની યોજના અને વિચાર કરીને માહિતી વિશ્લેષણ કરવું જોઈએ. માહિતી વિશ્લેષણ સમયે માહિતીને અર્થઘટન અને મળેલા કારણોની ચકાસણીના ક્રમમાં ગોઠવીને વર્ગીકૃત કરવી જોઈએ. જેથી સરળતાથી, જરૂર પડે ત્યારે અને સમયસર યોગ્ય અને પૂરતી માહિતી મળી શકે.*

**(8) માહિતીનું અર્થઘટન અને તારણોની ચકાસણી**

*આ સોપાનમાં મળેલી તમામ માહિતીને શીર્ષક, હેતુ અને સંશોધન પ્રશ્નોના ક્રમ મુજબ ઉદાહરણ, દાખલા, દલીલ સાથે રજૂ કરવામાં આવે છે. વિવિધ સ્ત્રોતોમાંથી*

*મળેલી માહિતીને ક્રોસ ચેક કરીને વિવિધ તારણો તારવવામાં આવે છે. આ પ્રકારના બધા જ તારણો મળી જાય પછી તેનું ક્રોસ ચેકીંગ કરીને તારણો ખોટા, અધૂરા કે ભૂલભરેલા નથી તે ચકાસવામાં આવે છે. અહીં સંશોધક જે ક્ષેત્ર કે વિષય અંગે સંશોધન હાથ ધર્યું હોય તેનું સંપૂર્ણ ચિત્ર સંશોધનની સામે તૈયાર થઈ જાય છે.*

*માહિતીના અર્થઘટન સમયે મળેલી તમામ માહિતીને ધ્યાનમાં લેવી જોઈએ. ઘણીવાર બિનજરૂરી લાગતી માહિતી કેટલાક પ્રશ્નોના તાર્કિક ઉત્તર આપવામાં કે તારણોને યોગ્ય પુરવાર કરવામાં મદદરૂપ થતી હોય છે. આથી સંશોધનના પ્રશ્નો મુજબ એક પછી એક બાબતનું અર્થઘટન કરી તેનું લેખન કરવું જોઈએ. મળેલી તમામ માહિતી મહત્ત્વની હોય છે. ઘણીવાર તે વધારાની કે પૂરક માહિતી પુરી પાડતી હોય છે તો તેનો પણ ઉપયોગ કરવો જોઈએ. આ પ્રકારની માહિતી અન્ય સંશોધકોને ઉપયોગી થતી હોય છે. માહિતીનું અર્થઘટન કરતી વખતે તટસ્થતાપૂર્વક અને નિષ્પક્ષ રહી કોઈ પણ જાતના પૂર્વાગ્રહ વગર કરવું જોઈએ. મળેલા સ્ત્રોતમાંથી મળેલી માહિતી જે પણ સત્યો કે તથ્યોને ઊજાગર કરતી હોય તે યથાયોગ્ય રીતે જ લખવા જોઈએ. માહિતીના અર્થઘટનમાં પોતાના વિચાર, ખ્યાલ કે માન્યતાઓને દૂર રાખવી જોઈએ. એવું પણ મળે કે માહિતી આપણી માન્યતા કે અગાઉના સંશોધનથી અલગ ચિત્ર રજૂ કરે છે તો તેનો સ્વીકાર કરીને સત્ય હોય તેનું જ અર્થઘટન કરવું જોઈએ. એક જ માહિતીનું અર્થઘટન સમય, સ્થળ અને સ્થિતિ મુજબ બદલાતું હોય છે. ઘણીવાર આપણા સંશોધન માટેના પ્રશ્નો કરતા જુદી અને વિશિષ્ટ માહિતી મળી હોય તો તે મુજબ અર્થઘટન કરવું જોઈએ.*

*સંશોધનના તારણો સ્પષ્ટ, સચોટ અને સત્ય તથા તથ્ય આધારિત હોવા જોઈએ. ઘણીવાર ભાષણ ટૂંકા અને સચોટ હોય પરંતુ કોઈ વખત તેને અનેક તર્ક, દાખલા કે ઉદાહરણ દ્વારા સ્પષ્ટ કરવા પડતા હોય છે. આથી તારણો ક્રમબદ્ધ, તાર્કિક અને સરળતાથી સમજાય તેવા હોવા જોઈએ. તારણો આપણી પૂર્વધારણા કે માન્યતા મુજબના હોય શકે અને ના પણ હોય, માહિતી વિશ્લેષણ અને અર્થઘટન મુજબ તારણો રજૂ કરવા જોઈએ.*

**(9) સંશોધન લેખન**

*આ સોપાનમાં સંશોધક મળેલી તમામ વિગતો અને માહિતીના આધારે વિવિધ વિભાગવાર સંશોધન અહેવાલ લખે છે. જેમાં સંશોધનના હેતુ અનુસાર વિવિધ માહિતી દાખલા-દલીલ તથા જરૂરી આધાર-પુરાવા સાથે લખે છે. આ કાર્ય માટે યોગ્ય અને ચોક્કસ શબ્દોની પસંદગી કરવી જરૂરી છે. સંશોધકે શક્ય બને તેટલી સરળ ભાષા અને શૈલીમાં લખાણ લખવું જોઈએ.*

*સંશોધન લેખન સમય, સ્થિતિ અને સ્થળ મુજબ બદલાતું હોય છે. આથી સંશોધકે સર્વમાન્ય પદ્ધતિથી સંશોધન લેખન કરવું જોઈએ. સંશોધન લેખન સમયે પ્રસ્તાવના, પાદનોંધ, સંદર્ભ વગેરે માટે સર્વમાન્ય પદ્ધતિને સ્વીકારવી જોઈએ. એક બાબત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ કે ઐતિહાસિક સંશોધન લેખન સાહિત્ય જેટલું રસપ્રદ ના જ હોય તેમાં વિવિધ બાબતો સ્ત્રોતોમાંથી મળેલી માહિતીના આધારે જ લખવાની હોય*

*છે. લેખકે બને ત્યાં સુધી લાંબા નિવેદનો ટાળવા જોઈએ. જરૂર પડે તો પાદનોંધ કે અંત્ય નોંધમાં વધુ માહિતી કઈ રીતે મળશે તે જણાવવું જોઈએ જેથી સંશોધન અહેવાલ બિનજરૂરી દળદાર ગ્રંથ ન બની રહે.*

**(10) પ્રૂફ વાચન અને પ્રકાશન**

*આ સંશોધનનું છેલ્લું સોપાન છે. જેમાં પોતાના સંશોધનને પ્રકાશિત કરતા પહેલા સંશોધક પ્રૂફ વાચન કરે અથવા કરાવે છે. જેથી ભાષા અને જોડણીની ભૂલો, યોગ્ય શબ્દોની પસંદગી, વિષય અનુરૂપ ભાષા અને શબ્દોની પસંદગી વગેરે જેવી બાબતોને આખરી ઓપ અપાય છે અને છેલ્લે સંશોધક પોતાના સંશોધનને પ્રકાશિત કરે છે.*

## 3.3 તમારી પ્રગતિ ચકાસો

**1. નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ વડે પૂરો.**

(1) *ઈતિહાસ _____________ વિષય છે.*

*(વિશાળ અને વ્યાપક, સંક્ષિપ્ત અને સરળ, ટૂંકા કાર્યક્ષેત્ર ધરાવતો)*

(2) *ઐતિહાસિક સંશોધનમાં શીર્ષક પસંદગી સમયે __________ ધ્યાનમાં રાખવામાં આવતું નથી. (હેતુ, સમયગાળો, ઘટનાનો પ્રકાર)*

(3) *ઐતિહાસિક સંશોધનમાં _____________ પ્રકારના સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવામાં આવે છે. (એક, બે, ત્રણ)*

(4) *ઐતિહાસિક સંશોધનના _____________ સોપાનમાં સમયસારણી અને ખર્ચનું આયોજન કરવામાં આવે છે. (સંશોધન સ્ત્રોતોની પસંદગી, માહિતી એકત્રીકરણ, સંશોધન યોજનાનું આયોજન)*

(5) *ઐતિહાસિક સંશોધનના _____________ સોપાનમાં સંશોધક સ્ત્રોતોની પસંદગી કરે છે. (માહિતી એકત્રીકરણ, માહિતી વિશ્લેષણ, સંશોધન સ્ત્રોતોની પસંદગી)*

**2. નીચે આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) *સંશોધકે તેના હેતુ અને સંશોધન પ્રશ્નોના આધારે માહિતીનું એકત્રીકરણ કરવું જોઈએ.*

(2) *ઐતિહાસિક સંશોધનમાં મળેલ માહિતીનું વર્ગીકરણ કરવું જરૂરી નથી.*

(3) *સંશોધકે મળેલી માહિતીને આધારે આધાર-પુરાવા સાથે અર્થઘટન કરી તારણો મેળવવા જોઈએ.*

(4) *સંશોધન લેખન સમયે ભાષા અને શૈલી મહત્ત્વની નથી.*

(5) *સંશોધન લેખન બાદ પ્રૂફ રીડીંગ વગર પ્રકાશિત કરવું જોઈએ.*

## 3.4 સારાંશ

*આમ ઐતિહાસિક સંશોધન વિવિધ સોપાનો આધારે હાથ ધરવામાં આવે છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે સંશોધનના વિવિધ સોપાનોની ચર્ચા કરી. હવે પછીના પ્રકરણમાં આપણે ઈતિહાસ સંશોધન પદ્ધતિ અને ઉપકરણની ચર્ચા કરીશું.*

## 3.5 ચાવીરૂપ શબ્દો

**સ્ત્રોતોની આધારભૂતતા** *સ્ત્રોત આધારભૂત છે કે નહીં તેની ચકાસણીને સ્ત્રોતોની આધારભૂતતા કહે છે. જેમાં લેખક, લખાણની ગુણવત્તા, માહિતીની ગુણવત્તા, માહિતીની સચોટતા, પ્રકાશિત કરનારની પ્રતિષ્ઠા, પ્રકાશન હેતુ વગેરેની ચકાસણી કરવામાં આવે છે.*

**સ્ત્રોતોની વિશ્વસનીયતા** *સ્ત્રોતની વિશ્વસનીયતા એટલે સ્ત્રોત સચોટ અને ભરોસાપાત્ર છે કે નહીં તેની ચકાસણી. સ્ત્રોત સંશોધનના હેતુ મુજબની જરૂરી, પૂરતી, યોગ્ય ગુણવત્તાયુક્ત અને સચોટ માહિતી આપે છે કે નહીં તે આ પ્રક્રિયા દ્વારા નિશ્ચિત કરવામાં આવે છે.*

**સ્ત્રોતોનું ક્રોસ ચેકીંગ** *કોઈ એક સ્ત્રોતમાંથી મળેલ માહિતીનું અન્ય બહુવિધ સ્વતંત્ર અને પ્રતિષ્ઠિત સ્ત્રોતો સાથે ચોકસાઈ અને સુસંગત માહિતી માટે કરવામાં આવતી ચકાસણીને સ્ત્રોતોનું ક્રોસ ચેકીંગ કહે છે. જેમાં સ્ત્રોત આધારભૂત, વિશ્વસનીય અને પૂર્વગ્રહરહીત રીતે ચકાસવામાં આવે છે.*

**માહિતીના પૂર્વગ્રહ** *કોઈ સ્ત્રોત પાસેથી મળેલ માહિતી હકીકતને છુપાવતી હોય કે અતિ કે નિમ્ન વર્ણન કરતી હોય તેને માહિતીના પૂર્વગ્રહ તરીકે ઓળખવામાં આવે છે. ઘણીવાર ડર કે લાલચ કે અન્ય કારણથી માહિતી સાથે છેડછાડ કરી ખોટી કે અધૂરી, અતિ કે નિમ્ન માહિતી રજૂ કરવામાં આવતી હોય છે.*

## 3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**ખાલી જગ્યાના ઉત્તર**

(1) *વિશાળ અને વ્યાપક* (2) *ઘટનાનો પ્રકાર* (3) *બે*

(4) *સંશોધન યોજનાનું આયોજન* (5) *સંશોધન સ્ત્રોતોની પસંદગી*

**વિધાન ખરાં છે કે ખોટાંના ઉત્તર**

1- *સાચું* 2-*ખોટું* 3-*સાચું* 4-*ખોટું* 5-*ખોટું*

**બહુવિકલ્પ પ્રશ્નો**

(1) *નીચેનામાંથી કયું ઐતિહાસિક સંશોધનનું સોપાન છે ?*

(a) *સંદર્ભ સાતુત્યનો અભ્યાસ* (b) *સ્ત્રોતોની પસંદગી*

(c) *માહિતીનું અર્થઘટન* (d) *ઉપરના તમામ*

(2) *નીચેનામાંથી કયું ઐતિહાસિક સંશોધનનું કાર્યક્ષેત્ર છે ?*

(a) *પ્રાચીન યુગ, મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગ*

(b) *રાજકીય ક્ષેત્ર, વહીવટી ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર અને આર્થિક ક્ષેત્ર*

(c) *ધાર્મિક ક્ષેત્ર, સાહિત્ય, કલા અને સ્થાપત્ય, શિક્ષણ*

(d) *ઉપરોક્ત તમામ*

(3) *ઐતિહાસિક સંશોધન પદ્ધતિમાં શીર્ષક પસંદગી સમયે કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ ?*

(a) *સંશોધનનો હેતુ* (b) *સંશોધનનો સમયગાળો*

(c) *બનાવ કે ઘટનાનું મહત્ત્વ* (d) *ઉપરોક્ત તમામ*

(4) *ઐતિહાસિક સંશોધનમાં કેટલા પ્રકારના સંદર્ભ સાહિત્યનો અભ્યાસ કરવામાં આવે છે ?*

(a) *એક* (b) *બે*

(c) *ત્રણ* (d) *ચાર*

(5) *નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ સંશોધન યોજનામાં થાય છે ?*

(a) *સંશોધનના હેતુ* (b) *સંશોધનના સ્ત્રોતની પસંદગી*

(c) *સમય અને ખર્ચનું આયોજન* (d) *ઉપરોક્ત તમામ*

**(1) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(a) *ઐતિહાસિક સંશોધનમાં પ્રાથમિક સ્ત્રોતનો ઉપયોગ થતો નથી.*

(b) *ઐતિહાસિક સંશોધનમાં માત્ર ગૌણ સ્ત્રોતનો ઉપયોગ જ થાય છે.*

(c) *ઐતિહાસિક સંશોધનમાં સ્ત્રોતની જરૂર પડતી નથી.*

(d) *ઐતિહાસિક સંશોધનમાં પ્રાથમિક અને ગૌણ બંને સ્ત્રોતનો ઉપયોગ થાય છે.*

## 3.7 સ્વાધ્યાય

**1. નીચે આપેલ પ્રશ્નનો વિસ્તારથી જવાબ આપો.**

(1) *ઈતિહાસ સંશોધનના સોપાન અંગે ચર્ચા કરો.*

**2. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) *ઐતિહાસિક સંશોધનમાં સંદર્ભ સાહિત્યનો અભ્યાસ શા માટે કરવામાં આવે છે ?*

(2) *ઐતિહાસિક સંશોધનમાં માહિતીનું વિશ્લેષણ કઈ રીતે કરવામાં આવે છે ?*

**3. નીચે આપેલ પ્રશ્નનો જવાબ એક-બે વાક્યમાં આપો.**

(1) *ઐતિહાસિક સંશોધનમાં શીર્ષકની પસંદગી કઈ બાબતને ધ્યાનમાં રાખી કરવામાં આવે છે ?*

## 3.8 સંદર્ભ


1. *ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ* (1994), *ડૉ. રમણલાલ ક. ધારૈયા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ.*
2. Research Methodology in History (2020), Jaiswal Pradip, Gaurav Books, Bengaluru.
3. Historical Research : A Handbook for Students (2013), Suresh Sharma Usha Sharma, Atlantic Publishers & Distributes, New Delhi.
4. A Manual of Historical Research Methodology (2010), N. N. Pillai, Gyan Publishing House, New Delhi.
5. Itihas : Sangrah Evam Adhayam (2012), Sundarlal, Rajpatana Granthghar Jaipur.

## એકમ : 4 ઈતિહાસ સંશોધન માટેના આવશ્યક ગુણો

**:: રૂપરેખા ::**

**4.1 ઉદ્દેશો**

**4.2 પ્રસ્તાવના**

**4.3 સંશોધક માટે આવશ્યક ગુણો**

- **4.3.1 સત્યનો આગ્રહી**
- **4.3.2 અધ્યયન અને સંશોધન**
- **4.3.3 વાસ્તવિકતાનું નિરુપણ**
- **4.3.4 નિષ્પક્ષપાતીપણુ**
- **4.3.5 જિજ્ઞાસાવૃત્તિ અને ખંત**
- **4.3.6 વિશાળ દ્રષ્ટિ અને વૈજ્ઞાનિક વિવેચન**
- **4.3.7 પરલક્ષીપણું**
- **4.3.8 ધીરજ અને પરિશ્રમ**
- **4.3.9 એકાગ્રતા અને માનસિક ચેતના**
- **4.3.10 નવી પેઢી માટે બોધપાઠ**

**4.4 સારાંશ**

**4.5 તમારી પ્રગતિ ચકાસો**

**4.6 સ્વાધ્યાય**

**4.7 સંદર્ભગ્રંથો**

### 4.1 ઉદ્દેશો

*ઈતિહાસ આલેખન અને સંશોધન માટે કેટલાક ગુણોની આવશ્યકતા છે એ જ્ઞાન થાય.*

- *ઈતિહાસ સંશોધનના ગુણો જાણી સંશોધનને વધુ બળવતર બનાવે.*
- *ઈતિહાસ સંશોધન માટે કઈ કઈ બાબતોનું ધ્યાન રાખવું જોઈએ એ સમજે.*
- *આ ગુણોની જાણકારીથી ઈતિહાસ સંશોધનમાં સભાનતા આવે છે.*
- *કેટલાક ગુણોના અભાવે ઈતિહાસ લેખન વાસ્તવિક, સચોટ, તટસ્થ આલેખન કરી શકતો નથી તે કમી નિવારવી.*

## 4.2 પ્રસ્તાવના

*ઈતિહાસનું સંશોધન એ ખૂબ જ જટિલ અઘરું અને કેટલાક ગુણો માગી લેતું કાર્ય છે. જે ગુણોના અભાવે સમાજ અને રાષ્ટ્રને કાયમી માટે જબરું નુકસાન થાય છે. ઈતિહાસ સંશોધનની પ્રથમ શરત છે અથાગ મહેનત અને સમદ્રષ્ટિ રાખે તો જ સંશોધક ભૂતકાળના બનાવોને સારી રીતે સમજી તેનું આલેખન કરી સમાજ સામે મૂકી શકે છે. ઈતિહાસકાર જો જીવનભર સતત અધ્યયન અને સંશોધન રત રહે તો તે અવશ્ય સફળ થાય છે અને નિતનવી દ્રષ્ટિ તેના આલેખનમાં ભળતી જાય છે કે અગાઉનું આલેખન બરાબર નહોતું કે તેમાં અમુક સાધનો મળ્યા નહોતા. તેથી એ ક્યાસ રહી એમ સમજી શકે છે. આથી ઈતિહાસ સંશોધક વિજ્ઞાનના સંશોધક અને કોમ્પ્યુટરના સોફ્ટવેરની જેમ સતત પોતાની જાત અને લેખની અને સાધનોમાં અપડેટ રહે ત્યારે જ તે સફળ બને છે. આથી સૌથી પ્રથમ ઈતિહાસ આલેખનમાં પડતા પહેલા આ ગુણો અવશ્ય કેળવવા જ રહ્યા. જો તે આ ગુણો ન કેળવે અથવા તેને નજર અંદાજ કરે તો તેના ઈતિહાસ લેખનમાં ઘણીબધી ક્ષતિઓ રહે છે. દુનિયાના મહાન ઈતિહાસકારોના આલેખનમાં આ ગુણો જોવા મળ્યા હતા; તેના આલેખનમાંથી ભવિષ્યમાં બનનારા નવા ઈતિહાસકારો અને સંશોધકોનો માટે આ ગુણો અલગ તારવવામાં આવ્યા છે. આ ગુણો જે સંશોધક કેળવવાનો પ્રયત્ન કરે તે અવશ્ય સફળ થાય છે.*

## 4.3 સંશોધક માટે આવશ્યક ગુણો

### 4.3.1 સત્યનો આગ્રહી

*ઈતિહાસમાં જો સત્યનું તત્ત્વ ન હોય તો તેનો કોઈ જ અર્થ રહેતો નથી. ઈતિહાસમાં સત્યતાથી જ તેની કિંમત થતી હોય છે. સંશોધકને જે સાધનો મળ્યા હોય તે જ્ઞાનના આધારે તે સત્ય આલેખે છે. સંશોધક અધ્યયન અને સંશોધનના પરિણામે ભૂતકાળના બનાવવામાં સત્ય શું હતું તે શોધી કાઢી સમાજ સમક્ષ મૂકે છે એ ઈતિહાસ છે.*

*સંશોધકને પુષ્કળ આધારો મળ્યા હોય તે તટસ્થ અને સત્ય હોય પણ છતાં તે ક્યારેક સત્ય કહી શકતો નથી કે સત્યનું આલેખન કરી શકતો નથી. પરંતુ સંશોધકે કોઈપણ જાતનો ડર કે વાદ કે પક્ષનો કે સમુદાયનો ડર રાખ્યા વિના સત્યનું જ આલેખન કરવું જોઈએ. જેમ કે રાજસત્તાઓ બદલાય તો પણ સંશોધકના વહેણ અને કલમમાં ફેરફાર ન થવો જોઈએ. જો કોઈ સંશોધક વર્તમાન પરિસ્થિતિ સમાજનો મોટો પ્રવાહ રાજકીય વિચારસરણીથી પ્રભાવિત બનીને કે ડરને કારણે ઘણીવાર સત્ય કહેતા અચકાતો હોય છે. આથી એનું ઈતિહાસ લેખન આધારભૂત અને વિશ્વસનીય ગણાતું નથી. તેથી લોકો તેને કોઈની શેહશરમ કે છાપ કે અસર હેઠળ લખાયેલું માની છોડી દે છે. ઈતિહાસકાર કે સંશોધકમાં સત્યતાના પાસાની મોટી કિંમત હોય છે. દરબારી લેખકો કે રાજસભાના વૃતાંતોમાં ઘણી વખત પૂર્ણ સત્ય આલેખાયુ હોતું નથી અથવા અધૂરું સત્ય હોય છે. રાજાના આશ્રિત રાજકવિ કે અન્ય તવારીખકારો ઘણીવાર સત્ય આલેખતા ડરે છે. આજે મોટાભાગના સંશોધકો આજની રાજકીય વિચારધારા કે પક્ષો અને જુદી-જુદી રાષ્ટ્રીય સંસ્થાઓથી દબાઈને કે શરમાઈને કે જાણી જોઈને અમુક*

*સત્યો રજૂ કરતા નથી. જો એવી કોઈ બાબત સંશોધકને જણાય તો તેણે પ્રથમ કક્ષાના સાધનોને આધારે પુરવાર કરવું જોઈએ કે સત્ય આ નહીં આ સત્ય હતું. દાખલા તરીકે ગિરના જંગલમાં સિંહની પ્રથમ વસ્તી ગણતરી ઈ.સ.1936 માં નહીં પણ ઈ.સ.1892 માં થઈ હતી એના અનેક આધારો પુરાવાઓ આપણને મળ્યા છે. જૂનાગઢના વજીર બહાઉદીનભાઈ કઠિયારા નહોતા. મૂળરાજ સોલંકી અને લાખા ફુલાણીની લડાઈ વંથલી નહીં પણ આટકોટમાં થઈ હતી. ભાદર નદીનું મૂળ કમળાપુરથી નહીં પણ મદાવાના ડુંગરમાંથી નીકળે છે. આવા અનેક અસત્યોને સત્ય ઠરાવી તેનું અવશ્ય આલેખન કરવું જોઈએ. એ સંશોધકનો અતિ આવશ્યક ગુણ છે.*

### 4.3.2 અધ્યયન અને સંશોધન

*ઈતિહાસ લેખનની પ્રથમ શરત છે જો તેમના સ્વભાવમાં સતત અધ્યયન રત રહેવાનો ગુણ હોય તો તે સત્યતાની વધુ નજીક જઈ શકે છે. જેટલું એનું વિશાળ વાંચન એટલી સત્ય શોધવાની અને સત્ય સમજવાની સમજ વધુ હોય. વળી સતત સંશોધન રત રહેવાથી જે તે વિષયને લગતી વધુમાં વધુ વિગતો ક્યાં છે ? ક્યાંથી મળી શકે? કેવી રીતે મેળવી શકાય? તે જાણતો હોવાથી તેના આલેખનમાં સત્યતાનું તત્ત્વ વધુ આવે છે. આથી સંશોધક પોતાના પસંદગીના ક્ષેત્રમાં સતત ખોજ કરતો રહે મથતો રહે અને જુદા જુદા વિષયોનું આલેખન કરતો રહે એ જરૂરી છે. તો જ તે અન્ય મુદ્દા કે વિષયોમાં પણ વધુ સારી રીતે સત્યનું સચોટ આલેખન સારી રીતે કરી શકશે. આજે તો હવે અભિલેખાગારો પણ ઓનલાઈન જોઈ શકાય છે. દુનિયાની ઘણી યુનિવર્સિટીની લાઈબ્રેરીઓમાંથી ઓનલાઈન માહિતી ઘેર બેઠા મેળવી શકે છે. રોજ રોજ નવા સાધનો અપલોડ થતા રહે છે. તે સંશોધક સતત અધ્યયનશીલ હોય તો જ મેળવી શકે અથવા જાણી શકે સમજી શકે. આથી સારા સંશોધકનો ગુણ છે એ વિરામ વિના સતત સાધનો ખોજતો રહે તપાસતો રહે અને તેમાંથી આલેખન કરતો રહે છે. આપણા ઈતિહાસકારો જદુનાથ સરકાર, ગોવિંદ સખારામ દેસાઈ, એમ.એસ.કોમિસેરિયટ, ભગવાનલાલ ઈન્દ્રજી, દુર્ગાશંકર શાસ્ત્રી, હરિપ્રસાદ શાસ્ત્રી, શંભુપ્રસાદ દેસાઈ વગેરેએ જીવનભર ઈતિહાસનું અધ્યયન કર્યું હત; જેના ફળ સ્વરૂપે તે ઈતિહાસ જગતને ઘણું આપી શક્યા હતા.*

### 4.3.3 વાસ્તવિકતાનું નિરુપણ

*વાસ્તવિકતાનો બીજો અર્થ સત્ય કરી શકાય. સંશોધકે પોતાના આલેખનમાં માત્રને માત્ર સત્યનું વાસ્તવિકતાનું કોઈ પણ પ્રકારના રંગ ચડાવ્યા વિના જે સ્વરૂપે હોય તે સ્વરૂપે જ નિરૂપણ કરવું જોઈએ. કારણ કે સત્ય ઈતિહાસ લેખનનો પ્રાણ છે. જેને છોડી દે તો એ લાશ બની રહે છે. જો સંશોધક એવી નિર્બળતાને આધીન થાય અને સત્યને એક બાજુ હડસેલી ખરી હકીકતો જાણી જોઈને છુપાવે કે મારી મચકોડીને રજૂ કરે તો તેનું લખાણ ભેદભાવ ઊભું કરતું અને ખામીયુક્ત તથા બિન વિશ્વાસપાત્ર લેખાય છે. આથી સંશોધકે પોતાની વિચારસરણી રાજકીય વિચારધારા જ્ઞાતિગત બાબતોને એક બાજુ મૂકી આલેખન યોગ્ય રીતે જ કોઈપણ પાત્ર પક્ષ કે વ્યક્તિના વ્યક્તિને અન્યાય ન કરી જાય એ રીતે સત્યને યથાર્થ સ્વરૂપે જ રજૂ કરવું જોઈએ.*

*જદુનાથ સરકારે આ ગુણને સાંગોપાંગ સાચવી આલેખન કર્યું હતું. આજે કોઈ મધ્યયુગના ઈતિહાસ વિશે આલેખન કરે તો તેમાં નૃશંસતા અને બર્બરતાની સાથે તેમની કલા, સમાજ, વહીવટ, ન્યાયતંત્ર વગેરેનું પણ પ્રમાણ સાથે આલેખન અવશ્ય કરવું જોઈએ.*

### 4.3.4 નિષ્પક્ષપાતીપણુ

*ઈતિહાસકાર કે સંશોધકની બહુ મોટી જવાબદારી હોય છે. જો તે જવાબદારી ચૂકી જાય તો તેના દ્વારા સમાજને ઘણું નુક્સાન થતું હોય છે. સંશોધકની લેખનીમાં તટસ્થતા હોવી જોઈએ. તે કોઈ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે પક્ષની વિચારધારામાં અટવાયા વિના તટસ્થપણે આલેખન કરતો હોવો જોઈએ. જો તેનામાં પક્ષપાતીપણું હોય તો એક પક્ષની બધી જ ઉજળી બાબતો જ આલેખે અને સામાપક્ષની સારી બાબતોનું પણ આલેખનું ટાળતો હોય તો તે ખરો સંશોધક નથી. જેણે તો પોતાને મળેલા સાધનોને આધારે બંને પક્ષને ધ્યાનમાં રાખી કોઈને ચડાવી દેવા માટે કે કોઈને ઉતારી દેવા માટે લેખન કરવાનું નથી. તેણે તો ન્યાયાધીશની રીતે બંને પક્ષના આધાર પુરાવાઓ તપાસીને જ આલેખન કરવાનું હોય છે. આથી જ સાચા સંશોધકો અને તેમની કૃતિઓ ભાગ્યે જ લોકપ્રિય બને છે. કારણ તેણે સમતુલા જાળવી આલેખન કરેલ હોય છે. કોઈપણ સંશોધકનો ધ્યેય કોઈ વિચારસરણી કે સમયનો સત્તાનો લાભ મેળવવાનો હોતો નથી. તેણે તો માત્ર ઈતિહાસ લેખનના ગુણોને જાળવીને જ બધી બાબતોથી પર બની આલેખન કરવું જોઈએ. આપણે જોઈએ છીએ કે જે આ ગુણોને એક બાજુ હડસેલી આલેખન કરે તે હાલના સમયે પ્રસિદ્ધ વધુ થાય પણ લાંબાગાળે તેનું કોઈ મૂલ્ય રહેતું નથી. કારણ કે તેમના આલેખનમાં વાસ્તવિકતા કે તટસ્થતા ઓછી હોય છે. જેને તો માત્ર વર્તમાન સમય સંજોગ પરિસ્થિતિનો લાભ લેવો હોય છે. જે ખરા સંશોધકનો ગુણ નથી તે નીંદનીય છે. એ ભૂલી જાય છે કે સંશોધકે કે ઈતિહાસકારે તો પોતાની જાતને એક બાજુ રાખી તટસ્થતા દાખવીને જ આલેખન કરવું જોઈએ એ જ એનો સાચો ધર્મ છે.*

### 4.3.5 જિજ્ઞાસાવૃત્તિ અને ખંત

*દુનિયામાં જિજ્ઞાસાવૃત્તિ અને પરિશ્રમના ગુણોથી જ બધી શોધ થઈ છે. જો સંશોધકમાં જિજ્ઞાસા વૃતિ હોય કે આમ કેમ ? આ આમ હોઈ શકે ખરું? આ બરાબર નથી ? આ લેખકે સત્યને છુપાવી દીધું છે એવો ભાવ સેવે ત્યારે આલેખન કરવા તરફ તે વળે છે. જેના માટે તેનામાં પરિશ્રમનો ગુણ હોવો જોઈએ. એ માટે સૌપ્રથમ જિજ્ઞાસા ઉભી થઈ સવાલો ઉઠ્યા અને તેના જવાબો શોધવા માટે સંશોધક કોઈ વિષયનું સંશોધન કરે છે. ભારત પાસે કેવું ઉચ્ચકક્ષાનું જ્ઞાનવિજ્ઞાન ટેકનોલોજી હતી. વાસ્તુશાસ્ત્ર, શિલ્પશાસ્ત્રનું જ્ઞાન હતું. એ બધું જ હજારેક વર્ષ પહેલાંના મંદિરો, ગુફાઓ જુના સ્મારકોમાં જોઈ શકાય છે. જેને આધારે મધ્યકાલીન ઈતિહાસની અજાયબીઓ કરતા શ્રેષ્ઠ હતું એમ સાધાર તે સાબિત કરે છે. કોઈ રાજવંશની વર્તમાન વંશાવળીઓ નવા મળેલા સિક્કાઓનો ઉપયોગ કરી સુધારે છે. કેટલીક ભૂલો ભૂતકાળના ઈતિહાસ લેખનમાં રહી ગઈ હોય તો તે પુરાતત્વીય અવશેષો,*

*અભિલેખો, અભિલેખાગારોના સાધનોને આધારે અશુદ્ધિઓને તારવી સાચો ઈતિહાસ સમાજ સમક્ષ મૂકે છે, કે આજનું સત્ય આ છે કે મધ્યયુગ કરતાં પ્રાચીન કાળમાં કેટલીક બાબતોમાં આપણે આગળ પડતા હતા. સંશોધકમાં જેટલા જૂના ઈતિહાસ તરફ નવા સવાલો જાગે અને અશુદ્ધિઓ તેમને ધ્યાને આવે તો તે ઈતિહાસના બનાવો માન્યતાઓનું પુન લેખન કરી શુદ્ધ તટસ્થ ઈતિહાસ સમાજ સમક્ષ નવા આધારો સાથે મૂકે છે. તેથી ઈતિહાસ વધારે સચોટ અને સમૃદ્ધ બને છે પણ મારી મચડીને નવા  ખોટા આધારે ઊભો કરેલ ઈતિહાસ ન હોવો જોઈએ. તેમાં આધારભૂતતા અને વિશ્વસનીયતાની કસોટી કરીને જ લેખકે આગળ વધવું જોઈએ.*

### 4.3.6 વિશાળ દ્રષ્ટિ અને વૈજ્ઞાનિક વિવેચન

*ઈતિહાસકાર કે સંશોધકમાં કોઈ એક કાળનું જ્ઞાન ધરાવતો હોય તેના કરતાં તે ત્રણેય કાળ પ્રાચીનકાળ, મધ્યકાળ, આધુનિકકાળનું જ્ઞાન  ધરાવતો હોવો જોઈએ. તો તે વધુ સારી રીતે વિચારી શકશે અને પોતાના આલેખનમાં એ જ્ઞાનના આધારે આલેખન કરી શકશે. એ ત્રણેય કાળના જ્ઞાન ઉપરાંત સંશોધકમાં ઈતિહાસને સંબંધિત શાસ્ત્રો પુરાતત્વવિદ્યા, સિક્કા શાસ્ત્ર, અભિલેખ વિદ્યા, નૃવંશશાસ્ત્ર વગેરેનું પણ તેને જ્ઞાન હોવું જોઈએ. ત્યારે તે રાજકીય, મહેસૂલી, જ્ઞાતિગત જાતિગત, લશ્કરી, બંધારણીય કે સામાજિક કે આર્થિક મુદ્દા પર આલેખન કરતો હોય. તેમાં એનો વિનિયોગ કરી શકે. જેટલું તેનું વિશાળ વાંચન અને અનુભવ તેટલી એની દ્રષ્ટિ વધુ વૈજ્ઞાનિક ઢબે આલેખન કરતી થશે. ઈતિહાસકાર કે સંશોધકના જ્ઞાનની સીમા મર્યાદિત ચાલી શકે નહીં. તે અન્ય પ્રાંત,  દેશ, દુનિયાના ઈતિહાસ અને તેના પ્રવાહોથી પરિચિત રહેતો હોવો જોઈએ, એની ઊંડા ઉતરવાની દ્રષ્ટિ હોય અનુભવ હોય પોતાના વિષયના અન્ય સંશોધનના  દ્રષ્ટાંતો સામે હોય તો તે વૈજ્ઞાનિક વિવેચન કરી યથાર્થ ઢબે આલેખન કરી શકે છે. આપણા ઈતિહાસકારો કલ્હણ, ભગવાનલાલ ઈન્દ્રજી, આર.સી. મજુમદાર, જદુનાથ સરકાર, સર દેસાઈ વગેરે બહુમુખી પ્રતિભાના જ્ઞાની પુરુષ હતા. તેથી તેઓ પોતાના વિષયને અન્ય ઈતિહાસની તુલના અને દષ્ટાંતો સામે રાખીને આલેખન કરનારા હતા. શંભુપ્રસાદ દેસાઈએ સૌરાષ્ટ્રના ઈતિહાસનું આલેખન કર્યું, તેમનું ફારસી ભાષાનું જ્ઞાન બહોળું હતું અને ફારસી સાધનોનો તેમણે પ્રભાસ અને  સોમનાથ ગ્રંથ લખવામાં બહોળા પ્રમાણમાં ઉપયોગ કર્યો હતો.*

### 4.3.7 પરલક્ષીપણું

*સંશોધક ભલે કોઈ પક્ષ કે વિચારસરણીમાં માનતો હોય પણ તેના આલેખનમાં તેના વિચારોને બિલકુલ પ્રવેશવા ન દેવા જોઈએ. જેણે તો માત્ર અને માત્ર વાસ્તવિકતા અને સત્યનું જ આલેખન કોઈપણ પ્રકારનો ઢોળ ચડાવ્યા વિના જ રજૂ કરવું  જોઈએ. પોતાના અંગત મંતવ્યોને પોતાના આલેખનમાં પ્રવેશવા ન દેવા જોઈએ. તેણે તો માત્ર જે સાધનો પોતાની સામે આવ્યા છે, તેને નિરપેક્ષ ભાવે મૂકવા જોઈએ  કે આ સાધનો આમ કહે છે, જેમાં કોઈ ધાર્મિક ભેદભાવ ન રાખવો જોઈએ. ધાર્મિક બાબતોમાં કોઈ ઉથલપાથલ થતી હોય તો પણ ડર રાખ્યા વિના નિર્ભયપણે પોતાને મળેલું સત્યને તટસ્થ અન્વેષણ સાથે રજૂ કરવું જોઈએ.*

*જ્યારે આપણે કોઈ મધ્યયુગના દરબારી લેખકોનું લખાણ વાંચીએ તો તેમાં એક પક્ષ તરફ વધુ ઢળેલા તેઓ ઘણીવાર દેખાય છે. ઈતિહાસ સમતોલ ન કહેવાય. જેમણે એ સમયના રાજા પ્રજા અને રાજસતાને તટસ્થ ભાવે આલેખી મુકવા જોઈએ. કોઈનો પણ પક્ષ લીધા વગર આલેખન કરવું જોઈએ. મધ્યયુગના લેખકો ધાર્મિક શબ્દો મૂકી કે ધર્મના કે રાજસતાના ગુણગાન ગાઈ કે પૂજા કે સ્તુતિ કરી આલેખન કરે તો તેનામાં કદાચ સાનુકૂળ પૂર્વાગ્રહ આવી જાય અને તે પક્ષને વધુ ધ્યાનમાં રાખી એકપક્ષીય આલેખન કરે એ યોગ્ય નથી. એણે તો બંને પક્ષને સરખા રાખી તેના ગુણો અને અવગુણોનું આલેખન કરવું જોઈએ. જો કે માનવ મોટે ભાગે ક્યાંકને ક્યાંક તો અંગત મંતવ્યો પોતાના આલેખનમાં સામેલ કરી મૂકતો હોય છે. પણ તેણે એ બાબતે સચેત રહેવું જરૂરી છે કે ભવિષ્યનો ઈતિહાસવેતા આ લખાણને ફરી સત્યતાની એરણે ચકાસવાનો જ છે.*

### 4.3.8 ધીરજ અને પરિશ્રમ

*સંશોધકમાં જરાપણ ઉતાવળાપણું ન હોવું જોઈએ. જેટલી તેનામાં ધીરજ વધુ અને નાસીપાસ થવા કરતા વધુ મહેનતથી સાધનોની શોધખોળ કરે તે સાધનો મેળવી શકે છે. જેના માટે ધીરજ, સમજ અને પરિશ્રમનો ગુણ તેનામાં અવશ્ય હોવો જોઈએ. અભિલેખાગારમાં હજારો પોટલા પડયા હોય તેમાંથી પોતાના વિષયની માહિતી તેણે મેળવવાની હોય છે. ક્યારેક તરત જ માહિતી અનુભવ વિના ન પ્રાપ્ત થાય તો ક્યારેક અઢળક માહિતી પ્રાપ્ત થાય તો શું લેવું અને શું છોડી દેવું એ પ્રશ્ન આવે છે. ત્યારે ધીરજથી કામ લઈ બરાબર જાણી જોઈ કામની વિગતો જ એકત્રિત કરવી જોઈએ. પણ ધીરજ ન ગુમાવે તો તે એક સમયે બરાબર સમજ મેળવી જરૂર સફળ થઈ શકે છે. સફળ સંશોધકોએ કેટલાય પ્રકારની મુશ્કેલી અને જોખમો ઉઠાવ્યા હોય છે. પ્રવાસમાં પડતી મુશ્કેલી ક્યારેક પ્રાંત જુદો હોય, લોકો અજાણ્યા હોય, વિરોધ કરતા હોય, વિરોધી વિચારસરણીના લોકો હોય, કેટલાક ઠેકાણે સ્ત્રીઓનો પ્રવેશ ન હોય, કોઈક સાધુ સ્ત્રીને મળતા ન હોય તેનાથી દૂર રહેતા હોય ત્યારે સ્ત્રી સંશોધક મૂંઝવણ અનુભવે છે. પણ તેની ધીરજ અને ખંત તેને સફળ બનાવે છે. ક્યારેક કોઈ શિલાલેખ જોવા અંતરિયાળ જંગલમાં જવું પડે વચ્ચે અનેકવિધ મુશ્કેલીઓ આવે ત્યારે હિંમત નિડરતા હોય ત્યારે જ સંશોધક ત્યાં તમામ અટકળોને દૂર કરી ત્યાં પહોંચી સાધનો કે માહિતી એકત્ર કરી શકે છે. જેટલો સંશોધનમાં રસ વધુ એટલો સંશોધક થાક્યા વિના સતત પરિશ્રમ કરી સાધનોનું એકત્રીકરણ કરવામાં સફળ બને છે. ભગવાનલાલ ઈન્દ્રજીએ ઉત્તર ભારત અને મધ્ય ભારત અને નેપાળનો પ્રવાસ કેટલા જોખમો વેઠીને કર્યો હતો અને માહિતીઓ મેળવી હતી. જેના પ્રવાસ વર્ણનો 'સૌરાષ્ટ્રદર્પણ'માં પ્રગટ થયેલાએ વાંચીએ ત્યારે એક સફળ સંશોધકની ધીરજ અને પરિશ્રમના તેમાં દર્શન થાય છે.*

### 4.3.9 એકાગ્રતા અને માનસિક ચેતના

*ઈતિહાસ સંશોધકની બહુ મોટી જવાબદારી હોય છે. જેના સંશોધન અને લેખન પર સમાજ બહુ મોટી આશા રાખતો હોય છે. જો તેનામાં કોઈ ખામી હોય તો તે સફળ*

થઈ શકતો નથી. સંશોધક પર કેટલાક દબાણો હોય છે. જે તેની એકાગ્રતા અને માનસિક ચેતનાનો ભંગ કરાવે છે. આથી તે એકાગ્ર બની માનસિક ચેતના વધુ પ્રબળપણે કેળવે તો જ તે પોતાનું આલેખનમાં સત્ય અને કડવું પણ આલેખન કરી શકે છે. સંશોધકને રાજ્યનો, પક્ષનો, જુદી જુદી સંસ્થાઓનો ડર સત્ય કહેતા અટકાવે છે. જ્ઞાતિ વિશે સંશોધન કરતો હોય તો અને જ્ઞાતિને ન ગમતી બાબતો આલેખેતો જ્ઞાતિજનો નિરાશ થાય, હિન્દુ વ્યક્તિ અન્ય ધર્મોની વાતો આલેખે ત્યારે એકાગ્રતા રાખે તો તટસ્થપણે આલેખન કરી શકે. ક્યારેક સંશોધકની તબિયત, ઘરના સંજોગો, કૌટુંબિક સંજોગો પણ પ્રતિકૂળ હોય તો તે સત્યનું આલેખન કરતા ડર અનુભવે છે અને તેને લીધે સત્યને છુપાવી દે છે, પણ તેણે દ્રઢતા કેળવવી જોઈએ અને અવરોધોને ગણકાર્ય વિના સત્યનું આલેખન કોઈની પણ શરમમાં આવ્યા વિના કે દબાયા વિના કરવું જોઈએ .જો આ બાબતે સંશોધન દ્રઢ મજબૂત મને ઉત્તમ તબિયતે ધીરજથી આગળ વધે તો સફળ થાય છે. તો કેટલાક સફળ ઈતિહાસકારો પણ આવી અડચણોથી નાસી પાસ થઈ કામ પડતું મૂકી દેતા હોય છે.

## 4.3.10 નવી પેઢી માટે બોધપાઠ

ઈતિહાસ એક સામાજિક વિજ્ઞાન છે. જેનું મૂલ્ય આંક્ય એટલું ઓછું છે. સંશોધકની બહુ મોટી જવાબદારી છે. સંશોધક એ સતત સંશોધન રત રહેતો ભવિષ્યનો ઈતિહાસકાર બને છે. આમ, તેની ડબલ જવાબદારી બની જાય છે. જો પેઢી દર પેઢી સંશોધકો ન બનતા રહે તો ભવિષ્યમાં ઈતિહાસ લેખન ઠપ્પ થઈ જાય. આથી સબળ સંશોધકે અથવા સિદ્ધહસ્ત ઈતિહાસકારે પોતાના કાર્યકાળ દરમિયાન સંશોધનના બીજ વાવી ભવિષ્યમાં એ જવાબદારી સ્વીકારી લે એવી હારમાળા ઉભી કરવી જોઈએ. કોઈપણ ક્ષેત્રમાં જે તે પ્રવૃત્તિને આગળ ધપાવનારા પેદા થાય તો તે ચાલે છે. એટલે સૌ પોતપોતાની વિચારસરણી પંથ અને કાર્યને આગળ ધપાવનારનું એક જૂથ કે મંડળ ઊભું કરે છે. એવી જ રીતે સફળ સંશોધકો આવું એક જૂથ ઊભું કરે છે. વિષયને સંબંધિત સંસ્થાઓનું સર્જન કરે છે. મહારાષ્ટ્રમાં ડો.ભાઉદાજી, ગુજરાતમાં ભગવાનલાલ ઈન્દ્રજી, દુર્ગાશંકર શાસ્ત્રી, રસિકલાલ પરીખ, ડો. હરિપ્રસાદ શાસ્ત્રી, ડો. શંભુપ્રસાદ દેસાઈ, ડૉ.મકરંદ મહેતા, ડો. એસ.વી.જાની વગેરેની એક પછી એક પેઢી તૈયાર થતી આવી છે. જેમણે ઈતિહાસ લેખન સંશોધનનો દીવો મૂરઝાવા દીધો નથી. એ જ રીતે ભારતભરમાં રોયલ એશિયાટિક સોસાયટી, ડોક્ટર ભાંડારકર સંશોધન સંસ્થા, ગુજરાત ઈતિહાસ પરિષદ, સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદ વગેરે સંસ્થાઓ વિખ્યાત સંશોધકો અને ઈતિહાસકારોએ સ્થાપી હતી. આ સંસ્થાઓ ભવિષ્યના સંશોધકોને માર્ગદર્શન પૂરું પાડી ઈતિહાસકાર તરીકે બહાર લાવે છે.

## 4.4 સારાંશ

જ્યારે કોઈ ઈતિહાસ લેખકમાં આ ગુણોનો અભાવ વર્તાય ત્યારે તેમનું આલેખન એકડાં વગરના મીંડાં જેવું ગણાય છે.ભવિષ્યના સંશોધકો તેમની ચાલ કે રમતને સમજી જ જાય છે. એ પછી જ તેના આલેખનને સ્વીકારે કે ઉપયોગ કરે છે. ઈતિહાસકાર કે સંશોધકમાં આ ગુણો ન હોય તેને ઈતિહાસકાર ગણવો એ પણ

*ખોટાને સાથ દીધા જેવું મહાપાપ કહેવાય. જે સંશોધક આ ગુણો કેળવે તેજ ખરા બાકી તો પેટ માટે રાજ સતાને ખુશ કરતાં વ્યક્તિઓ જ ગણાય.*

## 4.5 તમારી પ્રગતિ ચકાસો

1. *આ પ્રકરણના ઉદ્દેશો જાણ્યા પછી તમે તમારી રીતે કયો એક ઉદ્દેશ ઉમેરી શકો છો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

2. *ઇતિહાસમાં રહેલી ખામીઓ માટે શું કરવું જોઈએ.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

3. *કયા કયા ગુણના અભાવે સફળ સંશોધક બની શકાતું નથી.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

*આ પ્રકરણનો ચાર લીટીમાં સારાંશ લખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**બહુવિકલ્પી પ્રશ્નો (ઉત્તર સહિત)**

(1) *'આઈને અકબરી' ગ્રંથ કયા પ્રકારના લેખકે લખેલો ગ્રંથ ગણાય.*

*(એ) પત્રકાર (બી) દરબારી લેખક (સી) પરદેશી લેખક (ડી) ભૂતિયા લેખક*

(2) *કોઈ લેખક પોતાની જ્ઞાતિ, જાતિ, ધર્મ માટે લખતો હોય તો કઈ રીતે લેખન કરવું જોઈએ ?*

*(એ) ઉજળી બાબતો (બી) તટસ્થ (સી) બઢાવી ચઢાવી (ડી) કડવું સત્ય છુપાવી*

(3) *ગુજરાત ઇતિહાસ પરિષદનું મથક કયા શહેરમાં આવેલ છે*

*(એ) વડોદરા (બી) સુરત (સી) અમદાવાદ (ડી) જૂનાગઢ*

(4) *રજવાડાને લગતા સાધનો સંશોધકને મોટા પ્રમાણમાં ક્યાંથી મળે છે*

*(એ) પુસ્તકાલય (બી) અભિલેખાગાર  (સી) પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા*

*(ડી) એલ.ડી.ઈન્ડોલોજી, અમદાવાદ.*

## 4.6 સ્વાધ્યાય

(1) *આપને મનપસંદ ગુજરાતના એક ઈતિહાસકારના પુસ્તકોની યાદી બનાવો.*

(2) *ભારતમાં આવેલ ઈતિહાસના પ્રચાર પ્રસાર કરતી સંસ્થાઓની યાદી બનાવો.*

(3) *ગુજરાતમાંથી ઈતિહાસ વિષયને લગતા સામયિકોની યાદી બનાવો.*

## 4.7 સંદર્ભગ્રંથો


1. *ખાચર પ્રદ્યુમન 'ઈતિહાસ એટલે',સણોસરા, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.*2003.
2. *ધારૈયા આર.કે, 'ઐતિહાસિક પદ્ધતિ અને ઈતિહાસ લેખનવિધા', અમદાવાદ પ્રથમ આવૃત્તિ ઈ.સ.*1967

એકમ : 5

## સંશોધનની પદ્ધતિઓ અને ઉપકરણો, પુરાતાત્વિક અને મૌખિક પદ્ધતિ,વિષયવસ્તુ-વિશ્લેષણ, ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિ અને ઐતિહાસિક માહિતીની તારવણી અને અર્થઘટન

**:: રૂપરેખા ::**

**5.0 ઉદ્દેશ**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ઈતિહાસ સંશોધનની પદ્ધતિ અને ઉપકરણ**

**5.3 તમારી પ્રગતિ ચકાસો**

**5.4 ઐતિહાસિક માહિતીની તારવણી અને અર્થઘટન**

**5.5 તમારી પ્રગતિ ચકાસો**

**5.6 સારાંશ**

**5.7 ચાવીરૂપ શબ્દો**

**5.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**5.9 સ્વાધ્યાય**

**5.10 સંદર્ભ ગ્રંથો**

### 5.0 ઉદ્દેશ

*પ્રસ્તુત પ્રકરણના અભ્યાસને અંતે તમે...*

- *ઈતિહાસ સંશોધનની પદ્ધતિ અને ઉપકરણ વિશે જાણકારી મેળવશો.*
- *ઈતિહાસ સંશોધનની પુરાતત્વીય પદ્ધતિને સમજશો.*
- *ઈતિહાસ સંશોધનની મૌખિક પદ્ધતિને સમજશો.*
- *ઈતિહાસ સંશોધનની વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિને સમજશો.*
- *ઈતિહાસ સંશોધનની ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિને સમજશો.*
- *ઐતિહાસિક માહિતીની તારવણી કઈ રીતે થાય છે તેની સમજ કેળવશો.*
- *ઐતિહાસિક માહિતીનું અર્થઘટન કઈ રીતે કરવામાં આવે છે તેની સમજ કેળવશો.*

### 5.1 પ્રસ્તાવના

*ઐતિહાસિક સંશોધન અન્ય સંશોધન કરતા અનેક રીતે જુદું પડે છે. ઐતિહાસિક સંશોધનમાં વિવિધ સંશોધન પદ્ધતિ અને ઉપકરણ ઉપયોગમાં લેવાય છે. જેનાથી આપણે અહીં પુરાતત્વીય પદ્ધતિ, મૌખિક પદ્ધતિ, વિષયવસ્તુ વિશ્લેષણ અને ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિના ઉપયોગ અંગે ચર્ચા કરીશું. ઐતિહાસિક સંશોધનનું*

*કાર્યક્ષેત્ર ખૂબ વિશાળ છે. આથી સંશોધનના ઉદ્દેશ, હેતુઓ અને વિષય મુજબ સંશોધન પદ્ધતિ અને ઉપકરણની પસંદગી કરવામાં આવે છે. જેવી કે રાજકીય કે વહીવટી, સામાજિક-ધાર્મિક, આર્થિક, કલાઓ અને સાહિત્ય, શિક્ષણ, સંસ્કૃતિ, વિજ્ઞાન અને ટેક્નોલોજી વગેરે. વળી એ જ પ્રમાણે પ્રાચીન, મધ્યકાલીન, અર્વાચીન તેમજ સમકાલીન સમય મુજબ સંશોધનના સ્ત્રોત અને પદ્ધતિમાં વિવિધતા જોવા મળે છે. આથી ઐતિહાસિક સંશોધનમાં સંશોધક પોતાના વિષયની જરૂરિયાત મુજબ પદ્ધતિ અને ઉપકરણની પસંદગી કરે છે.*

*ઐતિહાસિક સંશોધનની વિવિધ પદ્ધતિ અને ઉપકરણ નીચે મુજબ છે.*

(1) *પુરાતત્વીય*

(2) *મૌખિક*

(3) *વિષયવસ્તુ વિશ્લેષણ*

(4) *ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિ*

## 5.2 ઈતિહાસ સંશોધનની પદ્ધતિ અને ઉપકરણ

**(1) પુરાતત્વીયઃ**

*ઐતિહાસિક સંશોધન મોટાભાગે પુરાતત્વીય પદ્ધતિના કારણે રસનો વિષય રહ્યો છે. આ પદ્ધતિમાં ભૂતકાળના માનવજીવન અને પ્રવૃત્તિઓના અવશેષોના આધારે તપાસ હાથ ધરવામાં આવે છે. પુરાતત્વીય પદ્ધતિ એક વૈજ્ઞાનિક અભિગમ છે. જેનો મૂળ હેતુ ભૌતિક પુરાવા, અવશેષો, કલાકૃતિ વગેરેને શોધી ઐતિહાસિક દૃષ્ટિએ જે બાબતો દસ્તાવેજોની મદદથી ન શોધી શકાય તેને શોધવાનો છે. આ પદ્ધતિમાં ભૂતકાળના માનવજીવનને અને પ્રવૃત્તિઓની સમજ મેળવવા ભૌતિક પુરાવા શોધવા, પુનઃ પ્રાપ્ત કરવા, વિશ્લેષણ કરવા અને અર્થઘટન કરવા પદ્ધતિસરની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ પ્રકારની પદ્ધતિ દ્વારા એવી મૂર્ત માહિતી મળે છે જે ભૂતકાળની ઘટનાઓ, સભ્યતાઓ અને સંસ્કૃતિ તથા સમાજની સમજ મેળવવા તેમજ પુનઃ નિર્માણ કરવામાં મદદ કરે છે. આ પદ્ધતિમાં સૌ પ્રથમ અભ્યાસનો વિષય પસંદ કરવામાં આવે છે. તેના આધારે અભ્યાસના હેતુ અને પ્રશ્નો નિર્ધારિત કરવામાં આવે છે. ત્યારબાદ સંબંધિત સંદર્ભ વાચન દ્વારા જરૂરી માહિતી એકત્રિત કરીને પોતાના સંશોધન અંગે સમજ સ્પષ્ટ કરવામાં આવે છે. ત્યારબાદ પુરાતત્વીય સ્થળની પસંદગી કરવામાં આવે છે. આ સ્થળની પસંદગી ઐતિહાસિક દસ્તાવેજો, અગાઉના સર્વેક્ષણ અને પર્યાવરણીય સૂચકાંકના આધારે કરવામાં આવે છે. પુરાતત્વીય સ્થળની પસંદગી કર્યા બાદ પ્રાથમિક સર્વેક્ષણ હાથ ધરવામાં આવે છે. જેના આધારે જે તે સ્થળ છે તે નક્કી કરી શકાય. ત્યારબાદ સપાટી પરથી વ્યવસ્થિત રીતે અવશેષો એકત્ર કરી વિસ્તારનું જરૂરી સીમાંકન કરવામાં આવે છે. જરૂર પડે તો એરિઅલ, ફોટોગ્રાફી, સેટેલાઈટ, ઈમેજરી અને રિમોટ સેન્સિંગ તકનીકનો ઉપયોગ કરી શકાય. ત્યારબાદ ઉત્ખનન કાર્ય હાથ ધરવામાં આવે છે જે સૌ પ્રથમ ઉત્ખનનનું સચોટ આયોજન કરવામાં આવે છે. આયોજન અનુસાર સ્તરીય ખોદકામ કરવામાં આવે છે. જેમાં સંદર્ભ અને કાળક્રમ (ઘટનાક્રમ)ના આધારે મળેલ અવશેષોને લક્ષણના આધારે*

ઓળખવામાં આવે છે તથા તેની નોંધ કરવામાં આવે છે. આ પ્રકારની નોંધ સ્થળ પર ઓળખ ચિહ્નો અને લખાણ દ્વારા કરવામાં આવે છે. સાથે સાથે સ્થાનની ઊંડાઈ અને શોધના સંદર્ભમાં ફિલ્ડનોંધ, ફોટોગ્રાફ તથા રેખાંકનો આધારે નોંધ કરી માહિતી મેળવવામાં આવે છે. ત્યારબાદ મળેલ અવશેષોને કાળજીપૂર્વક એકત્રિત કરવામાં આવે છે. એ વાતનું ધ્યાન રાખવામાં આવે છે કે અવશેષોને કોઈ નુકસાન ન થાય. આ સાથે સચોટ રેકોર્ડિંગ કરવામાં આવે છે. અવશેષો નાશ ન પામે તે માટે તેની યોગ્ય સાફસફાઈ કરી સંરક્ષણની વ્યવસ્થા કરવામાં આવે છે. ત્યારબાદ મળેલ અવશેષોનું વર્ગીકરણ કરવામાં આવે છે. આ વર્ગીકરણ સામગ્રી, કાર્ય અને પ્રકારને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જરૂર પડે તો અવશેષોનું પ્રયોગશાળામાં વિશ્લેષણ કરવામાં આવે છે. જેમાં પેટ્રોગ્રાફિક, ધાતુશાસ્ત્ર અને રાસાયણિક પરીક્ષણ કરવામાં આવે છે. આ સાથે જૈવ પુરાતત્વીય વિશ્લેષણ પણ કરવામાં આવે છે. જેથી માનવ કે પ્રાણી અવશેષોના આહાર, આરોગ્ય અને વસ્તી વિષયક માહિતી મળી રહે. હાલમાં માટીના નમૂના, પરાગરજ તથા અન્ય ઈકો ફેક્ટરીનું વિશ્લેષણ કરવામાં આવે છે. જેથી ભૂતકાળના વાતાવરણ, આબોહવા તથા પર્યાવરણ અંગે માહિતી મળે. ત્યારબાદ સ્થળ પરથી મળેલ અવશેષોનું ડેટિંગ કરવામાં આવે છે. જેમાં અવશેષોના એકબીજાને સંબંધિત લક્ષણો અને ઉંમર નક્કી કરવામાં આવે છે. સ્તરશાસ્ત્ર અને ટાઈપોલોજીના ઉપયોગથી સંબંધિત ડેટીંગ કરવામાં આવે છે. ત્યારબાદ રેડિયોકાર્બન ડેટિંગ, ડેન્ડ્રોકોનોલોજી કે થર્મોલ્યુમિનેસેન્સ દ્વારા અવશેષોની ચોક્કસ ઉંમર નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ આ માહિતીનું અર્થઘટન કરવામાં આવે છે. જેમાં સંબંધિત, સૈદ્ધાંતિક અને તુલનાત્મક અભ્યાસ દ્વારા ભૂતકાળની પ્રવૃત્તિ, સામાજિક બંધારણ અને સાંસ્કૃતિક પ્રથાનું અર્થઘટન કરવામાં આવે છે. છેવટે મળેલી તમામ માહિતીને હેતુ અને સંશોધન પ્રશ્ન મુજબ અહેવાલ લેખન કરવામાં આવે છે અને પછી તેનું પ્રકાશન કરવામાં આવે છે.

પુરાતત્વીય પદ્ધતિનો ઉપયોગ ત્યારે કરવામાં આવે છે, જ્યારે કોઈ અન્ય સ્ત્રોત ઉપલબ્ધ ના હોય અને જ્યારે અન્ય સ્ત્રોતોમાંથી મળેલ માહિતીનું ક્રોસ ચેકીંગ કરવાનું હોય. આ પદ્ધતિ દ્વારા મોટાભાગે પ્રાગ ઐતિહાસિક અને પ્રાચીન સંસ્કૃતિઓને શોધીને તેની ભવ્યતા વિશ્વ સામે મૂકવામાં આવે છે. આ પદ્ધતિ એવા સમયગાળા અને સમાજો અંગે માહિતી અને આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. જેનો કોઈ લેખિત રેકોર્ડ પ્રાપ્ત ન હોય. પુરાતત્વીય પદ્ધતિ એવી માહિતી પ્રદાન કરે છે જે ઐતિહાસિક જ્ઞાનમાં અવકાશ ભરવાનું કામ કરે છે. દા.ત. સિંધુ ખીણ સંસ્કૃતિ, ભૂતકાળના માનવજીવન અને સમાજ સાથે સંકળાયેલ વિવિધ કલાકૃતિના નમૂના, વાસણો, સાધનો વગેરે ઘટનાઓ અને જીવનશૈલી સાથે સીધું જોડાણ પ્રદાન કરે છે. આ પદ્ધતિમાં ભૂસ્તરશાસ્ત્ર, જીવવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર જેવી વિવિધ વિદ્યાશાખાઓની મદદ લેવાય છે. જે બહુશાખાકીય અભિગમને ઉત્તેજન આપે છે. આ પદ્ધતિના ઉપયોગથી માનવ પ્રવૃત્તિની સમયરેખા સ્થાપિત કરવામાં મદદ મળે છે. જે ઐતિહાસિક ક્રમ અને વિકાસને સમજવામાં મદદરૂપ થાય છે. આ પદ્ધતિ દ્વારા ભૂતકાળના સમાજોના સામાજિક, આર્થિક અને તક્નીકી પાસાંઓની આંતરદૃષ્ટિ

*પ્રદાન કરે છે. ભૂતકાળમાં માનવ અને પર્યાવરણ સાથે અનુકૂલન અને અસ્તિત્વ માટે સંદર્ભ પ્રદાન કરે છે. આ પદ્ધતિ દ્વારા સાંસ્કૃતિક ધરોહરને ઓળખવા અને જાણવાની તક મળે છે સાથે ગૌરવ અને ઐતિહાસિક જાગૃતિને પ્રોત્સાહન મળે છે.*

*આ પદ્ધતિ કેટલીક મર્યાદાઓ પણ ધરાવે છે. જેમ કે ખોદકામ સાવચેતીપૂર્વક ન કરવામાં આવે તો મૂલ્યવાન સંદર્ભને નુકસાન થાય છે. વળી એકવાર ખોદકામ થયા બાદ ફરી ખોદકામ કરવું ખૂબ અઘરું છે. મળેલા અવશેષોનું ચોક્કસ અર્થઘટન કરવાનું કામ અઘરું અને ચીવટવાળું હોય છે. ઘણીવાર એક જ પુરાવા અંગે વિવિધ ઈતિહાસકારોનો મત અલગ અલગ જોવા મળે છે અને આથી અર્થઘટન પણ જુદા થાય છે. ઘણીવાર ડેટીંગ પદ્ધતિઓ પણ ચોક્કસ અને સચોટ માહિતી પ્રદાન કરતી નથી. આ જ રીતે ઘણીખરી કલાકૃતિઓ વિઘટિત કે ખંડિત થઈ હોય તો અર્થઘટનમાં મુશ્કેલી પડે છે. આ પદ્ધતિ ખૂબ જ ખર્ચાળ છે અને તેની પાછળ ખૂબ જ કામ અને સમય ખર્ચવો પડે છે. આ જ રીતે ખોદકામ, વિશ્લેષણ અને સંરક્ષણ માટે ટેક્નિકલ જ્ઞાન અને સમજ હોવી અનિવાર્ય છે. આ પદ્ધતિની સૌથી મોટી મર્યાદા સ્મશાન અને પવિત્ર સ્થળોમાં ખોદકામ કરી પુરાવા એકત્ર કરવા છે. આ અંગે સરકારી અને અન્ય સંસ્થાઓની મંજૂરી અને લાગણીઓનું ધ્યાન રાખવું અઘરું બને છે. વિવિધ સ્થળેથી મળેલ પુરાવાની માલિકી અંગેના કાયદાકીય પ્રશ્નો પણ ઉદ્ભવતા જોવા મળે છે. આ પ્રકારના ખોદકામ કુદરતી રહેઠાણ અને પ્રાકૃતિક સ્થળોને નુકસાન પહોંચાડી શકે છે. આમ છતાં આ પદ્ધતિ પ્રાગઐતિહાસિક અને પ્રાચીન સમયના સંશોધન માટે અનિવાર્ય છે.*

**(2) મૌખિક**

*ઐતિહાસિક સંશોધનની મૌખિક પદ્ધતિમાં જેણે ઐતિહાસિક ઘટનાઓ જોઈ હોય કે અનુભવી હોય તેવી વ્યક્તિઓ પાસેથી મૌખિક માહિતી એકત્રિત કરીને વિશ્લેષણ કરવામાં આવે છે. એવી બાબતો કે માહિતી જે લેખિત સ્ત્રોતોમાં ન હોય તેવી બાબતો આ પદ્ધતિમાં મેળવવામાં આવે છે. જે સંશોધકને મૂલ્યવાન આંતરદૃષ્ટિ પ્રદાન કરે છે. જેની મદદથી સંશોધક ઘટના કે બનાવ વધુ સમૃદ્ધ દૃષ્ટિકોણ કેળવી શકે છે. આ પદ્ધતિમાં ભૂતકાળની ઘટનાઓના સહભાગી લોકો, સમુદાયો વગેરેની યાદી આધારિત માહિતી ભેગી કરીને સાચવવામાં આવે છે. આ પદ્ધતિમાં ઘટના કે બનાવના પ્રત્યક્ષદર્શી સાક્ષીઓ પાસેથી પૂરતી અને યોગ્ય માહિતી મળે તે જરૂરી છે. પરંપરાગત ઐતિહાસિક પુરાવામાં ન હોય તેવી મહત્ત્વની માહિતી મેળવવા આ પદ્ધતિ ઉપયોગી છે.*

*આ પદ્ધતિથી સંશોધન હાથ ધરવા સૌ પ્રથમ સંશોધન યોજના તૈયાર કરવામાં આવે છે. જેમાં સંશોધનનો વિષય, હેતુ, કાર્યક્ષેત્ર વગેરે નક્કી કરીને આગળના સોપાનોનું આયોજન કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ ઘટના સાથે સંકળાયેલ સંદર્ભ સમજવા પ્રારંભિક સંશોધન દ્વારા જરૂરી માહિતી એકત્ર કરવામાં આવે છે. જેમાં જેની પાસેથી માહિતી મળી શકે તેવા લોકોની ઓળખ કરવામાં આવે છે. અહીં એવી વ્યક્તિઓને ઓળખવામાં આવે છે કે ઘટના સંબંધિત જ્ઞાન અને અનુભવો ધરાવતા હોય.*

ત્યારપછી મુલાકાત લેવાની હોય તેવા લોકો માટે માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવે છે. જેમાં મુક્તજવાબી પ્રશ્નો અને વિષયવાર સૂચિ તૈયાર કરવામાં આવે છે. મુલાકાતી પોતાની અનુકૂળતાએ પૂરતો સમય આપી પોતાની રજૂઆતો યોગ્ય રીતે રજૂ કરે તેવું આયોજન હાથ ધરવામાં આવે છે. જેમાં મુલાકાતીની સંમતિ અને માહિતીની ગોપનીયતા અંગે ખાસ ધ્યાનમાં રાખવામાં આવે છે. ઘણીવાર માહિતી સંવેદનશીલ હોવાથી માહિતી આપનારનો વિશ્વાસ કેળવવો જરૂરી છે. મુલાકાત સમયે તંદુરસ્ત વાતાવરણ રચવામાં આવે છે. જેમાં મુલાકાતી સાચી, યોગ્ય, પૂરતી અને જરૂરી માહિતી પૂરી પાડે. આ માહિતીનું ઓડિયો કે વીડિયો રેકોર્ડિંગ કરી શકાય તેમજ નોંધ લખી શકાય. સંશોધકે ધીરજપૂર્વક, શાંતિથી અને પૂરતો સમય આપી સમજી ઘટનાની માહિતી મેળવવી જોઈએ. ત્યારબાદ મળેલ માહિતીને જો ઓડિયો કે વીડિયો ફોર્મેટમાં હોય તો લખાણમાં તબદીલ કરવામાં આવે છે. જો માહિતી લાંબી અને વધુ પડતી હોય તો વિષય અને હેતુ મુજબ સુધારા વધારા કરવા જોઈએ. માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે. જેમાં મળેલ માહિતીને વ્યવસ્થિત રીતે વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાં ઘણીવાર વ્યક્તિ કે સમૂહ દ્વારા આપેલ માહિતીને વ્યાપક ઐતિહાસિક અને સામાજિક સંદર્ભમાં તુલનાત્મક રીતે વર્ગીકૃત કરવાની જરૂર પડે છે. આ રીતે મળેલ માહિતીની અન્ય સ્ત્રોતો સાથે તુલના કરી વધારે સચોટ બનાવવામાં આવે છે. ઉપરોક્ત પ્રક્રિયા બાદ વિવિધ તારણો મેળવવામાં આવે છે. આ તારણોને એકીકૃત કરી ઘટના કે બનાવને મૂલવવામાં આવે છે. જો કે સંશોધકે આ તબક્કે માહિતી પ્રદાન કરનારની યાદશક્તિ, પૂર્વાગ્રહો અને પ્રભાવ જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને માહિતીનું અર્થઘટન કરવું જોઈએ. છેલ્લે મળેલા તારણો આધારિત ઘટના કે બનાવ અંગેનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે અને ભાષા તથા શૈલીની શૃદ્ધિ તથા પ્રુફ રીડીંગ બાદ તેને પ્રકાશિત કરવામાં આવે છે.

મૌખિક પદ્ધતિ વિવિધ ગુણ-દોષ ધરાવે છે. જેમાં ગુણોની વાત કરીએ તો જે બાબતોનું દસ્તાવેજીકરણ ન થયું હોય તેવા બનાવ, ઘટના, સંસ્કૃતિ, અનુભવો વિશે માહિતી પૂરી પાડે છે. જેના દ્વારા લેખિત આધારોમાં ખૂટતી બાબતોને ઉમેરી સમગ્ર ચિત્ર રચવામાં સરળતા રહે છે. એવા સમાજ કે જેની અવગણના થઈ હોય તેના વિશે આ પદ્ધતિ માહિતી પૂરી પાડે છે. ઘણીવાર કેટલીક બાબતો લેખિત કે દસ્તાવેજીય રીતે કહેવી યોગ્ય ન હોય કે કહેવામાં ન આવી હોય તેવી માહિતી મેળવી વિવિધ બાબતો અંગે સંપૂર્ણ ચિત્ર રચી શકાય છે. મૌખિક પદ્ધતિ દ્વારા એવી પ્રથાઓ, ભાષા કે વર્ણનોની માહિતી મળે છે જે ન કહેવાઈ હોય કે અવગણના થઈ હોય. જે તે સમુદાય પાસેથી સરળતાથી અને ઊંડાણપૂર્વક માહિતી મળી રહે છે.

જો કે આ પદ્ધતિની કેટલીક મર્યાદાઓ પણ છે જેમ કે લાંબા સમયની સ્મૃતિઓમાં પસંદગી, વિકૃતિ કે અનુગામી ઘટનાનો પ્રભાવ જોવા મળી શકે છે. આથી કેટલીકવાર આવી માહિતી ઓછી વિશ્વસનીય હોય છે. આ પ્રકારની માહિતીમાં વ્યક્તિલક્ષીતા, પૂર્વગ્રહ, દષ્ટિકોણ, અર્થઘટન જેવી મર્યાદા રહેલી હોય છે. આ પ્રકારે મળેલી માહિતીની મોટી મર્યાદા ચોક્કસ તારીખ અને ક્રમાંક શાસ્ત્રીય વિગતોનો અભાવ હોય છે. જ્યાં લેખિત કે પુરાતત્વીય પુરાવા ન હોય અને માત્ર મૌખિક આધારો દ્વારા

*ઘટનાને સમજવાની હોય ત્યાં વિશ્વસનીયતાના પ્રશ્નો ઊભા થાય છે. આ પદ્ધતિમાં માહિતી મેળવનાર અને માહિતી આપનાર બંનેની મર્યાદાની અસર માહિતીની સત્યતા, ચોક્સાઈ અને વિશ્વસનીયતા પર પડે છે. આ સાથે સાંસ્કૃતિક ધોરણો, નૈતિક વિચારણા, સંમતિ મેળવવી, ગોપનીયતા જાળવવી વગેરે બાબતો ખૂબ મહત્ત્વની છે. જ્યારે સંશોધકની પૃષ્ઠભૂમિ જુદી હોય ત્યારે ભાષા, સંસ્કૃતિ કે સમુદાય અંગે તેના દષ્ટિકોણ અને અભિવ્યક્તિમાં મર્યાદા આવી શકે છે તેમજ માહિતીનું ખોટું અર્થઘટન થઈ શકે છે. આ પદ્ધતિમાં માહિતીનું એકત્રીકરણ, ટ્રાન્સક્રિપ્શન અને વિશ્લેષણ ખૂબ સમય માગી લે છે અને તે માટે વિવિધ સંશાધનોની જરૂર ઊભી થાય છે. જે નાણાં અને શ્રમના સંદર્ભમાં મર્યાદા બની શકે છે.*

**(3) વિષયવસ્તુ વિશ્લેષણ**

*ઐતિહાસિક સંશોધનમાં ઉપયોગમાં લેવાતી વિષયવસ્તુ કે સ્ત્રોત (સામગ્રી) વિશ્લેષણ એક એવી પદ્ધતિસરની પદ્ધતિ છે. જેનો ઉપયોગ ઐતિહાસિક દસ્તાવેજો, મીડિયા અને સંચારના અન્ય સ્વરૂપોના સંદર્ભ, મહત્ત્વ અને અસર તપાસવા માટે થાય છે. જેમાં લખાણ, દશ્ય કે ઓડિયો સામગ્રીને વિવિધ વિભાગોમાં વર્ગીકૃત કરી તેની તરાહ, પૂર્વગ્રહો, અર્થ અને વિષય સમજવામાં આવે છે. વિષયવસ્તુ વિશ્લેષણ એક એવી પદ્ધતિ છે, જેમાં વ્યવસ્થિત રીતે અને ઉદ્દેશ્યપૂર્વક પ્રત્યાયન સામગ્રીની તપાસ કરવામાં આવે છે. જેમાં સામગ્રીનું વર્ગીકરણ અને કોડિંગ કરવામાં અવે છે. આ સામગ્રીને એકમમાં વિભાજિત કરી તારણ મેળવવામાં આવે છે. આ પદ્ધતિથી સંશોધક લખાણ, ગ્રંથ, ભાષણ, દશ્યસામગ્રી વગેરેનું વિવિધ વિભાવનાઓ, થીમ્સ, શબ્દો, અર્થો વગેરેના વિશ્લેષણ કરી માહિતી મેળવી અને તારવી શકે છે.*

*આ પદ્ધતિમાં સૌ પ્રથમ સંશોધન યોજના તૈયાર કરવામાં આવે છે. જેમાં સંશોધનના હેતુ અને પ્રશ્નો તૈયાર કરવામાં આવે છે. જે સ્ત્રોતમાંથી માહિતી મેળવવાની હોય તેની પસંદગી કરવામાં આવે છે. જેમ કે, ગ્રંથ, દસ્તાવેજ, છાપા, પત્ર, પરિપત્ર, લખાણ, ભાષણ, ફોટોગ્રાફ, ફિલ્મ વગેરે. ત્યારબાદ સંશોધનના હેતુઓ અને પ્રશ્નો મુજબ સ્ત્રોતોને વર્ગીકૃત કરીને તેનું કોડીંગ કરવામાં આવે છે. ત્યારબાદ મળેલ માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે. આ પ્રકારનું વિશ્લેષણ વિવિધ રીતે કરવામાં આવે છે. જેમ કે સંખ્યાત્મક વિશ્લેષણ જેમાં માહિતીની તરાહ, પ્રવાહ અને સંબંધોને આંકડાકીય વિશ્લેષણ દ્વારા સમજવામાં આવે છે. ગુણાત્મક વિશ્લેષણમાં માહિતીના વિષય, વિચાર અને અસરોને ધ્યાનમાં રાખી પરીક્ષણ કરવામાં આવે છે. દરેક વિભાગ કે શ્રેણીની માહિતીને ઊંડાણથી તેના અર્થ, સંદર્ભ અને અંતરના સંદર્ભમાં વિશ્લેષણ કરવામાં આવે છે. સંદર્ભિત વિશ્લેષણમાં માહિતીના વ્યાપક ઐતિહાસિક, સામાજિક અને સાંસ્કૃતિક સંદર્ભને ધ્યાનમાં લઈ ઘટનાના મહત્ત્વ કે પ્રભાવને વિશ્લેષણ દ્વારા સમજવામાં આવે છે.*

*આ રીતે મળેલ માહિતીને આધારે અર્થઘટન અને તારણો મેળવવામાં આવે છે. આ તારણોનું ક્રોસ ચેકીંગ દ્વારા ચકાસણી કરીને માન્યતા મેળવવામાં આવે છે. આમ વિશ્વસનીયતા અને માન્યતાની ચકાસણી કર્યા બાદ અહેવાલનું લેખન અને પ્રકાશન*

*કરવામાં આવે છે. આ પદ્ધતિથી ચોક્કસ ઘટના પાછળના વલણ અને તરાહોને જાણી શકાય છે. ઘટનાના રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક સંદર્ભો ને સમયગાળાને ધ્યાનમાં રાખીને સમજી શકાય છે. ઐતિહાસિક સામગ્રીમાં રહેલ પૂર્વગ્રહો, દૃષ્ટિકોણ અને વિચારધારાઓને ઊજાગર કરી શકાય છે. ભૂતકાળને કેવી રીતે નોંધવામાં આવેલ તેમજ કઈ રીતે અર્થઘટન કરવામાં આવેલ તેની સ્પષ્ટતા મળે છે.*

*વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ વિવિધ ગુણ અને મર્યાદા ધરાવે છે. આ પદ્ધતિ વ્યવસ્થિત અને સંરચિત અભિગમનો ઉપયોગ કરતી હોવાથી સંશોધકના પૂર્વગ્રહને ઘટાડી શકાય છે. તેમજ તારણોની નિરપેક્ષતામાં વધારો કરી શકાય છે. આ પદ્ધતિ સંખ્યાત્મક અને ગુણાત્મક બંને પ્રકારની માહિતીના વિશ્લેષણમાં ઉપયોગી છે. ઘણીવાર માહિતી ખૂબ જ વિપુલ પ્રમાણમાં મળતી હોવાથી આ પદ્ધતિ દ્વારા જરૂરી અને સચોટ માહિતી સરળતાથી મળી રહે છે અને બિનઉપયોગી માહિતીને દૂર કરી શકાય છે.*

*આ પદ્ધતિ જાહેર અભિપ્રાય, ભાષા અને વિચારોમાં સમયાંતરે આવેલા ફેરફારોને સમજી ઐતિહાસિક વલણોને સમજવામાં ઉપયોગી છે. આ પદ્ધતિમાં લેખિત, દૃશ્ય, શ્રાવ્ય એમ વિવિધ સામગ્રીને સરળતાથી સમજવા માટે ઉપયોગી છે. આ પદ્ધતિમાં અન્ય સંશોધકોની માહિતીનો ઉપયોગ કરી તારણોને માન્ય અને મજબૂત રીતે રજૂ કરવામાં મદદ મળે છે.*

*આ પદ્ધતિ કેટલીક મર્યાદાઓ પણ ધરાવે છે. જે ઉદ્દેશ્યથી લખાણ લખવામાં આવ્યું હોય તેનાથી જુદું અર્થઘટન થાય તો મુશ્કેલી થઈ શકે છે. સામગ્રીનું વર્ગીકરણ અને કોડિંગ યોગ્ય રીતે ન થાય તો ખોટા અર્થઘટનના પ્રશ્નો ઉદ્‌ભવે છે. કોડિંગ યોજના વિકસાવવી, કોડર્સને તાલીમ આપવી તેમજ ખૂબ વિશાળ માહિતીનું વિશ્લેષણ ખૂબ જ સમય અને શ્રમ માગી લે છે. આ પદ્ધતિમાં સામગ્રીની ઉપલબ્ધતા અને ગુણવત્તા પર બધો આધાર રહેલો છે. જે સમગ્ર અધૂરી કે પક્ષપાતી હોય તો પરિણામ ખોટા મળે છે. ઘણીવાર માહિતી એટલી મોટી હોય કે બેવડાતી હોય ત્યારે તારણો ઓળખવા અને અર્થપૂર્ણ તારણો કાઢવા પડકારરૂપ બને છે. ઘણીવાર જૂના ગ્રંથો કે સામગ્રીની બાબતમાં ભાષા અને સંકલ્પના બદલાતા અર્થઘટન પડકારરૂપ પ્રક્રિયા બને છે. સંશોધનની વ્યક્તિગત મર્યાદા, પૂર્વગ્રહ પણ મોટો પડકાર બને છે.*

**(4) ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિ**

*ઐતિહાસિક સંશોધનમાં ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિનો ઉપયોગ ગ્રંથાલય, અભિલેખાગાર, મ્યુઝિયમ કે અન્ય જગ્યાએ સંગ્રહાયેલ માહિતીનું વ્યવસ્થિત એકત્રીકરણ, મૂલ્યાંકન અને વિશ્લેષણ કરવામાં આવે છે. ઐતિહાસિક માહિતીને ઊજાગર કરવા, ચકાસવા અને અર્થઘટન કરવા આ પદ્ધતિ ખૂજ જ મહત્ત્વની છે. આ પદ્ધતિમાં લેખન તથા મુદ્રણ બંને પ્રકારના દસ્તાવેજોમાંથી જરૂરી સંશોધનાત્મક માહિતી મેળવી શકાય છે.*

*ઐતિહાસિક માહિતીના પ્રાથમિક અથવા ગૌણ સ્ત્રોત તરીકે પુસ્તક, જર્નલ્સ, હસ્તપ્રતો, અધિકૃત દસ્તાવેજો, વ્યક્તિગત કે જાહેર પત્રવ્યવહાર કે આદેશો અને*

અન્ય લેખિત કે મુદ્રિત સ્ત્રોનોનો ઉપયોગ કરી તેમાંથી હેતુ અને સંશોધન પ્રશ્નો આધારિત મેળવવાની પદ્ધતિ એટલે ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિ. આ પદ્ધતિમાં ઐતહાસિક ઘટના કે બનાવ અંગે પુરાવા ભેગા કરવા, ઐતિહાસિક સંદર્ભો સમજવા અને ઐતહાસિક ઘટના કે બનાવોના યથાયોગ્ય વિસ્તૃત વર્ણન કરવા માટે ગ્રંથાલય અને અભિલેખાગારનો ભરપૂર ઉપયોગ કરવામાં આવે છે. આ પદ્ધતિમાં સૌ પ્રથમ જે ઘટના કે બનાવ વિશે જાણકારી મેળવવી હોય તે અંગે સંશોધન યોજના તૈયાર કરવામાં આવે છે. જેમાં હેતુ અને સંશોધન પ્રશ્નો તૈયાર કરી સંશોધનની દિશા નક્કી કરવામાં આવે છે. ત્યારબાદ જરૂરી પ્રાથમિક કે ગૌણ સ્ત્રોત નિશ્ચિત કરવામાં આવે છે. જેમાં પ્રાથમિક સ્ત્રોત તરીકે પત્રો, ડાયરી, સરકારી દસ્તાવેજો, અધિકૃત ઘોષણાપત્રો કે આદેશો, વર્તમાનપત્રો, ફોટોગ્રાફ, મૂળભૂત હસ્તપ્રતો જે ઘટના કે બનાવના પ્રત્યક્ષદર્શી સાક્ષી હોય તેને પસંદ કરવામાં આવે છે. ગૌણ સ્ત્રોતમાં ગ્રંથ, લેખ, સમીક્ષાત્મક લેખો વગેરે દ્વારા પ્રાથમિક સ્ત્રોતનું વિશ્લેષણ, અર્થઘટન અને વિવેચન કરવામાં આવે છે. આ પ્રકારના દસ્તાવેજો, ગ્રંથાલય, અભિલેખાગાર, મ્યુઝિયમ કે અન્ય ઐતિહાસિક દસ્તાવેજોના સંગ્રહ સ્થાનોમાં મળી શકે છે. હાલમાં આ વિવિધ દસ્તાવેજો વિજાણુ માધ્યમથી ઓનલાઈન મળી શકે છે. હાલમાં વિવિધ ગ્રંથો કે દસ્તાવેજોને ડિઝિટલ બનાવી સંગ્રહ કરવામાં આવે છે જે ઓનલાઈન કે ઓફલાઈન મળી રહે છે. આ દસ્તાવેજોની ચકાસણી કરીને વિશ્વસનીયતા અને ઔચિત્યને સ્થાપિત કરવામાં આવે છે. જેમાં પ્રાપ્તિસ્થાન, લેખક અને દસ્તાવેજના સંદર્ભનો અભ્યાસ કરવામાં આવે છે. ત્યારબાદ હેતુ અને સંશોધન પ્રશ્નો અનુસાર દસ્તાવેજોનો અભ્યાસ કરી માહિતીને વિવિધ શ્રેણીમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જેમાં સ્ત્રોતોને તૈયાર કરનારી ને પૂર્વભૂમિકા, હેતુ અને ઐતિહાસિક સંદર્ભમાં પૂર્વગ્રહ કે દષ્ટિકોણનું વિશ્લેષણ કરવામાં આવે છે. ત્યારબાદ જરૂરી માહિતીનું એકત્રીકરણ, વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે છે. જેમાં સંદર્ભોની માહિતીની વિસ્તૃત નોંધ તૈયાર કરવામાં આવે છે. જરૂરી સંદર્ભસૂચિ, સીધા કોટેશન તથા ચાવીરૂપ નોંધ દ્વારા માહિતીને ગોઠવવામાં આવે છે. ત્યારબાદ કાળક્રમ અનુસાર ગોઠવણી મુજબ માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવે છે. છેલ્લે અહેવાલ લેખન અને પ્રકાશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ રીતે તૈયાર માહિતીનો ભાવિ ઉપયોગ માટે સંગ્રહ પણ કરવામાં આવે છે. આ પદ્ધતિના ફાયદા એ છે કે ઘટના કે બનાવને સમજ યોગ્ય પુરાવા સાથે વ્યાપક બાબતોને સૂક્ષ્મ સ્વરૂપે રજૂ કરે છે અને છેવટે અનેક સ્ત્રોતોના સારરૂપે જરૂરી માહિતી અને પુરાવાનો વ્યાપક અને ઊંડો સંગ્રહ પૂરો પાડે છે. આ પદ્ધતિથી અનેક સ્ત્રોતોમાંથી મળેલ વિવિધ માહિતીની યોગ્ય ચકાસણી થવાથી તેનો ઉપયોગ સરળ થઈ જાય છે. આ માહિતી વિવિધ ઘટનાઓને સમય, સ્થળ અને સ્થિતિના સંદર્ભ સમજવામાં મદદરૂપ થાય છે તેમજ દુલર્ભ સામગ્રી દ્વારા મળેલ માહિતી સરળતાથી પ્રાપ્ત થઈ શકે છે.

ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિના ગુણ અને મર્યાદાની ચર્ચા કરીએ તો પુસ્તકાલય અને દફતર ભંડારમાં પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતનો વિશાળ ભંડાર હોય છે. જે સંશોધન માટે સમૃદ્ધ પાયો પૂરો પાડે છે. આ માહિતી પ્રમાણિત અને સારી રીતે

સચવાયેલી હોય છે. જે વિવિધ સ્ત્રોતોની વિશ્વસનીયતા અને અખંડિતતાને સુનિશ્ચિત કરે છે. દફ્તર ભંડારમાં સમયાંતરે અદ્યતન સંશોધિત દસ્તાવેજો સરળતાથી મળી રહે છે. સંશોધક પોતાની જરૂરિયાત મુજબ જરૂરી સામગ્રી બહોળા પ્રમાણમાં મેળવી શકે છે. જેથી તેની પાસે જરૂરી અને પૂરતી માહિતી પ્રાપ્ત થાય છે. પુસ્તકાલય અને દફ્તર ભંડારમાંથી દુર્લભ અને મૂળ સ્ત્રોત મળી રહે છે. પુસ્તકાલય અને દફ્તર ભંડારમાં નિષ્ણાત વ્યક્તિઓ નિમવામાં આવેલ હોય છે જેની જરૂરી મદદ મળી રહે છે. હવે તો ઘણીખરી લાઈબ્રેરી અને દફ્તર ભંડારના સ્ત્રોત ડિજિટલ સ્વરૂપે સરળતાથી ઉપલબ્ધ થવા લાગ્યા છે.

જો કે આ સાથે પુસ્તકાલય અને દફ્તર ભંડારના ઉપયોગ માટે ભૌગોલિક સ્થાન, સભ્યપદ અને નાજુક સામગ્રીનો ઉપયોગ કરવા સંબંધિત વિવિધ પ્રશ્નો ઊભા થાય છે. અહીં તમામ દસ્તાવેજો ન પણ મળે કે અધુરા કે ભળતા દસ્તાવેજો મળવાનો સંભવ રહે છે. આ દસ્તાવેજની વિશ્વસનીયતા કે આધારભૂતતા માટે સ્ત્રોતના સર્જક અને સંદર્ભનું વિવેચનાત્મક મૂલ્યાંકન સમય અને સૂઝ માગી લે છે. ઘણીવાર દુર્લભ દસ્તાવેજો સરળતાથી નથી મળતા અને તેને ડિજિટલ સ્વરૂપ આપતા સમયે જે તે પ્રકારે દસ્તાવેજ મળે તેનાથી કામ ચલાવી લેવું પડે છે. આ ઉપરાંત આ પ્રકારે સ્ત્રોત મેળવવા લાંબી મુસાફરી, ખર્ચ, લાયબ્રેરી કે દફ્તર ભંડારની ફી, વિશિષ્ટ સાધનો તથા સોફ્ટવેર ખરીદી જેવા પ્રશ્નો ઊભા થાય છે. ઘણીવાર એટલી વિપુલ માત્રામાં માહિતી મળે કે જરૂરી માહિતી રાખી બાકીની જતી કરવામાં મુશ્કેલી પડે છે જ્યારે ઘણીવાર ખૂબ જ ઓછી માહિતી મળે છે.

## 5.3 તમારી પ્રગતિ ચકાસો

**1. નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પ વડે પૂરો.**

(1) ____________ પ્રકારની ઐતિહાસિક સંશોધન પદ્ધતિમાં અવશેષોના આધારે સંશોધન હાથ ધરવામાં આવે છે. (પુરાતત્વીય, મૌખિક, વિષયવસ્તુ વિશ્લેષણ)

(2) ____________ દ્વારા અવશેષોની ઐતિહાસિક ઉંમર નક્કી કરવામાં આવે છે.

(એરીઅલ, રેડિયો કાર્બન ડેટીંગ, પેટ્રોગ્રાફિક)

(3) ભૂતકાળની ઘટનાના સહભાગી લોકો કે સમુદાયો આધારિત ઐતિહાસિક સંશોધન ____________ પ્રકારની પદ્ધતિમાં હાથ ધરવામાં આવે છે. (પુરાતત્વીય, મૌખિક, દસ્તાવેજી)

(4) ____________ પ્રકારની ઐતિહાસિક પદ્ધતિમાં લખાણ, દૃશ્ય, અને શ્રાવ્ય સામગ્રીના આધારે સંશોધન થાય છે.(પુરાતત્વીય, વિષયવસ્તુ વિશ્લેષણ, મૌખિક)

(5) ____________ પ્રકારની ઐતિહાસિક સંશોધન પદ્ધતિમાં ગ્રંથાલય, અભિલેખાગાર, મ્યુઝિયમ વગેરેમાં સંગ્રહાયેલ માહિતીના આધારે સંશોધન હાથ ધરવામાં આવે છે.(મૌખિક, પુરાતત્વીય, ગ્રંથાલય અને દસ્તાવેજી)

**2. અ અને બ વિભાગમાં આપેલી માહિતીની યોગ્ય જોડ બનાવો.**

| A | B |
|---|---|
| 1. *પુરાતત્વીય પદ્ધતિ* | a *લખાણ, દૃશ્ય, શ્રાવ્ય, સામગ્રી* |
| 2. *મૌખિક પદ્ધતિ* | b *ભૌતિક પુરાવા, અવશેષ અને કલાકૃતિઓ* |
| 3. *વિષયવસ્તુ વિશ્લેષણ, પદ્ધતિ* | b *ગ્રંથાલય, અભિલેખાગાર, મ્યુઝિયમ વગેરેમાં સંગ્રહાયેલ માહિતી* |
| 4. *ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિ* | b *ઘટના જોઈ કે અનુભવી હોય તેવા લોકો પાસેથી માહિતી મેળવવી* |

1 _________ 2 ________ 3 ________ 4 ___________ 5 _________

**3. નીચે આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) *મૌખિક સંશોધન પ્રકારની પદ્ધતિમાં ઉત્ખનન દ્વારા સ્તરીય ખોદકામ કરી અવશેષો આધારે માહિતી એકત્રીકરણ કરવામાં આવેલ.*

(2) *ઉત્ખનન દ્વારા મળેલ અવશેષોનું પ્રયોગશાળામાં પેટ્રોગ્રાફિક, ધાતુશાસ્ત્ર અને રાસાયણિક પરીક્ષણ આધારે પરીક્ષણ કરવામાં આવે છે.*

(3) *દસ્તાવેજી પદ્ધતિમાં ઘટનાને જોનાર કે અનુભવનાર લોકો પાસેથી માહિતી એકત્ર કરવામાં આવે છે.*

(4) *વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિમાં લોકો પાસેથી મળેલ માહિતીની સંમતિ અને ગોપનીયતાની કાળજી રાખવામાં આવે છે.*

(5) *મૌખિક પદ્ધતિમાં લખાણ, દૃશ્ય કે શ્રાવ્ય સામગ્રીમાં વર્ગીકરણ દ્વારા માહિતીની તરાહ, અર્થ કે પૂર્વાગ્રહો ચકાસવામાં આવે છે.*

(6) *વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિમાં સંખ્યાત્મક અને ગુણાત્મક વિશ્લેષણ દ્વારા માહિતીની તરાહ, પ્રવાહ, સંબંધો, વિષય, વિચાર, અસર વગેરે અંગે માહિતી મેળવવામાં આવે છે.*

(7) *ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિમાં પ્રાથમિક તથા ગૌણ પ્રકારના સ્ત્રોતોમાંથી માહિતી મેળવી સંશોધન હાથ ધરવામાં આવે છે.*

(8) *હાલમાં વિવિધ રીતે પ્રાપ્ત વિવિધ દસ્તાવેજો અને અન્ય સ્ત્રોતોને ડિઝિટલ માધ્યમમાં સંગ્રહીત કરી શકાતા નથી.*

## 5.4 ઐતિહાસિક માહિતીની તારવણી અને અર્થઘટન

*કોઈપણ પ્રકારના સંશોધનમાં માહિતીની તારવણી અને અર્થઘટન ખૂબ જ મહત્ત્વની પ્રક્રિયા છે. માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. પ્રાપ્ત કરેલ માહિતીની તારવણી કરતી વખતે સ્ત્રોત મુજબનું વર્ગીકરણ, વિષયવાર માહિતીની ગોઠવણી, વિભાગવાર માહિતીનું આયોજન, કાળગણના મુજબ*

*વર્ગીકરણ, ઘટનાના સંદર્ભ પ્રમાણે તારવણી, ભૌગોલિક પરિપ્રેક્ષ્ય મુજબ વર્ગીકરણ, માહિતીના સ્ત્રોતના લક્ષણોને આધારે વિભાજન વગેરે બાબતોનું ધ્યાન રાખવામાં આવે છે. આ રીતે તારવેલ માહિતીનું અર્થઘટન સ્ત્રોતના આધારે પરીક્ષણ, રચયિતાના આધારે મૂલ્યાંકન, પ્રકારના આધારે અર્થઘટન, તુલનાત્મક વિશ્લેષણ, વિવિધ દૃષ્ટિકોણના આધારે મૂલવણી, રૂપરેખા અને તરાહના આધારે મૂલ્યાંકન, કારણ અને પરિણામોની અસરની ચકાસણી, પૂર્વાગ્રહની બાદબાકી, સૂચિત કે ગર્ભિત બાબતોને ધ્યાનમાં લેવી વગેરે પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. જેને આપણે હવે ઊંડાણપૂર્વક જોઈશું.*

**ઐતિહાસિક માહિતીની તારવણી**

*ઐતિહાસિક માહિતીની તારવણી કરતી વખતે સૌ પ્રથમ માહિતીના સ્ત્રોત અનુસાર વર્ગીકરણ કરવામાં આવે છે. જેમાં પ્રાથમિક સ્ત્રોત અને ગૌણ સ્ત્રોત મુજબ માહિતીને અલગ તારવવામાં આવે છે. સંશોધનના હેતુ અને સંશોધન પ્રશ્નો મુજબ મળેલ વિવિધ માહિતીને પ્રાથમિક સ્ત્રોત અને ગૌણ સ્ત્રોત અનુરૂપ વિભાજિત કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ સ્ત્રોતની ઓળખાણ કરવામાં આવે છે. એટલે કે મળેલ તમામ માહિતીમાંથી કઈ માહિતી પ્રથમ કક્ષાના સ્ત્રોત આધારિત છે અને કઈ માહિતી ગૌણ સ્ત્રોત આધારિત છે તે નિર્ધારિત કરવામાં આવે છે. ત્યારબાદ સ્ત્રોતની વિશ્વસનીયતા ચકાસવામાં આવે છે. સ્ત્રોત કેટલો તટસ્થ છે, કોના દ્વારા આલેખાયેલ છે, ક્યારે લખાયેલ છે તે નક્કી કરવામાં આવે છે. સ્ત્રોતનું સંદર્ભ આધારિત માપદંડ નિર્ધારિત કરવામાં આવે છે જેમાં સમય, સ્થિતિ, સ્થળ અને સંજોગો મુજબ યોગ્યતા તપાસવામાં આવે છે. એક જ માહિતી માટે અનેક પ્રકારના સ્ત્રોતમાંથી માહિતી મળેલ હોય છે. જેનું તુલનાત્મક વિશ્લેષણ કરી માહિતીની સંગતતા અને વિસંગતતા શોધી કાઢવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા જરૂરી માહિતીને જરૂર મુજબ યોગ્યતા ક્રમ આપી તારવવામાં આવે છે. આમ માહિતી તારવણીમાં સૌ પ્રથમ મળેલ સ્ત્રોતના પ્રકારના આધારે માહિતીની તારવણી કરવામાં આવે છે.*

*આ ઉપરાંત ઐતિહાસિક માહિતીનું સ્ત્રોતોના લક્ષણોના આધારે તારવણી કરવામાં આવે છે. આ પ્રક્રિયા માહિતી અર્થઘટનને સરળ બનાવવા માટે ખૂબ જ ઉપયોગી અને મહત્ત્વની છે. આ પ્રક્રિયા માહિતીની સચોટ અને વિશ્વસનીય તેમજ આધારભૂત સમજ માટે અનિવાર્ય છે. આ પ્રક્રિયામાં પ્રાથમિક તથા ગૌણ સ્ત્રોતની સાથે સાથે મુખ્ય સ્ત્રોત અને સહાયક સ્ત્રોતની ઓળખ કરવામાં આવે છે. આ પ્રક્રિયામાં સ્ત્રોતના રચયિતા કે સર્જકની ઓળખ, સ્ત્રોતનો રચનાકાળ, સ્ત્રોતનું લક્ષ્ય કે ઉદ્દેશ વગેરેના આધારે સ્ત્રોતોની વિશ્વસનીયતા* (Reliability)*નું મૂલ્યાંકન અને તારવણી કરવામાં આવે છે. આ સાથે જ સ્ત્રોતોમાં રહેલ દૃષ્ટિકોણ અને તટસ્થતાની પણ ખાતરી કરવામાં આવે છે. જેમાં પરિપ્રેક્ષ્ય કે દૃષ્ટિકોણ જેમ કે સામાજિક, ધાર્મિક, રાજકીય માન્યતાનો પ્રભાવ અને દૃષ્ટિકોણ અને તટસ્થતામાં સ્ત્રોતની ભાષા, શૈલી અને અભિપ્રાયની ખાતરી કરીને તારવણી કરવામાં આવે છે. આ સમયે તારવણી કરતી વખતે માહિતી અને સ્ત્રોતની સામ્યતા* (Corroboration) *પણ તપાસવામાં*

આવે છે. જેમાં માહિતીનું સંકલન અને સામ્યતા તથા વિસંગતતાના આધારે તારવણી કરવામાં આવે છે. સ્ત્રોતની પ્રસ્તુતિ અને માળખા (Presentaion & Format) મુજબ તારવણી કરતી વખતે ભાષા અને વ્યાખ્યાની સમજૂતી (એટલે કે વાચનાર માટે કેટલી સુગમ છે) તેમજ સ્ત્રોતનું આંતરિક માળખું (એટલે કે વૈચારિક પ્રસ્તુતિ અને મુદ્દાઓની માહિતી) મુજબ તારવણી કરવામાં આવે છે.

ઐતિહાસિક સંશોધનમાં ઉપરોક્ત પ્રક્રિયા બાદ વિષય મુજબ માહિતીની તારવણી કરવામાં આવે છે. જેમાં સૌ પ્રથમ માહિતીને વિષયવાર વર્ગીકૃત કરવામાં આવે છે. આ વર્ગીકરણ સંશોધનના હેતુ અને પ્રશ્નોને અનુરૂપ મહત્ત્વની ઘટના, લોકો, સંજોગો, તવારીખ વગેરેને ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. આ પ્રકારની તારવણીમાં મળેલ માહિતી કયા પ્રકારના વિષયનું પ્રતિનિધિત્વ કરે છે તે ધ્યાનમાં રાખીને કરવામાં આવે છે. જેમ કે મળેલ માહિતી રાજકીય બાબતોને લગતી છે, આર્થિક અસરો કે નીતિને લગતી છે, સામાજિક-ધાર્મિક-સ્વરૂપ કે સુધારણાને લગતી છે, સાંસ્કૃતિક સ્વરૂપ કે પરિવર્તનોને લગતી છે. આ માહિતી જો વિશાળ સ્વરૂપમાં ઉપલબ્ધ હોય તો તેને વિવિધ પેટા-વિષયોમાં વિભાજિત કરીને તારવણી કરવી જોઈએ. માહિતીને વિવિધ પેટા-વિષય કે ઉપ-વિષય સાથે જોડીને તારવણી કરવાથી અર્થઘટન સમયે સરળતા રહે છે. તારવણી સમયે જ દરેક વિષયની મુખ્ય બાબતોને સારાંશ કે મુદ્દા રૂપે રજૂ કરવામાં આવે તો અર્થઘટન સમયે સમય અને કામ બંનેનો બચાવ થાય છે. જો આ તબક્કે જ ઊંડાણપૂર્વક અભ્યાસ કરીને તારવણી કરવામાં આવે તો ભવિષ્યની પ્રક્રિયા ખૂબ જ સરળ બની રહે છે.

મળેલ માહિતીની તારવણી વિભાગ કે શ્રેણી મુજબ કરી શકાય. જેમાં વિવિધ મુખ્ય અને પેટા વિભાગોમાં તારવણી કરવી જોઈએ. જેમ કે મળેલ માહિતી રાજકીય, વહીવટીતંત્ર, આર્થિક ક્ષેત્ર, સામાજિક ક્ષેત્ર, ધાર્મિક ક્ષેત્ર, કલા, સાહિત્ય, શિક્ષણ, સંસ્કૃતિ કે શિલ્પ-સ્થાપત્યને લગતી વિગતો ધરાવતી હોય તો તેને આ પ્રકારે તારવીને છુટી પાડવામાં આવે છે. આ સાથે ઘણીવાર માહિતી ચેક કરતા વધારે વિભાગો કે શ્રેણીનું પ્રતિનિધિત્વ કરતી હોય છે તો તેની તારવણી એ રીતે કરવી જોઈએ કે અર્થઘટન સમયે સરળતાથી ધ્યાન પર આવે. માહિતીની તારવણી સમયે સમય કે કાળગણના (Chronological) ને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. સામાન્ય રીતે ઐતિહાસિક ઘટનાઓને પ્રાચીન, મધ્યયુગ, આધુનિક યુગ અને સમકાલીન સમયમાં વહેંચવામાં આવે છે. જો સમયગાળો વિશિષ્ટ મહત્ત્વ ધરાવતો હોય તો તેની ચોક્કસ સમયસીમા નક્કી કરવામાં આવે છે. જેમ કે 16 મી સદી કે 18 મી સદી. સ્ત્રોતોને ઘટનાક્રમ મુજબ સમય પ્રમાણે ક્રમબદ્ધ તારવવામાં આવે છે અને સમયગાળાની અંદર ઘટેલી ઘટનાઓને અનુક્રમણિકા (Timeline) મુજબ ગોઠવી શકાય. દા.ત. જો મધ્યકાલીન ભારતની વાત હોય તો દિલ્હી સલ્તનત, મુઘલ સામ્રાજ્ય, મરાઠા સામ્રાજ્ય એ રીતે તેમજ 18 મી સદીમાં મરાઠાઓના યુદ્ધ (1775-1782) એ રીતે ઘટનાઓ મૂકી શકાય. સમયગાળામાં પણ મહત્ત્વપૂર્ણ ઘટના, કારણ, અસર એ રીતે સ્ત્રોતોની તારવણી કરવામાં આવે છે. આ તારવણી એવી રીતે કરવી જોઈએ જેથી વિશિષ્ટ સમયગાળાની સાથે સાથે તેના અગાઉ કે પાછળના સમયગાળાની સરળતાથી

તુલના કરી શકાય. આ સમયગાળામાં પ્રવર્તમાન પરિબળો જે ઘટનાને પ્રભાવિત કરતા હોય અને પરિણામો જે ઘટનાને અસર કરતા હોય તેની પણ તારવણી કરવામાં આવે છે.

માહિતીની તારવણી ઘટનાના સંદર્ભમાં પણ કરવામાં આવે છે. જેમાં જે તે ઘટના સંબંધિત માહિતીની તારવણી કરવાની હોય તે ઘટના, સમયગાળો, સ્થિતિ વગેરેને ધ્યાનમાં રાખવામાં આવે છે. ઘટનાનો સંદર્ભ કોઈ એક અથવા વધુ હોય શકે. જેમ કે ઘટનાને સામાજિક સંદર્ભે અસર કરતા પરિબળોમાં સમાજ, સમાજની રચના, જનસંખ્યા, સમુદાય, ધર્મની અસર વગેરે બાબતો મહત્ત્વની છે. આ જ રીતે રાજકીય સંદર્ભ હોય તો રાજા કે નેતા, અન્ય રાજ્ય સાથેના સંબંધ, યુદ્ધ કે બળવો જેવી બાબતો અસર કરતી હોય છે. આર્થિક અને સાંસ્કૃતિક સંદર્ભમાં જોઈએ તો અનુક્રમે આર્થિક સ્થિતિ, વેપાર-વાણિજ્યનો વિકાસ, વિદેશ વ્યાપારની અસર, સંપત્તિ, સંપત્તિનું વિતરણ, આર્થિક નીતિઓ તેમજ કલા અને કલાદૃષ્ટિ, સાહિત્ય, સાહિત્ય પરની અસરો, સ્થાપત્ય, તહેવારના પ્રકાર અને હેતુ વગેરે બાબતો અસર કરતી હોય છે. એટલે આ પ્રકારે તારવણી કરતી વખતે ભૌગોલિક સંદર્ભ જેમ કે સ્થળ, ભૌગોલિક પરિબળો અને તેની અસર તપાસવા જોઈએ. આંતરરાષ્ટ્રીય સંદર્ભમાં અન્ય દેશો સાથે સંબંધ, સ્થળાંતર, વિદેશ નીતિ જેવી બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ. આ જ રીતે માહિતી તારવણી સમયે ઘટનાના સંદર્ભમાં કાર્યકારણ સંબંધ અને ટૂંકા તેમજ લાંબાગાળાના પરિણામ અને તેની અસરકારકતાને ધ્યાનમાં લેવી જોઈએ. માહિતીની તારવણી સમયે સંદર્ભનો સમગ્ર સમયગાળો અને પરિસ્થિતિ તથા અન્ય માહિતી સાથેના જોડાણને પણ ધ્યાનમાં લેવું જોઈએ.

માહિતી તારવણી સમયે ભૌગોલિક પરિપ્રેક્ષ્ય (Geographical Context) ને ધ્યાનમાં રાખવામાં આવે છે. જેમાં ભૌગોલિક વિસ્તારની ઓળખ (ઘટના પહેલા ભૌગોલિક વિસ્તાર, ઘટના સમયે ભૌગોલિક વિસ્તાર અને ઘટના પછી ભૌગોલિક વિસ્તારમાં આવેલ પરિવર્તન) જરૂરી છે. પ્રદેશ અને દેશ સમયગાળા તેમજ રાજકીય પરિપ્રેક્ષ્યમાં બદલાયા કરે છે. દા.ત. ગુજરાતની વાત કરીએ તો પ્રાચીનકાળ અને મધ્યકાલમાં ભૌગોલિક ઓળખ બદલાય જાય છે. દિલ્હી સલ્તનત કે મુઘલ સામ્રાજ્યના સમયે પ્રાંત તરીકેનું ગુજરાત નબળા શાસકોના સમયે સ્વતંત્ર રાજ્ય બને છે. આ જ રીતે ઘટના પર અસર કરનાર ભૌગોલિક સ્થિતિ એટલે કે દેશ, પ્રદેશ, નદી, પર્વત, બંદર, સમુદ્ર વગેરે મહત્ત્વના પરિબળો છે.

ભૌગોલિક પરિસ્થિતિની સાથે સાથે ભૌગોલિક રચના, હવામાન, આબોહવા જેવા પરિબળોને સમજવા જરૂરી છે. આમ માહિતીની તારવણી સમયે ભૌગોલિક સ્થાનનો રાજકીય, આર્થિક, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પરિબળો સાથેનો સંબંધ, ઉપલબ્ધ સંસાધનો, રહેતા લોકો (જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંસ્કૃતિ, પરંપરા વગેરે)નું ધ્યાન રાખવું જરૂરી છે. ભૌગોલિક ઘટનાઓની અસર (ભૂકંપ, સુનામી, કુદરતી આપત્તિઓ) વેપાર-વાણિજ્યમાં ભૌગોલિક અનુકૂળતા (રસ્તા માર્ગ, નદી માર્ગ, બંદર, દરીયાઈ માર્ગ) સીમા, સરહદો અને સંઘર્ષ (રાજ્યો વચ્ચેના વિવાદ, દેશો

*વચ્ચેના વિવાદ, પાડોશી રાજ્યો સાથેના સંબંધ) વિદેશ સાથેના સંબંધો (મિત્ર રાજ્યો અને શત્રુ રાજ્યો) વિશ્વમાં બનતી ઘટનાની અસર (યુદ્ધ, જૂથવાદ, પાંડવાદ) માહિતીની તારવણી સમયે ધ્યાનમાં રાખવા જોઈએ. ઈતિહાસકારે કે સંશોધકે માહિતી તારવણી સમયે હંમેશા ધ્યાનમાં રાખવું જોઈએ કે ભૌગોલિક ફેરફાર અને તેની અસર ઘટનાને પ્રભાવિત કરે છે.*

*માહિતીની તારવણી સમયે વિશ્લેષણને પણ ધ્યાનમાં લેવામાં આવે છે જેના કારણે માહિતી અર્થઘટન અને લેખનમાં સરળતા રહે છે. જેમાં આ મુજબની બાબતોને ધ્યાનમાં રાખીને માહિતીની તારવણી કરવામાં આવે છે. માહિતી સંગ્રહ (મુખ્ય ઘટનાઓની ઓળખ અને તેના આધારે સ્ત્રોતોનું સંકલન) માહિતી વર્ગીકરણ (મુખ્ય મુદ્દા, વિષય, વિભાગ આધારે વર્ગીકરણ), માહિતી વિશ્લેષણ (કારણ-પરિણામ, વિચાર અને વિચારસરણી, પરિવર્તન અને સાતત્યને આધારે) વિગતો અને સાક્ષીઓનું મૂલ્યાંકન (સ્ત્રોતોની તટસ્થતા, સાક્ષ્યને જોડવાની રીત વગેરે) પોતાનો દૃષ્ટિકોણ (સંબંધિત દૃષ્ટિકોણ અને વૈકલ્પિક દૃષ્ટિકોણ).*

*આમ ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં રાખીને માહિતીની તારવણી કરવાથી માહિતી અર્થઘટન અને લેખનમાં સરળતા રહે છે.*

*માહિતીના તારવણી સમયે માહિતીનું કોડિંગ* (Coding) *આધારે તારવણી ખૂબ જ ફાયદાકારક રહે છે. આ એક પ્રકારની ગુણાત્મક વિશ્લેષણની પદ્ધતિ છે જેમાં માહિતીને વિષય* (Themes) *તરાહ* (Patterns) *વગેરેના આધારે વિવિધ કોડ આપવામાં આવે છે* (Label of Categories. *જેમાં સ્ત્રોતોમાંથી મળતી માહિતીને સ્ત્રોતોના પ્રકાર અને સ્વરૂપ આધારિત કોડિંગ આપવામાં આવે છે. કોડિંગ યોજના* (Coding Scheme)*માં કોડના ઉપયોગનું આયોજન કરવામાં આવે છે. આ આયોજન વિષયવસ્તુ અને માહિતીના લક્ષણોને આધારે કરવામાં આવે છે. જેમાં મુખ્ય કોડ્સ* (Primary Codes) *અને ઉપકોડ્સ* (Sub Codes)*ને આધારે માહિતીની તારવણી કરવામાં આવે છે. કોડિંગ પ્રક્રિયા* (Coding Process)*માં માહિતીને જુદા જુદા ભાગોમાં વહેંચી (પંક્તિ, ફકરો, સંવાદ)ને કોડ્સ આપવામાં આવે છે. કોડિંગ પ્રક્રિયા દરમ્યાન તે કોડ્સ વધુ વાર જોવા મળે તેને આધારે તરાહ* (Patterns) *નક્કી કરવામાં આવે છે. આ કોડ્સને પછી જૂથોમાં વર્ગીકૃત કરવામાં આવે છે. જેના આધારે વિષય* (Themes) *અને તરાહ* (Patterns)*ને ઓળખી શકાય છે. આ રીતે તૈયાર થયેલ કોડ્સને આધારે માહિતીની તારવણી બાદ તેના અર્થઘટન, સ્પષ્ટીકરણ અને લેખનમાં ખૂબ જ સરળતા પડે છે. આ બાબતે ઉદાહરણ દ્વારા સમજીએ. દસ્તાવેજ*-1 *રાજા* X *ની રાજનીતિ, દસ્તાવેજ*-2 *રાજા* Y *ની વહીવટી નીતિ, દસ્તાવેજ*-3 *રાજા* 2 *ની લશ્કરી વ્યવસ્થા. આપણે હવે દસ્તાવેજ* A *ને કોડ* A, *દસ્તાવેજ* 2 *ને* B *અને દસ્તાવેજ* 3 *ને* C *કોડ આપીએ.*

*માહિતીના સંગ્રહ અને તારવણી વખતે* Code A, Code B*અને* Code C *માં રહેલી માહિતી આ રીતે મળે.* Code A – *રાજા* X*ની ન્યાયપ્રિયતા,* Code B - *રાજા* Y*નું મંત્રીમંડળ અને તેના કાર્ય,* Code C - *રાજા* 2 *ના યુદ્ધ અને વિજયોની માહિતી મળે*

છે. હવે માહિતીની તારવણી બાદ અર્થઘટન સમયે દસ્તાવેજ 1અને 2, દસ્તાવેજ 1-3, દસ્તાવેજ 2 અને 3વચ્ચેના સંબંધો સરળતાથી સ્થાપિત કરી શકાય છે.

**ઐતિહાસિક માહિતીનું અર્થઘટન**

ઐતિહાસિક માહિતીની તારવણીનું કાર્ય પૂર્ણ થયા બાદ અર્થઘટન કરવાની પ્રક્રિયા શરૂ થાય છે. ઐતિહાસિક સંશોધનની આ સૌથી મહત્ત્વની અને પાયાની પ્રક્રિયા છે. જેમાં માહિતીના અર્થઘટનના આધારે જ સંશોધનના હેતુ અને પ્રશ્નોના આધારે લેખનકાર્ય હાથ ધરવામાં આવે છે. માહિતીના અર્થઘટનમાં સ્ત્રોતને ધ્યાનમાં લેવામાં આવે છે. જેમાં પ્રાથમિક સ્ત્રોતમાંથી મળતી માહિતીને પ્રાધાન્ય આપવામાં આવે છે. આ સાથે સ્ત્રોતના રચયિતા, સમયગાળો, વિવિધ પ્રકારના દૃષ્ટિકોણ, જે તે સમયની પરિસ્થિતિ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને અર્થઘટન કરવામાં આવે છે. અર્થઘટન સમયે રચયિતાના દૃષ્ટિકોણ, અવલોકન, નિષ્પક્ષતાની છણાવટ કરવી જરૂરી છે. આ સાથે સ્ત્રોતનો ઉદ્દેશ્ય મુખ્ય ઘટના, વ્યક્તિઓ, વિચાર, વર્ણવાયેલ દૃશ્યો, શબ્દો, સંદેશા ને અનુમાન અને ક્રોસ ચેકીંગ સાથે સ્પષ્ટ કરીને અર્થઘટન કરવામાં આવે છે.

ઐતિહાસિક માહિતીના અર્થઘટન સમયે માહિતીના રચયિતાની ઓળખ તે કયા પ્રકારની પરિસ્થિતિ (રાજકીય, સામાજિક, આર્થિક, ધર્મ)માં માહિતી રચી રહ્યો છે તે ધ્યાનમાં લેવું જરૂરી છે. આ સાથે રચયિતાનો હેતુ કયા પ્રકારના લખાણ કે માહિતી આપવાનો છે તે સ્પષ્ટ કરવું જરૂરી છે. આ સાથે રચયિતાનો દૃષ્ટિકોણ, તે કોનાથી પ્રભાવિત જોવા મળે છે, તેની લેખન શૈલી, તેની શૈક્ષણિક અને બૌદ્ધિક પૃષ્ઠભૂમિ આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને અર્થઘટન કરવું જોઈએ. ઐતિહાસિક માહિતીના અર્થઘટન સમયે માહિતીના પ્રકાર અને વિષયને ધ્યાનમાં લેવું જરૂરી છે. આ માટે સ્ત્રોતની માહિતી કયા પાયા પર પ્રકાશ પાડે છે તે જોવામાં આવે છે. જેમ કે સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક, સાંસ્કૃતિક વગેરે. આ પ્રકારે અર્થઘટન કરવા માટે વિષયવસ્તુ વિશ્લેષણ અને પાઠ્ય વિવેચન કરવું જરૂરી છે. જેના આધારે માહિતીની ગુણવત્તા અને અસરકારકતાનો ખ્યાલ આવે છે.

માહિતીના અર્થઘટન સમયે માહિતીની પૂર્વભૂમિકા અને હેતુને ધ્યાનમાં રાખવા જરૂરી છે. જેના દ્વારા ઘટનાની વ્યાપક અને ઊંડાણથી સમજ મળે છે. માહિતીની પૂર્વભૂમિકા આધારે તેનો સમયગાળો અને પરિસ્થિતિ બંનેની સમજ કેળવાય છે અને હેતુના આધારે તેની રચના પાછળના કારણો અને સ્થિતિ બંનેનો ખ્યાલ આવે છે. ઘણીવાર પ્રથમ દૃષ્ટિએ માહિતી પ્રથમ કક્ષાની અને ઉપયોગી લાગતી હોય છે. પરંતુ આ રીતે મૂલ્યાંકન કરતા ખરેખર ઉપયોગી છે કે બનાવટી છે તેની સંકલ્પના સ્પષ્ટ થાય છે. ઘણીવાર માહિતી છેતરવા માટે કે ભ્રમમાં નાખવા માટે પણ સર્જાયેલ હોય છે. આ પ્રકારે માહિતીની તુલના પણ શક્ય બને છે અને ક્રોસ ચેકીંગ દ્વારા તેની વિશ્વસનીયતા અને તટસ્થતા અંગે ખાતરી પણ કરી શકાય છે.

માહિતીના અર્થઘટન સમયે તુલનાત્મક વિશ્લેષણ પણ ખૂબ જરૂરી છે. જેમાં માહિતીની વિવિધ દૃષ્ટિકોણ સાથે તુલના કરી સમજ સ્પષ્ટ કરવામાં આવે છે. આ પ્રકારે તુલના કરવા બે પ્રકારની પદ્ધતિથી તુલના કરવામાં આવે છે. સમાનત્વ

(Similarities) *અને ભિન્નતા* (Difference) *આ સાથે સાથે સંદર્ભ* (Context) *અને અનુસંધાન* (Consistency) *પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. અહીં આપણને વિવિધ પ્રકારના દૃષ્ટિકોણથી ઘટના કે બનાવને સમજવાની તક મળે છે. આ દૃષ્ટિકોણને સમજવા માટે પ્રતિસાદ અને અસરો* (Response & Effects)*નો ઉપયોગ કરવામાં આવે છે. વળી, દૃષ્ટિકોણની તુલના તુલનાત્મકતા* (Comparative), *સંદર્ભિય* (Contextual) *અને તરાહની શોધ* (Pattern Identification) *દ્વારા કરવામાં આવે છે. આ પ્રક્રિયાને અંતે માહિતીનું એકીકરણ અને વિશ્લેષણ કરીને અર્થઘટન કરવામાં આવે છે.*

*માહિતીના અર્થઘટન સમયે તરાહ અને રૂપરેખાને ધ્યાનમાં રાખીને મૂલ્યાંકન કરવામાં આવે છે. જેમ કે ઘટનાની તરાહ પ્રાકૃતિક છે કે માનવસર્જિત છે. ઘટના કયા પ્રકારની અસરો ઉપજાવે છે તે પણ સમજવું જરૂરી છે. આથી માહિતીને રૂપરેખાના આધારે શરૂઆત, મધ્યવર્તી અને અંત એમ ત્રણ તબક્કામાં વહેંચીને સમજવામાં આવે છે. આ સાથે માહિતીના અર્થઘટનમાં કારણ વિકાસ અને પરિણામને પણ ધ્યાનમાં લેવામાં આવે છે. જેમ કે માહિતી આધારે ઘટના કે બનાવના કારણો, ઘટનાનો વિકાસ અને પરિણામની સમજ કેળવવામાં આવે છે. આ પ્રકારની પ્રક્રિયાને પ્રાસંગિક વિશ્લેષણ* (Event Analysis) *તરીકે પણ ઓળખવામાં આવે છે.*

*માહિતીના અર્થઘટન સમયે અન્ય બે બાબતો ધ્યાનમાં રાખવી ખૂબ જરૂરી છે. પ્રથમ પૂર્વાગ્રહને સમજવો. જેમાં લેખકનો પૂર્વાગ્રહ, સ્થિતિ મુજબ પૂર્વાગ્રહ (રાજકારણ, સમાજ, સંસ્કૃતિ વગેરે) તેમજ લેખનની પ્રણાલિ મુજબ પૂર્વાગ્રહની સમજ કેળવી શકાય છે. પૂર્વાગ્રહને ઓળખવા માટે મૂલ્યાંકન અને વિશ્લેષણની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. સાથે સાથે પૂર્વાગ્રહને દૂર કરવાની પદ્ધતિ પણ સમજીને ઉપયોગમાં લેવામાં આવે છે. જેમકે વિવિધ દૃષ્ટિકોણના અભ્યાસ દ્વારા પૂર્વાગ્રહની સમજ, વિશ્વસનીય સ્ત્રોત સાથે ક્રોસ ચેકીંગ કરીને પૂર્વાગ્રહની સમજ તથા દસ્તાવેજોની તુલના કરીને પૂર્વાગ્રહની સમજ કેળવવામાં આવે છે.*

*દ્વિતીય બાબત જે ધ્યાનમાં રાખવાની છે તે છે માહિતીમાં છુપાયેલ પરોક્ષ કે ગર્ભિત માહિતી* (Explicit or Implicit)*ની સમજ, સૂચિત માહિતી સ્ત્રોતમાંથી સીધી જ મળી રહે છે પરંતુ ગર્ભિત કે પરોક્ષ માહિતી સીધી જણાવેલ હોતી નથી. આ માટે સંશોધકે ધીરજ અને ખંતથી માહિતીને સમજવી પડે છે. આવી માહિતી કેટલી સંકલ્પનાઓ, સંદર્ભ કે વ્યાખ્યામાં છુપાયેલ હોય છે. સંશોધકે આ પ્રકારની માહિતીનો પણ માહિતી અર્થઘટનમાં સમાવેશ કરવો જોઈએ.*

## 5.5 તમારી પ્રગતિ ચકાસો

**1. નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પની મદદથી પૂરો.**

(1) *માહિતીની તારવણી કરતી વખતે ____________ અનુસાર વર્ગીકરણ કરવામાં આવે છે.* *(સ્ત્રોત, ઈતિહાસકારનો હોદ્દો, સંસ્થા)*

(2) _____________આધારે માહિતીને તારવવા વર્ષ, દશક, સતક, યુગ એવા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

(કાળગણના, ભૌગોલિક પરિપ્રેક્ષ્ય, સ્ત્રોતોના લક્ષણ)

(3) _____________આધારે માહિતીને તારવવા શહેર, પ્રદેશ, દેશ એવા વિભાગોમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

(કાળગણના, સ્ત્રોતોનો પ્રકાર, ભૌગોલિક પરિપ્રેક્ષ્ય)

(4) માહિતીના અર્થઘટન સાથે સાધનના વિષય અને સંદર્ભને ધ્યાનમાં લઈ _____________ પ્રકારનું અર્થઘટન કરવામાં આવે છે.

(સ્ત્રોતનું સ્વરૂપ, સ્ત્રોતના રચયિતા, સ્ત્રોતનો પ્રકાર)

(5) માહિતીના અર્થઘટનમાં પૂર્વાગ્રહોની ઓળખ માટે _____________ જરૂરી છે. (માહિતીનું લખાણ, માહિતીનું ક્રોસ ચેકીંગ, માહિતીનું સ્વરૂપ)

**2. નીચે આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) ઐતિહાસિક માહિતીની તારવણીમાં સૌ પ્રથમ સ્ત્રોત મુજબ વર્ગીકરણ કરવામાં આવે છે.

(2) ઐતિહાસિક માહિતીની તારવણી વખતે તે કયા વિષયને લગતી છે તેમાં વર્ગીકરણ કરવાની જરૂર રહેતી નથી.

(3) ઐતિહાસિક માહિતીનું અર્થઘટન તુલનાત્મક વિશ્લેષણ દ્વારા કરવામાં આવે છે.

(4) ઐતિહાસિક માહિતીના અર્થઘટન સમયે ઘટનાની તરાહ કે રૂપરેખાને સમજવાની જરૂર નથી.

(5) ઐતિહાસિક માહિતીનાં ઘણા ખરા પૂર્વાગ્રહો હોવાની શક્યતા છે.

## 5.5 સારાંશ

પ્રસ્તુત પ્રકરણમાં આપણે ઈતિહાસ સંશોધનની પદ્ધતિ અને ઉપકરણના ભાગરૂપે પુરાતાત્વિક પદ્ધતિ, મૌખિક પદ્ધતિ, વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ, ગ્રંથાલય અને દસ્તાવેજી પદ્ધતિનો અર્થ, ઉપયોગ, સોપાન, લાભ અને મર્યાદાની ચર્ચા કરી છે. ઐતિહાસિક સંશોધનની તમામ પદ્ધતિના ઉપયોગ માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્યોની જાણકારી હોવી જરૂરી છે. આ પદ્ધતિઓ વાંચવા માત્રથી આવડી જતી નથી. તેના માટે માર્ગદર્શક અને તજજ્ઞો કે વિદ્વાનો પાસેથી યોગ્ય તાલીમ તેમજ મદદ લેવી અનિવાર્ય છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે વિવિધ પ્રકારો, વિવિધ સ્ત્રોતમાંથી પ્રાપ્ત કરેલી માહિતીની તારવણી કરવાની પ્રક્રિયા અને તેના આધારે માહિતીનું અર્થઘટન કરવાની પ્રક્રિયાની સમજ કેળવી. આ પ્રક્રિયા દ્વારા સંશોધકના સંશોધનના હેતુ અને અભ્યાસ પ્રશ્નોના સંદર્ભે જરૂરી માહિતી સ્પષ્ટ થઈ ગઈ હોય છે. હવે આ માહિતીને હેતુઓ અને સંશોધન પ્રશ્નોના ક્રમમાં ગોઠવીને લેખનકાર્ય કરવાનું ખૂબ સરળ બની

*જાય છે. આગળના પ્રકરણમાં આપણે સંશોધન સમસ્યાની પસંદગી અને વ્યાખ્યા અંગેની સમજ કેળવીશું.*

## 5.6 ચાવીરૂપ શબ્દો

**સ્તરશાસ્ત્ર અને ટાઈપોલોજી** *ભૂતકાળમાં માનવપ્રવૃત્તિ અને પર્યાવરણીય ફેરફાર તેમજ ઘટનાઓના કાળક્રમને સમજવા માટી, કાંપ કે ખડકના સ્તરનો અભ્યાસ અને અર્થઘટન કરતા શાસ્ત્રને સ્તરશાસ્ત્ર કહે છે. ટાઈપોલોજી પુરાવાઓના વર્ગીકરણ માટે ઉપયોગી પદ્ધતિ છે. જેમાં પુરાવાઓને આધાર, શૈલી અને સામગ્રીના આધારે વર્ગીકૃત કરીને કાળક્રમ મુજબ સમજવામાં આવે છે.*

**માહિતીનું ડેટીંગ** *મળેલ અવશેષોમાં ચોક્કસ વય જાણવાની પદ્ધતિને કે ડેટીંગ કહે છે. જેમાં રેડિયોકાર્બન (કાર્બનિક પદાર્થ, ડેન્ડ્રોક્રોનોલોજી (વૃક્ષના વલય) અને થર્મોલ્યુમિનેસેન્સ (માટીના વાસણો કે ખનીજો) જેવી પદ્ધતિ ઉપયોગમાં લેવાય છે.*

**માહિતીનું કોડીંગ** *સ્ત્રોતોને વર્ગીકૃત કરી યોગ્ય રીતે ગોઠવવાની પદ્ધતિને માહિતીનું કોડીંગ કહે છે. જેમાં થેમેટીક કોડીંગ (વિષય મુજબ), કાલક્રમિક કોડીંગ (સમયગાળો), વિશ્લેષણાત્મક કોડીંગ (પૂર્વગ્રહરહીત-વિશ્વસનીયતા જાણવા) એમ ત્રણ પ્રકારે કોડીંગ કરવામાં આવે છે.*

**માહિતી તારવણી** *અનેક સ્ત્રોતોમાંથી મળેલ માહિતીને અર્થઘટન અને લેખનકાર્ય કરતા પહેલા તારવવાની પ્રક્રિયા, જેમાં વિવિધ પ્રકારની માહિતીને સંશોધનના હેતુ અને પ્રશ્નોના આધારે વિવિધ વિભાગ અને શ્રેણીમાં તારવીને જુદી કરવામાં આવે છે.*

**કાળગણના (Chronology)** *એક પછી એક બનતી ઘટનાઓને સમયક્રમ અનુસાર ગોઠવવાની પદ્ધતિને કાળગણના કે* Chronology *કહે છે. આ પદ્ધતિમાં ઘટના કે તારીખોને ક્રમબદ્ધ કરવામાં આવે છે. જેના આધારે સમયરેખાની સ્પષ્ટ સમજ કરેળવી શકાય છે. આ રીતે ઘટનાઓને વિકાસ અને સંદર્ભને ધ્યાનમાં રાખીને સરળતાથી સમજી શકાય છે. તે કારણ વિકાસ અને પરિણામને સમજવા માટે અગત્યનુ છે.*

**માહિતીની તરાહ** *માહિતી તરાહ એટલે ઘટના કે બનાવના આયોજન,*

*વિવેચન અને રજૂઆતની પદ્ધતિ, ચોક્કસ સમયગાળાના સંદર્ભમાં ઘટનાના લક્ષણોની સમજ અને સમય, સ્થળ અને સ્થિતિને સંદર્ભમાં સમજવાની પદ્ધતિ. આ તરાહ વિવિધ પ્રકારની જોવા મળે છે. જેમકે સમય, વિષયવસ્તુ, ભૌગોલિક સ્થિતિ, કારણ-પરિણામ અને તુલના.*

**માહિતી અર્થઘટન** *વિવિધ સ્ત્રોતમાંથી મળેલ માહિતીની તારવણી કર્યા બાદ સંશોધનના હેતુ અને પ્રશ્નોના આધારે લેખનકાર્ય સરળતાથી કરવા માટે માહિતીનું અર્થઘટન કરવામાં આવે છે. જેમાં પ્રથમ માહિતી જેની તારવણી થઈ છે તેને વિવિધ સંદર્ભોથી સમજવામાં આવે છે. આ અર્થઘટનની પ્રક્રિયા બાદ સંશોધક સરળતાથી લેખનકાર્ય કરી શકે છે. માહિતી અર્થઘટન પ્રક્રિયામાં જ જરૂરી વધારાની કે બિનજરૂરી માહિતીની સમજ કેળવાય હોવાથી સંશોધક લેખનકાર્ય મુશ્કેલી વગર કરી શકે છે.*

## 5.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**ખાલી જગ્યા પૂરો**

(1) *પુરાતત્વીય* (2) *રેડિયોકાર્બન ડેટિંગ* (3) *મૌખિક* (4) *વિષયવસ્તુ વિશ્લેષણ*

(5) *ગ્રંથાલય અને દસ્તાવેજી*

**જોડકાં જોડોના ઉત્તર**

1-b 2-d 3-a 4-c

**વિધાન ખરાં છે કે ખોટાંના ઉત્તર**

1- *ખોટું* 2-*સાચું* 3-*ખોટું* 4-*ખોટું* 5-*ખોટું* 6-*સાચું* 7-*સાચું* 8-*ખોટું*

### *ઐતિહાસિક માહિતીની તારવણી અને અર્થઘટન*

**1. ખાલી જગ્યાના ઉત્તર**

(1) *સ્ત્રોત* (2 ) *કાળગણના* (3) *ભૌગોલિક પરિપ્રેક્ષ્ય*

(4) *સ્ત્રોતનું સ્વરૂપ* (5) *માહિતીનું ક્રોસ ચેકીંગ*

**2. વિધાન ખરાં છે કે ખોટાંના ઉત્તર**

1- *સાચું* 2-*ખોટું* 3-*સાચું* 4-*ખોટું* 5-*સાચું*

**બહુવિકલ્પ પ્રશ્નો**

(1) *ભૌતિક પુરાવા, અવશેષો , કલાકૃતિ વગેરે ઐતિહાસિક સંશોધનની કઈ પદ્ધતિ સાથે સંકળાયેલ છે ?*

(a) *મૌખિક* (b) *વિષયવસ્તુ વિશ્લેષણ*

(c) *પુરાતત્વીય* (d) *ગ્રંથાલય અને દસ્તાવેજી*

(2) *નીચેનામાંથી કઈ અવશેષોની ડેટીંગ કરવાની પદ્ધતિ છે ?*

(a) *રેડિયોકાર્બન* (b) *ડેન્ડ્રોકોનોલોજી*

(c) *થર્મોલ્યુમિનેસેન્સ* (d) *તમામ*

(3) *ઐતિહાસિક માહિતીની તારવણી સમયે નીચેનામાંથી કઈ રીતે વર્ગીકરણ કરવામાં આવે છે ?*

(a) *સ્ત્રોત અનુસાર* (b) *વિભાગ અનુસાર*

(c) *ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં* (d) *ઉપરોક્ત તમામ*

(4) *ઐતિહાસિક માહિતીના અર્થઘટન સમયે કઈ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે ?*

(a) *સ્ત્રોતોને આધારે માહિતીનું મૂલ્યાંકન*

(b) *સ્ત્રોતોના રચયિતાના આધારે મૂલ્યાંકન*

(c) *માહિતીનું તુલનાત્મક વિશ્લેષણ* (d) *ઉપરોક્ત તમામ*

## 5.9 સ્વાધ્યાય

**1. નીચે આપેલ પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

(1) *ઈતિહાસ સંશોધનની પદ્ધતિઓ અંગે માહિતી આપો.*

(2) *"ઐતિહાસિક"માં માહિતી તારવણી અને અર્થઘટન અંગે માહિતી આપો.*

**2. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) *ઈતિહાસ સંશોધનની મૌખિક પદ્ધતિ અંગે સમજ આપો.*

(2) *ઈતિહાસ સંશોધનમાં વિષયવસ્તુ વિશ્લેષણ અંગે સમજ આપો.*

(3) *ઐતિહાસિક માહિતી તારવણી કઈ રીતે કરવામાં આવે છે ?*

(4) *ઐતિહાસિક માહિતીના અર્થઘટન સમયે કઈ બાબત ધ્યાનમાં રાખવામાં આવે છે?*

**3. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો.**

(1) *પુરાતત્વીય સંશોધન પદ્ધતિમાં ડેટીંગ કઈ રીતે કરવામાં આવે છે ?*

(2) *ઐતિહાસિક માહિતીની તારવણી કરતી વખતે ભૌગોલિક પરિપ્રેક્ષ્યમાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?*

(3) *માહિતી અર્થઘટન સમયે માહિતીના પ્રકાર મુજબ કયા કયા પ્રકારના વિભાગોમાં વર્ગીકરણ કરવામાં આવે છે ?*

## 5.10 સંદર્ભગ્રંથો


(1) *ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ* (1994), *ડૉ. રમણલાલ ક. ધારૈયા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ.*

(2) Research Methodology in History (2020), Jaiswal Pradip, Gaurav Books, Bengaluru.

(3) A Manual of Historical Research Methodology (2010), N. N. Pillai, Gyan Publishing House, New Delhi.

(5) Itihas : Sangrah Evam Adhayam (2012), Sundarlal, Rajpatana Grantghar Jaipur.

(6) The Craft of Research (2016), Wayne C. Booth, Gregory G. Colomb, Joseph M. Williams, University of Chicago Press, Chicago, IL.

(7) Historical Thinking and Other Unnatural Acts: Charting the Future of Teaching the Past (2001), Sam Wineburg, Temple University Press, Philadelphia, PA.

(8) Interpreting Historical Evidence (2014), P. L. Shadbolt, Cambridge University Press Cambridge, UK.

| એકમ : 6 | માહિતીના સ્ત્રોત્ર - પ્રથમ કક્ષાના અને દ્વિતિય કક્ષાના,દસ્તાવેજોની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા |
|---|---|

**:: રૂપરેખા ::**

**6.0 પ્રસ્તાવના**

**6.1 સાધનની ઉત્પત્તિ**

**6.2 સાધનની આંતરિક વસ્તુ**

**6.3 હેતુ મુજબ વિભાજન**

**6.4 અવશેષીય અને સાહિત્યિક સાધનો**

**6.5 લિખિત અને મૌખિક સાધનો**

**6.6 પ્રથમકક્ષાના અને દ્વિતિય કક્ષાના દસ્તાવેજોની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા**

**6.7 આધારભૂતતા કે પ્રમાણભૂતતા (Authenticity) (બાહ્ય વિવેચન)**

**6.8 વિશ્વસનીયતા (Credibility)**

**6.9 સારાંશ**

**6.10 તમારી પ્રગતિ ચકાસો**

**6.11 સ્વાધ્યાય**

**6.12 સંદર્ભો ગ્રંથો**

## 6.1 પ્રસ્તાવના

*પ્રસિદ્ધ વિદ્વાન મલ્લિનાથનું વાક્ય છે 'ના મૂલંમ આધાર કિંચિત' 'આધાર નહીં તો ઈતિહાસ નહીં' નો ડોક્યુમેન્ટ નો હિસ્ટ્રી' જેનો અર્થ આધાર વગર ઈતિહાસ વિષયમાં કશું જ લખાઈ નહી. આથી ઈતિહાસ લેખન કરનાર માટે સૌપ્રથમ મુશ્કેલી પોતે પસંદ કરેલા વિષય પર માહિતીના સ્રોત એકઠા કરવાની હોય છે. જે મળી જાય તો તેનું ઈતિહાસ લેખન થાય. સાધન એ તો ઈતિહાસનો પ્રાણ ગણાય જેના વગરનું આલેખન તો સાહિત્ય જેવું કલ્પનાશીલ ગણાય. સાધન એટલે મનુષ્યે ભૂતકાળમાં કરેલી પ્રવૃત્તિ આલેખતી - દર્શાવતી વસ્તુ એટલે સાધન. જેમાં અનેક બાબતોનો સમાવેશ થાય છે. જેમ કે અભિલેખો, સિક્કા, હસ્તપ્રત, હજૂર હુકમો, આજ્ઞાપત્રો, અધિકૃત કે બિનઅધિકૃત દસ્તાવેજો, ડાયરીઓ, પ્રવાસ વર્ણનો, સામયિકો, અખબારો, ગ્રંથો વગેરેનો સમાવેશ થાય છે.*

*આપણી આસપાસ જે કંઈ રહેલું છે, જેને આપણે ઈતિહાસ લેખનના સાધન તરીકે ઉપયોગ કરી શકીએ છીએ. જેમ કે પુરાણા ટીંબાઓ, ગુફાઓ, કિલ્લાઓ, મંદિરો, શિલ્પો, ચિત્રો, અલંકારો, પોશાક, જૂના શહેરો, જૂના નવા ગ્રંથો, હુકમો આપણને કંઈ નવું વિચારવાનું નવું લખવાની પ્રેરણા આ બધા સાધનો પુરી પાડે છે. જેને આધાર રૂપ બનાવી સંશોધક આલેખન કરતો હોય છે. સાધનના અભાવમાં સંશોધક લાચાર*

*બની જાય છે. આ સાધનો વિવિધ પ્રકારના હોય તેમાં ગ્રંથોએ ઈતિહાસને વિપુલ સામગ્રી પૂરી પાડતાં સરળતાથી હાથવગા સાધન છે. આ સાધનોને મુખ્ય બે પ્રકારે વહેંચવામાં આવે છે* (1)*પ્રથમ કક્ષાના સાધનો*` (2) *દ્વિતીય કક્ષાના સાધનો. સાધનોના પાંચપેટા પ્રકાર આ રીતે પાડીને સરળ રીતે તેને સમજાવવામાં આવ્યા છે. જે બધા જ સાધનો એકબીજા સાથે ઓતપ્રોત રહેલા છે.*

*(ક) મૂળ (ખ) વસ્તુ (ગ) હેતુ વિષયક*

*(અ) અવશેષીય (બ) સાહિત્યિક*

*(અ) લિખિત (બ) મૌખિક/અલિખિત*

*(અ) અધિકૃત (બ) બિન અધિકૃત*

*(અ) પ્રથમકક્ષાના (બ) દ્વિતીય કક્ષાના*

*અહીં ફક્ત વિશેષ સમજૂતીને સરળ રીતે સમજાવવા અલગ અલગ બતાવવામાં આવેલા છે.*

## 6.2 સાધનની ઉત્પત્તિ

*જ્યારે કોઈ વસ્તુ બને છે કે કંઈ પણ કોઈ પણ જગ્યાએ લખાય છે, તે ક્યારેક ભવિષ્યમાં ઈતિહાસનું સાધન ઘણીવાર બની જાય છે. આથી ઈતિહાસકારે કોઈપણ સાધનને હાથમાં લેતા પહેલા ચાર મુદ્દાથી તેને તપાસવું જોઈએ* (1) *તે કયા સમયનુ છે* (2) *કયા સ્થળે મળી આવ્યું કે પ્રગટ થયેલ છે* (3) *કર્તા કે ઈતિહાસકારની માહિતી મેળવવાની રીત* (4) *લેખક અથવા કર્તા કે ઈતિહાસકારનો દરજ્જો.*

**(અ) સમય**

*સંશોધકના હાથમાં જે સાધન આવે તેને સૌ પ્રથમ એ તપાસવું કે ઘટના કે બનાવની નજીક સાધન છે કે દૂરનું. જેમ કે દાંડીકૂચના બનાવ વિશે જે તે સમયના કાગળો, ફાઈલો, દફ્તરો, અખબારો હોય તો તે નજીકના સાધન રૂપ ગણાય. જો એ ઘટના પછી સો વર્ષે કોઈએ દાંડીકૂચ વિશે લખ્યું હોય તો તે દૂરનું સાધન ગણાય. નજીકના સાધનમાં મોટેભાગે પ્રમાણભૂતતા વિશેષ હોય છે. હા પણ જો કોઈ તટસ્થ પ્રમાણભૂત મોટા ઈતિહાસકારે પ્રથમ કક્ષાના સાધનોને આધારે દાંડીકૂચ પર પુસ્તક કે લેખ લખ્યો હોય તો તે પણ આધારભૂત સાધન ગણાય. આ સિવાય માત્ર પુસ્તકો અને દ્વિતીય કક્ષાના સાધનોને આધારે દાંડીકૂચ પર લખાયેલ દૂરના સાધનમાં આવે. આથી નજીકના સાધનનું મૂલ્ય વધારે આંકવામાં આવે છે.*

**(બ) સ્થળ**

*સાધન કયા સ્થળેથી મળી આવ્યું કે પ્રગટ થયું તે પણ તપાસવું રહ્યું. સાધન સ્થાનિક કે પરદેશી હોઈ શકે છે. દાખલા તરીકે ભારતના આદિવાસીઓ વિશે હાર્ડિમેન લખે અને એ આદિવાસીઓ પર ભગવાનદાસ પટેલ લખે તો તેમાં હાર્ડિમેનનું પુસ્તક પરદેશી સાધન ગણાય, જ્યારે ભગવાનદાસ પટેલનો ગ્રંથ સ્થાનિક સાધન રૂપ ગણાય. આમ સ્થાનિક અને પરદેશી સાધનમાં એક ખ્યાલ એ રાખવો પડે છે કે ઘણી*

*વખત સ્થાનિક લેખકે સાનુકૂળ પૂર્વગ્રહથી પોતાપણાને કે સ્વજ્ઞાતિના અભિમાનને ધ્યાને રાખી તટસ્થ ન લખ્યું હોય કે અમુક બાબતો છુપાવી દીધી હોય. જ્યારે વિદેશી લેખકને સાનુકૂળ કે પ્રતિકૂળ કોઈ પૂર્વગ્રહ ન હોય તેને કોઈને ઉપસાવવા ન હોય તટસ્થપણે આધારભૂત રીતે મળે તેના આધારે જ તે આલેખન કરતો હોય છે.*

**(ક) લેખન પદ્ધતિ**

*સાધનનો કર્તા કોણ છે ? તેણે કઈ રીતે લખ્યું છે? એ પણ જોવું જોઈએ. લેખકે પ્રત્યક્ષ કે પરોક્ષ માહિતી મેળવીને લખ્યું હોય છે. પ્રત્યક્ષ માહિતી મેળવી લખેલું હોય તો તે વધુ વિશ્વાસપાત્ર બને છે. જ્યારે અપ્રત્યક્ષ માહિતીથી લખેલી વિગતોમાં ભેળસેળ થઈ હોવાથી તેમાં સત્યતાનું પ્રમાણ ઓછું હોય છે. જોકે સાવ ખોટું ન હોય. દા.ત. મહમદ ગઝનવીની સોમનાથની ચડાઈ વખતે અલબિરુની હાજર હતો. હલ્દીઘાટીની લડાઈમાં બદાયુની હાજર હતો. તેથી તેનો અહેવાલ કે લેખન વધુ શ્રદ્ધેય ગણાય છે. જ્યારે અન્ય જૈન લેખકોએ એ ઘટના પછી જે ગ્રંથો લખ્યા તેમાં પૂર્ણ શ્રધ્ધેય માહિતી ઘણીવાર ન પણ હોય. એવી જ રીતે ચીની મુસાફર હ્યુએનસાંગે ઉત્તર ભારતનું વર્ણન પોતાના પ્રવાસના આધારે લખ્યું છે, જ્યારે દક્ષિણ ભારતનું વર્ણન વાંચીને પૂછીને કરેલ છે તેથી ઉત્તર ભારતની હ્યુએનસાંગની વિગતો વધુ પ્રમાણભૂત આલેખાઈ છે.*

**(ડ) કર્તાનો દરરજો**

*લેખકો બે પ્રકારના હોય છે એક અધિકૃત અને બીજા વ્યક્તિગત. જ્યારે કોઈ મ્યુઝિયમનો ક્યુરેટર મ્યુઝિયમ વિશે લખે તો તે અધિકૃત ગણાય. જ્યારે અન્ય કોઈ રસિકજન મ્યુઝિયમ વિશે લખે તો તે વ્યક્તિગત ગણાય. કોઈપણ લડાઈ વિશે સેનાનો વડો માહિતી બહાર પાડે તે અધિકૃત ગણાય. જ્યારે સમકાલીન અન્ય કોઈ વ્યક્તિ અખબારો કે ટી.વી. ચેનલો માહિતી પ્રસારિત કરે તો તે વ્યક્તિગત કહેવાય. આમાં કર્તાના દરજ્જાનું ખૂબ મહત્ત્વ છે. એટલે અધિકૃત સાધનનું સવિશેષ મહત્ત્વ ગણાય છે.*

## 6.2 સાધનની આંતરિક વસ્તુ

*જે કોઈ સાધન સંશોધકને હાથવગું થયું હોય તેને ત્રણ પ્રકારે જોઈ શકાય. (1) યુગ (2) દેશ (3) પ્રકાર. ઈતિહાસના જે રીતે પ્રકારો પાડી તેને સમજવામાં સરળતા કરી છે એમ સાધનને પણ તે કયા યુગનું છે. પ્રાચીન, મધ્ય કે અર્વાચીન એ યુગ મુજબ તેને વિભાજિત કરવામાં આવે છે. સાતમી આઠમી સદી સુધીના સમયને પ્રાચીન યુગ ગણ્યો, એ પછી 18મી સદી સુધીના સમયને મધ્યકાળ ગણ્યો છે. ઈ.સ.1757 પછીના સમયને અર્વાચીન સમય ગણવામાં આવ્યો છે.*

*સાધન કયા દેશમાં પ્રગટ થયું છે ભારત, પાકિસ્તાન, ચીન, અમેરિકા, જાવા, જાપાન એ દેશ મુજબ ત્યાંની લેખન પરંપરા અને સમય સત્તા મુજબ કર્તાએ મોટેભાગે કરતા એ આલેખન કર્યું હોય. દા.ત. જાવામાં રામાયણને જુદી જુદી રીતે મૂલવી હોય, પાકિસ્તાનમાં મૂર્તિપૂજકો કે મંદિરોને અલગ દ્રષ્ટિકોણથી મૂલવી હોય. આથી સંશોધકે કયા દેશમાં સાધન પ્રગટ થયેલ છે એ જાણી પછી તેની સત્યતા કે દ્રષ્ટિકોણ સમજી તેને*

*આલેખનમાં એ રીતે સામેલ કરવું જોઈએ. સાધનોની હકીકતને આધારે બે પ્રકાર પાડેલ છે.* (1) *દુન્યવી અથવા ધાર્મિક રીતે નિરપેક્ષ* (2) *ધાર્મિક જેમાં દુન્યવી પ્રકારમાં રાજકીય, સામાજિક, આર્થિક બાબતો જે આલેખન થયું હોય તે આવે. જ્યારે ધાર્મિક પ્રકારમાં ધાર્મિક અને નીતિશાસ્ત્રને લગતી બાબતોનો સમાવેશ થાય છે.*

## 6.3 હેતુ મુજબ વિભાજન

*સંશોધકના હાથમાં જે સાધન આવ્યું છે. તેને હેતુ મુજબ પણ તપાસવું રહ્યું કે તે વિધિસર કે અવિધિસર પ્રસિદ્ધ થયેલ છે. જે સાધનોનો ધ્યેય શું છે? વિધિસર સાધન ચોક્કસ પ્રત્યક્ષ સાચી માહિતી આપે છે. આ પ્રકારના સાધનમાં પુરાવશેષો,સિક્કા, શિલાલેખોને મૂકી શકાય. જ્યારે અવિધિસરના સાધનમાં દંતકથા, લોકકથા, નાટક, ગીત, નવલકથા વગેરે ગણાય છે. જેમાંથી પ્રાપ્ત થતી વિગતો અચોક્કસ કે સેળભેળ થયેલી હોઈ શકે. આથી તેનો ઉપયોગ કરતા સંશોધક અન્ય સાધનો સાથે તુલના કરી તેનો ઉપયોગ કરે છે. કારણ કે એવા સાધનનો હેતુ મનોરંજન કે સરળ ભાષામાં સમજાવવાનો રસ ઉત્પન્ન કરવાનો હોય છે. કારણ કે તેને સીધો ઈતિહાસ સાથે સંબંધ નથી. આથી વિધિસરના સાધનો કરતા અવિધિસરના સાધનો કરતા અવિધિસરના સાધનમાં સત્યતા ઓછી હોય છે. દા.ત.'સમરાંગણ' જેવી ઝવેરચંદ મેઘાણીની નવલકથાઓ, કનૈયાલાલ મુનશીની ઐતિહાસિક નવલકથાઓ. જોકે તેનો અર્થ એવો બિલકુલ નથી કે અવિધિસર સાધન ઉપયોગી નથી. તેના કર્તાએ કશુંક તો તપાસ્યું હોય, જોયું હોય, સમજ્યુ હોય તે પરથી* 60 *ટકા સત્યનું આલેખન કરે તથા* 40% *રૂપરંગ ઉમેરી લખતો હોય છે. કારણ કે તેમનો હેતુ તો રસ ઉભો કરવાનો અને મનોરંજનનો હોય છે. તેથી ક્યારેક ઈતિહાસથી છૂટ લઈને આલેખન કરતા હોય છે.*

## 6.4 અવશેષીય અને સાહિત્યિક સાધનો

*સાધનોનો એક પેટા પ્રકાર આ પણ છે. જેમાં અવશેષીય સાધનોમાં પુરાતત્વવિદો એ ધરતીના પેટાળમાંથી શોધી કાઢેલા અવશેષો હોય છે. જેમાં પથ્થરો, હાડપિંજરો, ઘરેણાં, શિલ્પો, ચિત્રો વગેરે વગેરે હોય છે. આપણી પુરાતત્વીય સાઈટો ધોળાવીરા, લોથલ, રોજડી, કુંતાસી આ બધા સ્થળોથી આ પ્રકારના જે અવશેષો મળ્યા છે. જેના પરથી ઈતિહાસ આલેખાય છે. જેનાથી આપણે એ સમયની સુવિધા સાધનો જ્ઞાન સગવડતાઓ એમ ઘણું બધું તપાસી શકીએ છીએ. આ પ્રકરણમાં સિક્કાઓ અને શિલાલેખો પણ આવે છે. સિક્કા પરથી ગુપ્તોની વંશાવળીઓ પૂર્ણ ગોઠવી શક્યા છે. તામ્રપત્રો અને અભિલેખો પરથી ડો. હરિપ્રસાદ શાસ્ત્રીએ મૈત્રકાલીન ગુજરાત નામે કામ કરી ડોક્ટરેટની પદવી મેળવી ગ્રંથ પ્રસિદ્ધ કરેલ છે.*

*સાહિત્યિક સાધનો તમામ ભાષામાં પ્રાપ્ત થતા હોય જેમકે સંસ્કૃત, પાલી, અર્ધ માગધી, અરબી ફારસી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી આ સાધનોમાં પુસ્તકો હસ્તપ્રતો,પત્રો, આજ્ઞાપત્રો, હજૂર હુકમો, માનપત્રો, ડાયરીઓનો સમાવેશ થાય છે. આ સાધનો પ્રથમ કક્ષા તથા દ્વિતીય કક્ષા બંને પ્રકારના હોય છે.*

## 6.5 લિખિત અને મૌખિક સાધનો

*આ સાધન સાહિત્યિક સાધન ગણાય જેના બે પેટા પ્રકારોથી સમજીએ (1) લિખિત અને (2) મૌખિક. જેમાં હસ્તપ્રત, ગ્રંથ વગેરે લિખિત છે. કેટલાક રાસડા, દંતકથા તથા કહેવતો, લોકકથા, જે અલિખિત હોય તો તેને મૌખિક સાધનો ગણાય, મૌખિક સાધનો શોધવા મુશ્કેલ છે. વળી તેમાં અવારનવાર ભેળસેળ થતી રહી હોય છે. તથા દેશ, પ્રાંત, વિસ્તાર મુજબ સુધારા વધારા પણ થતા રહ્યા હોય છે. આથી તેમાંથી સત્ય શોધવું ઘાસની ગંજીમાંથી સોય શોધવા સમાન અઘરું છે.*

## 6.6 પ્રથમ કક્ષાના અને દ્વિતીય કક્ષાના દસ્તાવેજોની પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા

*સરળ ભાષામાં કહેવું હોય તો એમ કહી શકાય કે જે સાધન ઘટનાની સાવ નજીકનું અથવા એ જ સમયનું હોય તો તેને પ્રથમ કક્ષાનું સાધન કહેવાય. એટલે કે બનાવ કે ઘટનાની સાથે સાથે તેનો જન્મ થયો હોય છે. દા.ત. મહારાજા કૃષ્ણકુમારસિંહજીના લગ્ન મહોત્સવ વિશે કોઈ લખે તો ત્યારે બજેટ, લગ્ન કમિટી, ચીજ વસ્તુઓની ખરીદી, પોશાક, કંકોત્રી એ અંગે જે કંઈ લખાયું હોય; હિસાબો લખાયા હોય જે સચવાયું હોય એ બધું જ પ્રથમ કક્ષાના સાધન રૂપ ગણાય. કોઈ લડાઈ વિશે અભ્યાસ કરતા હોય તો ત્યારના આદેશો, આજ્ઞાપત્રો, ખર્ચના હિસાબો, નિમણૂક પત્રો, અહેવાલો એ બધું પ્રથમ કક્ષામાં આવે. જ્યારે કોઈ સમકાલીન વ્યક્તિએ કોઈ રાજાના કોઈ પ્રસંગ વિશે લડાઈ વિશે પુસ્તક લખ્યું હોય; તેના સંસ્મરણો નોંધ્યા હોય એ તથા જે તે સમયના સમકાલીન વિદેશી મુસાફરે નોંધ્યું હોય જેને પ્રથમ કક્ષાના સાધન રૂપ ગણી શકાય. જો કે અહીં એ ખ્યાલ રાખવો પડે છે કે બધા જ સમકાલીન સાધનો પ્રથમ કક્ષાના ન પણ હોઈ શકે.*

*કારણકે એ સાધનના કર્તાની સત્ય કહેવાની શક્તિ કે ખુશી કેટલી હતી? એ મુજબ તેને પ્રથમ કે દ્વિતીય કક્ષા મુજબનું ગણી શકાય. ઘણીવાર સાધનનો કર્તા બનાવની નજીક હોય પણ કેટલાક કારણોસર તે સત્ય કહી શકતો નથી. દાખલા તરીકે મુસ્લિમ ગ્રંથકારોએ લખ્યું તેમાંનું અમુક સમકાલીન હોવા છતાં દ્વિતીય કક્ષા રૂપ ગણવામાં આવે છે. અબુલફઝલ અકબર વિશે પૂર્ણ સાચું ન નોંધી શક્યો હોય. એ જ રીતે જદુનાથ સરકારના ગ્રંથો સમય બાદ લખાયા પણ તે પ્રથમ કક્ષાના સાધન રૂપ ગણાય એવા છે. હ્યુએનસાંગનું 'સિયુકી'નો ઉત્તર ભારતનો અહેવાલ પ્રથમ કક્ષાના સાધન રૂપ છે, જ્યારે દક્ષિણ ભારતનો એહવાલ દ્વિતીય કક્ષાના સાધન રૂપ છે કારણ કે તે પુસ્તકો માંથી અથવા પૂછપરછ કરીને લખાયેલ છે.*

*દ્વિતીય કક્ષાના સાધનને સરળતાથી સમજવા માટે એમ કહી શકાય કે તે સાધન બનાવ બન્યા પછીનું હોય કર્તાએ બનાવને સ્થળને નજરે જોયું હોતું નથી અને તે આલેખન કરે છે. જદુનાથ સરકારે, સર દેસાઈએ લખેલા ગ્રંથો પ્રથમ કક્ષાના ગણાય તે ઉચ્ચ કોટીના છે. પછી તેમાંથી જે વ્યક્તિ આલેખન કરે એ દ્વિતીય કક્ષાના સાધન રૂપ ગણાય. ગિરનારનો અશોકનો શૈલલેખ પ્રથમ કક્ષાનું સાધન ગણાય પરંતુ એ જ લેખમાં રુદ્રદામનના લેખમાં અશોકના શાસનકાળ વિશે આલેખેલ વાત તે દ્વિતીય*

કક્ષાના સાધનમાં ગણાય. કારણ કે એ લેખ અશોકના શાસન પછી 300/400 વર્ષ પછી લખાયો છે. દ્વિતીય  કક્ષાના સાધનો કરતાં પ્રથમ કક્ષાના સાધનોનું મૂલ્ય વધારે છે. આથી જે સંશોધક પ્રથમ કક્ષાના સાધનોનો જેટલો વધુ પ્રમાણમાં ઉપયોગ કરે તે મુજબ તેનું  મહત્ત્વ ઈતિહાસમાં અંકાય છે.

સાધન તો સંશોધકે મેળવી લીધું હોય તે પછી તેણે સાધનની  પ્રમાણભૂતતા અને વિશ્વસનીયતા અથવા અસલીપણું કે નકલીપણું નક્કી કરવું પડે છે. એ માટે ચોક્કસ પદ્ધતિ નક્કી કરવામાં આવી છે. સાધનનું મૂલ્યાંકન કરવા  માટેની બે પદ્ધતિ છે. બાહ્ય વિવેચન અને બે આંતરિક વિવેચન. જેમાં બાહ્ય વિવેચનને આધારભૂતતા કહેવામાં આવે છે. આંતરિક વિવેચનને વિશ્વસનીયતા  કહેવામાં આવે છે.

સાધનની બનાવટ શોધી કાઢવાની પદ્ધતિનો સૌપ્રથમ બર્નહિમ નામના વિદ્વાને ઉપયોગ કરેલો એ પછી દુનિયાના બધા ઈતિહાસકારો અને સંશોધકોએ પણ  પણ એ ઉત્તમ પદ્ધતિ અપનાવી જે ખૂબ જ ઉપયોગી પદ્ધતિ છે; જેને માત્ર સમજવાની નથી પણ સંશોધકે વાસ્તવમાં ઉપયોગમાં લેવાની છે.

## 6.7 આધારભૂતતા કે પ્રમાણભૂતતા (Authenticity) (બાહ્ય વિવેચન)

**(1) સમય**

સંશોધકના હાથમાં જે કોઈ સાધન આવે ત્યારે તેને સૌપ્રથમ તેનો સમય કે તારીખ નક્કી કરવી પડે છે. પરંતુ પ્રાચીન અને મધ્યકાળમાં ઘણા બધા દસ્તાવેજોમાં સમય કે તારીખ લખાયેલા હોતા નથી. ત્યારે સંશોધકે પ્રથમ એ નક્કી કરવું પડે  છે કે આ સાધન ખરું છે કે ખોટું. આથી જો સમય નક્કી ન થાય તો એ સાધન શંકાના દાયરામાં આવી જાય છે. આપણા મોટાભાગના ધાર્મિક ગ્રંથો ક્યારે ક્યાં કોના  દ્વારા રચાયા તે સ્પષ્ટ હોતું નથી. એવી જ રીતે પ્રાચીન ભારતના મહાપુરુષો અને રાજવીઓની જન્મ અને મરણતિથિ વિદ્વાનોએ નક્કી કરી હોય જેનાથી પછી કોઈ  સાધનોનો સમય નક્કી કરી શકાય છે. ભારતના ઈતિહાસમાં કૌટિલ્ય અર્થશાસ્ત્ર, કાલિદાસની કૃતિઓ, પુરાણો, સ્મૃતિઓ માટે સમય નક્કી કરવામાં આ પદ્ધતિ સંશોધક અપનાવે છે. જે પછી તેને ખ્યાલ આવે છે કે સાધનમાં કોઈ બનાવટ થઈ નથી.

**(2) સ્થળ**

સંશોધક સાધનનો સમય નક્કી કરી લે એ પછી તરત જ બીજા મુદ્દે સાધન કયા સ્થળેથી પ્રગટ થયું છે એ તપાસે છે. આજે જે રીતે આપણા ગ્રંથોમાં પ્રકાશન વર્ષ, પ્રકાશન સ્થળ, વગેરે વગેરે લખીએ છીએ તેવું પ્રાચીનકાળમાં પુસ્તકોમાં સામાન્ય રીતે લખવામાં આવતું નહોતું. સંશોધકને કોઈ હસ્તપ્રત અભિલેખ કે સિક્કો જો મળ્યો હોય તો તેનું સ્થળ નક્કી કરવું પડે છે. દાખલા તરીકે કોઈ સિક્કો મળ્યો હોય તો તે જે તે રાજવંશના વિસ્તારમાં મળ્યો છે કે અન્ય પ્રદેશમાં તો એ સિક્કો કદાચ વેપારી દ્વારા ત્યાં આવ્યો હોય. જો તેમ ન હોય તો એ સિક્કો શંકા ના દાયરામાં બનાવટી લાગે છે. મધ્યયુગના ઘણા દસ્તાવેજોમાં સ્થળ લખેલું હોતું નથી ત્યારે સવાલ થાય કે આ સાધન કયા સ્થળેથી પ્રગટ થયું છે. એ નક્કી અન્ય સાધનોની મદદથી કરવું પડે છે.

### (3) કર્તા

*સંશોધકના હાથમાં જે સાધન આવ્યું હોય તેનો કર્તા નક્કી કરવો ખૂબ જરૂરી છે. જો કર્તા કોણ છે એ ખ્યાલ હોય તો તેના આધારે સમય અને સ્થળ પણ નક્કી કરી શકાય. જેમ કે શ્રી હેમચંદ્રાચાર્યએ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' ગ્રંથ લખેલ છે. તે કયા રાજાના સમયમાં રચાયો તેના આધારે કર્તા નક્કી કરી શકાય. બ્રહ્મગુપ્તે 'બ્રહ્મ સિદ્ધાંત' નામનો ગ્રંથ રચેલ પણ તેમાં તેનું નામ ન હોવાથી તે કયા રાજાના સમયમાં ગ્રંથની રચના થઈ, તે રાજાનો સમય ઘટનાની કે અન્ય વાતમાં કંઈ પ્રમાણ મળતું હોય તેના પરથી કર્તા નક્કી કરી શકાય. કોઈ સમકાલીન લેખકોએ એક કૃતિનો ઉલ્લેખ કર્યો હોય તો તેના પરથી પણ કર્તા નક્કી કરી શકાય છે. જેમ કે વિદેશી મુસાફર મેગેસ્થનીસે કૌટિલ્ય અર્થશાસ્ત્રની કે ચાણક્યની વાત નોંધી હોય તેના પરથી કૌટિલ્ય અર્થશાસ્ત્રનો કર્તા નક્કી કરી શકાય.*

### (4) દસ્તાવેજોના મૂળાધારો

*એક સમયે એવો હતો કે કેટલાક દસ્તાવેજો, ગ્રંથો, પત્રોમાં કર્તા કે લેખકનું નામ ન ઉલ્લેખાયું હોય ત્યારે જે તે કૃતિની પ્રસ્તાવનામાં અન્ય લેખકોના નામ હોય કે અન્ય કોઈ વાત કે ઘટના કે તારીખ લખી હોય ત્યારે તેના પરથી આપણે તે સાધનનો સમય સ્થળ અને કર્તા શોધી શકીએ. ઘણી વખત લેખકે એ સામગ્રી ક્યાંથી કેવી રીતે કોની મદદથી ક્યાંથી મેળવી તેના આધારે પણ લેખકનો નિર્ણય કરી શકાય. આથી દસ્તાવેજોના મૂળાધારો પરથી ઘણું જાણી શકાય છે. જેમ કે શેક્સપિયરના નાટકોના મૂળાધારો અને લખાણની વિગતો તપાસતા કે તેના અગાઉની કૃતિઓ જોતા તેમાંથી પણ ક્યારેક કોઈ કૃતિના અજ્ઞાત કર્તાનું નામ જાણી શકાય છે. જે તેના સમકાલીન લેખકે પોતાની કૃતિમાં લખ્યું હોય કે આ ફલાણા લેખકની કૃતિમાંથી મેં મારા લેખનમાં ઉપયોગ કર્યો છે.*

### (5) દસ્તાવેજોની ખરાઈ

*ઈતિહાસમાં તો આધાર વિના કોઈપણ વાત સ્વીકારવામાં જ આવતી નથી. આથી જ્યારે જ્યારે રાજસત્તા બદલે વિચારસરણી બદલે ત્યારે ક્યારેક સાધનોમાં બનાવટ કે ફેરફાર કરવામાં આવે. જેનું કારણ રાજકીય લાભ, ઈર્ષા કે ઉજળો ઈતિહાસ બતાવવા લોકો આવું કરે છે. જેમ કે શાસ્ત્રોના અર્થોના જુદા જુદા અર્થો તારવે, લખાણોના અર્થો જુદા તારવે, દસ્તાવેજોમાં નામ કે અર્થ કે તારીખો બદલી નાખે, અથવા સાચી ખોટી સહીઓ કરી દસ્તાવેજ ઉભો કરવામાં આવે, હસ્તપ્રતોના અમુક પાનાઓ વચ્ચેથી બદલી નવા ઉમેરવામાં આવે. આથી સંશોધકે દસ્તાવેજની ખરાઈ કરવી જરૂરી છે. આથી બનાવટને ચકાસી સત્ય શોધી લીધા પછી જ એ દસ્તાવેજ યથાર્થ કે પ્રમાણિક સાબિત થાય પછી તેનો ઉપયોગ આલેખનમાં કરવો જોઈએ.*

*બે ચાર લેખકો કે વિદેશી મુસાફરોએ વિગતો લખી હોય તેને એકબીજા સાથે મૂલવી બનાવટ શોધી શકાય છે.સંશોધકે આ બનાવટ શોધી કાઢવા માટે તે પહેલાં સાધનનું વિષયવસ્તુ, લિપિ, ભાષા, હસ્તાક્ષર, કાગળની સ્થિતિ, શાહી વગેરે તપાસે છે. જો સાધનમાં કોઈ બનાવટ થઈ હોય તો, આ મુદ્દાને આધારે તેને પકડી શકાય છે.*

*આપણા ધર્મગ્રંથો, પુરાણો અને અન્ય પ્રાચીન ગ્રંથોમાં પાછળથી જે કંઈ સુધારા વધારા થયા તે આ પદ્ધતિથી શોધી શકાય છે. જેમ કે પુરાણોમાં ગુપ્તોની વંશાવળી આપેલી છે. તો તે જોતા પછીના સમયમાં પુરાણોનું પુનઃસંસ્કરણ થયું લાગે છે. આવી જ રીતે કેટલીક વાર શિલ્પો, ચિત્રો અને અભિલેખમાં પણ ક્યારેક બનાવટ કરવામાં આવી હોય છે. કારણ કે તે એ ચીજને જૂની સાબિત કરવા માંગતા હોય, કોઈ માહિતી ઉમેરવા માગતા હોય તો તે નવા શિલાલેખો મૂકાવે કે બદલે છે. આથી સંશોધકે બધું જ તપાસવું જોઈએ કે આ શિલાલેખની જગ્યાએ મૂળ શિલાલેખ હતો એમાં શું લખાણ હતું અને આ નવા લેખમાં શું ઉમેરાયું કે ફેરફાર થયો તે ચકાસવું જોઈએ ત્યારે એ તફાવત માલુમ પડી જાય છે. 'બાબરનામા'ની મૂળ હસ્તપ્રત અને બજારમાં મળતા આજના 'બાબરનામા'માં કોઈ ફેરફાર છે કે નહીં તે તપાસવું જોઈએ. દીવાન રણછોડજીના ગ્રંથ 'તારીખે સોરઠ વ હાલાર'ની અનેક હસ્તપ્રતો એકઠી કરી તેમાંથી એકરૂપતા તારવી શંભુપ્રસાદ દેસાઈએ તેનું ગુજરાતી ભાષાંતર પ્રસિદ્ધ કરેલ છે. જે કોઈ સાધન હાથમાં આવે તેની શાહી, લિપિ મરોડ ઉપરથી તેની અસલિયત પરખાઈ આવે છે કે આમાં કોઈ છેડછાડ થઈ છે. જો હસ્તપ્રતમાં બનાવટ કરવામાં આવી હોય તો તેને પકડી શકાય છે.*

## 6.8 વિશ્વસનીયતા (Credibility)

*જ્યારે સંશોધક કે ઈતિહાસકારના હાથમાં કોઈ સાધન આવે ત્યારે તેને સત્યતાની એરણે ચકાસવું જોઈએ. જેમાં આંતરિક વિવેચન કરવાની પદ્ધતિને વિશ્વસનીયતા કહે છે. જે સાબિત કરવામાં સંશોધકે ન્યાયાધીશનો રોલ ભજવવાનો છે એમાં જરાય છે શરમ કે સંકોચ રાખવાનો નથી. સાધનની તરફેણમાં તો ક્યારેક સાધનની વિરોધમાં પણ દલીલો કરી તેને ચકાસવું પડે છે.*

**વિશ્વસનીયતા તપાસવાના મુખ્ય ચાર મુદ્દાઓ છે.**

(1) *લેખકની સત્ય કહેવાની શક્તિ* (2) *સત્ય કહેવાની ખુશી* (3) *સમકાલીન પુરાવા સાથેનું સમર્થન* (4) *ચોક્કસતા*

**(1) લેખકની સત્ય કહેવાની શક્તિ**

**(A) નજીકતા**

*સંશોધકના હાથમાં જે સાધન કે પુસ્તક રહેલું છે તેને નીચેના મુદ્દાથી તપાસી શકાય કે બનાવ વખતે સાધનનો કર્તા કેટલો નજીક હતો. જેટલો એ નજીક તેટલી તેની સત્ય કહેવાની શક્તિ વધી જાય. દાખલા તરીકે હલ્દીઘાટીની લડાઈમાં બદાયુની હાજર હતો. હીરોડોટર્સ ગ્રીસ અને ઈરાન વચ્ચેના યુદ્ધ સમયે હાજર હતો. તેથી જે વધુ સચોટ વર્ણન કરી શક્યો હોય આથી તેણે સત્ય થી નજીક વાતો તેને આલેખી હોય.*

**(B) કર્તાની અવલોકન શક્તિ તથા સ્મરણ શક્તિ**

*લેખક કે કર્તા સ્થળની કે બનાવની નજીક હોય પરંતુ તેની અવલોકન શક્તિ બરોબર ન હોય તો તે યોગ્ય રીતે આલેખન કરી શક્યો ન હોય. અથવા તેની સ્મરણ શક્તિ બરાબર ન હોય તો ગોટાળાઓ ઉભા થાય. કેટલાક સંશોધકોએ રેકોર્ડ તપાસ્યા હોય*

*પરંતુ તેને બોલાવવાની તેની આવડત ન હોય તો તેનું અર્થઘટન યોગ્ય એ કરી શકતો નથી. હ્યુએનસાંગે ઉત્તર ભારતનું વર્ણન નજરે જોઈને કરેલ છે, જ્યારે દક્ષિણ ભારતનું વર્ણન વાંચીને કે બીજાને પૂછીને કરેલ છે. તેથી બંનેમાં તફાવત દેખાય છે. કેટલાક લેખકોએ રાજાઓ વિશે દ્વિતીય કક્ષાના સાધનોને આધારે લખેલ હોય પણ સનિષ્ઠ ઈતિહાસકારોએ અભિલેખાગારોના પ્રથમ કક્ષાના સાધનોનો ભરપૂર ઉપયોગ કરી લખેલ હોય તે બધું સચોટ અને સત્ય પુરવાર થાય છે.*

**(C) કર્તાની એકાગ્રતા**

*કર્તાની પાસે ચોક્કસ પ્રકારની આવડત ન હોય તો તે ભલે બનાવ સમય હાજર હોય કે નજીક હોય કે તેની સ્મરણ શક્તિ નબળી હોય તો તે બરાબર આ લેખન કરી શકતો નથી. મુસ્લિમ યુગના લેખકોની કૃતિઓમાં એવું જણાય છે, કે તે ઈતિહાસ કરતા બિનજરૂરી વર્ણનો વધુ કરે છે. જો કર્તાની માનસિક સ્થિતિ બરાબર ન હોય તો પણ તે બરાબર લખી શકતો નથી. કર્તા એ તબિયત કે વૃદ્ધાવસ્થા કે ઓછા શિક્ષણના હિસાબે તે સત્ય આલેખી શકતો નથી. આપણા ઈતિહાસકારોમાં હરિપ્રસાદશાસ્ત્રી અને શંભુપ્રસાદ દેસાઈએ 80 વર્ષની ઉંમર પહેલા જે ગ્રંથો આલેખ્યા અને 80 વર્ષ પછીની ઉંમરે આલેખાયા તેમાં તફાવત દેખાય છે.*

**(D) પ્રશ્નો ઉભા કરવાની આવડત**

*સંશોધક કે ઈતિહાસકારના હાથમાં સાધન આવે ત્યારે તે તેને કેવા પ્રશ્નો ઉદ્ભવે છે તેના ઉપર સત્ય તે પ્રાપ્ત કરે છે. હવે ફલાણો પક્ષ ક્યારે ઉભો થઈ શકશે ? એવો પ્રશ્ન કરે તો લાગે એ પક્ષ સાવ ભાંગી ગયો છે. સાચા સંશોધકે અનુમાન લગાવવાનું હોતું નથી. ફલાણા મહાન નેતાને ક્યારે કોણ મહાત કરી શકશે એવું પૂછો તો વાંચનારને લાગે એ અજેય વ્યક્તિત્વ છે.*

**(E) દલીલ કરવાનું સામર્થ્ય**

*ઈતિહાસકાર કે સંશોધક આગળ હજારો સવાલો અને હજારો ઉત્તરો મનમાં હોય છે. તેથી જે તે સાધન કે વિષયમાં અનેક જાતની દલીલો કરી સાધનની વિશ્વસનીયતા તપાસે છે. જે તે વિગત કે સાધનમાં ગોળગોળ વાતો કે અસલ નક્કર વાતો છે એ નક્કી કરે છે. અમુક લેખકોના લખાણોમાં વર્ણન વધુ હોય ઈતિહાસ નકકર હોતો નથી. ઐતિહાસિક સાહિત્યિક કૃતિઓમાં એવું જોવા મળે છે. ચારણી અને બારોટી સાહિત્યમાં પણ વર્ણનો જાજા હોય છે જે બધા સમજી શકે એવી બધાની શક્તિ હોતી નથી.*

**2 ઈતિહાસકારની સત્ય કહેવાની ખુશી**

*ઈતિહાસકાર કે સંશોધક પોતાને મળેલ સાધનોને આધારે સત્ય કહી શકે એમ હોય પણ કેટલાક કારણોસર તે સત્ય આલેખતા અચકાતો હોય છે આથી તેના લેખનનું મૂલ્ય ઘટે છે.*

**(A) રાજકીય પ્રચારાત્મક હેતુ**

*રાજકીય કારણોસર લેખકો સત્ય આલેખી શકતા નથી. આથી દરબારી ઈતિહાસકારોના અહેવાલો અમુક બાબતોમાં શંકાસ્પદ સિદ્ધ થયા છે. દાખલા તરીકે 'વિભાવિલાસ'ને 'યદુવંશપ્રકાશ'માં રાજકીય કારણોસર ભૂચરમોરીના યુદ્ધની વાત વાસ્તવિક ન આલેખી શક્યા. આજના સમયે પણ કેટલીક ઘટનાઓમાં સંશોધક કે ઈતિહાસકાર સત્ય કહેતા અચકાતો રહ્યો છે. આજના સમયમાં આર.એસ.એસ.નો કોઈ ઈતિહાસ આલેખે તો તેની શરૂઆતની અને ઈ.સ.1947/48માં આર.એસ.એસ. પર પ્રતિબંધની વાતો કરવાનું કદાચ ટાળશે. તેને બદલે ઉજળી બાબતોને વધુ આલેખે. રાજ્યાશ્રિત વર્તમાનપત્રો પણ આ કારણસર સત્ય લખતા અટકાયા હોય. દાખલા તરીકે 'ભાવનગર સમાચાર'માં ભાવનગર રાજ્યના દોષ કે ટીકાઓ ઓછી છપાણી છે. એવી જ રીતે વિરોધાભાસી એકબીજા દેશોના આલેખનમાં કેટલીક ક્ષતિઓ હોય છે તે તારવીને આપણે તેનો ઉપયોગ કરવો જોઈએ.*

**(B) પૂર્વગ્રહ**

*માનવ માત્રમાં જાતજાતના ભાતભાતના પૂર્વગ્રહો હોય છે. વળી પૂર્વગ્રહ બે પ્રકારના હોય એક સાનુકૂળ પૂર્વગ્રહ અને બીજો પ્રતિકૂળ પૂર્વગ્રહ. આથી જે સંશોધક કે ઈતિહાસકાર જે રાજસત્તા, વિચારસરણી, ધર્મ, રાષ્ટ્ર,પ્રદેશ, જાતિનો હોય એ મુજબ આલેખન કરે અને ક્યારેક કડવું છુપાવી દે. પણ ઈતિહાસકારે તો જે હોય ભલે કડવું હોય તેનું પણ આલેખન કરવું જોઈએ. આથી એ સાધનોનો ઉપયોગ કરતા આ વિવિધ મુદ્દાને ધ્યાનમાં લેવા જોઈએ લેખક કંઈ બઢાવી ચઢાવી દે કે કોઈને કંઈ ઉતારી પાડવા લખતો નથી ને એ તપાસવું જોઈએ.*

**(C) રાજકીય અને આર્થિક પૂર્વગ્રહો**

*રાજકીય અને આર્થિક પૂર્વગ્રહો આ બંને મુદ્દાસર લેખક સત્ય કહેવા ખુશી હોતો નથી. આજના સમયે ભારતના મોટાભાગના લેખકો હિન્દુવાદની પ્રશંસા કરી અને અન્ય ધર્મોની વાતો ઓછી આલેખે અથવા અધૂરી આલેખે કે ટીકાપાત્ર વાતો વધુ આલેખે. જે વિચારસરણીમાં માને તેની તરફેણમાં વધુ લખે અને રાજકીય અને આર્થિક પૂર્વગ્રહથી બીજી વિચારસરણીની ઉમદા અને સાચી વાતો પણ આલેખવાનું ડરથી ટાળે છે. આપણા દેશમાં હાલમાં ઘણી સમસ્યાઓ લેખકો અનુભવીને ગોળ ગોળ આલેખે છે. પરંતુ ઈતિહાસકાર પૂર્વગ્રહથી પોતાના અંગત મંતવ્યોથી મૂક્ત રહેવો જોઈએ.*

**(D) સામાજિક અને ધાર્મિક પૂર્વગ્રહો**

*કેટલીક વખત સંશોધક કે લેખક સામાજિક કે ધાર્મિક પૂર્વગ્રહથી પોતાની જ્ઞાતિ કે પોતાના ધર્મ વિશે સાચી કે ખામી ભરેલી વાતો આલેખતો નથી. એ આ બંને કારણોસર ઉજળી બાબતોનું વધારે આલેખન કરે છે. દાખલા તરીકે સ્વામિનારાયણ સંપ્રદાયના અમુક લેખકોએ પોતાને વધુ ઊંચા બતાવવા બીજાની સારી બાબતો કદાચ દબાવી દીધી અથવા એનું સાચું આલેખન ન કર્યું. આથી સ્વામિનારાયણ સંપ્રદાયના*

*જ લેખકે લખેલી વાતોને વિશ્વસનીયતાની રીતે બીજા લેખકો તપાસે છે. મધ્યયુગના પુસ્તકોમાં પણ આ જાતની ખામીઓ માલુમ પડે છે. પરંતુ ઈતિહાસકારે બંનેનું સમતોલપણું જાળવીને જ આલેખન કરવું જોઈએ.*

**(E) રાષ્ટ્રીય પ્રાદેશિક કે સ્થાનિક પૂર્વગ્રહો**

*જે રાષ્ટ્રવાદી લેખક લખે તો પોતાના રાષ્ટ્રને મહાન ગણી તેને ઉજળું બતાવે અને રાષ્ટ્રની મર્યાદાઓ આલેખવાનું ટાળે છે. એવી જ રીતે વિદેશી લેખકો પોતાના દેશને મહાન ગણે અને બીજાને તેનાથી ઉતરતા ગણે એવું તેમના લખાણોમાં પણ પૂર્વગ્રહથી આવી જાય છે. આ ઉપરાંત દેશ વિસ્તાર મુજબ પૂર્વગ્રહ હોય આથી પોતાનો પ્રચાર વધુ કરે છે. ગુજરાત અને કાઠિયાવાડ વિશે ગુજરાત બહારના લેખકોએ કેટલાક કારણોસર ઓછું લખ્યું છે. એ જ રીતે પરદેશના ઈતિહાસકારોએ પણ ભારતની મૂલ્યવાન વાતો આ કારણોસર છોડી દીધી છે અથવા તેને ધ્યાને આવી નથી લાગતી.*

**(F) જાતિ વિષયક કૌટુંબિક તથા વ્યક્તિગત પૂર્વગ્રહો**

*ઈતિહાસકારે કોઈ તરફ જરા પણ ખેંચાઈ જવાનું નથી કે આકર્ષાઈ જવાનું નથી. પણ તેમ છતાં ઉપરોક્ત પૂર્વગ્રહના કારણસર કોઈને વધુ ઉજળા બતાવી દેતા માલુમ પડે છે. ગોરા કાળા વિશે લખે તો પોતાને ચડિયાતા બતાવે, મુસ્લિમ લેખકો મુસ્લિમ રાજાને ચડિયાતા બતાવે અન્ય ધર્મના રાજાને ઓછા બતાવે. કેટલાંક દેશકાળ સમય પરિસ્થિતિ બદલતા પોતાનો ઈતિહાસ ઉજળો બતાવવા આધાર વિહોણું આલેખન કરે. હિટલરે જર્મનોને શ્રેષ્ઠ બતાવવા જુઠો ઈતિહાસ ફેલાવ્યો હતો. રાજપૂતો તરફ સાનુકૂળ પૂર્વગ્રહ વાળા લેખકો રાજપૂતોના દુર્ગુણો અને ખામીઓ જાણતા હોય છતાં છુપાવી દે. આથી તેના લખાણમાં નબળાઈ દેખાય તે સાધન સમકાલીન હોવા છતાં દ્વિતીય કક્ષા જેવું થઈ પડે. ઘણીવાર વ્યક્તિગત પૂર્વગ્રહને કારણે તેના કાર્ય અને સંશોધનને ઢાંકી તેની ટીકા વધુ  લખે અથવા તેના સંશોધનને સંદર્ભ તરીકે ટાળતા જોવા મળે છે.*

**(G) ખુશ કરવાની વૃત્તિ કે નાખુશ કરવાની ભીતિ**

*જ્યારે કોઈ લેખક કશું આલેખન કરે છે.  ત્યારે તેના લખાણમાં આ બે વૃત્તિ જોવા મળે છે. તે રાજસત્તાને ખુશ કરવા એક તરફી લખે છે. બીજા પક્ષની ઉમદા અને સારી બાબતો પોતે જાણતો હોવા છતાં રાજસત્તા નારાજ થશે એવા ડરથી યોગ્ય રીતે આલેખન કરતો નથી. જે સતત ડર અનુભવે છે કે અહીં ઉપરી કે સહધર્મિ કે આશ્રયદાતા નાખુશ થાય એવું આલેખન કરવું નથી. આથી તેના સંશોધનમાં એક પક્ષીય આલેખન કરે છે. જે ભવિષ્યનો સંશોધક અવશ્ય પારખી જાય છે. રાજાશાહીના રાજ લેખકોએ લખેલી કૃતિઓ મોટે ભાગે આ પ્રકારની હોય છે, તેમાં લેખકને સતત આ બે ભાવ મનમાં હોય એવું તેણે આલેખન મોટે ભાગે કરેલ હોય છે.*

**(H)  વિચારના ભોગે ભાષા અને શૈલીને મહત્ત્વ**

*ઈતિહાસ લેખનમાં કાલ્પનિક કે ખોટા વર્ણનો જરૂરી નથી. પણ તેમ છતાં કેટલાક લેખકો ઈતિહાસ ઓછો અને વર્ણન જાજુ કરી બેસતા હોય છે. તેને માત્ર તે રસપ્રદ*

*બનાવવા  શબ્દોની માયાજાળ અને મરીમસાલો ઉમેરે છે. આપણી લોકકથાઓ, દંતકથાઓ, રાસવાર્તામાં આ દોષ જોવા મળે છે. એવી જ રીતે રાજકીય નેતાના ભાષણો જેહાદોમાં આ દોષ માલુમ પડે છે. તેને સત્ય કરતા પોતાનામાં વધુ રસ હોય છે. આથી તે સત્ય કહેવા ખુશ હોતા નથી. આજે કોઈ નેતાનો પી.એ. નેતા વિશે પુસ્તક લખે તો આ શૈલીને અનુસરે છે. પણ વી. પી. મેનને 'ધ સ્ટોરી ઓફ ધ ઈન્ટીગ્રેશન ઇન્ડિયન સ્ટેટ્સ' પુસ્તક લખ્યું પણ તેમા તેણે આ દુર્ગુણને ઓછો આવવા દીધો છે.*

**(I) તારીખ પ્રત્યે ઉપેક્ષા**

*કેટલાક સંશોધકો તારીખને બહુ મહત્ત્વ આપતા હોતા નથી, અથવા તેને તારીખ પ્રાપ્ત ન થઈ હોય તેથી તે તારીખ આપવાનું ટાળે છે અથવા ખોટી તારીખ આપે છે. દાખલા તરીકે મોટાભાગના લેખકોએ 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' ગેઝેટની પ્રસિદ્ધ તારીખ ઈ.સ.1889 આપી છે. હકીકતે 'દસ્તુરલ અમલ સરકાર જૂનાગઢ' ઈ.સ.1867માં નીકળ્યું હતું. એ જ રીતે આજ સુધીના મોટાભાગના લેખકો કાઠિયાવાડનું પ્રથમ માસિક 'સૌરાષ્ટ્ર દર્પણ'ને ઇ.સ.1865માં પ્રસિદ્ધ થયેલ બતાવે છે, હકીકતે 'સૌરાષ્ટ્ર દર્પણ' ઇ.સ.1863માં પ્રગટ થયું હતું. આથી જૂના પુસ્તકોનો ઉપયોગ કરવાથી કાયમી ભૂલનું પુનરાવર્તન થતું રહે છે. અમેરિકાના સ્વાતંત્ર્યના જાહેરનામાની સહી 4 જુલાઈ 1776ના રોજ બતાવાય છે, હકીકતે તેમાં મોટાભાગના સભ્યોએ સહી 2 ઓગસ્ટ 1776ના રોજ કરી હતી તેથી તે તારીખ સાચી ગણવી જોઈએ. એવી જ રીતે કોણે ગુજરાતમાં સૌપ્રથમ રાજ્ય સોંપ્યું તેની તારીખોમાં ગોટાળાઓ દેખાય છે.*

**3 સમકાલીન પુરાવા સાથેનું સમર્થન**

*જ્યારે કોઈ અસ્પષ્ટ વાત કે ઘટના વિશે સચોટ જાણકારી ન હોય ત્યારે અન્ય સ્વતંત્ર કે સમકાલીન સાધનોનું સમર્થન મળે છે કે નહીં એ સંશોધક તપાસતો હોય છે. કૌટિલ્યએ ખરું લખ્યું છે કે નહીં તે મેગેસ્થનીસના લખાણો સાથે સરખાવી તુલના કરી વિશ્વસનીયતા સાબિત કરી શકાય છે. જે બંનેમાં સરખાપણું કેટલું છે અને ક્યાં અલગ પડે છે. ઘણીવાર કેટલીક બાબતોમાં વધુ સમર્થન મળતું ન હોય જેમકે સિંધુ ખીણની સંસ્કૃતિ બાબતમાં આપણી પાસે માત્ર પુરાવશેષીય પુરાવા છે. સાહિત્યક કે અભિલેખીય પ્રમાણો નથી. એ જ રીતે વૈદિક સાહિત્ય માટે માત્ર સાહિત્યક સાબિતી જ મળે છે. જ્યારે વિદેશમાં મિસરમાં સાહિત્યક ને પુરાવશેષીય  બંને સામગ્રી મળે છે આથી તે વધુ વજૂદ વાળા મનાય છે. કેટલાક લેખકોએ એવી છાપ ઊભી કરી હોય છે કે તે પ્રમાણ વિના કદી જ ન લખે. તેથી તે વિશ્વસનીય હોય  એવી છાપ પાડે છે. વળી કેટલાક લેખકો પ્રથમ કક્ષાના આધારે જ વધારે લખ્યું હોય તેમાં વિશ્વસનિયતા વધુ સાબિત થઈ શકે છે. ભગવાન લાલ ઈન્દ્રજી, દુર્ગાશંકરશાસ્ત્રી વગેરેની આ પ્રકારની છાપ ઈતિહાસ જગતમાં પડી હતી.*

**4 ચોક્કસતા**

*જે કોઈ સાધન સંશોધકના હાથમાં આવે તેનું તે પહેલા બાહ્ય વિવેચન કરી લે પછી તે આંતરિક વિવેચનમાં પડે છે. પરંતુ ક્યારે આંતરિક વિવેચનમાં સાધનની ચોક્કસતા માલુમ ન પડતી હોય તો તે વધુ ચોક્કસ બનવા પ્રયત્ન કરે છે. પણ ક્યારેક પ્રાગૈતિહાસિક યુગના સાધનમાં તેને મુશ્કેલી પડે છે. પણ ઐતિહાસિક યુગના સાધનમાં તે ચોકસાઈ કરી શકે છે, જેણે કેવી ચોકસાઈ કરી છે તેના આધારે તેનું સત્ય વધુ વજૂદ વાળું મહત્ત્વનું બને છે.*

## 6.9 સારાંશ

*આજકાલના સમયમાં બધા દ્વારા ઈતિહાસ લેખન તરફ બિલકુલ ગંભીરતા સેવવામાં આવતી નથી તે જરાય યોગ્ય નથી. ભવિષ્યની પેઢીને માટે એ ખરાબ પુરવાર થશે. પરંતુ સંશોધકે પોતાના આલેખનમાં સાધનો ઉપયોગ કરતા પહેલા તેની આધારભૂતતા અને વિશ્વસનીયતા તપાસીને તેને આલેખન માં સામેલ કરવું જોઈએ. બાકી ભવિષ્યની પેઢીને ઈતિહાસ વિષયમાંથી વિશ્વાસ જ ઉઠી જશે એવી આજે ભીતિ છે. જે હાથમાં આવ્યું તેને આડેધડ સાધન બનાવી દેવું, એ હાથે કરીને કૂવામાં પડવા જેવું ગણાય. પરંતુ આજકાલ મોટાભાગના લેખકો આ પદ્ધતિને ઓછી અમલમાં મૂકે છે જે અતિનીંદનીય છે. આ પદ્ધતિએ થયેલું આલેખન એ જ ઈતિહાસ છે બાકી તો નવરા માણસે પોતાને મોજમાં આવે એવું આલેખન કરી દીધું છે એમ કહેવાય.*

## 6.10 તમારી પ્રગતિ ચકાસો

(1) *લિખિત અને અલિખિત સાધનો વચ્ચેનો ભેદ સમજાવો.*

________________________________________

(2) *ઈતિહાસ લેખક કે સંશોધક ક્યા ક્યાં કારણોસર સત્ય કહી શકતો નથી.*

________________________________________

(3) *ઈતિહાસ લેખક કે સંશોધકની ક્યા કારણોસર સત્ય કહેવાની ખુશી હોતી નથી.*

________________________________________

(4) આધારભૂતતા અને વિશ્વસનીયતા વચ્ચે કેવો તફાવત રહેલો છે.

________________________________________

________________________________________

________________________________________

________________________________________

________________________________________

❖ **વૈકલ્પિક ઉતરો**

(1) *'ના મૂલંમ આધાર કિંચિત' આ વાક્ય કોનું છે.*

*(એ) કૌટિલ્ય (બી) મેગેસ્થનિસ (સી) મલ્લિનાથ (ડી) હીરોડૉટસ*

(2) *હજૂર હુકમએ ક્યા પ્રકારનું સાધન ગણાય.*

*(એ) પ્રથમ (બી) દ્વિતીય (સી) તૃતીય (ડી) એકેય નહિ*

(3) *હ્યુ-એન-સાંગનું 'સિયુકી'ક્યા પ્રકારનું સાધન ગણાય.*

*(એ) પ્રથમ (બી) દ્વિતીય (સી) તૃતીય (ડી) એકેય નહિ.*

(4) *સાધનની બનાવટ શોધી કાઢવાની પદ્ધતિનો સૌપ્રથમ ઉપયોગ ક્યા વિદ્વાને કરેલ હતો.*

*(એ) થ્યુસીડાઈડીસ (બી) હીરોડોટ્સ (સી) બેન્જામિન (ડી) બર્નહિમ*

## 6.11 સ્વાધ્યાય

(1) *અલિખિત સાધનોની યાદી કરો.*

(2) *પ્રથમ કક્ષાના સાધનોની યાદી કરો.*

## 6.12 સંદર્ભો ગ્રંથો


(1) *ધારૈયા રમણલાલ કે. 'ઐતિહાસિક પદ્ધતિ ' અમદાવાદ,ઈ.સ.*1967

(2) *ખુરાના કે.એલ. ઔર બંસલ આર.કે.(હિન્દી) 'ઈતિહાસ લેખન ધારણાયે તથા પદ્ધતિયા' જયપુર,ઈ.સ.* 1980

(3) *રાધેશરણ (હિન્દી) 'ઈતિહાસ ઔર ઈતિહાસ લેખન' ,ભોપાલ ઈ.સ.*2015

એકમ : 7

# ઈતિહાસ સંશોધનનું આયોજન

:: રૂપરેખા ::

**7.0 ઉદ્દેશ્યો**
**7.1 પ્રસ્તાવના**
**7.2 સંશોધનના તબક્કાઓ**
**7.3 સારાંશ**
**7.4 તમારી પ્રગતિ ચકાસો**
**7.5 ચાવીરૂપ શબ્દો**
**7.6 સંદર્ભગ્રંથો**

## 7.0 ઉદ્દેશ્યો

1) *આ પ્રકરણ ના અભ્યાસ પછી તમે ઈતિહાસ નું સંશોધન અને તેના આયોજન વિષે સમજ કેળવી શકશો.*

2) *ઈતિહાસ ના સંશોધન માટે વિષય પસંદગી ; સમયનું આયોજન મહિતીઓનું એકત્રીકરણ અને વર્ગીકરણ વગેરે કેમનું કરવું તેના વિષે પાયા ની સમજ કેળવી શકશો.*

## 7.1 પ્રસ્તાવના

*સામાન્ય રીતે ઐતિહાસિક વિષયવસ્તુ કે ઘટનાઓને લગતી શોધખોળને ઈતિહાસનું સંશોધન કહેવામાં આવે છે. ઈતિહાસ સંશોધન પાછળના વિચારદર્શન કે વિશ્લેષણને પણ ઈતિહાસ સંશોધન ગણી શકાય.ઈતિહાસલેખન ગંભીર અને અત્યંત મહેનત માગી લેતું કામ છે . તેથી ઈતિહાસ સંશોધનના ક્ષેત્રમાં પ્રવેશતા પહેલાં સંશોધકે ખાસ પ્રકારની પૂર્વતૈયારી કરવી જરૂરી બને છે. જેને ઈતિહાસ સંશોધનનું આયોજન કહી શકાય. કોઈપણ પ્રકારના સંશોધનને સરળ અને સુગમ બનાવવા માટે તેને તબક્કાઓમાં વહેચવામાં આવે છે. ઈતિહાસ સંશોધનમાં પણ તબક્કાઓ પ્રમાણેનું સંશોધન શોધાર્થીના પક્ષે સાનુકુળ બની શકે ! ઈતિહાસ સંશોધન ખંત અને ગંભીરતા માગી લેતું કામ હોવાથી સંશોધન પૂર્વે સંશોધકે આત્મઓળખ કરવી જરૂરી બને છે. આત્મઓળખ એટલે ધાર્મિક કે આધ્યાત્મિક સંદર્ભમાં નહિ પરંતુ પોતે જે સંશોધન કાર્ય કરવા જઈ રહ્યો છે તે માટેની પાત્રતા, પોતાની જમા-ઉધાર બાજુઓની સમજ તપાસવી . વધુ સ્પષ્ટ રીતે કહીએ તો સંશોધકે ,સંશોધન પૂર્વે પોતાના સામાજિક અને આર્થિક સંજોગોનું અવલોકન કરી લેવું જોઈએ .ઉદા.તરીકે સંશોધન પાછળ પોતે પૂરતો સમય આપી શકશે કે કેમ ? સંશોધન પાછળ થનારાં ખર્ચને પોતે પહોચી વળશે કે કેમ ?, સંશોધન માટે સંશોધક તરીકે પોતાના વૈયક્તિક અને કૌટુંબિક સંજોગો*

સાનુકુળ છે કે નહિ ? વગેરે . સંશોધન કાર્યના આરંભે સંશોધક પોતાની જાત સાથે ઉપર જણાવેલી વાત કરી લે તો ગુણવત્તાયુક્ત સંશોધનનો અવકાશ રચાય છે .

## 7. 2 સંશોધનના તબક્કાઓ

ઈતિહાસ સંશોધનનું આયોજન સંશોધકે નીચેના તબક્કાઓમાં કરવું જોઈએ .

1. વિષય પસંદગી
2. સમયનું આયોજન
3. માહિતીસ્રોતોનું એકત્રીકરણ
4. માહીતીસાધનોની પસંદગી
5. માહિતીના સાધનોનું અર્થઘટન
6. અહેવાલ લેખન

### 1. વિષય પસંદગી : (Selection of Topic)

સંશોધન માત્રની શરૂઆત સંશોધન માટેના શીર્ષક પસંદગીથી થાય છે. તે માટે સંશોધકે પરોપજીવી બનવાના બદલે પોતાના રસ અને રુચિ પ્રમાણે,જાતમહેનતથી સંશોધનનું શીર્ષક શોધવું જોઈએ. ઈતિહાસના સમયની રીતે પ્રાચીન, મધ્યકાલીન ,આધુનિક અને સમકાલીન એમ ચાર મોટા તબક્કાઓ છે. તેમાં પોતાને સાનુકુળ હોય તેવા સમયનો ઈતિહાસ લખવાનો પ્રયત્ન સંશોધકે કરવો જોઈએ. શીર્ષક પસંદ કરતાં, માર્ગદર્શક સાથે મુક્ત ચર્ચા કરતાં પહેલાં સમૃદ્ધ ગ્રંથાલય અને ગુજરાત સરકારના શોધગંગા પોર્ટલ ઉપર જઈ પુરોગામી સંશોધન શીર્ષકોનો બારીક અભ્યાસ કરવો જોઈએ . આવી મથામણ શોધાર્થીને તેનું સંશોધન શીર્ષક નક્કી કરવાની સાથે સંશોધન કેમ કરવું તેનું દિશાસૂચન પણ મળશે . ઈતિહાસ વિષયમાં શોધ શીર્ષક નક્કી કરતાં પહેલાં નીચેના મુદ્દા તપાસવા જોઈએ.

1. અગાઉ થઈ ગયેલાં સંશોધનના વિષયવસ્તુનું પુનરાવર્તન થતું ન હોવું જોઈએ .એટલે કે શોધ નિબંધનું શીર્ષક શબ્દસહ મળતું આવવું ન જોઈએ. અલબત્ત શોધ શીર્ષકમાં સમાનતા દેખાતી હોય તો સંશોધકે અગાઉના સંશોધન કરતાં પોતે કેવી રીતે નવા સ્રોતો અને દ્રષ્ટિકોણથી સંશોધન કરશે તે પૂરવાર કરવાની તૈયારી રાખવી જોઈએ .
2. શોધ શીર્ષક નવીન, તાજગીસભર અને જ્ઞાનજગતમાં કાંઇક ઉમેરણ કરતુ હોય તેવું નક્કી કરવું .કારણ કે શોધકાર્ય શબ્દમાં જ જ્ઞાનવિશ્વમાં નવું અને ઉમેરણ કરવાનો ભાવ રહેલો છે. તેને ખ્યાલમાં રાખી વણખેડાયેલા ,સ્થાનિક અને માઈક્રો લેવલના શીર્ષક પસંદ કરવા જોઈએ .જેથી સંશોધનને વિશેષ અવકાશ રહે અને નવતર તથ્યો ઉજાગર થઈ શકે !
3. ઈતિહાસ જેવાં વિષયમાં તો ‘ No Documents No History’ અને ‘નામુલં લિખ્યતે કિંચિતૈં’ જેવાં સુત્રો પ્રચલિત છે. અર્થાત ઈતિહાસ આલેખન માટે આધારભૂત અને પ્રમાણભૂત માહિતી સાધનોની જરૂર પડે છે .તેથી સંશોધકે શીર્ષક નક્કી કરતાં પહેલાં પોતે નક્કી કરેલાં વિષય પર પર્યાપ્ત પ્રમાણમાં પ્રાથમિક કક્ષાના માહિતી સ્રોતો મળી શકશે કે કેમ ? તેની તપાસ કરી લેવી જોઈએ . ઉતાવળમાં અને ઉત્સાહમાં

*શીર્ષક નક્કી કરી લીધાં પછી પૂરતા પ્રમાણમાં મૂળ કે પ્રાથમિક સ્ત્રોતોના અભાવે ઈતિહાસ સંશોધન વામણું પૂરવાર થાય છે .*

### 2. સમયનું આયોજન : (planning of Time)

*કોઈપણ પ્રકારના સંશોધન માટે સમયનું આયોજન અનિવાર્ય છે અને સંશોધક સમયનું આયોજન કે કદર નથી કરતો તેની સમય પણ કદર કરતો નથી. સમય ઐતિહાસિક ઘટનાઓની જ નહિ પણ ઇતિહાસકારના સંશોધન આયોજન માટે પણ કરોડરજ્જુ છે .ઈતિહાસ સંશોધનમાં વિષય પસંદગીની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી સંશોધકે તેનું સંશોધન પૂર્ણ કરવા માટે સમયનું આયોજન કરવું રહ્યું . તેમાં પોતે જેટલાં સમયમાં શોધકાર્ય પૂરું કરવા માંગતો હોય તેટલાં સમયનું સંશોધનના તબક્કાઓ પાડી કાર્ય કરવું જોઈએ .ઉદા.તરીકે માહિતીના સાધનો એકત્ર કરવાનો સમય , એકત્ર કરેલાં માહિતીના સાધનોમાંથી પોતાને ખપમાં લાગે તેવા સાંધનોને પસંદ કરવાનો સમયગાળો,માહિતી સાધનોની મદદથી આલેખન માટેનો સમયગાળો અને વિષયવસ્તુનું લેખન-પુનર્લેખન, માવજત, ભાષાશુદ્ધિ અને શોધનિબંધની રજૂઆત વગેરે . આમાં માત્ર સમયનું આયોજન કરવાથી કાંઈ હાંસલ થતું નથી પણ ચુસ્તપણે તેને વળગી પણ રહેવું પડે છે . એટલે તો ઇતિહાસમાં કહેવાય છે કે જે સંશોધક સમયના આયોજન સાથે ચાલે છે તેની સાથે સમય પણ ચાલે છે .*

### 3. માહિતીસ્ત્રોતોનું એકત્રીકરણ : (Collection of Data)

*'આધાર નહિ તો ઈતિહાસ નહિ ઈતિહાસ સંશોધનનો મૂળ મંત્ર છે. તેથી ઈતિહાસ સંશોધક માટે સંશોધનના પ્રારંભે માહિતી સાધનોનું એકત્રીકરણ એ મહત્ત્વનો તબક્કો છે. ઉદા.તરીકે ભારતના ઈતિહાસના આધુનિક સમય ઉપર કે ગુજરાતમાં ગાંધીવાદી આંદોલનો પર સંશોધન કરવા માંગતા સંશોધકે આ ગાળાના શક્ય હોય તેટલાં માહિતીના સાધનો પ્રાપ્ત કરવાના પ્રયત્નો કરવાં જોઈએ . ઈતિહાસના માહિતી સાધનો એક, પ્રાથમિક અને બે, ગૌણ કક્ષાના હોય છે. સંશોધકે પ્રથમ કે પ્રાથમિક કક્ષાના સાધનો પર વધુ પસંદગી આપવી જોઈએ. જેવાં કે એ સમયના અંગ્રેજો દ્વારા સર્જાયેલા દસ્તાવેજો, તત્કાલીન સામયિકો-સમાચારપત્રો, સ્વતંત્રતા સૈનિકોના પત્રવ્યવહાર, આત્મકથાઓ, જીવનકથાઓ, રોજનીશીઓ, ડાયરીઓ વગેરે. આવાં પ્રાથમિક સ્રોતો ઉપરાંત અનુકાલીન કે ગૌણ કક્ષાના સ્ત્રોતોની પણ પ્રાપ્ત કરવા જોઈએ. જેવાં કે ઘટના બની ગયાં પછી લખાયેલા પુસ્તકો, અહેવાલો, સાક્ષાત્કાર, રૂબરૂ મુલાકાતો અને ક્ષેત્રકાર્ય વગેરે. પોતે જોયેલા સ્રોતોની પાકી નોંધ પોતાની ડાયરીમાં રાખવી જોઈએ. જેથી સંદર્ભ સૂચિ બનાવતી વખતે આવી યાદી સીધેસીધી ખપમાં આવી શકે ! ટૂંકમાં ઈતિહાસ સંશોધનમાં સંશોધકે વ્યાપક માત્રામાં ઈતિહાસલેખનના સાધનો એકત્ર કરી તેનો લેખનમાં ઉપયોગ કરવાની દિશામાં કટિબદ્ધ થવું જોઈએ. વિશ્વ અને ભારતના સિદ્ધહસ્ત ઈતિહાસકારોએ પોતાના સંશોધન માટે માહિતીના સાધનો એકત્ર કરવામાં કોઈ જ કસર છોડી ન હતી. ઉદા.તરીકે સર જદુનાથ સરકાર દ્વારા 'ઔરંગઝેબનો ઈતિહાસ' લખવા માટે માહિતીના સાધનો પ્રાપ્ત કરવા માટે ઉઠાવેલો પરિશ્રમ.*

**4. માહિતીસ્ત્રોતોનું વર્ગીકરણ (Classification of Data):** *ઈતિહાસના સંશોધનમાં માહિતીસાધનોનું એકત્રીકરણ કર્યા પછીનો તબક્કો સાધનોના વર્ગીકરણનો આવે છે. એ મુજબ ઈતિહાસ સંશોધકે પોતે ભેગા કરેલાં સાધનોનું વર્ગીકરણ કરવું પડે છે. ઈતિહાસના માહિતી સાધનોનું વર્ગીકરણ મુખ્યત્વે બે રીતે થાય છે .*

**1. પ્રાથમિક કે પ્રથમ કક્ષાના માહિતી સાધનો (Primari Sourses )**

*સામાન્યપણે ઘટના કે પ્રસંગ બનવાની સાથે જે સાધનનું સર્જન થયું હોય અને તેના મૂળ કે અસલ સ્વરૂપમાં જળવાઈ રહ્યું તેને પ્રાથમિક કે પ્રથમ કક્ષાનું સાધન ગણવામાં આવે છે . ઉદા.તરીકે અભિલેખો,સિક્કાઓ, હસ્તપ્રતો, કોઈપણ સરકાર દ્વારા સર્જાયેલા દસ્તાવેજો,આત્મકથાઓ, સમકાલીન સામયિકો અને સમાચારપત્રો વગેરે. ટૂંકમાં સમકાલીન હોય, સાધનમાં છેડછાડ કે બનાવટ ન થઈ હોય અને પ્રમાણભૂત માહિતી પ્રાપ્ત થતી હોય તેવા સ્ત્રોતને ઈતિહાસકારો પ્રાથમિક સાધન ગણે છે.*

**2. ગૌણ કે દ્વિતીય કક્ષાના માહિતીસાધનો (Secondari Sourses)**

*ગૌણ કે દ્વિતીય કક્ષાના સાધનો ભલે સમકાલીન હોય પણ તેમાં નિરુપવામાં આવેલી વિગતો આધારભૂત ન હોય, સાધન ઘટના કે બનાવ બની ગયાં પછી લાંબા ગાળે સર્જાયું હોય, તેના સ્વરૂપમાં ફેરફારો થયાં હોય તેવા સાધનને ગૌણ સાધન કહેવામાં આવે છે. ઉદા.તરીકે સમકાલીન સાહિત્યિક કૃતિઓ,ઐતિહાસિક ઘટનાઓ બની ગયાં પછી તેનાં વિષે લખાયેલા પુસ્તકો વગેરે. કોઈ સાધન સમકાલીન હોવા માત્રથી પ્રાથમિક કક્ષાનું બની જતું નથી અને અનુકાલીન હોવાથી ગૌણ સાધન નથી બનતું, પરંતુ ઈતિહાસકારની સૂઝબૂઝ અને વિવેકબુદ્ધિ સાધનની પ્રથમ કે દ્વિતીય કક્ષા નક્કી કરતી હોય છે.*

*ઈતિહાસ સંશોધકે પોતાને પ્રાપ્ત થયેલાં માહિતીના સાધનોનું ઉપર પ્રમાણે વર્ગીકરણ કરી તેની પ્રાથમિક કે ગૌણ કક્ષા નક્કી કરવી જોઈએ અને ઈતિહાસલેખનમાં પ્રાથમિક સાધનોનો ઉપયોગ વધુ કરવો જોઈએ . અને સંશોધન નિબંધ , અહેવાલ કે પુસ્તકના અંતે તેનું પ્રાથમિક કક્ષાના સ્ત્રોતો અને ગૌણ કક્ષાના સ્ત્રોતો તરીકે વિભાજીત કરી સંદર્ભસુચિમાં દર્શાવવા જોઈએ .*

**5. માહિતીના સાધનોનું અર્થઘટન (Interpretation of Data):**

*ઈતિહાસનું લેખન ઐતિહાસિક ઘટના કે પ્રસંગો વિશેના માહિતીના સાધનોને આધારે થાય છે. ઈતિહાસના આલેખન માટે માહિતીના સાધનો અત્યંત અનિવાર્ય હોવા છતાં સાધનો સ્વયં ઈતિહાસ નથી પણ માહિતીના સાધનોનું ઈતિહાસકાર દ્વારા વિશ્લેષણ કે અર્થઘટન થાય છે તેમાંથી ઈતિહાસ નિષ્પન્ન થાય છે. ઐતિહાસિક સાધનોનું આંતરિક અને બહિર વિવેચન કરી ઈતિહાસકારો માહિતીસાધનોનું અર્થઘટન કરતાં હોય છે. ઈતિહાસના સાધનોના અર્થઘટન પર ઈતિહાસકારની વિચારધારા ખૂબ અસર કરે છે. ઈતિહાસકારનો ધર્મ, સંપ્રદાય, જાતિ-જ્ઞાતિ, સંદર્ભ જૂથ, શિક્ષણ વગેરે ઈતિહાસકારની વિચારધારાનું ઘડતર કરે છે. વિશ્વમાં અને ભારતમાં લખાયેલો*

*સામ્રાજ્યવાદી, રાષ્ટ્રવાદી , માર્ક્સવાદી અને વંચિતલક્ષી ઈતિહાસ તેનો મજબુત પુરાવો છે. ઈતિહાસકારોમાં જણાતા મતમતાંતરો પણ માહિતીના સાધનોના અર્થઘટનમાંથી ઊભા થયાં છે. છતાં ઈતિહાસના સાધનોનું વસ્તુલક્ષી દ્રષ્ટિકોણથી અર્થઘટન થાય તે અત્યંત જરૂરી છે. ઇતિહાસના અર્થઘટનમાં બે અલગ પ્રકારના માહિતીસાધનો વચ્ચે પૂર્વાપર સબંધ અને તેમની વચ્ચે તુલનાત્મક અધ્યયન પણ કરવું જોઈએ. ટૂંકમાં ઈતિહાસ સંશોધનની પ્રક્રિયામાં માહિતીના સાધનોના અર્થઘટન મહત્ત્વની પ્રક્રિયા છે .*

**6. સંશોધનની રજૂઆત (Report Writing):**

*ઈતિહાસ સંશોધનના આયોજનમાં છેલ્લો તબક્કો વિષયવસ્તુની રજૂઆતનો રહે છે. જે ઈતિહાસ સંશોધકના કિસ્સામાં ઘણું મહત્ત્વનું છે. કારણકે સંશોધકની વિષય પસંદગી ઉત્તમ હોય, પુષ્કળ પ્રમાણમાં માહિતીસ્રોતો પ્રાપ્ત કર્યા હોય, તેનો વસ્તુલક્ષી દ્રષ્ટિકોણથી લેખનમાં વિનિયોગ કર્યો હોય પરંતુ રજૂઆતની ભાષા અને શૈલી યોગ્ય ન હોય તો સંશોધન વાચનક્ષમ બનતું નથી. ઈતિહાસલેખનમાં આવા દાખલાઓ ઓછાં નથી. સિદ્ધહસ્ત ઇતિહાસકાર ઈતિહાસલેખનની બધી પ્રક્રિયાને સમાન મહત્ત્વ આપે છે. સંશોધકે ઇતિહાસના દસ્તાવેજો કે માહિતીના સાધનોનું એટલું ઊંડાણપૂર્વક અને બારીકાઈથી વાંચન કરવું જોઈએ કે ભાષા તો ક્યાંગરી બની ઈતિહાસકારની કલમ પર ઉતરી આવે. સાધનોના ઊંડાણપૂર્વકના વાંચન અને અર્થઘટનના અભાવે થતું લેખન ઉપરછલ્લું બની રહે છે .એટલે ઈતિહાસ સંશોધકે રજૂઆત માટે ભાષા અને શૈલીની સુયોગ્ય મદદ લેવી જોઈએ. સંશોધકની ભાષા ભારેખમ તો ન જ હોવી જોઈએ તો કાવ્યાત્મક શૈલીવાળી પણ ન જ હોવી જોઈએ. સંક્ષેપમાં ઈતિહાસના વાંચકનાં રસ અને રુચિ જળવાઈ રહે એ રીતે પ્રવાહી અને વાંચનક્ષમ શૈલીમાં ઇતિહાસની વિષયવસ્તુની રજૂઆત હોવી જોઈએ. આમ કરતાં પહેલાં અહેવાલની રજૂઆત માટે પણ પૂરતો સમય ફાળવવો જોઈએ. ઈતિહાસલેખનમાં સંદર્ભો કે આધારો આપવાની પાદટીપ, સંદર્ભ સુચિ વગેરેની માન્ય પદ્ધતિ મુજબ માવજત કરવી જોઈએ. તેણે પોતાની વિષયવસ્તુનું સતત સંપાદન* (editing) *અને પુનઃસંપાદન કરતાં રહેવું જોઈએ. પોતાનાં લખાણને કદીપણ ડહાપણનો છેલ્લો શબ્દ માનવો જોઈએ નહિ. આમ માનવું એ લેખક કે સંશોધક તરીકે આત્મઘાત કહેવાય .*

## 7.3 સારાંશ

*ઈતિહાસ ભૂતકાળકેન્દ્રી શાસ્ત્ર અને વિજ્ઞાન છે. વસ્તુલક્ષી અને ગંભીર ઈતિહાસનાં આલેખન માટે આયોજન અત્યંત મહત્ત્વનું છે. પીએચ.ડીનું શોધકાર્ય હોય, સંશોધન પ્રકલ્પ હોય કે પરિસંવાદનું શોધપત્ર તૈયાર કરવાનું હોય સંશોધનનું આયોજન સંશોધકને તેના લક્ષ્ય કે હેતુપૂર્તિ સુધી દોરી જાય છે. ઈતિહાસ સંશોધનનું આયોજન અને તેનું ચુસ્ત અમલીકરણ જ ઇતિહાસના સંશોધનનો પાયો છે. સંશોધકનો મૂળભૂત ઉદ્દેશ જ્ઞાનપ્રાપ્તિ અને તેના વિસ્તરણનો હોવો જોઈએ. સિદ્ધહસ્ત ઈતિહાસકારોએ તેમના સંશોધન આયોજન અને તેનાં ચુસ્ત અમલીકરણ સાથે ઈતિહાસ સંશોધનમાં ઉચ્ચતમ લક્ષ્યાંકો હાંસલ કર્યા હતાં. ઉગતા કે નવોદિત ઈતિહાસ સંશોધકે પણ*

*પોતાના સંશોધન કાર્યનું યોગ્ય આયોજન અને તેનાં ચુસ્ત અમલનો સંકલ્પ કરી તે દિશામાં કાર્યરત બનવું જોઈએ.*

## 7. 4 તમારી પ્રગતિ ચકાસો

1. *ઈતિહાસ સંશોધનના આયોજનના તબક્કાઓ વિષે વિસ્તૃત માહિતી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. *પ્રાથમિક અને દ્વિતીય કક્ષાના સાધનો વિષે સવિસ્તાર માહિતી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

## 7. 5 ચાવીરૂપ શબ્દો

*વિષય પસંદગી, સમયનું આયોજન, મહિતીઓનું એકત્રીકરણ, મહિતિસાધનોની પસંદગી, અહેવાલ લેખન, પ્રાથમિક કક્ષાના માહિતી સાધનો , દ્વિતીય કક્ષાના માહિતી સાધનો.*

## 7.6 સંદર્ભગ્રંથો


1.*ધારૈયા આર.કે, ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસલેખન અભિગમ,અમદાવાદ,* 2010

2.*વાઘેલા અરુણ, ઈતિહાસનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ,*2021

3. Shridhararan E , A Textbook of historiography, Delhi, 2015

4.*શરણ રાધે , ઈતિહાસ ઔર ઈતિહાસલેખન( હિંદી), ભોપાલ,* 2006

| એકમ : 8 | સંશોધન સમસ્યાની પસંદગી અને વ્યાખ્યા |
|---|---|

**:: રૂપરેખા ::**

**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 સંશોધન સમસ્યાની પસંદગી અને શીર્ષક**

**8.3 તમારી પ્રગતિ ચકાસો**

**8.4 સારાંશ**

**8.5 ચાવીરૂપ શબ્દો**

**8.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**8.7 સ્વાધ્યાય**

**8.8 સંદર્ભગ્રંથો**

## 8.0 ઉદ્દેશો

*પ્રસ્તુત પ્રકરણના અભ્યાસના અંતે આપ,*

- *સંશોધન સમસ્યાની પસંદગી કરવા અંગેની સમજ કેળવી શકશો.*
- *સંશોધન સમસ્યાની વ્યાખ્યા કઈ રીતે કરવામાં આવે છે તે જાણી શકશો.*

## 8.1 પ્રસ્તાવના

*કોઈપણ પ્રકારના સંશોધનમાં સંશોધન સમસ્યાની પસંદગી ખૂબ જ મહત્ત્વની છે. સંશોધક કયા હેતુથી સંશોધન હાથ ધરી રહ્યો છે તેના આધારે સંશોધન સમસ્યાની પસંદગી થતી હોય છે. જેમકે એમ.એ. કક્ષાના સંશોધન, એમ.ફીલ. અને પીએચ.ડી. કક્ષાના સંશોધન, સંશોધન પેપર લખવા માટેના સંશોધન વગેરે. સંશોધક પોતાની જરૂરિયાત મુજબ પોતાના રસના ક્ષેત્ર કે સમાજ કે રાષ્ટ્ર માટે જરૂરી હોય તેવા ક્ષેત્રમાં સંશોધન કરતો હોય છે. આ જ રીતે સંશોધન સમસ્યાની પસંદગી કર્યા બાદ તેની વ્યાખ્યા કરવામાં આવે છે તે પણ ખૂબ જ મહત્ત્વની પ્રક્રિયા છે. પ્રસ્તુત પ્રકરણમાં આપણે આ બંને બાબતોની ચર્ચા કરીશું.*

## 8.2 સંશોધન સમસ્યાની પસંદગી અને વ્યાખ્યા

*હાલના સમયે વિશ્વ કક્ષાએ વિશાળ સ્તર પર ઐતિહાસિક સંશોધનો હાથ ધરાઈ રહ્યા છે. આથી સંશોધનની કોઈપણ કક્ષાએ સંશોધન સમસ્યાની પસંદગી અને વ્યાખ્યા*

*સંશોધનની ગુણવત્તા પર અસર કરનાર સૌથી મહત્ત્વનું પરિબળ છે. સંશોધન સમસ્યાની યોગ્ય પસંદગી સંશોધનને યોગ્ય દિશામાં કેન્દ્રીત કરવામાં મદદરૂપ થાય છે. વળી તે સંશોધન અર્થપૂર્ણ અને શક્ય છે કે તેમ તે નિશ્ચિત પણ કરે છે.*

**સંશોધન સમસ્યાની પસંદગી**

*ઐતિહાસિક સંશોધનમાં સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.*

- *સંશોધકે સંશોધન સમસ્યાની પસંદગી પોતાના રસ અને વિદ્વતાના આધારે કરવી જોઈએ. સંશોધન સમસ્યાનું ક્ષેત્ર પસંદ કરતી વખતે સંશોધક પોતાની પાસે રહેલ વિષયનું જ્ઞાન, કૌશલ્યો, રસ અને રુચિ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ.*
- *સંશોધક પોતે સંશોધન કરવા તત્પર હોવો જોઈએ તેમજ તેની જિજ્ઞાસાવૃત્તિ જે ક્ષેત્ર તરફ હોય તે ક્ષેત્રમાંથી વિષય પસંદ કરવો જોઈએ. ઐતિહાસિક સંશોધન અન્ય સંશોધનોની તુલનામાં વધુ સમય, શ્રમ, ખંત અને નાણા માંગી લેતું હોવાથી સંશોધન સમસ્યાની પસંદગી યોગ્ય અને પૂરતી વિચાર પ્રક્રિયાને અંતે થવું જોઈએ. દા.ત. કોઈ સંશોધક વિવિધ કલાઓના વિકાસનો ઈતિહાસ લખવા માગતો હોય તો તેની પાસે કલાનું પાયાનું જ્ઞાન હોવું જોઈએ.*
- *સંશોધન સમસ્યાની પસંદગી સમયે તેની સુસંગતતા અને મહત્ત્વને* (Relevance & Significance) *ધ્યાનમાં રાખવા જોઈએ. પસંદ કરેલ સંશોધન સમસ્યા ઈતિહાસની વ્યાપક સમજને સમજવામાં ફાળો આપે તે જરૂરી છે. સંશોધન દ્વારા ઈતિહાસમાં નવી સૂઝ અને દૃષ્ટિકોણનો વિકાસ કરે તે જરૂરી છે. પસંદ કરેલ સંશોધન સમસ્યા ન શોધાયેલ ક્ષેત્ર અંગે સંશોધન કરી વર્તમાનમાં નવી સમજ અને અર્થઘટન આપે તે જરૂરી છે.*
- *સંશોધન સમસ્યા ચીલાચાલુ પ્રકારના સંશોધનોથી અલગ હોય તે ઈચ્છનીય છે. અગાઉ થયેલા સંશોધનોની મર્યાદા કે અવકાશ દૂર કરી તેવા વિષય પર સંશોધન કરવું જોઈએ.*
- *સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે ઔચિત્ય, મહત્ત્વ ને ઉપયોગિતા અંગે વિચારણા કરવી જોઈએ. એટલે કે સંશોધન દેશ કે સમાજને કેટલું ઉપયોગી થશે.*
- *સંશોધન સમસ્યા ઐતિહાસિક જ્ઞાનમાં વધારો કરનારી અને આવનાર પેઢીને લાભકારક માહિતી ઉપલબ્ધ કરાવે તેવી હોવી જોઈએ.*
- *જો અગાઉ આ જ પ્રકારનું સંશોધન થયેલ હોય તો નવા દૃષ્ટિકોણ અને અર્થઘટન મળે તેમજ જૂની કે ખોટી માન્યતાની જગ્યાએ સાચી અને યોગ્ય માન્યતા ઊજાગર કરવામાં આવે તે બાબત પર મહત્ત્વ આપવું જોઈએ.*
- *સંશોધન સમસ્યાની પસંદગી સમયે ઉપલબ્ધ સ્ત્રોતો અંગે વિચાર કરી લેવો જોઈએ. ખાસ કરીને પ્રાથમિક કક્ષાના સ્ત્રોત ઉપલબ્ધ છે કે કેમ. વળી ઉપલબ્ધ સ્ત્રોતોમાંથી પુરતી, યોગ્ય અને સાચી માહિતી પ્રાપ્ત થાય એમ છે કે નહીં તે પણ જોવું જોઈએ. દા.ત. કોઈ સંશોધક બે રાષ્ટ્રો વચ્ચેના ચોક્કસ સમયના રાજદ્વારી સંબંધો અંગે સંશોધન કરવા માગે છે તો તેને જરૂરી અને પુરતા દસ્તાવેજો ન પણ*

મળે કારણ કે ઘણા ખરા દસ્તાવેજો ગોપનીય હોય છે અને આ પ્રકારના દસ્તાવેજોના અભાવે સંશોધન અપૂર્ણ રહેશે.

- સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે મૌલિકતા અને નવીનતાને પ્રાધાન્ય આપવું જોઈએ. સંશોધન સમસ્યા એવી હોવી જોઈએ જેમાં નવા તથ્યો મળે, જાણીતી બાબતોનું પુર્નઅર્થઘટન થઈ શકે, નવા વિષયની પસંદગી કરવી જોઈએ. ઘણીવાર અઘરો વિષય હોય તો પણ તેની અવગણના કરવામાં આવી હોય છે. ઘણીવાર નવી પદ્ધતિ કે આંતર વિદ્યાશાખાકીય અભિગમથી સંશોધનને નવી દિશા પ્રાપ્ત થતી હોય છે.
- સંશોધન સમસ્યા સ્પષ્ટ અને કેન્દ્રીત હોવી જોઈએ. જો સંશોધન પૂર્વે જ સમસ્યા પસંદગી સમયે સંશોધક પોતાના ભાવિ કાર્ય અંગે સ્પષ્ટતા અને કેન્દ્રીતતા ધરાવતો હોય તો તેનું કામ ખૂબ સરળ બની જાય છે. સમસ્યા એવી ન હોવી જોઈએ જેના કારણે મળેલ માહિતીના આધારે મળેલ તારણો અસ્પષ્ટ, દિશાવિહીન કે અર્થ વગરના હોય તે પણ ધ્યાનમાં રાખવું જોઈએ. દા.ત. સમગ્ર વિજયનગરના ઈતિહાસ અંગે સંશોધન કરવાની જગ્યાએ રાજા કૃષ્ણદેવરાયના પ્રદાન અંગે સંશોધન કરવું જોઈએ.
- સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે સંશોધન શક્યતા અને અવકાશ (Feasibility and Scope)ને ધ્યાનમાં રાખવું જોઈએ. આ બાબતમાં સમય, સંશોધન, સંશોધકની તજ્જ્ઞતા વગેરે બાબતો સાથે સાંકળીને જોવી જોઈએ. ઘણીવાર સંશોધક સંશોધન સમસ્યા પ્રત્યે અતિ મહત્ત્વાકાંક્ષી હોય છે. જે તેની શક્યતા અને અવકાશને ધ્યાનમાં ન લે તો ધાર્યા પરિણામ મળતા નથી.
- સંશોધન સમસ્યાની પસંદગી વખતે નૈતિક બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ. ખાસ કરીને સંશોધન સમસ્યા યુદ્ધ, નરસંહાર, માનવ અધિકાર કે અન્ય સંવેદનશીલ વિષય સંબંધિત હોય. સંશોધનમાં સામેલ વ્યક્તિ, જૂથ, સમુદાય કે સમાજની લાગણીઓ અંગે વિચાર કરવો જોઈએ. આ સાથે આ પ્રકારના સંશોધનમાં પૂર્વાગ્રહોનું ધ્યાન રાખવું જોઈએ. સંશોધન તટસ્થ અને ન્યાયી અર્થઘટન આધારિત થાય તે જરૂરી છે.
- સંશોધન સમસ્યાની પસંદગી સમયે ઘટના અંગેની સંદર્ભિત સમજ (Contextual Understanding) હોય તે જરૂરી છે. ઘટના કે બનાવ જે સમયે બન્યો તેની ઐતિહાસિક સંદર્ભની સમજ ના હોય તો સંશોધન યોગ્ય દિશામાં થઈ શકતું નથી. આથી સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે સમયગાળાને પ્રભાવિત કરનારા સામાજિક, ધાર્મિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક જેવા પરિબળોનો પરિચય હોય તે જરૂરી છે. આ પ્રકારના જ્ઞાન આધારિત સંશોધન સમસ્યા સચોટ અને સુસંગત સંશોધન તરફ પ્રેરનારી હોય છે.
- સંશોધન સમસ્યા આંતરશાખાકીય સંભાવના ધરાવતી હોવી જોઈએ. ઐતિહાસિક સંશોધનમાં આંતરશાખાકીય અભિગમથી ઘણા ફાયદા થતા હોય છે. જેમકે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજ્યશાસ્ત્ર, માનવશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન વગેરે. આ

પ્રકારની સમસ્યા ઘટનાની વ્યાપક સમજ તરફ દોરી જાય છે. આથી આ પ્રકારની સંશોધન સમસ્યાની પસંદગીને અગ્રતાક્રમ આપવો જોઈએ.

- સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે સમય અને સ્થળના વ્યાપને (Temporal and Spatial Scope) ધ્યાનમાં રાખવો જોઈએ. પસંદ કરાયેલ સમસ્યા કાળ અને વિસ્તાર સંશોધનની દૃષ્ટિએ પહોંચી વળાય એમ છે કે નહીં તે ધ્યાનમાં લઈને પસંદ કરવી જોઈએ. બીજું કે સંશોધકે ચોક્કસ સમયગાળા કે સ્થળે બનેલી ઘટનાની વ્યાપક ઐતિહાસિક અસરો અંગે વિચારણા કરીને સમસ્યા પસંદ કરવી જોઈએ.
- સંશોધન સમસ્યાની પસંદગી સમયે સૈદ્ધાંતિક અને પદ્ધતિશાસ્ત્રીય (Theoretical & Methodological) પરિબળોને ધ્યાનમાં રાખીને કરવી જોઈએ. સંશોધકે પોતાના સંશોધનમાં જે સૈદ્ધાંતિક કે પદ્ધતિશાસ્ત્રીય અભિગમો પસંદ કરવાના હોય તેને અનુરૂપ સંશોધન સમસ્યા હોવી જોઈએ. સંશોધક કોઈ ચોક્કસ સૈદ્ધાંતિક માળખાને ધ્યાનમાં રાખીને સંશોધન સમસ્યા પસંદ કરવા માગતો હોય જેમકે માર્ક્સવાદ, સામ્યવાદ, નારીવાદ, ઉપનિવેશવાદ વગેરેતો આ અભિગમ અનુકૂળ છે ? તેના માટેના સ્ત્રોત અને વિશ્લેષણ અંગેની સ્પષ્ટતા છે કે કેમ તે જોઈ લેવું જોઈએ. સંશોધન સમસ્યાની પસંદગી સમયે મુખ્યધારાના ઈતિહાસમાં અવગણના પામેલ કે ઓછું પ્રતિનિધિત્વ ધરાવતા વિષયોને મહત્ત્વ આપવું જોઈએ. આ પ્રકારના વિષયો ઐતિહાસિક સંશોધનમાં અસમાનતાઓને દૂર કરવામાં ઉપયોગી નીવડે છે.
- સંશોધન સમસ્યાની પસંદગી સમયે સ્થાનિક તથા પ્રાદેશિક વિષયોને ધ્યાનમાં લેવા જોઈએ. કોઈપણ રાષ્ટ્ર કે સમાજના વિકાસમાં સ્થાનિક તથા પ્રાદેશિક પરિબળો પછી તે ભલે વ્યક્તિ જ ન હોય તેનું પ્રદાન મહત્ત્વનું હોય છે. તો આવા વિષય દ્વારા સ્થાનિક અને પ્રાદેશિક વિષયોને પણ પૂરતું સ્થાન અને માન મળી રહે છે.
- સંશોધન સમસ્યાની પસંદગી કરતી વખતે લાંબાગાળાના પ્રવાહો ધ્યાનમાં રાખવા જોઈએ. આ પ્રકારના સંશોધનના કારણે વિવિધ પ્રકારના પરિબળોની અસર અંગેની આંતરસૂઝ વિકસે છે જે સદીઓથી ચાલતી પ્રક્રિયાને સમજવામાં મદદરૂપ થાય છે. જેમકે રાજકીય, આર્થિક, સામાજિક સંસ્થાઓનો વિકાસ અને પરિવર્તન. આ પ્રકારના સંશોધન વિવિધ પ્રકારની માન્યતાઓના ઉદ્ભવ, વિકાસ અને પરિવર્તનને જાણવા પણ ઉપયોગી બને છે.
- સંશોધન સમસ્યા પસંદ કરતી વખતે વારસા અને સંસ્કૃતિને પણ ધ્યાનમાં રાખવું જોઈએ. વર્તમાનમાં જોવા મળતા મૂલ્યો, માન્યતાઓ, અભિગમોનું સર્જન અને વિકાસ કોઈપણ દેશની સંસ્કૃતિ સાથે જોડાયેલ હોય છે. દરેક સંસ્કૃતિની પોતાની આગવી ઓળખ અને વિશિષ્ટતા હોય છે જે ઉજાગર કરી વર્તમાન પર તેની અસરને સમજવાથી અનેક પ્રશ્નોની સમજ કેળવી શકાય એમ છે.
- સંશોધન સમસ્યાની પસંદગી સમયે નવા ઉપલબ્ધ સ્ત્રોત અને આધારોને ધ્યાનમાં લેવા જોઈએ. હાલમાં નવી ટેક્નોલોજી અને આંતર વિદ્યાકીય સંશોધનોમાં અનેક

એવી બાબતોની જાણકારી મળી છે જે પહેલા ન હતી. તો આવા સ્ત્રોતના આધારે સંશોધન કરવું જોઈએ. ઘણીવાર અગાઉ થયેલા સંશોધનો સ્ત્રોતની મર્યાદાને કારણે અધૂરી માહિતી આપતા હોય છે. પાછળ અન્ય સ્ત્રોત મળતા સંપૂર્ણ માહિતી સાથે સમગ્ર સ્ત્રોત મળી રહે માટે આવા સંશોધન થાય તે ઈચ્છનીય છે.

- સંશોધન સમસ્યા ઈતિહાસ લેખનમાં રહેલ અંતરાળ કે ખાલીપો દૂર કરે તેવી હોવી જોઈએ. ઘણીવાર સમજૂતીનો અભાવ, પક્ષપાત, જૂની માહિતી, અધૂરી માહિતીના કારણે આવા અંતરાળ કે ખાલીપા (gap) રહી ગયેલ હોય છે તો તે શોધીને તેના પર સંશોધન કરવું જોઈએ.

**સંશોધન સમસ્યાનુ શીર્ષક**

સંશોધન સમસ્યાની પસંદગી બાદ બીજું મહત્ત્વનું સોપાન સંશોધનનુ શીર્ષક આપવાનું. ઐતિહાસિક સંશોધનમાં સંશોધનનુ શીર્ષક કરતી વખતે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.

- સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનના હેતુ અને પ્રશ્નોને આવરી લેતી હોય તે ઈચ્છનીય છે. સંશોધનની વ્યાખ્યા દ્વારા કોઈ પણ વ્યક્તિને સંશોધન ઉદ્દેશ અને તે કયા વિષય પર સંશોધન કરી રહ્યો છે તેની ઓળખ થવી જોઈએ. આ બાબત સંશોધક માટે પણ એટલી જ મહત્ત્વની છે તેમાંથી સંશોધનને સંશોધન પ્રત્યે દિશા, માર્ગદર્શન અને લક્ષ્ય કેન્દ્રીતા મળે છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક ટૂંકુ અને સ્પષ્ટ હોવુ જોઈએ. સંશોધન સમસ્યાની વ્યાખ્યામાં બિનજરૂરી શબ્દો કે લાંબા લખાણ ન હોવા જોઈએ તે ખૂબ જ સ્પષ્ટ અને સંક્ષિપ્તમાં બધું કહી દે તેવી હોવી જોઈએ. ઘણીવાર લાંબી અને અસ્પષ્ટ ભાષા ઘણા ગૂંચવાડા ઊભા કરે છે. ટૂંકુ અને સ્પષ્ટ શીર્ષક ઈતિહાસના તજ્જ્ઞ ન હોય તેવા લોકો પણ સરળતાથી સમજી શકે છે.
- સંશોધન સમસ્યા શીર્ષક લાંબી, અઘરી ભાષામાં લખાયેલ અને અસ્પષ્ટ ન હોય તેનું ધ્યાન રાખવું જોઈએ. ઘણીવાર ઘણા સંશોધકોનો એવો ખ્યાલ હોય છે કે આ પ્રકારે વ્યાખ્યા કરવાથી તેમની છાપ વિદ્વાન કે તજ્જ્ઞ તરીકે પડશે પરંતુ આ માન્યતા ભૂલ ભરેલી છે. આવી વ્યાખ્યા ઘણીવાર સારા સંશોધન પ્રત્યે અણગમો પેદા કરી શકે છે.
- સંશોધન શીર્ષકમાં ઐતિહાસિક સંદર્ભ અને સંકલ્પના સ્પષ્ટ થતા હોય તે ઈચ્છનીય છે. જેના દ્વારા વાચકને એ ખ્યાલ આવે છે કે એ જે પ્રકારના સંશોધન વાચવા માગે છે તે આ છે કે નહીં. આ પ્રકારે વાચનનો સમય અને શ્રમ બચાવી શકાય છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનના કાર્યક્ષેત્ર, સમસ્યા, સમયગાળો, ભૌગોલિક ક્ષેત્ર અને વિશિષ્ટતા દર્શાવતા હોવા જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનની ક્ષેત્ર મર્યાદાને ધ્યાનમાં રાખીને આપવી જોઈએ જેથી આગળ જતા કોઈ સંશોધનના સ્ત્રોત, પદ્ધતિ કે તારણો અંગે ખોટા પ્રશ્નો ઊભા ન કરી શકે.

- *સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનનું સમર્થન કરતુ હોવુ જોઈએ, જેમાં સંશોધનની વિશિષ્ટતા તેમજ યોગદાન અંગેની સમજ સરળતાથી કેળવી શકાય.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક ચાવીરૂપ શબ્દો અને ચલોને ધ્યાનમાં રાખીને કરવામાં આવે તે ઈચ્છનીય છે. કારણ કે સંપૂર્ણ સંશોધનનો આધાર ચાવીરૂપ શબ્દો અને સંશોધન હેઠળના ચલ જ હોય છે.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષકની ભાષા અને લખાણ શૈલી સરળ અને શાસ્ત્રીય હોવા જોઈએ. સંશોધન સમસ્યાની શીર્ષક સાહિત્યિક અને અઘરી શૈલીમાં દર્શાવાયેલ હોય તો વાચક પ્રત્યે સૂગ કે અણગમો પેદા કરી શકે છે.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક જો સંશોધન અવકાશ* (gap)*ની સ્પષ્ટતા કરતુ હોય તો તેનો પ્રભાવ સારો રહે છે.*
- *સંશોધન સમસ્યાના શીર્ષક સંશોધનનો અભિગમ અને પદ્ધતિની સ્પષ્ટ સમજ આપતુ હોય તે જરૂરી.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક સમસ્યાના સમય તબક્કા તેમજ વિકાસ સંભાવનાને ધ્યાનમાં રાખીને રચવામાં આવે તે ઈચ્છનીય છે.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક નિષ્ણાતો અને સામાન્ય વાચકો બંનેને સરળતાથી સમજાય તેવી સ્પષ્ટ હોવી જોઈએ.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક વિશિષ્ટ અને કેન્દ્રીત હોવી જોઈએ. જેમાં સમસ્યા અંગેના ખાસ પાસાઓની ઝલક જોવા મળતી હોય.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનના મહત્ત્વ અને ઐતિહાસિક સંશોધનના ક્ષેત્રે સંબંધિતતા દર્શાવતી હોવી જોઈએ. આ સંશોધન દ્વારા સમાજ કે રાષ્ટ્રને કઈ રીતે ફાયદો થવાનો છે તેની સમજ એમાં સ્પષ્ટ થતી હોય તે ઈચ્છનીય છે.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનની ઐતિહાસિક પ્રસ્તુતતા અને સુસંગતતા દર્શાવતી હોવી જોઈએ. તેના દ્વારા સંશોધન વિશાળ ઐતિહાસિક માળખામાં કઈ રીતે સ્થિત છે તેમજ પ્રવર્તમાન ઈતિહાસ લેખન અંગેની જાગૃતિ અને સંશોધન સ્થાન બતાવતી હોવી જોઈએ.*
- *એક સાથે સંશોધન સમસ્યાનુ શીર્ષક સંદર્ભિત સાહિત્ય અભ્યાસ અને અગાઉના કરતા આ સંશોધન કઈ રીતે અલગ કે વિશિષ્ટ છે તે દર્શાવતી હોવી જોઈએ. તેના દ્વારા ઐતિહાસિક દષ્ટિકોણનો વિકાસ કે પડકાર તેમજ ઐતિહાસિક જ્ઞાનમાં પ્રદાન અંગેની સમજ આપતી હોવી જોઈએ.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનના બૃહદ ઐતિહાસિક મહત્ત્વ અને ઘટનાઓ તથા ઘટનાઓને સમજવાના દષ્ટિકોણની સમજ આપતી હોય તે ઈચ્છનીય છે. તેના દ્વારા સ્પષ્ટ સમજણ પડવી જોઈએ કે સંશોધનના તારણો કઈ રીતે જ્ઞાનવૃદ્ધિ કે સમાજની સમજણ માટે મહત્ત્વના પુરવાર થશે.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે સ્પષ્ટ અને ચોક્કસ પરિભાષા ધરાવતી હોવી જોઈએ. શબ્દોની પસંદગી સંશોધન હેતુ, પ્રશ્નો અને તારણો સાથે સુસંગત હોય તે જરૂરી છે. શબ્દો કે સંકલ્પના સ્વયં સ્પષ્ટ અને સમજણલાયક હોય તે જરૂરી છે.*

- સંશોધન સમસ્યાનુ શીર્ષક સંશોધનના સૈદ્ધાંતિક માળખાને અનુરૂપ હોવી જોઈએ જેના દ્વારા કોઈ પણ વ્યક્તિ સંશોધન પાછળનો ઉદ્દેશ સરળતાથી સમજી શકે. જેના દ્વારા ખ્યાલ આવે કે ઘટના કે બનાવનું વિશ્લેષણ કયા આધારોને ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક કરતી વખતે વિષયના કાર્યક્ષેત્ર અને મર્યાદાઓનો ખ્યાલ આવે તે ધ્યાનમાં રાખવું જોઈએ. આ સાથે સંશોધનની સીમાઓ અને ઊજાગર થતા પહેલુંઓનો ખ્યાલ પણ રાખવો જોઈએ એટલે કે સંશોધન જે ઈરાદાથી હાથ ધરવામાં આવ્યું હોય તેમાં કેન્દ્રીત છે તે સ્પષ્ટ થવું જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક કરતી વખતે આંતરશાખાકીય કે આંતર વિદ્યાકીય સંપર્કને ધ્યાનમાં રાખવા જોઈએ જેથી વાચકને સંશોધન સમસ્યાની વ્યાખ્યા પરથી જ ખ્યાલ આવે કે આ સંશોધનમાં વિવિધ ક્ષેત્રો સાથે જોડાયેલ આંતરદૃષ્ટિ સામેલ છે. વળી તેનાથી સંશોધન કેવી રીતે અન્ય વિદ્યાશાખા સાથે જોડાયેલ છે તેનો ખ્યાલ આવે છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષકમાં સંશોધન માટે ઉપયોગમાં આવનાર દસ્તાવેજ અને પુરાવા અંગેનો ખ્યાલ આવે તે ધ્યાનમાં રાખવું જોઈએ.
- સંશોધન સમસ્યાની શીર્ષક કરતી વખતે સંશોધન આધુનિક મુદ્દાઓ તથા ચર્ચાઓ સાથે જોડાયેલ છે તેનો ખ્યાલ રાખવો જોઈએ. આ બાબત વ્યાખ્યા પરથી જ સંશોધનની ગુણવત્તા અને ઉપયોગિતા ઊજાગર કરવામાં મદદરૂપ થાય છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક કરતી વખતે સંશોધન સંબંધિત નૈતિક વિચારણાઓને ધ્યાનમાં રાખવી જોઈએ. ખાસ કરીને ત્યારે જ્યારે સંશોધનનો વિષય સંવેદનશીલ હોય. આ પ્રકારના વિષય સમાજ માટે તેના ગૌરવ કે અધિકારો સાથે સંબંધિત હોય.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક કરતી વખતે શક્યતા અને વાસ્તવિકતાનો વિચાર કરવો જોઈએ. તેના દ્વારા ખ્યાલ આવવો જોઈએ કે સંશોધનમાં વાસ્તવિકતા અને ઉપયોગિતા મૂલ્ય સમાવિષ્ટ હશે તેમજ પસંદીત સ્ત્રોત અને મહત્ત્વની બાબતોને પરોક્ષ રીતે સ્પષ્ટીકરણ મળતું હોવું જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક તેના પ્રકાર કે જરૂરિયાત મુજબ આકર્ષક અને પ્રેરણાદાયક હોવું જોઈએ. વાચકને સંશોધન વાંચવા રસ પડે અને આકર્ષાય તે ધ્યાનમાં રાખવું જોઈએ તે સંશોધનના મહત્ત્વના પાસાઓની સાથે સાથે ઉદ્દેશ્યો અને પ્રતિબદ્ધતાનું પ્રસારણ કરતું હોવું જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક ભાવિ સંશોધકને મદદરૂપ થાય તે પ્રકારે હોવી જોઈએ. જ્યારે કોઈ સંશોધક તેના સંશોધન માટે સંબંધિત સાહિત્ય કે પૂર્વે થયેલ સંશોધનોનો અભ્યાસ કરતો હોય ત્યારે તેને સ્પષ્ટ ખ્યાલ આવવો જોઈએ કે આ સંશોધન તેના માટે ઉપયોગી અને માર્ગદર્શક નીવડશે કે કેમ જેથી તેનો સમય, શક્તિ અને શ્રમનો બચાવ થાય.

- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે એ બાબતને પણ ધ્યાનમાં લેવી જોઈએ કે તે સંશોધનના લક્ષ્યો સાથે સુસંગત હોય. સંશોધનના ઉદ્દેશો અને ઈચ્છિત પરિણામોનું સ્પષ્ટ પ્રતિબિંબ સંશોધન વ્યાખ્યામાં પડતું હોય તે જરૂરી છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે એ બાબતને ધ્યાનમાં રાખવી જોઈએ કે તે સંશોધનનો વ્યાપ અને કાર્યક્ષેત્ર સ્પષ્ટ કરતી હોય. જેમાં આ ઐતિહાસિક સંશોધનમાં વ્યક્તિ અભ્યાસ, તુલનાત્મક વિશ્લેષણ કે વ્યાપક ઐતિહાસિક સર્વેક્ષણ છે કે નહી તે દર્શાવતું હોવું જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે સમય અવધિ અને ભૌગોલિક કાર્યક્ષેત્ર સ્પષ્ટ થાય તે જરૂરી છે. જેના આધારે વાચકોને સંશોધનના મૂલ્ય અને ઉપયોગિતાનો ખ્યાલ આવે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે સંશોધન હેતુ, પ્રશ્ન અને પરિકલ્પનાઓને સુસંગત છે કે નહીં તેનું ધ્યાન રાખવું જોઈએ. આ બાબત વાચકોને સંશોધન અંગે તેના કેન્દ્રબિંદુ સુધી પહોંચવામાં મદદરૂપ થાય છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે ઉક્તિઓ કે અતિ શાસ્ત્રીયતાનો ઉપયોગ ટાળવો જોઈએ. (Avoiding Jargon) દરેક વિષયની પોતાની પરિભાષા હોય છે પરંતુ દરેક જગ્યાએ તેનો ઉપયોગ ટાળવો જોઈએ. જે વ્યક્તિ જે તે ક્ષેત્રનો નિષ્ણાંત હોય તે તો તેનાથી પરિચિત જ હશે. માટે સામાન્ય લોકો સમજી ના શકે તેવી રીતે વ્યાખ્યા ન થાય તેનું ધ્યાન રાખવું જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે સર્જનાત્મકતા, સ્પષ્ટતા અને ચોકસાઈનું ધ્યાન રાખવું જોઈએ. તે આકર્ષક અને રસપ્રદ હોય તેની સાથે સાથે સમસ્યાની સ્પષ્ટ દિશા દર્શાવતું હોવું જોઈએ.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક ડિઝર્ટેશન, થિસિસ કે રિસર્ચ પેપરના મુખ્ય તર્ક સાથે સુસંગત હોવું જોઈએ. વાચકને ખ્યાલ આવશે કે અંદર એ શું વાંચવા કે સમજવા જઈ રહ્યો છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે પૂર્વગ્રહ કે અનુમાનથી દૂર રહેવું જોઈએ. ઐતિહાસિક સંશોધનનો મૂળ આધાર નિષ્પક્ષતા, તટસ્થતા, વાસ્તવિકતા અને સત્યતાને રજૂ કરવાનો છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે વાચકોને ધ્યાનમાં રાખવા જોઈએ. શિક્ષણ સાથે સંકળાયેલ, સામાન્ય લોકો, સંશોધનો, વિદ્વાનો વગેરે તમામને ધ્યાનમાં રાખીને સંતુલિત સંશોધન થાય તે જરૂરી છે.
- સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે અભ્યાસમાં કેન્દ્ર સ્થાને હોય તેવી મુખ્ય સમસ્યા હાંસીયામાં ધકેલાય ન જાય તેનું ધ્યાન રાખવું જોઈએ. આ જ રીતે સંશોધન સમસ્યા વિશિષ્ટ અને સામાન્ય વચ્ચે સંતુલન ધરાવતી હોવી જોઈએ. ઘણીવાર સંશોધક વિશિષ્ટતાને એટલું બધું મહત્ત્વ આપતા હોય છે જેના કારણે અભ્યાસની વ્યાપક અસરો મર્યાદિત થઈ જતી હોય છે.

- *સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે ઐતિહાસિક સમયગાળાના મહત્ત્વને પણ ધ્યાનમાં લેવું જોઈએ. જો સંશોધનમાં તુલનાત્મક તત્વો હોય તો તેને પણ ધ્યાનમાં લેવા જોઈએ.*
- *સંશોધન સમસ્યાનુ શીર્ષકમાં બિનજરૂરી બાબતોની સાથે સાથે શબ્દોના પુનરાવર્તનને ટાળવું જોઈએ. દરેક શબ્દ સ્પષ્ટ અને સૂચક હોવો જોઈએ.*

## 8.3 તમારી પ્રગતિ ચકાસો

**1. નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય વિકલ્પની મદદથી પૂરો.**

(1) *સંશોધન સમસ્યાની પસંદગી વખતે ____________ને ધ્યાનમાં રાખવામાં આવે છે. (રસનું ક્ષેત્ર, સંશોધનની સરળતા, બીજા સંશોધનનો આધાર)*

(2) *સંશોધન સમસ્યાની પસંદગી સમયે સ્ત્રોતોની____________ને ધ્યાનમાં રાખવામાં આવે છે. (ઉપલબ્ધતા, કિંમત, માર્ગદર્શકની સલાહ)*

(3) *સંશોધન સમસ્યાના શીર્ષક____________ને આધારે કરવામાં આવે છે.*

*(સંશોધકનો રસ, સંશોધનના હેતુ, સંશોધનનો પરામર્શ)*

(4) *સંશોધન સમસ્યાના શીર્ષકમાં ____________સ્પષ્ટ હોવા જોઈએ.*

*(ઐતિહાસિક સંદર્ભ, સંશોધકના પૂર્વાગ્રહો, અન્યની સલાહ)*

(5) *સંશોધન સમસ્યાના શીર્ષક સંશોધનનું____________કરતુ હોવુ જોઈએ.*

*(સમર્થન, અસમર્થન, ચલ પરિવર્તન)*

**2. નીચે આપેલ વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો.**

(1) *ઐતિહાસિક સંશોધનમાં સમસ્યા પસંદગી સંશોધનની ગુણવત્તા પર અસર કરે છે.*

(2) *સંશોધન સમસ્યાની યોગ્ય પસંદગી સંશોધનના યોગ્ય દિશામાં કેન્દ્રીત કરવા સાથે સંબંધિત નથી.*

(3) *સંશોધન સમસ્યાની પસંદગી વખતે પૂર્વ થયેલા સંશોધનમાં અભ્યાસ જરૂરી છે.*

(4) *સંશોધન સમસ્યાનુ શીર્ષક, કાર્યક્ષેત્ર, સમસ્યાઓ, ભૌગોલિક ક્ષેત્ર અનુરૂપ હોવુ જોઈએ.*

(5) *સંશોધન સમસ્યાની વ્યાખ્યામાં અભિગમ અને પદ્ધતિની સમજ આપવામાં આવતી નથી.*

## 8.4 સારાંશ

*આમ પ્રસ્તુત પ્રકરણમાં આપણે સંશોધન સમસ્યા પસંદ કરતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ તેમજ સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે કઈ કઈ*

*બાબતોને ધ્યાનમાં રાખવી જોઈએ તેનો અભ્યાસ કર્યો. સામાન્ય રીતે જ્યારે અનુસ્નાતક કે એમ.ફીલ. પ્રકારના ઐતિહાસિક સંશોધન હાથ ધરવામાં આવતા હોય છે ત્યારે વિદ્યાર્થીઓમાં સંશોધન અંગેની દૃષ્ટિ અને સૂઝ ઓછી વિકસી હોય છે. આથી તેમને આ બાબત પર વધુ ધ્યાન કેન્દ્રીત કરવું જોઈએ. આ જ રીતે પીએચ.ડી. કે તે પછીના સંશોધનો કે રીસર્ચ પેપર લખતી વખતે પણ ઉપરોક્ત બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે. સંશોધનનો અનુભવ ગમે તેટલો હોય પરંતુ સમસ્યા પસંદગી અને સંશોધન સમસ્યાની વ્યાખ્યા યોગ્ય રીતે આપવામાં ન આવી હોય તો તે સંશોધનની ગુણવત્તા પર ચોક્કસ અસર કરે છે.*

## 8.5 ચાવીરૂપ શબ્દો

**સંશોધન અવકાશ :** (Research Gap) *સંશોધન અવકાશ એટલે સંશોધનનો એવો વિષય અથવા ક્ષેત્ર જ્યાં સંશોધનનો પુરતો અવકાશ ન હોય. જેમકે પ્રવર્તમાન સંશોધન જૂના થયા હોય, અપૂર્ણ હોય, ઓછા પડતા હોય કે નવા સંશોધનની જરૂર હોય. આવા ક્ષેત્રે સંશોધન નવા, પૂરતા અને સાચા જ્ઞાન સર્જન માટે ઉપયોગી થાય છે.*

**પરિભાષા :** (Terminology) *પરિભાષા એ કોઈ વિશિષ્ટ ક્ષેત્ર કે વિષયમાં વપરાતા ખાસ શબ્દો અને શબ્દસમૂહોનો સેટ છે. આ પ્રકારનું શબ્દ ભંડોળ નિષ્ણાંતો અને વ્યાવસાયિકો વચ્ચે ચોક્કસ અને સ્પષ્ટ સંવાદ માટે ઉપયોગમાં લેવાય છે. દા.ત. યુગ, વંશ, પાંડુલિપિ, કાળગણના, વર્તમાનવૃત* (Chronicle).

## 8.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**1. ખાલી જગ્યાના ઉત્તર**

(1) *રસનું ક્ષેત્ર* (2) *ઉપલબ્ધતા* (3) *સંશોધનના હેતુ* (4) *ઐતિહાસિક સંદર્ભ* (5) *સમર્થન*

**2. વિધાન ખરાં છે કે ખોટાંના ઉત્તર**

1. *સાચું* 2. *ખોટું* 3. *સાચું* 4. *સાચું* 5. *ખોટું*

**બહુવિકલ્પ પ્રશ્નો**

(1) *સંશોધન સમસ્યાની પસંદગી સમયે કઈ બાબતનું ધ્યાન રાખવું જોઈએ.*

(a) *રસનું ક્ષેત્ર નિશ્ચિત કરવું* (b) *અગાઉ થયેલા સંશોધનોનો અભ્યાસ*

(c) *બંને* (d) *એકપણ નહીં*

(2) *સંશોધન સમસ્યાની વ્યાખ્યા કરતી વખતે કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ.*

(a) *સંશોધન હેતુ ધ્યાનમાં લેવા* (b) *સંશોધકની જ્ઞાતિ ધ્યાનમાં લેવી*

(c) *સંશોધકનો હોદ્દો ધ્યાનમાં લેવો* (d) *સંશોધકની સંસ્થા ધ્યાનમાં લેવી*

## 8.7 સ્વાધ્યાય

**1. નીચે આપેલ પ્રશ્નનો વિસ્તારથી જવાબ આપો.**

(1) *ઐતિહાસિક સંશોધનમાં સમસ્યા પસંદગી અને વ્યાખ્યા અંગે સમજૂતી આપો.*

**2. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

(1) *સંશોધન સમસ્યા પસંદગી સમયે કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ ?*

(2) *સંશોધન સમસ્યાનુ શીર્ષક આપતી વખતે મુખ્યત્વે કઈ બાબત પ્રત્યે સજાગ હોવું જોઈએ ?*

**3. નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક-બે વાક્યમાં આપો.**

(1) *સંશોધન સમસ્યા પસંદગીમાં વિષયની અભ્યાસ શક્યતામાં કઈ કઈ બાબતોનો સમાવેશ થાય છે ?*

(2) *સંશોધક અગાઉ થયેલા સંશોધન પર સંશોધન કરવા માંગતો હોય તો તેણે કઈ કઈ બાબતની કાળજી રાખવી જોઈએ ?*

(3) *સંશોધન સમસ્યાના શીર્ષક સમયે ભાષા અને શૈલી બાબત કઈ કાળજી રાખવી જોઈએ ?*

## 8.8 સંદર્ભ ગ્રંથો


1. *ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ* (1994), *ડૉ. રમણલાલ ક. ધારૈયા, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડ, અમદાવાદ.*
2. Research Methodology in History (2020), Jaiswal Pradip, Gaurav Books, Bengaluru.
3. Historical Research : A Handbook for Students (2013), Suresh Sharma Usha Sharma, Atlantic Publishers & Distributes, New Delhi.
4. A Manual of Historical Research Methodology (2010), N. N. Pillai, Gyan Publishing House, New Delhi.
5. Itihas : Sangrah Evam Adhayam (2012), Sundarlal, Rajpatana Granth Jaipur.

એકમ : 9 | સંશોધન દરખાસ્તની તૈયારી

:: રૂપરેખા ::

**9.0 ઉદ્દેશ્યો**

**9.1 પ્રસ્તાવના**

**9.2 સંશોધનનો અર્થ**

**9.3 સંશોધનની વ્યાખ્યા**

**9.4 સંશોધનનાં સ્વરૂપ-લક્ષણો-વિભાવના**

**9.5 સંશોધનમાં વિષયની પસંદગી**

**9.6 સંશોધન દરખાસ્તની તૈયારી માટેના સૂચનો**

**9.7 સંશોધન દરખાસ્તના સોપાનો**

**9.8 સમાપન**

**9.9 તમારી પ્રગતિ ચકાસો**

**9.10 ચાવીરૂપ શબ્દો**

**9.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**9.12 સંદર્ભગ્રંથો**

## 9.0 ઉદ્દેશ્યો

*આ એકમના અભ્યાસ પછી તમે....*

- *સંશોધકે સંશોધનની દરખાસ્ત કઈ રીતે તૈયાર કરી છે તે જાણી શકાશે.*
- *સંશોધક સંશોધનની દરખાસ્ત પછી કયા કયા સાધનોનો ઉપયોગ કરશે તેની માહિતી પ્રાપ્ત થશે.*
- *ઈતિહાસમાં કઈ રીતે સંશોધન થાય છે તે જાણી શકાશે.*
- *પ્રથમ કક્ષાના અને દ્વિતીય કક્ષાના સાધનોની માહિતી મેળવી શકાશે.*

## 9.1 પ્રસ્તાવના

*કોઈપણ વિષયમાં સંશોધનનું ક્ષેત્ર ખૂબ વિશાળ અને વ્યાપક હોય છે. સંશોધનનું કાર્ય સંશોધન કરવાનું હોય છે. સંશોધન એ આમ જુઓ તો કોઈપણ વિષયના વિકાસનો આત્મા છે. સંશોધક હંમેશાં કોઈ ને કોઈ એક વિષય પર ચિંતન અને મનન કરતો હાય છે. ચિંતન-મનનના ફળ સ્વરૂપે સંશોધક હવે તેના વિષય માટેના દસ્તાવેજો શોધવાનું ચાલુ કરે છે. તેને કયાંથી દસ્તાવેજો મળશે તેનું પુરેપૂરું તે ધ્યાન રાખે છે.*

*ઈતિહાસ વિષયના સંશોધકે પોતાના સંશોધન માટે દફતર ભંડારો, સરકારી અને બીન સરકારી ઓફિસો, પુસ્તકાલયો વગેરેમાં સચવાયેલા દસ્તાવેજને ખાંખાખોળા કરે છે. ત્યારબાદ પોતાના વિષયોને લગતાં વિવિધ સાધનો વિશેષ ઉપયોગ કરીને લેખન કાર્ય કરતો હોય છે. સંશોધનનું કાર્ય દરિયામાંથી મોતી શોધવા જેવું છે. કેટલીક વખતે લાંબા પરિશ્રમ બાદ તેના વિષયને લગતુ સાહિત્ય મળતું નથી હાતુ ત્યારે નિરાશ પણ થતો હોય છે. સંશોધનમાં ધીરજ અને ખંત એ જરૂરી બાબત છે.*

*સંશોધન કરતાં પહેલાં સંશોધકે એ બાબતનું પુરેપરું ધ્યાન રાખવું જોઈએ કે પોતાનું સંશોધન મૌલિક હોવુ જોઈએ. સંશોધકે તો સૌ પ્રથમ પોતાની વિષયની પસંદગી સભાનતાપૂર્વક કરવી જોઈએ. એક વખત વિષય કે ટોપીક પસંદ થઈ ગયા પછી સંશોધનનું કાર્ય ખૂબ જ સરળ બની જાય છે.*

## 9.2 સંશોધનનો અર્થ

*સંશોધન સંજ્ઞા જુદાં જુદાં અર્થમાં વપરાય છે. પ્રગતિનું રહસ્ય ઉકેલવું તે સંશોધનનો ધ્યેય છે. સંશોધન કરવું એટલે પ્રતિષ્ઠિત કરવું કે પુનઃશોધવું એવો પ્રાથમિક અર્થ તારવી શકાય. સંશોધન માટે અંગ્રેજી શબ્દ છે* Research *આ શબ્દમાં પૂવાર્ધનું વિશેષણ* (Re) *મહત્ત્વનું છે અને બીજો શબ્દ સર્ચ (*Search*) છે.* (Re) *અને* (Search) *જોડાણથી બનેલો* Research *શબ્દ સંશોધન માટે પ્રયોજાય છે. સંશોધનનો શાબ્દિક અર્થ ''પુનઃ શોધવું'' એવો થાય છે. તે ફકરી ફરીને શોધવાની પ્રક્રિયાનો નિર્દેશ કરે છે. બીજી રીતે કહીયે તો પુનઃ પુનઃતપાસ કરવી કે ખોજ કરવી એટલે સંશોધન.*

*સંશોધન માટે બીજો શબ્દ 'ગવેષણા' છે. સંશોધનનો સાહિત્યિક અર્થ અહીં તપાસ કરતાં થાય છે. સંશોધનનો સંપૂર્ણ વિચાર એક એવા ચોકઠાને વ્યક્ત કરે છે. જેમાં જુદા જુદા આકાર પ્રકારના જ્ઞાનની પ્રગતિને વ્યક્ત કરતું શોધખોળનું વ્યવસ્થિત માળખું હોય છે. બીજી રીતે કહીએ તો સંશોધન એ સઘન પ્રક્રિયા છે અને એ પ્રક્રિયા કોઈ પ્રકારની રજૂઆતમાં પરિણમે છે. વધારે ચોકસાઈથી કહેવું હોય તો કહી શકીએ કે સંશોધન પસંદ કરેલ સમસ્યાની વિવેચનાત્મક તપાસ છે.*

## 9.3 સંશોધનની વ્યાખ્યાઓ

*સંશોધન એટલે શું ? એના અંગે જુદા જુદા વિદ્વાનોએ વ્યાખ્યાઓ આપવાનો પ્રયાસ કર્યો છે. એમાંથી કેટલીક વ્યાખ્યાઓ આ પ્રમાણે છે :*

- *સંશોધન એટલે "સત્યની શોધ" – હરિવલ્લભ ભાયાણી*
- *''વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પધ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની અને તેના આધારે સિધ્ધાંત કે નિયમ તારવવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહે છે.''*
- *''જે કંઈ અજ્ઞાત છે તેને જાણવા માટે વ્યક્તિ જે શાસ્ત્રીય પધ્ધતિનો ઉપયોગ જિજ્ઞાસા વશ કરીને શોધકાર્ય કરે છે. તેને સંશોધનનું નામ આપી શકાય.''*
- *''નવું જ્ઞાન મેળવવાની પધ્ધતિસરનો પ્રયાસ એટલે સંશોધન''-રેડમેન એન્ડ થોરી*

- *''વૈજ્ઞાનિક પધ્ધતિ દ્વારા વર્તમાન જ્ઞાનમાં વૃધ્ધી કરતો મૌલિક પ્રયાસ એટલે સંશોધન.''*
- *''સંશોધન એ હંમેશા સત્ય શોધ માટેની પ્રક્રિયા છે.'' એમાં પરિવર્તનની શક્યતા રહેલી છે અને હજારો વર્ષથી વિકસિત થઈ રહેલી બૌધ્ધિક પ્રક્રિયા છે. – મેનબેસ્ટ*
- *''સંશોધન એટલે ચોક્કસ હેતુપૂર્વકનો અભ્યાસ કરવો'' એમાં વિષયોના ક્ષેત્રોમાં બૌધ્ધિક, ચિંતનાત્મક અને તર્કબધ્ધ રજૂઆત દ્વારા સમસ્યાનું નિરાકરણ કરવું અનિવાર્ય છે.*
- *માનવીની પ્રત્યેક પ્રવૃત્તિ સાર્થક કે સંપૂર્ણ રીતે સત્ય હકીકત પર અવલબે છે.*
- *''આ ઉભય સમસ્યાના ઉકેલ માટે ઉપયોગમાં લેવાતી પધ્ધતિ તે સંશોધન''*

  *''સંશોધન એટલે પ્રયોગ, તુલના અભ્યાસ દ્વારા સત્યનું ઉદ્દઘાટન. સંશોધન વિચારની એવી અદ્યતન પ્રવત્તિ છે જે સાધનો અને માળખાને સમસ્યાના ઉકેલ માટે પધ્ધતિસર ગોઠવે છે.''*

## 9.4 સંશોધનનું સ્વરૂપ - લક્ષણો – વિભાવના

**1. સંશોધન સમસ્યાની તપાસ કરે છે.**

*સંશોધન પધ્ધતિમાં સૌ પ્રથમ સમસ્યા ઉભી કરવામાં આવે છે અને એ સમસ્યાની પધ્ધતિસરની તપાસ કરવામાં આવે છે. - પ્રથમ સમસ્યા ઉભી કર્યા પછી અભ્યાસ કરવામાં આવે છે.*

**2. સંશોધન એક વૈજ્ઞાનિક પધ્ધતિ છે.**

*સંશોધન એ રીતસરની વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. એમાં બધું જ આયોજનબદ્ધ સંશોધન થાય છે. કેવળ વ્યવહાર, વૈજ્ઞાનિક દ્રષ્ટિવૃત્તિ અને નિશ્ચિત હેતુ એમાં અનિવાર્ય છે. સંશોધનમાં ગમે તેવા વિધાનોને અવકાશ નથી એમાં ચોક્કસ પુરવાર ન થાય ત્યાં સુધી ઉકેલ પર આવી શકાતું નથી.*

**2. સંશોધનની પોતાની આગવી ટેકનિક છે. – સંશોધન વિવિધ પધ્ધતિઓ દ્વારા થાય છે.**

*અર્થાત્ સંશોધન ગમે તેમ થતું નથી તે આગવી પધ્ધતિ દ્વારા ટેકનિક દ્વારા થાય છે.*

**4. સંશોધનમાં પ્રયોગ, નિરીક્ષણ અને અભ્યાસનું મહત્ત્વ છે.**

*સંશોધનનું એક અનિવાર્ય લક્ષણ પ્રયોગ છે. એના પછી નિરીક્ષણ અને અભ્યાસ છે. એ દ્વારા જ સંશોધનમાં સફળતા મળે છે.*

**5. સંશોધન સત્યના ઉદ્દઘાટનરૂપે હોય છે.**

*જે અપ્રગટ-ઢંકાયેલું છે એને સંશોધન દ્વારા ઉદ્દઘાટિત કરવામાં આવે છે. એ વિશે સત્ય હકીકત પ્રગટ કરવાની રીત હોય છે. સમાજમાં જે ગેરસમજો હોય છે એ વિશે સત્ય હકીકત પ્રગટાવવાનું કામ સંશોધન કરે છે. સંશોધન દ્વારા એ સત્ય શોધાય છે અને સત્યતાની પરીક્ષા થાય છે.*

**6. સંશોધનમાં પૂર્વધારણા અને કલ્પના શક્તિનો વિનિયોગ થાય છે.**

*સંશોધનમાં કોઈપણ સમસ્યા ઉભી કર્યા બાદ ચોક્કસ તારણ કે પરિણામ સુધી પહોંચ્યા પહેલા પૂર્વધારણા કરવી પડે છે અને એ પૂર્વધારણા ખરી છે કે ખોટી એ તપાસતા તપાસતા જ આગળ વધાતું હોય છે. આમ, સંશોધનમાં પૂર્વધારણા અને કલ્પના શક્તિનો વિનિયોગ જોવા મળે છે.*

**7. સંશોધન એ સર્જનાત્મક પ્રવૃત્તિ છે.**

*અર્થાત્ સંશોધન વૈજ્ઞાનિક પધ્ધતિની જેમ પણ કલાત્મક પ્રવૃત્તિ નથી. સર્જનાત્મક પ્રવૃત્તિ છે કેમકે સંશોધનમાં વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ તો થાય છે પણ સાથો સાથ પ્રેરણા, કલ્પના જેવી સૂક્ષ્મ સામગ્રીનો પણ સમાવેશ થાય છે.*

## 9.5 સંશોધનમાં વિષયની પસંદગી

**વિષય અંગે આધારસામગ્રી એકઠી કરવી :**

*સંશોધકે વિષયની પસંદગી કર્યા બાદ તેનું બીજુ પગલું આધાર સામગ્રી એકઠી કરવાનું હોય છે. ઈતિહાસ લેખનમાં પ્રથમ કક્ષાના સાધનો અને દ્વિતીય કક્ષાના સાધનો દ્વારા થઈ શકે છે. ઈતિહાસકારાને પોતાના સંશોધન માટે પ્રાથમિક કક્ષાના સાધનો પર વધારે ભાર મૂકે છે. કેમ કે પ્રથમ કક્ષાના સાધનોએ ઈતિહાસલેખનનું આધારભૂત સાધન ગણવામાં આવે છે.*

*સંશોધકે સંશોધન દરખાસ્તની તૈયારીમાં નીચે મુજબની સામગ્રીને ધ્યાનમાં રાખવી જોઈએ.*

- *સંશોધક પ્રાથમિક સાધન સામગ્રી જેવી કે સિક્કાઓ, અભિલેખો, તામ્રપત્ર, એ સમયના ઉપલબ્ધ અવશેષો (માટીના કે ધાતુનાં પાત્રો, અલંકારો, વસ્ત્રો, શસ્ત્રો, ઓજારો, રમકડાંઓ, સૌદર્ય પ્રસાધનનાં સાધનો તેમજ વિવિધ સ્મારકો, ઈમારતોના અવશેષો, દસ્તાવેજો, શિલા-આકૃતિઓ વગેરે, ક્યાંથી મળશે? તેનું ધ્યાન રાખવું જોઈએ.*
- *જયારે પ્રાથમિક કક્ષાના સાધનો મળવા મુશ્કેલ બને ત્યારે ના છુટકે દ્વિતીય કક્ષાના ગૌણકક્ષાના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ. સમકાલીન ગ્રંથો અને ત્યારબાદ લખાયેલા સાહિત્યિક સામગ્રીનો ઉપયોગ સાવચેતી પૂર્વક કરવો જોઈએ.*

## 9.6 સંશોધન દરખાસ્તની તૈયારી માટેના સૂચનો

- *સંશોધનની દરખાસ્ત તૈયાર કરતી વખતે તમે જે વિષય પસંદ કર્યો છે. તેના સંદર્ભમાં જ આગળ વધવું જોઈએ.*
- *સંશોધન દરખાસ્તની તૈયારી કરતી વખતે સંશોધકે અવાર-નવાર તેના માર્ગદર્શકને મળવું જોઈએ. જેનાથી વિષયને લગતા પ્રશ્નોનું તે નિવારણ લાવી શકે.*

- *સંશોધનોનો દરખાસ્તની તૈયારી કરતી વખતે અગાઉ થયેલા સંશોધનોનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ. જેથી તેને સંશોધનમાં સરળતા રહે.*
- *સંશોધનની દરખાસ્તની તૈયારી સમયે સંશોધકે પોતાના રસ અને વ્યવસાયિક ધ્યેયને નજર સમક્ષ રાખીને સંશોધનનું ક્ષેત્ર પસંદ કરવું જોઈએ.*
- *સંશોધન દરખાસ્તના લેખનકાર્ય સમયે સંશોધકે જે યુનિવર્સિટી કે સંશોધક કેન્દ્રએ રજૂ કરેલ નિયમોનો સંપૂર્ણ અભ્યાસ કરવો જોઈએ.*
- *લેખન કાર્યમાં મુખ્ય મુદ્દાઓ, ગૌણ મુદ્દાઓ, પેટા મુદ્દાઓને કઈ રીતે લખવા જોઈએ તેમજ તેનું મુદ્રણ કાર્ય માટેના ટાઈપોની સાઈઝ કેટલી રાખવી જોઈઅ ? તેનું સંપૂર્ણ જ્ઞાન હોવું જોઈએ.*
- *સંશોધકે સંદર્ભગ્રંથસૂચિ કઈ રીતે રજૂ કરાય? તેના વિષય સંપૂર્ણજ્ઞાન મેળવવું જોઈએ.*
- *પરિશિષ્ટોમાં શું મુકી શકાય ? તેનો ખ્યાલ હોવો જોઈએ.*

## 9.7 સંશોધન દરખાસ્તના સોપાનો

*સંશોધન દરખાસ્તને સામાન્ય રીતે બે ભાગમાં વહેંચી શકાય* (1) *પરિચયાત્મક વિભાગ અને* (2) *સંશોધન કાર્યપધ્ધતિ વિભાગ.*

**(1) પરિચયાત્મક વિભાગ :**

*આ વિભાગમાં સંશોધનની સમસ્યા-પરિચયને લગતી બાબતો જેથી કે શીર્ષક, સમસ્યા કથન, સબંધિત સાહિત્યની સમીક્ષા, સંશોધનનું ક્ષેત્ર, અભ્યાસના હેતુઓ, ઉત્કલ્પનાઓ (અભ્યાસ પ્રશ્નો), અભ્યાસની અર્થ સૂચકતા, અભ્યાસની ક્ષેત્ર મર્યાદાઓ વગેરેનો સમાવેશ કરી શકાય.*

**(2) સંશોધનનો કાર્ય પધ્ધતિ વિભાગ :**

*આ વિભાગમાં સંશોધન દરખાસ્તની નીચેની બાબતોનો સમાવેશ થાય છે. વ્યાપવિશ્વ અને નમૂનો, ઉપકરણો, સંશોધન પધ્ધતિ, પૃથ્થકરણ પ્રવિધિ, સમય આયોજન, આર્થિક ખર્ચનું સમાયોજ, સંદર્ભગ્રંથો.*

*ઉપરોક્ત બાબતોને હવે વિગતે અભ્યાસ કરીએ.*

**પરિચયાત્મિક વિભાગ :**

**શીર્ષક (Title) :**

---

**અભ્યાસ કથન :**

*સમસ્યા કથન એ શિર્ષકનું વિસ્તૃતીકરણ છે. સામાન્ય રીતે બે કે ત્રણ વાકયોમાં સમસ્યાને રજૂ કરવાનું હોય છે. આને લીધે સામાન્ય વાચકને સંશોધનની દિશા અને સંશોધનમાં હાથ ધરાનાર કાર્યની માહિતી મળી શકે.*

**સબંધિત સાહિત્યની સમીક્ષા :**

*આ વિભાગ અંતર્ગત સંશોધકે સંશોધનની સૈધ્ધાંતિક તેમજ સંશોધન એમ બન્ને પ્રકારના સાહિત્યની સમીક્ષા રજૂ કરવાની હોય છે. સંશોધકે છેલ્લામાં છેલ્લા સંશોધનને રજૂ કરવા જોઈએ.*

**સંશોધનનું ક્ષેત્ર :**

*સામાજિક શાસ્ત્રોમાં જુદાં જુદાં ક્ષેત્રોને આવરી લેવામાં આવતા હોય છે. સંશોધક પ્રાચીન, મધ્ય અને અર્વાચિન વિષય પર સંશોધન કરી શકે છે. અહીં ખાસ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે, તેના શીર્ષક મુજબ જ સંશોધન ક્ષેત્ર નક્કી કરે.*

**અભ્યાસનાં હેતુ :**

*સંશોધનના હેતુઓએ સમગ્ર સંશોધનનાને અત્યંત મહત્ત્વનો ભાગ છે. હેતુઓ સંશોધકને સંશોધન કાર્યની દિશા સૂચવે છે. હેતુઓ દ્વારા સંશોધનમાં કઈ બાબતોનો અભ્યાસ થશે તેની માહિતી મળે છે.*

**ઉત્કલ્પનાઓ (અભ્યાસના પ્રશ્નો) :**

*સંશોધન પ્રક્રિયામાં શીર્ષક અને હેતુઓ નક્કી કર્યા બાદ ઉત્કલ્પનાઓ / પ્રશ્નો રચવામાં આવે છે. સંશોધન સમસ્યાના હેતુઓ અને શીર્ષક નક્કી થયા બાદ સંશોધક કામચલાઉ જવાબો કે ઉકેલો રચે છે. જેને ઉત્કલ્પના તરીકે ઓળખવામાં આવે છે.*

**અભ્યાસની અર્થસૂચકતાઃ**

*સંશોધન દરખાસ્તમાં સંશોધન માટે આવશ્યક મુદ્દાઓની રજૂઆત સાથે અભ્યાસની અર્થસૂચકતા દર્શાવવી જરૂરી છે. અભ્યાસની અર્થસૂચકતાને સમસ્યાની અનિવાર્યતા પૂરવાર કરે છે.*

**અભ્યાસની ક્ષેત્ર મર્યાદાઓ :**

*સંશોધકે સમય, શક્તિ અને ખર્ચ મર્યાદાને ધ્યાનમાં રાખીને સમસ્યાને મર્યાદિત કરવાની રહે છે. સમસ્યાની ક્ષેત્ર મર્યાદાને કારણે સમસ્યા અંગેની સૂઝ વધે, વ્યવસ્થિત રીતે નાના ક્ષેત્ર પર કામ થઈ શકે તથા ઊંડાણ પૂર્વકની માહિતી એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરી શકાય.*

**સંશોધનો કાર્ય પધ્ધતિ વિભાગ :**

**વ્યાપવિશ્વ અને નમૂનો :**

*આ મુદ્દાના સંદર્ભે સંશોધકે પોતાના સંશોધનનું વ્યાપવિશ્વ* (Polulation) *સ્પષ્ટ કરવાનું રહે છે. ત્યારબાદ વ્યાપવિશ્વમાંથી નમૂનો કઈ રીતે પસંદ કરવામાં આવશે તેની વિગતો દર્શાવવાની રહે છે.*

**ઉપકરણો :**

*સંશોધનના હેતુઓને આધારે માહિતી પ્રાપ્તી માટે સંશોધક યોગ્ય ઉપકરણો* (Tools) *પસંદગી કરે છે. સામાન્ય રીતે કેટલાંક પ્રમાણિત ઉપકરણો જે તે વિસ્તાર માટે પ્રાપ્તિ હોય તો તેનો ઉપયોગક કરી શકાય. સંશોધક કયા પ્રકારના ઉપકરણોનો ઉપયોગ કરશે તે અંગેની વિગતો સંશોધિત દરખાસ્તમાં જાહેર કરવી જરૂરી છે.*

**સંશોધન પધ્ધતિ :**

*સંશોધક પોતાના અભ્યાસને અનુરૂપ કઈ સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરશે તેની વિગતો સંશોધન દરખાસ્તમાં આપવી જરૂરી છે. સંશોધક જો ઐતિહાસિક પધ્ધતિનો ઉપયોગ કરનાર હોય તો પ્રાથમિક અને ગૌણ (દ્વિતીય) સંદર્ભસ્થાનોની શોધ અને તેના ઉપયોગ અંગેની વિગત રજૂ કરવાની હોય છે.*

**પૃથ્થકરણ પ્રવિધિ :**

*આ વિભાગમાં ઉપરકરણ ધ્વારા મળેલ માહિતીનું કઈ રીતે વર્ગીકરણ અને પૃથ્થકરણ કરવામાં આવશે તેની વિગતો દર્શાવવામાં આવે છે.*

**સમય આયોજન :**

*સંશોધન કાર્ય હંમેશા સમયમર્યાદાથી બંધાયેલ હોય છે. આથી સંશોધકે પોતાનું કામ કઈ રીતે કરવાનું તે અંગેનું આયોજન દર્શાવવુ જોઈએ.*

**આર્થિક ખર્ચનું આયોજન : (Budget)**

*સંશોધન કાર્ય માટે આર્થિક સહાય મળવવી હોય અથવા માત્ર અભ્યાસ કરવાના હેતુથી પણ સંશોધન કરવાનું હોય છતાં સંશોધન કાર્ય દરખાસ્તમાં ખર્ચની વિગત દર્શાવવી જરૂરી છે. સંશોધક કાર્ય માટે થતો તમામ ખર્ચ રજૂ કરવો જોઈએ.*

**સંદર્ભસૂચિ :**

*સંશોધકે પોતાના સંશોધન કાર્ય જે સાહિત્યનો ઉપયોગ કરવાનો છે તેની વિગતો અહીં આપવાની હોય છે. સંદર્ભસૂચિ* APA (American Psychology Association) *મુજબ રજૂ કરવી જોઈએ. ઈતિહાસના અભ્યાસુઓએ સૌ પ્રથમ પ્રથમકક્ષાના સાધનો અને ત્યારબાદ દ્વિતીય કક્ષાના સાધનો સંદર્ચમાં લેવા જોઈએ.*

## 9.8 સમાપન

*સંશોધન પ્રક્રિયા માટે સંશોધન દરખાસ્ત તૈયાર કરવી એ ખુબ જ મહત્ત્વનું અને પાયાનું ઘટક છે. સંશોધન દરખાસ્ત તૈયાર કરવાના કારણે સંશોધક સંશોધન અંગેની*

દિશા, હેતુઓ, પ્રક્રિયા તથા સંશોધન સબંધિત બાબતોથી સ્વયં પરિચિત થાય છે. અને અન્યને તેની માહિતી આપે છે. વ્યક્તિમાં સંશોધન કરવાની સમજ કેળવાય છે.

સંશોધકને સંશોધન દરમ્યાન અનેક મુશ્કેલીઓ, મૂંઝવણો અને અવરોધો આવતા હોય છે. તેનો નિર્ભયતાપૂર્વક સામનો કરીને સંશોધનને આગળ ધપાવવુ જોઈએ. કેટલીક વખતે વિષયને લગતી સામગ્રી વધુ પ્રમાણમાં પ્રાપ્ત થાય છે. તો કેટલીક વખતે સાધન સામગ્રી મળવી મુશ્કેલ બને છે. આવા સમયે સંશોધકે તમામ સામગ્રીનો તુલનાત્મક અભ્યાસ કરીને લેખન કાર્ય કરવું જોઈએ. આમ, ઉપરોક્ત તમામ બાબતો ધ્યાનમાં રાખીને સંશોધન દરખાસ્તોની તૈયારી કરશે તો સફળતા આપે આપ સામે આવીને ઉભી રહેશે.

## 9.9 તમારી પ્રગતિ ચકાસો

**(અ) લાંબા પ્રશ્નના જવાબ વિગતે લખો.**

(1) સંશોધક પોતાના વિષય અંગે સાધન સામગ્રી કરઈ રીતે એકઠી (ભેગી) કરશો ? સમજાવો.

(2) સંશોધન દરખાસ્તના સોપાનોની ચર્ચા કરો.

(3) સંદર્ભસૂચિ કઈ રીતે તૈયાર કરશો ?

**(બ) નીચના વિધાનો ખરા ☑ છે કે ખોટા ☒ તે જણાવો.**

(1) સંશોધનમાં ધીરજ અને ખંત એ જરૂરી બાબત છે.

(2) સંશોધનમાં સૌપ્રથમ સંદર્ભગ્રંથો રજૂ કરવામાં આવે છે.

(3) દફતર ભંડારમાંથી દસ્તાવેજો સાચવણી કરવામાં આવે છે.

(4) સંશોધનમાં સંશોધકે પ્રથમ કક્ષાના સાધનોનો વધુ ઉપયોગ કરવો જોઈએ.

(5) સંશોધકે અગાઉના સંશોધનોનો છૂટથી ઉપયોગ કરવો જોઈએ.

(6) સંદર્ભગ્રંથ સૂચિ AAP (American Association Psychology) મુજબ રજૂ કરવી જોઈએ.

## 9.10 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **દફતર ભંડાર** | *દસ્તાવેજો સાચવવામાં આવતો વિભાગ (સ્થળ)* |
| **અભિલેખો** | *વિવિધ સાધનો (પથ્થર, ધાતુ, માટી) પર કોતરાયેલ માહિતી સાધન* |
| **તામ્રપત્રો** | *તાંબાના પતરા પર લખાયેલ દસ્તાવેજ* |
| **ઉત્કલ્પના** | *સંશોધક પોતાના વિષયના અનુસંધાનમાં કામચલાઉ જવાબો કે ઉકેલ રચે છે તેને ઉત્કલ્પના કહેવાય* |

## 9.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

*(બ)* (1) *ખરું* (2) *ખોટું* (3) *ખરું* (4) *ખરું* (5) *ખરું* (6) *ખોટું*

## 9.12 સંદર્ભગ્રંથો


1. *સોનવણે જગદીપ : સંશોધન દરખાસ્ત, શિક્ષણ શાસ્ત્ર વિભાગ, એમ.કે. ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર*
2. *ઉચાટ ડી.એ.: શૈક્ષણિક સંશોધનોના સારાંશ* (1976-2006) *શિક્ષણશાસ્ત્ર , સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ*
3. *ઉચાટ ડી.એ.: શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનમાં સંશોધનનું પધ્ધતિશાસ્ત્ર, સાહિત્ય મુદ્રણાલય, રાજકોટ*
4. *વાઘેલા અરૂણ, બી.એન.ગાંધી : ઈતિહાસનું પધ્ધતિશાસ્ત્ર અક્ષર બુક એજન્સી, અમદાવાદ*
5. *ધારૈયા આર.કે. : ઈતિહાસનું તત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
6. *પરીખ રસિકલાલ : ઈતિહાસ : સ્વરૂપ અને પધ્ધતિ, અમદાવાદ*

| એકમ : 10 | સાહિત્ય સમીક્ષા : અર્થ, મહત્ત્વ અને કાર્યપદ્ધતિ |
|---|---|

:: રૂપરેખા ::


10.0 હેતુઓ

10.1 પ્રસ્તાવિક

10.2 સાહિત્યનો અર્થ

10.3 સંદર્ભ સાહિત્યની સમીક્ષાના હેતુઓ

10.4 સંદર્ભ સાહિત્યની સમીક્ષાના સોપાનો

10.5 સંદર્ભ સાહિત્યના સ્ત્રોતોનું વર્ગીકરણ

10.6 સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે જરૂરી કૌશલ્યો ક્ષમતાઓ અને ગુણો

10.7 તમારી પ્રગતી ચકાસો

10.8 ચાવીરૂપ શબ્દો

10.9 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

10.10 સંદર્ભસૂચિ


## 10.0 હેતુઓ

*આ એકમ અભ્યાસથી તમે નીચેના મુદ્દાઓ સમજી શકશો...*

- *સંદર્ભ સાહિત્યની સમીક્ષાઓની પ્રક્રિયાને સમજી શકશો.*
- *સંદર્ભ સાહિત્ય સ્ત્રોતો (સાધનો)ને જાણી શકશો.*
- *સાહિત્ય સમીક્ષા માટે સંશોધકના જરૂરી ગુણોને જોઈ શકશો.*

## 10.1 પ્રસ્તાવિક

*સંશોધક પોતાના અભ્યાસની યોજનાને ચોક્કસ સ્વરૂપ આપવા માટે સંબંધિત સાહિત્યનો આધાર લે છે. પ્રવર્તમાન સમયમાં સંશોધનના પ્રત્યેક ક્ષેત્રના વિપુલ માત્રામાં સાહિત્ય પ્રકાશિત થાય છે. અસંખ્ય સંશોધનો હાથ ધરાય છે, અનેક વિદ્વાનો સૈધ્ધાંતિક ચર્ચાઓ સામયિકોમાં પ્રકાશિત કરે છે, માહિતી ટેક્નોલોજીના આ સમયમાં વિશ્વના કોઈ પણ ખૂણેથી વ્યક્તિ પોતાનો સંશોધન અહેવાલ ઈન્ટરનેટના માધ્યમથી વિશ્વના કોઈ પણ ખૂણે બેસેલી વ્યક્તિ માટે પ્રાપ્ય બનાવે છે. પરંતુ આ રીતે પ્રકાશિત થતાં સાહિત્ય અંગે વિદ્વાનોએ નીચેના બે તારણો મૂક્યાં છે; જે દરેક સંશોધકે હંમેશા યાદ રાખવાં જેવાં છે :*

(1) There is simply two much information around, for people to keep upto date.

(2) On top of this, high quality information is often not easy to find.

## 10.2 સાહિત્યનો અર્થ

*'સમીક્ષા' સમીક્ષા એટલે કોઈ ચોક્કસ વિષય પર બે કે વધુ પ્રકાશનોનું સંયોગીકરણ કરી તારણો મેળવવાં. પરંતુ આ સમીક્ષામાં ઘણીવાર સમીક્ષા માટે સાહિત્ય પસંદગીમાં કે તેનું મૂલ્યાંકન કરવામાં પૂર્વગ્રહના કારણે સમીક્ષાથી સાચું સમીક્ષા કરવા માટે સમીક્ષાની સંકલ્પના બરાબર સમજવી જરૂરી છે.*

## 10.3 સંદર્ભ સાહિત્યની સમીક્ષાના હેતુઓ

*સામાન્ય રીતે સંશોધકે પોતાનું સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલાં પુરોગામી અભ્યાસો અંગે ઊંડાણપૂર્વકની સમજ તથા અંતઃ સૂઝ મેળવવા તેમ જ અભ્યાસની ચોક્કસ તરેહ જાણવા માટે સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરવી જરૂરી છે. આથી સંશોધક નીચેના પૈકી એક કે એકથી વધુ હેતુને કેન્દ્રમાં રાખી સંદર્ભ સાહિત્યની સમીક્ષા કરે છે.*

(1) *સંશોધનનાં વિવિધ ક્ષેત્રોથી પરિચિત થવું.*
(2) *સંશોધન ક્ષેત્રે આવતા નવીન પ્રવાહોથી પરિચિત રહેવું.*
(3) *પસંદિત ક્ષેત્રમાં થયેલાં સંશોધનનોના અભ્યાસ દ્વારા તેની તરેહ નક્કી કરવી.*
(4) *પોતાના સંશોધન ક્ષેત્રમાં રહેલ અવકાશ* (Research gap) *જાણવો અને તેમાં વધુ ખેડાણ કરવું.*
(5) *સંશોધન માટે વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ કેળવવું.*
(6) *પસંદિત સમસ્યા સાથે સંકળાયેલા મુખ્ય ચલોની સૈધ્ધાંતિક ભૂમિકા સમજવી.*
(7) *સંશોધનમાં પુનરાવર્તન અટકાવવું.*
(8) *સમસ્યાને વધુ ચોક્કસ સ્વરૂપે તૈયાર કરવી.*
(9) *સંશોધનની સાર્થકતા વિકસાવવા માટે તેનું ન્યાયીકરણ નક્કી કરવું.*
(10) *સ્પષ્ટ સંશોધન ઉત્કલ્પનાઓ રચવી.*
(11) *નિદર્શન પસંદગીની યોગ્ય પ્રયુક્તિ, યોગ્ય ઉપકરણો, યોગ્ય પધ્ધતિ, યોગ્ય યોજના વગેરે નક્કી કરવા.*
(12) *પોતાના અભ્યાસનાં તારણોની ચર્ચા કરવી.*

## 10.4 સંદર્ભ સાહિત્યની સમીક્ષાના સોપાનો

*સંદર્ભ સાહિત્યની સમીક્ષા વૈજ્ઞાનિક રીતે હાથ ધરવા માટે સમગ્ર પ્રક્રિયાને ત્રણ સોપાનોમાં વિભાજિત કરવામાં આવી છે :*

1. *સમીક્ષાનું આયોજન*
2. *સમીક્ષા હાથ ધરવી.*

3. *અહેવાલ તૈયાર કરવો અને વિતરણ*

*આ પ્રત્યેક સોપાને સંશોધકે કરવાની કાર્યવાહીને ટૂંકમાં અત્રે રજૂ કરી છે.*

**(1) સમીક્ષાનું આયોજન**

*કોઈ પણ કાર્યની સફળતા તેનું આયોજન કેટલું ચીવટપૂર્વક થયું છે તેના પર આધારિત છે. સંશોધનમાં સાહિત્યની સમીક્ષાનું આગવું મહત્ત્વ છે. આથી સંદર્ભ સાહિત્યની સમીક્ષા હાથ ધરતાં પહેલાં સમીક્ષાની જરૂરિયાત, હેતુ અને પધ્ધતિ અંગે ઊંડાણપૂર્વક વિચારી તેની લેખિત નોંધ તૈયાર કરવી. સંશોધક અહીં વિચારે છે કે સમીક્ષાનો હેતુ સૈધ્ધાંતિક આધારો શોધવાનો છે, ક્રિયાત્મક આધારો શોધવાનો છે કે ઉત્કલ્પનાઓના આધારો શોધવાનો છે ? આ હેતુને અનુરૂપ સમીક્ષાના કયાં કયાં સ્વરૂપોનો તેણે ઉપયોગ કરવો પડશે તે નક્કી કરે છે. તે સ્વરૂપને અનુરૂપ પોતે કયાં પ્રકારના સંદર્ભો શોધવા પડશે તેનો અંદાજ મેળવે છે.*

**(2) સમીક્ષા હાથ ધરવી**

*આ સોપાને સંશોધક વિચારે છે કે તે ખરેખર સમીક્ષા શી રીતે કરશે ? સમીક્ષા હાથ ધરવા માટે મુખ્યત્વે સંદર્ભો શોધવા, પસંદ કરવા, મૂલ્યાંકન કરવુ, લક્ષણો તારવવાં, સંયોગીકરણ કરવું જેવા કાર્યો કરવાં જરૂરી બને છે. સમીક્ષાના સ્વરૂપ અનુસાર આ કાર્યોનું સ્વરૂપ નિશ્ચિત થાય છે. ઉદાહરણ તરીકે, જો પૃથ્થકરણાત્મક સમીક્ષા કરવાની હોય તો સૈધ્ધાંતિક સાહિત્યનું કયાં કયાં ઘટકોમાં વિશ્લેષણ કરવું જરૂરી બનશે તે અંગે વિચારે છે.*

**(3) અહેવાલ તૈયાર કરવો અને વિતરણ :**

*આ સોપાને સંશોધક વિચારે છે કે સમીક્ષાના અંતે તેનો અહેવાલ કયા સ્વરૂપમાં તૈયાર કરશે અને તેને તેના ઉપભોક્તા સુધી શી રીતે પહોંચાડશે. ઉદાહરણ તરીકે, અધિ-વિશ્લેષણના અંતે મળેલા નિયમો કે સિધ્ધાંતો શી રીતે વર્ગીકૃત કરવા અને તેનો ઉપયોગ કરનાર શાળા કે સમાજને છાપેલ સાહિત્ય તરીકે પુસ્તકના રૂપમાં કે ટાઈપ કરેલ અહેવાલ સ્વરૂપે મોકલશે તે નક્કી કરે છે.*

## 10.5 સંદર્ભ સાહિત્યના સ્ત્રોતોનું વર્ગીકરણ

*સંદર્ભ સાહિત્યનાં સ્ત્રોતોને મુખ્ય ત્રણ વિભાગમાં વહેંચી શકાય : (૧) પ્રારંભિક સ્ત્રોતો* (preliminary source) (h) *પ્રાથમિક સ્ત્રોતો* (primary source) *અને* (3) *ગૌણ સ્ત્રોતો* (secondary source) *આ પ્રત્યેક પ્રકારનો અર્થ અને તેનાં કેટલાંક ઉદાહરણોથી અત્રે ક્રમશઃ ચર્ચા કરી છે.*

**(1) પ્રારંભિક સ્ત્રોતો :** *પ્રારંભિક સ્ત્રોત એટલે સંદર્ભોનો એવો સ્ત્રોત કે જેમાંથી ચોક્કસ સંશોધન ક્ષેત્રમાં થયેલ સંશોધનો કે લેખોની સૂચિ પ્રાપ્ત થાય. સૂચિમાં દરેક સંદર્ભના વિષય વસ્તુની વિગત મળતી નથી, પરંતુ સંદર્ભના લેખક કે સંશોધકનું નામ*

સંદર્ભનું શીર્ષક. પ્રકાશન સ્થળ અને પ્રકાશક વિશેનું વર્ણન હોય છે. આવા કેટલાક પ્રારંભિક સ્રોતોની વિગત અત્રે આપી છે :

1. ERIC (Education Resources Information Center)એ અમેરિકાની સરકારના શિક્ષક વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા છે. ERIC દ્વારા બે પ્રાથમિક સ્રોતો પ્રકાશિત કરવામાં આવે છે : (1) CIJE (Current Index to Education) અને (h) RIE ( Research in Education). CIJE માં દર માસે વિશ્વના જુદાં જુદાં 800 થી વધુ જર્નલ્સમાંથી 1000 થી વધુ લેખોની યાદી બનાવવામાં આવે છે. RIE દ્વારા જુદાં જુદાં શૈક્ષણિક સંશોધન લેખો અને સંશોધન અહેવાલોના ટૂંકસાર પ્રકાશિત કરવામાં આવે છે.

2 શિક્ષણ સૂચિ ( Education Index) : આ સૂચિમાં જુદાં જુદાં શૈક્ષણિક જર્નલ્સમાં પ્રકાશિત થયેલાં અસંખ્ય લેખો, સંશોધન લેખો, પુસ્તકો વગેરેની લેખક સૂચિ અને વિષય સૂચિનો સમાવેશ થાય છે. તે દર માસે પ્રકાશિત થાય છે. તેમાંથી ચાવીરૂપ શબ્દોના આધારે જે તે લેખની શોધ થઈ શકે છે, ઉપરાંત The British Education Index, The Australian Education Index થતા The Canadian Education Index શૈક્ષણિક લેખોનાં સારાંશો દર ત્રણ માસે પ્રકાશિત કરે છે.

3. મનોવૈજ્ઞાનિક સારાંશો (Psychological Abstracts) : American Psychological Association દ્વારા દર માસે 800 થી વધારે Journalsમાં પ્રકાશિત કરે છે. મનોવિજ્ઞાનના જોકે પ્રકાશિત થયેલાં લેખોના અતિ ટૂંકસાર પ્રકાશિત કરે છે. તેના દરેક અંકમાં 16 વિભાગો હોય છે. દરેક વિભાગમાં મનોવિજ્ઞાનના એક એક અભ્યાસક્ષેત્રને આવરી લેવામાં આવે છે. દરેક અંકમાં લેખ સૂચિ અને વિષય સૂચિ આપેલ હોય છે.

4. ઓલ્મનેક અને વાર્ષિક ગ્રંથ ( Almanac and Year Book ) : ઓલ્મનેક અને વાર્ષિક ગ્રંથોમાંથી વર્તમાન સમયની અતિ મહત્વની માહિતી મળે છે. World Almanac, Information Please Almanac, Economic Almanac વગેરે તેનાં ઉદાહરણો છે. The Standard Education Almanac શિક્ષણનાં અનેક પાસાંઓ વિષે માહિતી આપે છે.

કેળવણી ક્ષેત્રમાં Handbook of Research on Teaching. N.L.Gage (Ed). જેવા વિશિષ્ટ ગ્રંથોમાં સૈધ્ધાંતિક ચર્ચાઓ, અધ્યયન અંગેના સંશોધનોની પ્રવિધિઓ, અધ્યાપનના ક્ષેત્રમાં થયેલાં સંશોધનો વિશિષ્ટ વિષયોના શિક્ષણ અંગેનાં સંશોધનો વગેરે અંગેની માહિતી આપે છે.

Mental Measurements Year Book Oscar K. Buros (Ed) બહાર પાડતા હતાં. તેમાં અમેરિકામાં પ્રાપ્ય બધી જ શૈક્ષણિક, માનસશાસ્ત્રીય અને વ્યાવસાયિક કસોટીઓ અંગે તેની કિંમત, પ્રકાશક, કક્ષા વગેરે જણાવી તેમનું મૂલ્યાંકન કરવાનું કામ થાય છે. આજ સુધી નવ ગ્રંથો પ્રસિધ્ધ થઈ ગયા છે. હવે નેબ્રાસ્કા યુનિવર્સિટીમાં બ્યુરોઝ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેન્ટલ મેઝરમેન્ટ (1985)ની સ્થાપના થઈ છે. તે હવે પછીનાં ગ્રંથો પ્રસિધ્ધ કરશે.

NCERT એ ત્રણ વાર્ષિક ગ્રંથો બહાર પડ્યા છે : (1) Education in India (1947-61) (h) Primary Education in India અને (3) Educational Research, National Society for the Study of Education (NSSE) દ્વારા દર વર્ષે Yearbook પ્રકાશિત થાય છે. તેમાં બે વિભાગો હોય છે. દરેક વિભાગમાં 10 થી 12 પ્રકરણો હોય છે અને દરેક પ્રકરણ જુદાં જુદાં વિભાગને સમાવે છે. તેમાં શૈક્ષણિક સંશોધનોના સારાંશોનો સમાવેશ થાય છે.

5. આંતરરાષ્ટ્રીય શોધ નિબંધ સારાંશ (Dissertation Abstract International) : આ ગ્રંથમાં યુએસએ, અને કેનેડાની જુદી જુદી યુનિવર્સિટીઓમાં રજૂ થયેલ ૩૭૫ થી વધુ શોધનિબંધના સારાંશો દર માસે પ્રકાશિત થાય છે. તેના દરેક અંકમાં બે વિભાગો હોય છે. વિભાગ-એમાં હ્યુમિનિટીઝ, સામાજિક વિજ્ઞાનો અને શિક્ષણશાસ્ત્રનો સમાવેશ થાય છે. વિભાગ-બીમાં વિજ્ઞાનની બધી જ શાખાઓ તથા એન્જિનીયરીંગનો સમાવેશ કરવામાં આવે છે. દરેક અંકમાં ચાવીરૂપ શબ્દોની સૂચિ તથા સંદર્ભસૂચિ આપેલી હોય છે.

**(2) પ્રાથમિક સ્ત્રોતો :**(Primary Sources) : પ્રાથમિક સ્ત્રોતો એ પ્રત્યક્ષ અહેવાલ રજૂ કરતાં સ્ત્રોતો છે. તે અહેવાલો સંશોધનકર્તા દ્વારા જ લખાયેલ હોય છે. આવા સ્ત્રોતોમાં મુખ્યત્વે વ્યવસાયિક સામયિકો, અહેવાલો, પુસ્તકો અને મોનોગ્રાફ્સ અને શોધનિબંધોનો સમાવેશ થાય છે. આ દરેકની ટૂંકી ચર્ચા અત્રે ક્રમશઃ રજૂ કરી છે.

1. વ્યવસાયિક સામયિકો (Professional Journals) : કેટલાંક સામયિકો ચોક્કસ ક્ષેત્રમાં થતા સંશોધનોના અહેવાલો પ્રકાશિત કરે છે. અમેરિકામાં પ્રકાશિત થતા The American Education Research Journal, Journal of Teacher Education, Journal of Educationnal Research જાણીતાં સામયિકો છે. ભારતમાં NCERT, NCTE, NIEPA, UGC વગેરે તરફથી આવાં સામયિકો પ્રકાશિત થાય છે. ઉદાહરણ તરીકે, Journal of Indian Education, Indian Education Review વગેરેઃ સામયિકોમાં સૈધ્ધાંતિક તેમ જ સંશોધન અહેવાલો મળી શકે છે.
2. અહેવાલો (Reports) : શિક્ષણમાં ઘણા સૈધ્ધાંતિક શોધપ્રશ્નો પ્રથમ અહેવાલના રૂપમાં પ્રકાશિત થાય છે. કારણ કે આવા સંશોધન માટે નાણાકિય સહાય આપતી સંસ્થાઓ તેનો સંપૂર્ણ અહેવાલ સંશોધક પાસે માગે છે. (ERIC, NCERT, UGC, NCTE, GCERT) વગેરે આવા પ્રોજેક્ટ્સ માટે નાણાકીય સહાય કરે છે. તે શિક્ષણમાં નવા વિચારો અને નવા સંશોધન તારણો માટે સારો પ્રાથમિક સ્ત્રોત છે.
3. વિદ્વતાપૂર્ણ પુસ્તકો અને મોનોગ્રાફ (Scholarly Books and Monographs) : અગત્ય ધરાવતાં સંશોધનો અને સૈધ્ધાંતિક કાર્યો વિદ્વતાપૂર્ણ પુસ્તકો કે મોનોગ્રાફ સ્વરૂપે પ્રકાશિત થાય છે.
4. શોધનિબંધો (Dissertations and Thesis) : પીએચ.ડી. કક્ષાના શોધ નિબંધો અગત્યના પ્રાથમિક સ્ત્રોતો છે. (Psychological Abstract, Dissertation Abstract International) વગેરે મૂળ શોધ નિબંધો વિષે માહિતી પૂરી પાડે છે.

ભારતમાં (Survey of Research in Education) એકથી છ ગ્રંથો શોધનિબંધોના સારાંશ અને સૂચિ પૂરા પાડે છે.

**(3) ગૌણ સંદર્ભ સ્રોતો (Secondary Sources) :** ગૌણ સંદર્ભ સ્રોતો એટલે એવા સ્રોતો કે જેનું લખાણ સંશોધનકર્તાએ લખ્યું નથી હોતું પરંતુ મૂળ લખાણનો ઉપયોગ કરીને બીજા લેખકે આ માહિતી તૈયાર કરી હોય છે. ગૌણ સંદર્ભમાં પ્રાથમિક સંદર્ભની માફક મૂળ માહિતી પ્રત્યક્ષ જોઈ શકાતી નથી; પરંતુ તેનો સાર કે સંક્ષેપ માત્ર પ્રાપ્ત થાય છે. આ માહિતી રજૂ કરનાર લેખક કે સંપાદક બીજાએ કરેલ સંશોધન કાર્યને પોતાની રીતે વર્ણવે છે. આવા સ્રોતોમાં જ્ઞાનકોષો (Encyclopaedias) અને જીવનચરિત્રોનો સમાવેશ થાય છે.

1. **જ્ઞાનકોષો (Encyclopaedias) :** જ્ઞાનકોષ એ કોઈ પણ મુદ્દા અંગે સંક્ષિપ્ત રૂપમાં છતાં સ્પષ્ટ સંકલ્પનાકીય માહિતી રજૂ કરતો ગૌણ સંદર્ભ સ્રોત છે. Encyclopaedias of Britanica, Columbia Encyclopaedias વગેરે જાણીતા જ્ઞાનકોષો છે. Encyclopaedias of Educational Research સંશોધન માટે ઉપયોગી જ્ઞાનકોષ છે. આ જ્ઞાનકોષમાં પ્રત્યેક સંશોધન ક્ષેત્રને કક્કાવારી પ્રમાણે ગોઠવી તે દરેક ક્ષેત્રમાં થયેલ કાર્યનું મૂલ્યાંકન અને સંક્ષિપ્ત માહિતી, નવાં સંશોધનો માટેનો અવકાશ, ક્ષેત્રને લગતી ગ્રંથસૂચિ વગેરે વિગતો આપવામાં આવે છે. દર દસ વર્ષે તેની નવી આવૃત્તિ બહાર પડે છે.
2. **જીવનચરિત્રો (Biographics) :** કેટલાંક સ્રોતો વિવિધક્ષેત્રે અગત્યનું પ્રદાન કરનાર વ્યક્તિઓની જન્મતારીખ, શિક્ષણ, સંશોધનો, પ્રકાશનો, પ્રદાન વગેરે અંગેની માહિતી પૂરી પાડે છે. ઉદાહરણ તરીકે Webster's Biographical Dictionary, National Encyclopaedias of American Biography વગેરે જીવંત અને મૃત મહાન વ્યક્તિઓ અંગે માહિતી પૂરી પાડે છે. ભારતમાં પણ India who's who: 1982 INFA Publication, new Delhi The Times of India Directory & Yearbook including who's who આ પ્રકારના સ્રોતો છે.

## 10.6 સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે જરૂરી કૌશલ્યો ક્ષમતાઓ અને ગુણો

સાહિત્ય સમીક્ષા એ યાંત્રિક કાર્ય નથી. આથી અસરકારક સાહિત્ય સમીક્ષા માટે સંશોધક પાસે નીચેનાં કૌશલ્યો, ક્ષમતાઓ અને ગુણો જરૂરી છે.

1. વાચન કૌશલ્ય
2. નોંધલેખન કૌશલ્ય
3. લેખન કૌશલ્ય
4. કોમ્પ્યુટર વડે ઓનલાઈન-ઓફ લાઈન માહિતી મેળવવાનું કૌશલ્ય
5. અર્થગ્રહણ ક્ષમતા
6. મૂલ્યાંકન ક્ષમતા
7. પૃથક્કરણ ક્ષમતા

8. *સંયોગીકરણ ક્ષમતા*
9. *ધીરજ*
10. *સતત પ્રયત્નશીલતા*

*આ પ્રત્યેકની ચર્ચા અત્રે ક્રમશઃ જોઈએ.*

**(1) વાચન કૌશલ્ય**

*કોઈ પણ સ્રોતમાંથી સાહિત્યનું ઝડપથી અને અર્થપૂર્ણ વાચન કરવા વાચન કૌશલ્ય જરૂરી છે. ઉદાહરણ તરીકે કોઈ એન્સાઈક્લોપિડિયામાંથી કોઈ સંદર્ભ મેળવવો હોય તો સંશોધકને વિષય સૂચિ કે લેખક સૂચિના આધારે ચોક્કસ સ્થાન પર ઝડપથી જતાં આવડવું જોઈએ.*

**(2) નોંધલેખન કૌશલ્ય**

*નોંધ લેવી તે કળા છે. તે ખૂબ મહાવરા અને પ્રયત્નોને અંતે પ્રાપ્ત થાય છે. વિવિધ પ્રકારના સ્રોતો તપાસ્યા પછી તેમાંથી સંદર્ભ તરીકે કયાં સ્રોતમાંથી કઈ વિષયવસ્તુ પ્રસ્તુત સંશોધન માટે ઉપયોગી છે. તે જાણ્યા પછી નોંધ કરવામાં આવે છે. નોંધમાં સામાન્ય રીતે વિરોધાભાસી બાબતો જૂથનાં તુલનાત્મક પાસા, પરસ્પર સંબંધિત બાબતો, વિગતોનું વિશ્લેષણ, વિશેષતાઓ અને પ્રાપ્ત માહિતીનું મૂલ્યાંકન જેવી બાબતોનો સમાવેશ કરવમાં આવે છે. નોંધ ટૂંકી, સંપૂર્ણ, સ્પષ્ટ મુદ્દાસર, અર્થસભર તથા સુસંગત હોવી જોઈએ. નોંધલેખનમાં ગ્રંથનોંધ અને વિષયવસ્તુનોંધ એમ બે બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. ગ્રંથનોંધ સંદર્ભસૂચિ અને પાદનોંધ તૈયાર કરવામાં ઉપયોગી બને છે અને વિષયવસ્તુનોંધ સમીક્ષા પ્રશ્નોના જવાબ મેળવવા માટે ઉપયોગી બને છે. બન્ને પ્રકારની નોંધ* 3'' X 5'' *કે* 4'' X 6''*ના માપના કાર્ડ પર કરવામાં આવે છે.*

**(3) લેખન કૌશલ્ય**

*સાહિત્યનું મૂલ્યાંકન, પૃથક્કરણ અને સંયોગીકરણ કર્યા બાદ સમીક્ષાનો અહેવાલ તૈયાર કરવા માટે સંશોધક પાસે લેખન કૌશલ્ય જરૂરી છે. લેખન સરળ, ભાષાકીય રીતે શુધ્ધ અને સંક્ષિપ્ત છતાં અસરકારક રીતે થવું જરૂરી છે.*

**(4) કોમ્પ્યુટર વડે ઓનલાઈન – ઓફલાઈન માહિતી મેળવવાનું કૌશલ્ય**

*અત્યારે વિપુલ માત્રામાં સંશોધન સાહિત્ય ઓનલાઈન અને ઓફલાઈન ઉપલબ્ધ છે. આથી ગ્રંથાલયમાં જઈને છાપેલાં ગ્રંથો કે જર્નલ્સ ફંફોળવાની જરૂર નથી. તમામ સાહિત્ય આંગળીના ટેરવે ઉપલબ્ધ છે. પરંતુ તેને માટે વાચન કૌશલ્ય ઉપરાંત કમ્પ્યુટર અને નેટવર્ક ટેકનોલોજીના ઉપયોગનું કૌશલ્ય જ સંશોધકને મદદ કરી શકે. કમ્પ્યુટર વડે સબંધિત સાહિત્ય મેળવવા સંશોધકે-*

- *પોતાની જરૂરિયાતને શબ્દબધ્ધ કરી લેવી જોઈએ.*
- *સર્ચ એન્જિનની લાક્ષણિકતાઓથી પૂરા પરિચિત થવું જોઈએ.*
- *પ્રાપ્ત સાહિત્યની અધિકૃતતા તપાસી લેવી જોઈએ.*
- *પ્રાપ્ત થયેલ સામગ્રીનું એડ્રેસ અને મેળવ્યા તારીખ નોંધી લેવી જોઈએ.*

## (5) અર્થગ્રહણ ક્ષમતા

*વિવિધ સ્રોતોમાંથી પ્રાપ્ત થયેલ સાહિત્યને સમજવા માટે, એટલે કે તેનું મૂલ્યાંકન, પૃથક્કરણ અને સંયોગીકરણ કરવા વાચન અર્થગ્રહણ પાયાની ક્ષમતા છે. ઝડપી વાચન અર્થગ્રહણ માટે સંશોધક પાસે શબ્દો, સંકેતો, આકૃતિઓ, આંકડાઓ વગેરેનું ઝડપથી પ્રત્યક્ષીકરણ જરૂરી છે. ઝડપી પ્રત્યક્ષીકરણ માટે સંશોધન ક્ષેત્રોનો અનુભવ અને પૂર્વજ્ઞાન મદદરૂપ બને છે. આથી જ અનુભવી સંશોધકો નવા સંશોધકોની સરખામણીએ સંશોધન સાહિત્યનું વધુ ઝડપથી અર્થગ્રહણ કરે છે.*

## (6) મૂલ્યાંકન ક્ષમતા

*સંશોધકે સંદર્ભ સાહિત્યની સમીક્ષાની યોજનાના ભાગ તરીકે પ્રાપ્ત સંદર્ભોનું મૂલ્યાંકન કરવાનું હોય છે. સંદર્ભ સાહિત્યના મૂલ્યાંકન માટે બે આધારો નક્કી કરેલા છે :* (1) *સંદર્ભ સાહિત્યનું બાહ્ય મૂલ્યાંકન અને (2) સંદર્ભ સાહિત્યનું આંતરિક મૂલ્યાંકન.*

*સંદર્ભ સાહિત્યનું બાહ્ય મૂલ્યાંકન એટલે સંદર્ભ સાહિત્ય મૂળગત છે કે નહીં તે નક્કી કરવું તે માટે તેની વિશ્વસનીયતા અને વાસ્તવિકતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. ઉપરાંત સાહિત્ય પર સમય, સ્થળ, હેતુ, સર્જન-સંજોગો વગેરેની અસર થઈ છે કે નહીં તે તપાસવામાં આવે છે.*

*સંદર્ભ સાહિત્યના આંતરિક મૂલ્યાંકનમાં વિષયવસ્તુની સત્યતા ચકાસવી પડે છે. આમાં લેખકની પ્રામાણિકતા, લેખકનો હોદ્દો, લેખકના પૂર્વગ્રહો વગેરેના સંદર્ભમાં કૃતિની અંતર્ગત તપાસ કરવાનું અત્યંત જરૂરી બને છે. સંદર્ભ સાહિત્યના આંતરિક મૂલ્યાંકન માટે ગુડે* (1972) *પાયાના સિધ્ધાંતો આ પ્રમાણે આપેલાં છે.* (1) *ભૂતકાળની ઘટના કે માહિતીને સમયરેખામાં ખૂબ આગળ કે પાછળ મૂકી નથી દીધીને* (2) *બહિર્ગત કે અંતર્ગત મૂલ્યાંકનમાં યોગ્ય નીવડેલ એક સંદર્ભ કોઈ એક વિચારના અસ્તિત્વની ખાતરી આપી શકે; છતાં વધુ પુષ્ટિ માટે અન્ય સ્વતંત્ર કે પૂરક પુરાવા એકઠા કરી માહિતીની ખરાઈ કરવી જોઈએ* (3) *બે સંદર્ભોમાં એક સરખી ભૂલો જોવા મળે ત્યારે તે બન્ને એકબીજા પર અવલંબિત હોઈ શકે અથવા તે બે કોઈ ત્રીજા સંદર્ભ પર આધાર રાખેલ છે કે કેમ તે તપાસી લેવું.* (4) *ઘણાબધા લેખકો કોઈ માહિતી અંગે એકસરખી રીતે સહમત થતા હોય તો તેવા સંદર્ભ સાહિત્યનો સ્વીકાર કરવો.*

## (7) પૃથક્કરણ ક્ષમતા

*સમીક્ષા માટે પસંદ થયેલ દરેક સંદર્ભનું પૃથક્કરણ એ સમીક્ષાની પાયાની પ્રક્રિયા છે. સંશોધક દરેક સંદર્ભનું સમીક્ષા માટેના પ્રત્યેક સમીક્ષા પ્રશ્નના અનુસંધાનને પૃથક્કરણ કરે છે. આ પૃથક્કરણથી સંદર્ભમાંથી દરેક પ્રશ્નને અનુરૂપ માહિતી પ્રાપ્ત થાય છે. સંશોધક જેટલું સૂક્ષ્મ પૃથક્કરણ કરે તેટલી વધુ માહિતી પ્રાપ્ત થઈ શકે. પૃથક્કરણ એ ભિન્ન સંદર્ભોમાંથી ચોક્કસ માહિતી ખોળી કાઢવાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયા જેટલી ઊંડાણપૂર્વક થાય તેટલી સમીક્ષા વધુ સઘન અને અર્થપૂર્ણ બને છે. વધુ સારા પૃથક્કરણ માટે સંશોધક પાસે સારી રીતે અવલોકન કરવાની ક્ષમતા પણ જરૂરી છે. તાત્ત્વિક, વ્યવહારુ કે અધિ-વિશ્લેષણાત્મક સમીક્ષા માટે આ ક્ષમતા અનિવાર્ય છે.*

**(8) સંયોગીકરણ ક્ષમતા**

*આ સમીક્ષામાં સંદર્ભ સાહિત્યનું પૃથક્કરણ કરતાં મળેલ માહિતીનું સંયોગીકરણ કરી ચોક્કસ તારણો મેળવાય છે. આ તારણો ત્યારે જ મળે જ્યારે માહિતીનું સંયોગીકરણ થાય. એક સમીક્ષા પ્રશ્નના અનુસંધાને પસંદ થયેલ સંદર્ભસાહિત્યનું પૃથક્કરણ કરતાં વિવિધ પ્રકારની માહિતી પ્રાપ્ત થાય છે. આ બધી માહિતીમાં ઘણી સમાનતા તેમ જ ભિન્નતા હોય છે. આ સમાનતા અને ભિન્નતાને નજરમાં રાખીને સંશોધક તેનું યોથ્ય રીતે સંયોગીકરણ કરે તો તેમાંથી એક અર્થપૂર્ણ માહિતી મળે જેને સંશોધક તારણ તરીકે રજૂ કરે છે. ઉદાહરણ તરીકે 'એકાંકીપણા'ની વ્યાખ્યા પાંચ વિદ્વાનોએ આપી હોય, તો તે દરેકમાં કોઈને કોઈ પાસું અન્ય વ્યાખ્યાઓથી જુદું પડતું હોય. આથી આ પ્રત્યેક ભિન્ન પાસાનો સમાવેશ કરીને સંશોધકે તે પાંચ વ્યાખ્યાઓના આધારે 'એકાકીપણા'ની એક વ્યવહારુ વ્યાખ્યા તારવવાનું કામ કરવાનું છે. આ કાર્ય ત્યારે જ શક્ય બને જ્યારે અલગ અલગ બાબતો પર ધ્યાન આપી શકે અને તેઓ વચ્ચેનો નવો સંબંધ જોઈ શકે.*

**(9) ધીરજ**

*સંબંધિત સાહિત્યની સમીક્ષા વૈજ્ઞાનિક રીતે થાય તે માટે સંશોધક પાસે કેટલાંક વૈયક્તિક લક્ષણો આવશ્યક છે તે પૈકીનું એક લક્ષણ છે ધીરજ. સમીક્ષા માટેનું જરૂરી સાહિત્ય મેળવવા માટે સંશોધકે વિવિધ સ્રોતોનો ઉપયોગ કરવો પડે છે. તે માટે એકવાર ગ્રંથાલયની મુલાકાતો લેવી પડે છે. ગ્રંથાલયમાં સંદર્ભ સ્રોતો જે સ્થિતિમાં હોય તેમાંથી પોતાને જરૂરી સાહિત્ય મેળવવા કલાકોનો સમય અને દિવસોના દિવસો આપવા પડે છે. ક્યારેક ઘણા પ્રયત્નો અને મહેનત છતાં કંઈ પણ હાથ ન લાગે તેવું બને. જો સંશોધકને પોતાના કાર્ય માટે પૂરતી પ્રેરણા ન હોય તો સંશોધક આ તબક્કે જ કંટાળીને સંશોધન કાર્ય જ છોડી દે છે. આવા સંજોગોમાં સંશોધકે ધૈર્ય રાખીને ગ્રંથાલય કે ઓન-લાઈન સ્રોતોમાંથી સંદર્ભો મેળવવાનું ચાલુ રાખવું જોઈએ. તો જ સંશોધન કાર્યને પૂરતા આધારો આપી શકાય છે. પરિણામે સંશોધકનું સંશોધન કાર્ય ગુણવત્તાયુક્ત બને છે.*

**(10) સતત પ્રયત્નશીલતા**

*સમીક્ષા માટેનું સાહિત્ય કોઈ એક સ્થાને જ ઉપલબ્ધ હોય તેવું શક્ય નથી. આથી સંશોધકે સમીક્ષા માટે સંદર્ભોના પ્રાપ્ય નમૂના સુધી પહોંચવા માટે અનેક પ્રયત્નો કરવા પડે છે અને સતત પ્રયત્નો કરવા પડે છે. ઘણીવાર એવુ બને કે ઓન-લાઈન શોધ દરમિયાન એક* Key Word *આપવાથી જરૂરી સંદર્ભ ન મળે તો બીજો, ત્રીજો અને અનેક ભિન્ન* Key Word *ને અજમાવવા પડે છે. તેવી જ રીતે કોઈ એક* Journal *માંથી જરૂરી સંદર્ભ ન મળે, એક જ જર્નલના અનેક* Back Volumes *કે અનેક* Journals *તપાસવા પડે. આથી સંશોધક પોતાના હેતુને નજરમાં રાખી નિષ્ઠાપૂર્વક સતત પ્રયત્નો કરતો રહે તો જ તે સંદર્ભોના* Target Sample*ની વધુમાં વધુ નજીક જઈ શકે.*

## 10.7 તમારી પ્રગતી ચકાસો

**(અ) લાંબા પ્રશ્નોના જવાબ લખો.**

(1) *સાહિત્ય સમીક્ષાના હેતુઓ સ્પષ્ટ કરો.*

(2) *સંદર્ભ સાહિત્યના સ્ત્રોતોનું વર્ગીકરણ કરો.*

(3) *સાહિત્ય સમીક્ષા માટે સંશોધન પાસે જરૂરી કોઈપણ બે ક્ષમતાઓ સ્પષ્ટ કરો.*

(4) *કોઈપણ બે કૌશલ્યો સ્પષ્ટ કરો.*

**(બ) ખરાં (✓) અને ખોટાં (✕) કરો.**

(1) *સંદર્ભ સાહિત્યની સમીક્ષા વૈજ્ઞાનિક રીતે હાથ ધરવા માટે સમગ્ર પ્રક્રિયાના પાંચ સોપાનોમાં વિભાજીત કરવામાં આવે છે.*

(2) *સંદર્ભ સાહિત્યના સ્ત્રોતોનું ત્રણ ભાગમાં વહેંચી શકાય.*

(3) *શોધનિબંધને દ્વિતીય કક્ષાના સાધનમાં મૂકવામાં આવે છે.*

(4) ERIC *બ્રિટીશ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલી સંસ્થા છે.*

## 10.8 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **ઉત્કલ્પના** | *સંશોધનને અંતે કેવા પરિણામો થશે તેની આગાહી કરતા વિધાન...* |
| **માહિતીનું એકત્રીકરણ** | *નમૂનાનાં પાત્રો પાસેથી પસંદ કરેલાં કે રચેલાં ઉપકરણ / ઉપકરણો વડે માહિતી મેળવવાની પ્રક્રિયા.* |
| **ચલ** | *જેના મૂલ્યમાં ફેરફાર થઈ શકે તે લક્ષણ.* |
| **ઉપકરણ** | *અભ્યાસ માટે જરૂરી એવી માહિતી એકત્ર કરવાના સાધન.* |

## 10.9 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

*(બ)* (1) *ખોટું* (2) *સાચું* (3) *ખોટું* (4) *ખોટું*

## 10.10 સંદર્ભસૂચિ


1. Bogdan R. and Tylor S.J. (1975), Introduction of Qualitative Research Methods, New York; John Voiley & Sons.
2. Goode W.J. and Hatt Panl. K (1952), Methods in Social Method, New York; McGraw-Hill
3. *ઉચાટ ડી.એ.* (2000), *સંશોધનની વિશિષ્ટ પધ્ધતિઓ, રાજકોટ*
4. *ઉચાટ ડી.એ.* (2004), *સંશોધન દર્શન, રાજકોટ*
5. *દેસાઈ એચ.જી. અને કે.જી. દેસાઈ* (1993), *સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*

# એકમ : 11 — સંશોધન અહેવાલનું સામાન્ય પરિરૂપ

:: રૂપરેખા ::


**11.0 ઉદ્દેશો**

**11.1 પ્રસ્તાવના**

**11.2 સંશોધન અહેવાલનું સામાન્ય પરિરૂપ**

**11.3 તમારી પ્રગતિ ચકાસો**

**11.4 સારાંશ**

**11.5 ચાવીરૂપ શબ્દો**

**11.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ**

**11.7 સ્વાધ્યાય**

**11.8 સંદર્ભ**


## 11.0 ઉદ્દેશો

*પ્રસ્તુત પ્રકરણના અભ્યાસ પછી તમે,*

- *સંશોધન અહેવાલના સામાન્ય પરિરૂપથી પરિચિત થશો.*
- *સંશોધન અહેવાલ લેખનની સમજ કેળવશો.*

## 11.1 પ્રસ્તાવના

*કોઈ પણ પ્રકારના સંશોધનમાં અહેવાલ લેખનનું કાર્ય ખૂબ જ મહત્ત્વનું છે. સંશોધન અહેવાલ લેખનની પદ્ધતિ વિષય, સ્થળ, સમય મુજબ અલગ અલગ હોઈ શકે. જો કે હાલના સમયમાં વિવિધ વિષયોના સંગઠન અસ્તિત્વમાં આવ્યા છે અને આવા વિષય સંગઠન સંશોધન અહેવાલનું એક પરિરૂપ આપતા હોય છે. આમ છતાં વિષય, યુનિવર્સિટી કે પ્રકાશક, દેશ કે દેશના રાજ્યો મુજબ આ પરિરૂપમાં વિવિધતા જોવા મળે છે. જો કે મોટાભાગની બાબતો સરખી જ હોય છે. ઈતિહાસમાં થતા સંશોધનનું લેખન કેવી રીતે કરવું તે માટે સામાન્ય પરિરૂપ આ પ્રકરણમાં ચર્ચવામાં આવ્યું છે.*

*સંશોધન અહેવાલનું પરિરૂપ પીએચ.ડી., એમ.ફીલ., માસ્ટર કક્ષાએ કે રીસર્ચ પેપર કક્ષાએ જુદું જુદું હોય શકે પરંતુ તેમાં નીચે મુજબની બાબતો સમાવિષ્ટ જોવા મળે છે. આમ જોવા જઈએ તો ઐતિહાસિક સંશોધનનો અહેવાલ એ એક પ્રકારનો દસ્તાવેજ છે. જેમાં ઈતિહાસકાર કે સંશોધકે કરેલા સંશોધન કાર્યને તેના નિષ્કર્ષોને રચનાબદ્ધ, તર્કસંગત, સ્પષ્ટ, સુસંગત અને વૈજ્ઞાનિક ઢબે રજૂ કે પ્રસારિત કરવામાં આવે છે. કોઈ*

*પણ વાચક તેની મદદથી સંશોધકની મહેનત અને સંશોધનના વિવિધ પાસાઓ જેમકે હેતુઓ, પદ્ધતિ, સ્રોત, માહિતી એકત્રીકરણ, તારણો, ઉપયોગિતા, પ્રદાન વગેરેને સરળતાથી સમજી શકે છે. સંશોધન અહેવાલનું આ પરિરૂપ સંશોધનની વિશ્વસનીયતા સ્થાપિત કરવા અને ઈતિહાસ જેવા વિશાળ વિષયમાં સંશોધનને સ્થાન આપવામાં મદદરૂપ થાય છે.*

## 11.2 સંશોધન અહેવાલનું સામાન્ય પરિરૂપ

*અગાઉ ચર્ચા કરી તેમ સંશોધન અહેવાલના પરિરૂપમાં વિવિધતા જોવા મળી શકે છે. આમ છતાં દરેકમાં નીચે આપેલ પરિરૂપના મુદ્દાઓનો સમાવેશ થાય છે.*

(1) *શીર્ષક પૃષ્ઠ* (2) *સારસંગ્રહ* (3) *વિષયસારણી* (4) *પ્રસ્તાવના* (5) *સંબંધિત સાહિત્યની સમીક્ષા* (6) *સંશોધન પદ્ધતિ* (7) *માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ* (8) *તારણો અને અર્થઘટન* (9) *ચર્ચા* (10) *સમાપન* (11) *સંદર્ભસૂચિ* (12) *પરિશિષ્ટ (એપેન્ડિક્સ)* (13) *અનુક્રમણિકા (ઈન્ડેક્ષ)*

**(1) શીર્ષક પૃષ્ઠ**

*સંશોધન અહેવાલ ઔપચારિક દસ્તાવેજ છે. જે કોઈપણ સંશોધનને વ્યવસ્થિત અને હકારાત્મક રીતે રજૂ કરે છે. શીર્ષક પૃષ્ઠ એ અહેવાલનું પ્રથમ અને મહત્ત્વનું પૃષ્ઠ છે. આ પૃષ્ઠને સંશોધન દસ્તાવેજનું મુખચિત્ર કહેવાય છે. આ પૃષ્ઠ નીચે મુજબની માહિતી ધરાવે છે.*

**સંશોધન શીર્ષક :**

*સંશોધન શીર્ષક સંક્ષિપ્ત, ચોક્કસ અને વર્ણનાત્મક હોવું જોઈએ તે સંશોધનના ઉદ્દેશ અને કાર્યક્ષેત્રને ચોક્કસ રીતે દર્શાવતું હોવું જોઈએ. આ પરથી વાચકોને ઐતિહાસિક સમયગાળો, ઘટના કે વિષયવસ્તુ અંગે સ્પષ્ટ સમજ મળવી જોઈએ. સારું અને યોગ્ય શીર્ષક સંશોધનના સારરૂપ હોય છે. તે વાચકને સંશોધન વાંચવા પ્રેરે છે. સંશોધન કેટલું આકર્ષક, માહિતીપ્રદ અને ઉપયોગી હશે તે શીર્ષક પરથી ખ્યાલ આવે છે.*

**લેખકનું નામ :** *સંશોધન અહેવાલના લેખકનું પૂરું અને યોગ્ય નામ આ પૃષ્ઠ પર આપવામાં આવે છે. લેખકનું નામ સંશોધનને માન્ય બનાવે છે. તે સંશોધન પાછળ સમય, શક્તિ, શ્રમ અને નાણા ખર્ચનારને શ્રેય અપાવે છે અને ભવિષ્યમાં અન્ય સંશોધકોને પ્રેરણા આપે છે.*

**સંસ્થાનું નામ :** *સંશોધક જે સંસ્થા સાથે સંકળાયેલ હોય તેનું નામ આ પૃષ્ઠ પર આપવામાં આવે છે. સંસ્થા તરીકે યુનિવર્સિટી કે કોઈ સંશોધન કરાવનાર સંસ્થા હોય શકે. સંસ્થાની માન્યતા સંશોધનને વિશ્વસનીય બનાવે છે. સંસ્થાની પ્રતિષ્ઠા પરથી સંશોધક અને સંશોધનનું મહત્ત્વ અને ગુણવત્તા પ્રાપ્ત થતા હોય છે.*

**માર્ગદર્શક :** *સંશોધન જો કોઈ માર્ગદર્શકના હાથ નીચે તૈયાર થયું હોય તો તેનું નામ પણ શીર્ષક પૃષ્ઠ પર આપવામાં આવે છે.*

*પ્રકિર્ણ બાબતો : આ ઉપરાંત સંશોધન કયા પ્રકારનું છે એટલે કે પોસ્ટ ગ્રેજ્યુએટ, એમ.ફીલ., પીએચ.ડી., સ્વતંત્ર રીસર્ચ પ્રોજેક્ટ, સંસ્થાકીય સંશોધન વગેરેની માહિતી શીર્ષક પૃષ્ઠ પર આપવામાં આવે છે. આ સાથે સાથે અહેવાલ સબમિટ કરવામાં આવ્યો હોય તે તારીખનો ઉલ્લેખ કરવામાં આવે છે. સંશોધન જો કોઈ ખાસ ઓર્ડિનન્સ કે નિયમ આધીન હોય તો તે પણ શીર્ષક પૃષ્ઠ પર દર્શાવવામાં આવે છે.*

**(2) સાર સંક્ષેપ (Abstrct)**

*સાર સંક્ષેપ એ આખા સંશોધનનો સંક્ષિપ્ત સાર હોય છે. જે સામાન્ય રીતે* 100 *થી* 300 *શબ્દોમાં લખવામાં આવે છે. આ સાર સંક્ષેપ લખવા પાછળનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર સંશોધન કાર્યની ઝલક આપવાનો હોય છે. આ પરથી વાચકોને સમગ્ર સંશોધન કાર્યની આછી ઝલક મળે છે. જેના પરથી વાચકો સંશોધન પાછળના ઉદ્દેશ, હેતુ, પદ્ધતિ અને તારણો સુધીની સંશોધન યાત્રાને મુખ્ય મુદ્દાઓના સંદર્ભે સરળતાથી સમજી શકે છે. સાર સંક્ષેપમાં નીચેના જેવી બાબતોનો સમાવેશ કરવામાં આવે છે.*

*સૌ પ્રથમ સંશોધન સમસ્યા કે પ્રશ્નને સ્પષ્ટ કરવામાં આવે છે. જેમાં જે કારણે સંશોધન હાથ ધરાયું હોય તેના સંદર્ભમાં સંશોધનને સ્પષ્ટ રીતે રજૂ કરવામાં આવે છે. આ ઉપરથી વાચકોને સંશોધન કરવા પાછળના ઉદ્દેશ, હેતુઓ અને સમસ્યાના મહત્ત્વ વિશે ઝડપથી અને સ્પષ્ટ ખ્યાલ આવે છે. સાર સંક્ષેપમાં સંશોધન કેવી રીતે હાથ ધરવામાં આવ્યું તેની ટૂંકમાં સમજ આપવામાં આવે છે. જેમાં સ્ત્રોત અને તેની પસંદગી, માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણની ટૂંકમાં સમજ, ઉપયોગમાં લેવાયેલ તકનીક, અભ્યાસ મહત્ત્વ, મર્યાદા, ઉપયોગિતા વગેરેનો ખ્યાલ આપવામાં આવે છે. આ સાથે સાથે સંશોધનના મહત્ત્વપૂર્ણ અર્થઘટન અને તારણ અને વિશ્લેષણના મહત્ત્વના નિષ્કર્ષને દર્શાવવામાં આવે છે. સૌથી મહત્ત્વની બાબત સંશોધનનું મહત્ત્વ અને ઉપયોગિતા છે. આ પરથી વાચકોને સંશોધન કેમ હાથ ધર્યુ તે મહત્ત્વપૂર્ણ છે. તેમજ ઈતિહાસના કયા ક્ષેત્રમાં યોગદાન આપશે તે ખ્યાલ આવે છે. સંશોધન સમાજ કે દેશને તેમજ શિક્ષણના ક્ષેત્રે શું પ્રદાન કરશે તેનો ખ્યાલ આવે છે.*

*સાર સંક્ષેપ અહેવાલમાં વંચાતો સૌથી મહત્ત્વનો વિભાગ હોય છે. ખાસ કરીને સંશોધન કરનાર વિદ્યાર્થી કે વ્યક્તિ માટે સંશોધકને ઘણી બાબતોનો ખ્યાલ આવે છે જે આગળ જતાં એના સંશોધનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. એક સારો સાર સંક્ષેપ સંશોધનની ગુણવત્તા અને મહત્ત્વને ઊજાગર કરવામાં ખૂબ મોટું પ્રદાન આપે છે.*

**(3) વિષય સારણી (Table of Contents)**

*વિષય સારણી સમગ્ર સંશોધનનો માર્ગદર્શક વિભાગ છે. અહીં સમગ્ર સંશોધનની વિગતો, વિભાગ અને પેટા વિભાગમાં કઈ જગ્યાએ જોવા મળશે તેની માહિતી આપેલી હોય છે. અહીં સમગ્ર વિષયવસ્તુ, પ્રકરણ અને વિવિધ વિભાગ ક્યાં આવેલા છે તેનો ખ્યાલ આવે છે. આમ આ પૃષ્ઠ સમગ્ર સંશોધનની તમામ પ્રકારની બાબતોની યાદી છે. વિષય સારણીમાં પ્રથમ પૃષ્ઠથી લઈને અંતિમ પૃષ્ઠ ઉપર કઈ બાબતો આપેલી હશે તેનું માર્ગદર્શન મળી રહે છે. આ વિષય સારણી એક પ્રકારે સંશોધનના નકશાનું કામ કરે છે. જેના આધારે વાચકે જરૂર પડે કોઈ પણ વિગત કયા પૃષ્ઠ પર*

મળી રહેશે તેની સ્પષ્ટ સમજ પડે છે. કોઈ પણ વ્યક્તિ તેની મદદથી સંશોધનના પ્રકરણ અને સંબંધિત માહિતીને સરળતાથી શોધવા માટે વિષય સારણીનો ઉપયોગ કરી શકે છે. વિષય સારણી દ્વારા સરળતાથી સંશોધન અહેવાલની કુલ રચનાને સમજી શકાય છે. વાચકોને એ સમજવામાં સરળતા પડે છે કે સંશોધન કેટલા અને કેવા વિભાગોમાં વિભાજિત છે. સમગ્ર સંશોધનનું આયોજન કઈ રીતે કરવામાં આવેલ છે. સંશોધનના વિભાગો કઈ રીતે એકબીજા સાથે જોડાયેલા છે. આ સમગ્ર બાબતો વિષય સારણી દ્વારા સ્પષ્ટ અને સરળતાથી સમજી શકાય છે. સારી રીતે તૈયાર કરેલી વિષય સારણી સંશોધનની છાપ અસરકારક બનાવે છે. તેના આધારે સંશોધનની ગુણવત્તા અને સંશોધન પાછળની મહેનતનો ખ્યાલ આવે છે. સંશોધન કેટલી ચીવટતાથી અને વિધિવત્ રીતે તૈયાર કરેલો છે તેની સમજ આપવામાં વિષય સારણીની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે. તે સંશોધનને તર્કશીલ અને સુસંગત રીતે રજૂ કરવામાં મદદરૂપ થાય છે. ઈતિહાસ સંશોધનમાં સ્ત્રોતોનું વિશ્લેષણ જટિલ અને બહુસ્તરીય હોય છે. આથી એક સ્પષ્ટ અને વિગતવાર વિષય સારણી બનાવવી જરૂરી હોય છે.

**(4) પ્રસ્તાવના (Introduction)**

પ્રસ્તાવના અથવા પરિચય વિભાગ સંશોધન અહેવાલનો એક ખૂબ જ મહત્ત્વનો વિભાગ છે. આખા સંશોધન પાછળનું કારણ, તર્ક, માળખું તે ઊભું કરે છે. તે સમગ્ર સંશોધન પાછળથી પૃષ્ઠભૂમિનું નિર્માણ અને પ્રદાન જણાવે છે. સંશોધન સમસ્યાની વ્યાખ્યા અહીં કરવામાં આવે છે. સંશોધનનું મહત્ત્વ અને પ્રદાનનું વર્ણન અહીં કરવામાં આવે છે. આ વિભાગની રચના ખૂબ જ ચીવટતાથી કરવામાં આવે છે. આના આધારે જ સંશોધનનું મહત્ત્વ અને ઉપયોગિતા નિર્ધારીત થતી હોય છે. સામાન્ય વાચકો સાથે સાથે વિશિષ્ટ વાચકો, વિદ્યાર્થીઓ, સંશોધકો, ઈતિહાસકાર, તજ્જ્ઞ આના આધારે જ આગળ વધવું કે નહીં તે નક્કી કરતા હોય છે.

સંશોધન પ્રસ્તાવનામાં સંશોધક તેના મનમાં આવેલ સંશોધનના વિચારથી માંડી તેને અંતિમ સ્વરૂપ આપવા સુધીની સફરને વર્ણવે છે. જેમાં સંશોધનના વિષયની પસંદગી, વિષયનું ક્ષેત્ર, સંશોધન સમસ્યાની સમજ, સંશોધનનો ઉદ્દેશ, સંશોધનના હેતુઓ, સંશોધન પ્રશ્નો, સંશોધનનું મહત્ત્વ, સંશોધનની મર્યાદા, સંશોધનનું પ્રદાન, સંશોધનનું આયોજન વગેરે બાબતોની સમજ આપે છે.

જુદા જુદા વિષયમાં પ્રસ્તાવના અને સંબંધિત સાહિત્યની સમીક્ષા બાદ સંશોધન માળખાને એક અલગ પ્રકરણ તરીકે પણ દર્શાવવામાં આવે છે. જેમાં ઉપરોક્ત બાબતોને વિભાજિત કરીને તેની ચર્ચા કરવામાં આવે છે. અહીં પ્રસ્તાવના પ્રકરણમાં વિવિધ બાબતોની સમજ અને સ્પષ્ટતા આપવામાં આવે છે. પ્રસ્તાવનામાં સંશોધક વિષયની પસંદગી શા માટે કરેલ છે ? તેની પાછળની પ્રેરણા અને પરિબળોની ચર્ચા કરે છે. સંશોધન વિષય પસંદગીનું ક્ષેત્ર અને તેને આનુષંગિક બાબતોની ચર્ચા અહીં કરવામાં આવે છે.

સંશોધક સંશોધન સમસ્યાનું શીર્ષક અને સમસ્યાની વિસ્તૃત વ્યાખ્યા અહીં આપવામાં આવે છે. સંશોધક અહીં શીર્ષક કઈ રીતે પસંદ કરવામાં આવ્યું તેની સાથે સાથે

*સંશોધન સમસ્યાને સમગ્ર સંશોધનની ગુણવત્તાના સંદર્ભમાં સ્પષ્ટ કરે છે. સંશોધન કયા ઉદ્દેશ્યથી હાથ ધરેલ છે તેની ઊંડાણથી સ્પષ્ટ સમજ સંશોધક અહીં આપે છે. આ સાથે સંશોધન કરવા પાછળના ઉદ્દેશોને વધુ સ્પષ્ટ કરવા સંશોધન પ્રશ્નો રજૂ કરવામાં આવે છે. સંશોધક અહીં પોતે હાથ ધરવા જઈ રહેલ સંશોધનનો આધાર કયા પ્રશ્નો હશે તે સ્પષ્ટ કરે છે.*

*સંશોધક પોતાનું સંશોધન કઈ રીતે મહત્ત્વનું છે. તેનાથી કોને કોને અને કઈ રીતે લાભ થશે તે અંગેની ચર્ચા પણ અહીં કરે છે. સંશોધનનું ક્ષેત્ર, વિષય, સમય, ઘટનાનું મહત્ત્વ, વર્તમાનમાં ઉપયોગિતા, ભવિષ્યમાં થનાર લાભ વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને સંશોધનના મહત્ત્વની ચર્ચા અહી કરવામાં આવે છે.*

*સંશોધક અહીં પોતાના સંશોધનની સીમાઓ અને વ્યાપને દર્શાવે છે. સમયગાળો, ભૌગોલિક વિસ્તાર, વિષયના વિશિષ્ટ પાસા વગેરેની ચર્ચા હાથ ધરે છે. તેની સાથે સાથે સંશોધક પોતાના સંશોધનની મર્યાદાઓનો સ્વીકાર પણ કરે છે. જેમકે તે મર્યાદા સ્રોતની ઉપલબ્ધિના સંદર્ભમાં હોય કે વહીવટી કારણોસર માહિતી પૂરતી ન મળવા અંગે હોય.*

*આ વિભાગ સંશોધનનો સૌથી મહત્ત્વનો વિભાગ એટલા માટે છે કે સંશોધક વાચક માટે સંશોધનને ટૂંકમાં અને સચોટ રીતે રૂપરેખાંકિત કરે છે. આ વિભાગ વાચકને સંશોધન વાંચવા પ્રેરે છે.*

**(5) સંબંધિત સાહિત્યની સમીક્ષા**

*અહીં સંશોધક પોતે ધ્યાનમાં લીધેલા અને ઉપયોગમાં લીધેલા તમામ પ્રકારના સંબંધિત સાહિત્યની સમીક્ષા કરે છે. સંબંધિત સાહિત્યની સમીક્ષા બે પ્રકારે હાથ ધરવામાં આવે છે. જેમાં પ્રથમ પસંદીત વિષય અને શીર્ષકને લગતા વિવિધ સ્રોત અને સાહિત્યની ચર્ચા કરવામાં આવે છે. જેના દ્વારા સંશોધક પોતે પસંદ કરેલ વિષયની પાયાની બાબતોથી લઈ વિશિષ્ટ બાબતોની માહિતી પૂરી પાડે છે. જેનાથી વાચકને વિષય અંગેનું સંપૂર્ણ સૈદ્ધાંતિક ચિત્ર મળી રહે છે. બીજા પ્રકારના સંબંધિત સાહિત્યની સમીક્ષામાં અગાઉ થયેલા સંશોધનોનો અભ્યાસ કરી છણાવટ કરવામાં આવે છે.*

*આ પ્રકરણ સંશોધન માટે ખૂબ અગત્યનું છે. જેમાં પ્રસ્તુત સંશોધનના સંદર્ભમાં થયેલ મુખ્ય કાર્ય, સિદ્ધાંતો અને ચર્ચાઓના સંદર્ભમાં વિહંગાલોકન કરવામાં આવે છે. આ રીતે સંશોધક પોતાના સંશોધનને દિશા આપે છે તેમજ તે અગાઉના કે હાલના સંશોધન કરતા કઈ રીતે અલગ અને મહત્ત્વનું છે તે પ્રતિપાદિત કરે છે. આ દ્વારા સંશોધક વાચકોને વિષયની બૃહદ ઐતિહાસિકતા અને અગત્યતા તરફ પ્રેરે છે અને જરૂરી સુસંગત માહિતી પૂરી પાડે છે.*

*સંશોધક અહીં અનેક પ્રકારના સંદર્ભોની મદદથી પોતે પસંદ કરેલ વિષય અને ક્ષેત્ર સંબંધિત અવકાશ* (gap)*ને ઊજાગર કરે છે. આ દ્વારા તે પોતાના સંશોધનની જરૂરિયાત અને પ્રદાનને ઉચિત ઠેરવી શકે છે. સંશોધક પોતાના સંશોધનની વિશિષ્ટતા અને યોગદાન સંબંધિત સ્પષ્ટીકરણ આપી શકે છે.*

ઐતિહાસિક સંશોધનમાં બૃહદ ઐતિહાસિક સમજ માટે વિવિધ પ્રકારની ચર્ચા અને સ્પષ્ટતા જરૂરી હોય છે. અગાઉના સમયે આ વિષય પ્રત્યેનો દૃષ્ટિકોણ શું હતો અને તેમાં કઈ કઈ બાબતો ઊજાગર કરવામાં આવી હતી. અહીં સંશોધક સમય, સ્થળ, સ્થિતિ અને માહિતીના સંદર્ભમાં જે વિકાસ થયો હોય અને ઉત્ક્રાંતિ થઈ હોય તેના સંદર્ભમાં પોતાના વિષયની વિદ્વતા અને મહત્ત્વને પ્રસ્થાપિત કરે છે.

ઘણીવાર કેટલાક મહત્ત્વના સૈદ્ધાંતિક માળખાની ચર્ચા કરવી જરૂરી હોય છે. જેના દ્વારા સંશોધક પોતાના સંશોધન માટે જરૂરી આધાર અને પુરાવા પુરા પાડી શકે છે.

સંશોધક દ્વારા જેટલી મહેનત આ પ્રકરણ તૈયાર કરવા પાછળ કરવામાં આવે છે તેને એટલી જ મદદ પોતાના સંશોધનને ગુણવત્તાયુક્ત બનાવવામાં મળે છે. આ પ્રકરણ વાચકો કરતા સંશોધકો માટે વધારે ઉપયોગી થાય છે. જે અનુસ્નાતક, એમ.ફીલ. કે પીએચ.ડી. કક્ષાના વિદ્યાર્થીઓ કે અન્ય સંશોધકો માટે જરૂરી માહિતી અને યોગ્ય દિશા દર્શન પુરા પાડે છે.

સંબંધિત સાહિત્યના અભ્યાસમાં કયા પ્રકાર અને કક્ષાનું સાહિત્ય પસંદ કરવામાં આવે, કેટલા પ્રમાણમાં કરવામાં આવે તે વિવિધ યુનિવર્સિટી, સંસ્થા કે સંશોધકની સૂઝ મુજબ હોય છે. દા.ત. સ્થાનિક, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય તેમજ 10 થી વધુ કે 15 થી વધુ સાહિત્ય કે ગ્રંથોની પસંદગી કરવી, શક્ય હોય ત્યાં સુધી સંખ્યાની જગ્યાએ ગુણવત્તાને મહત્ત્વ આપવું જોઈએ. ઓછા રિવ્યુ ભલે થાય પરંતુ એ ગુણવત્તાયુક્ત હોવા જોઈએ. એ જ રીતે અનુસ્નાતક કે એમ.ફીલ.ની જગ્યાએ પીએચ.ડી. કક્ષાના કે માઈનર કે મેજર કક્ષાના પ્રોજેક્ટની પસંદગી સંબંધિત સાહિત્યના અભ્યાસ માટે કરવી જોઈએ.

**(6) સંશોધન પદ્ધતિ**

આ પ્રકરણમાં સંશોધક પોતે સંશોધનમાં જે પદ્ધતિની પસંદગી કરવાનો હોય અને પોતાના ભાવિ સંશોધનને કઈ રીતે વ્યવસ્થિત સ્વરૂપ આપવાનો છે તેની ચર્ચા હાથ ધરે છે. અહીં સંશોધનમાં ઉપયોગમાં લેવાયેલ વિવિધ પદ્ધતિ અને અભિગમોની જાણકારી મળે છે. ઐતિહાસિક સંશોધનમાં સંશોધક પદ્ધતિને આધારે સ્ત્રોતની પસંદગી અને વિશ્લેષણનો પુરો ચિતાર અહીં રજૂ કરે છે.

સંશોધકે પોતાના સંશોધન માટે કયા પ્રકારની પદ્ધતિની પસંદગી કરી છે અને શા માટે કરી છે તેનો જવાબ અહીં મળે છે. દા.ત. પુરાતત્વીય પદ્ધતિ, મૌખિક પદ્ધતિ, દસ્તાવેજી પદ્ધતિ વગેરે પદ્ધતિ અનુસાર સંશોધક પોતાના વિષયને અનુરૂપ પ્રાથમિક અને ગૌણ સ્ત્રોતની પસંદગી કરે છે. પ્રાથમિક સ્ત્રોતમાં પસંદ કરેલ દફતર, દસ્તાવેજ, પત્રો, ડાયરી, છાપા, ગ્રંથ કે અન્ય સ્ત્રોતની જાણકારી પુરી પાડે છે. અહીં સંશોધક કયા કયા સ્ત્રોત શા માટે પસંદ કર્યા અને તેમાંથી કયા પ્રકારની માહિતી પ્રાપ્ત થશે તેની સમજ આપે છે. આ પસંદીત સ્ત્રોતની પસંદગી અને અધિકૃતતાના (Relevance, Authenticity & Reliability) સંદર્ભમાં મૂલવે છે તેને ન્યાયોચિત ઠેરવે છે.

*પસંદ કરેલ સ્રોતનું યોગ્ય અને તકનીક અને અભિગમ દ્વારા વર્ગીકરણ, તારવણી અને અર્થઘટન કરવાની પ્રક્રિયા અંગે માહિતી સંશોધક અહીં આપે છે. આ માટે તે વિવિધ પ્રકારના વિશ્લેષણની પસંદગીનો ઉપયોગ કરી કરી શકે છે. જેમકે પાઠ્ય, સંદર્ભ કે તુલનાત્મક વિશ્લેષણ* (Textual Contextual or Comparative) *અહીં સંશોધક વિશ્લેષણ સમયે આવનાર મર્યાદા કે પડકારોની ચર્ચા પણ કરે છે. આ ઉપરાંત સંશોધનમાં સંબંધિત પૂર્વાગ્રહ, અવકાશ* (gap) *દસ્તાવેજોના અર્થઘટનની મુશ્કેલી વગેરે ચર્ચા પણ કરે છે.*

*અહીં સંશોધક પોતે પસંદ કરેલી પદ્ધતિને સંશોધનના વિષય અને ક્ષેત્ર સાથે ન્યાયોચિત ઠેરવવા પ્રયાસ કરે છે. સંશોધક પોતે શા માટે આ જ પદ્ધતિ પસંદ કરી, કઈ રીતે આ પદ્ધતિ જ યોગ્ય છે ? કઈ રીતે પદ્ધતિ સંશોધનના ઉદ્દેશ, હેતુ અને પ્રશ્નો સાથે સુસંગત છે તે દર્શાવે છે. સંશોધક પોતે પસંદ કરેલ પદ્ધતિનું સામર્થ્ય અને મર્યાદાઓની ચર્ચા પણ કરે છે. કઈ રીતે આ પદ્ધતિથી થયેલ સંશોધન વૈદ્યતા અને અધિકૃતતા ધરાવતું હશે તે પણ જણાવે છે.*

*જો પસંદ કરેલ વિષય કોઈ ચોક્કસ સૈદ્ધાંતિક માળખાને ધ્યાનમાં રાખીને હાથ ધરવામાં આવેલ હોય તો અહીં તેની પણ વિગતવાર સમજ આપવામાં આવે છે. સંશોધક આ માળખાને અનુરૂપ વિશ્લેષણ અને અર્થઘટનની પદ્ધતિઓ અંગે પણ માહિતી પુરી પાડે છે.*

*સંશોધનની પારદર્શિતા (શા માટે, કઈ રીતે) દર્શાવવા આ પ્રકરણ ખૂબ જ મહત્ત્વનું છે. આ પ્રકરણ સામાન્ય અને વિશિષ્ટ વાચકોને સંશોધનની અધિકૃતતા અને વિશ્વસનીયતાની ખાતરી પુરી પાડે છે. તે સંશોધનના સાતત્યને સ્થાપિત કરે છે અને પરિણામોની સત્યતા અને વિશ્વસનીયતાને યોગ્ય ઠેરવવા મદદરૂપ થાય છે.*

**(7) માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ**

*પ્રસ્તુત પ્રકરણમાં સંશોધક પોતાના વિષય અનુરૂપ કરેલ માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણની વિગતે ચર્ચા કરે છે. જેમાં સંશોધન માટે કયા પ્રકારના સ્રોતોની પસંદગી કરી હતી. પસંદ કરેલા સ્રોતોનું મૂલ્યાંકન કઈ રીતે કર્યુ હતું તેની ચર્ચા પણ સંશોધક અહીં કરે છે. સંશોધક પસંદ કરેલ સ્રોતોની વિશ્વસનીયતા અને પ્રમાણભૂતતા કઈ રીતે ચકાસવામાં આવી હતી તેની ચર્ચા પણ અહીં કરે છે. ઉપરોક્ત પ્રક્રિયા બાદ સંશોધક પોતે કયા પ્રકારની પદ્ધતિથી માહિતી એકત્રીકરણ કરી હતી તેની છણાવટ કરે છે. જેમાં સંશોધનના ઉદ્દેશ અને પ્રશ્નોને અનુરૂપ વિવિધ માહિતીને કઈ રીતે એકત્ર કરવામાં આવી તેની સમજ આપવામાં આવે છે. સંશોધક જરૂરી માહિતી રહી ન જાય અને બિનજરૂરી માહિતી પસંદ ના થાય તેનું ધ્યાન રાખીને માહિતીને એકત્રિત કરવા પાછળની પ્રક્રિયાની સમજ આપે છે. ત્યારબાદ સંશોધક પસંદ કરેલ માહિતીનું વિશ્લેષણ કઈ રીતે કર્યુ તેની સમજ આપે છે. માહિતીને કઈ રીતે વર્ગીકૃત કરવામાં આવી છે તે અહીં દર્શાવવામાં આવે છે. માહિતી વિશ્લેષણ સમયે કઈ કઈ બાબતોને ધ્યાનમાં લેવામાં આવી હતી તે પણ અહીં દર્શાવવામાં આવે છે. માહિતી વિશ્લેષણ*

*સમયે સંશોધનના ઉદ્દેશ, હેતુ, પ્રશ્નો, સ્રોતના પ્રકાર વગેરેને ધ્યાનમાં રાખીને વિશ્લેષણ કઈ રીતે કર્યું તેની સમજ આપવામાં આવે છે.*

*ઉપરોક્ત પ્રક્રિયામાં સંશોધક માહિતી એકત્ર કરતી વખતે પસંદ કરેલા સ્રોતોની સમજ અને પરિચય આપી શકે. આ સ્રોત પસંદગી અને માહિતી એકત્ર કરતી વખતે પડેલ મુશ્કેલીઓ અને પડકારોનું વર્ણન કરી શકે છે. જેમકે ભાષાકીય મર્યાદા, સ્રોતની ભૌતિક સ્થિતિ, સરળતાથી મળવું કે ન મળવું વગેરે. સંશોધકે માહિતી એકત્રીકરણ માટે કઈ પદ્ધતિ ઉપયોગમાં લીધી હતી તેની સમજ પણ આપે છે. જેમકે દફતરીય પદ્ધતિ, મૌખિક પદ્ધતિ, પુરાતત્વીય પદ્ધતિ, ડિઝિટલ સ્રોત, ફિલ્ડ વર્ક વગેરે.*

*આ જ રીતે માહિતી વિશ્લેષણ માટે કઈ પ્રક્રિયા હાથ ધરી હતી તેની સમજ પણ આપે છે. જેમકે વિષયવસ્તુ વિશ્લેષણ, થેમેટીક વિશ્લેષણ કે હિસ્ટોરીઓગ્રાફિક વિશ્લેષણ. અહીં વિશ્લેષણ સમયે કરેલ ક્રોસ ચેકીંગની પણ ચર્ચા હાથ ધરી શકાય. સાથે સાથે જે વિષયવસ્તુ, થીમ, ટ્રેન્ડ કે પેટર્નનો ઉપયોગ કર્યો હોય તેની ચર્ચા પણ કરવામાં આવે છે. સાથે અહીં માહિતી એકત્રીકરણની મર્યાદા, પડકાર અને પદ્ધતિશાસ્ત્રની મર્યાદાઓની પણ ચર્ચા કરી શકાય.*

**(8) માહિતી અર્થઘટન અને તારણો**

*આ પ્રકરણમાં સંશોધક માહિતી એકત્રીકરણ અને વિશ્લષેણના અંતે માહિતીનું અર્થઘટન કરી વિવિધ તારણો કઈ રીતે રજૂ કર્યા છે તેની સમજ આપે છે. સંશોધક સંશોધનના ઉદ્દેશ, હેતુ અને પ્રશ્નોના અનુરૂપ એક પછી એક બાબતોને ક્રમમાં ગોઠવી તેનું અર્થઘટન કરે છે. સંશોધક માહિતીના અર્થઘટન સમયે સંદર્ભીકરણ* (Contexualization) *તુલનાત્મક વિશ્લેષણ* (Comparative Analysis) *સિદ્ધાંતોના માળખા મુજબ* (Theoretical Framworks) *વિરોધાભાસ અને વિસંગતતાઓ* (Contradictions & Anonalies) *કારણ અને અસર* (Cause & Effect) *જેવી બાબતોને ધ્યાનમાં રાખે છે. જેમાં માહીતીના અર્થઘટન સમયે બૃહદ ઐતિહાસિક સંદર્ભ, વર્તમાન સાથે સામ્યતા કે વિસંગતતા, સમય-સ્થળ-સ્થિતિ મુજબ તુલના, માહિતીની સાર્થકતા, માહિતીમાંનો વિરોધાભાસ અને વિસંગતતાની સમગ્ર સંશોધન પર અસર અને સંબંધ, માહિતીમાંથી બનાવ અંગે મળતા કારણો અને અસરની ચર્ચા હાથ ધરવામાં આવે છે.*

*ઉપરોક્ત પ્રક્રિયાના અંતે સંશોધક પોતાના તારણો અને સંશોધનના ઔચિત્યને રજૂ કરે છે. જેમાં સંશોધનના ઉદ્દેશ અને પ્રશ્નોના સંદર્ભમાં માહિતીની છણાવટ કરી તારણો રજૂ કરવામાં આવે છે. પ્રશ્ન ક્રમ કે ઉદ્દેશ મુજબ તારણો રજૂ કરી શકાય. અહીં સંશોધક એવા તારણો પણ રજૂ કરે છે જે તેના ઉદ્દેશ કે પ્રશ્નમાં ન હોય પરંતુ મળેલ માહિતી દ્વારા તેના વિશે જાણકારી મળી હોય. સંશોધક તારણોની રજૂઆત સમયે તેના ઐતિહાસિક મહત્ત્વ અને ઉપયોગિતા, પ્રદાન, પ્રવર્તમાન સમય માટે તેનું ઔચિત્ય વગેરેની રજૂઆત કરે છે. સંશોધક માહિતી એકત્રીકરણ આધારે મળેલ તારણોની મર્યાદાની ચર્ચા પણ અહી કરે છે. સાથે સાથે ભવિષ્યમાં શું ધ્યાન રાખવું કે કયા નવા પ્રયાસ થઈ શકે તેની ચર્ચા પણ કરી શકે.*

*સંશોધક તારણોને સંશોધનના પરિણામ સ્વરૂપ રજૂ કરે છે. જેમાં તે તારણોને કાળક્રમ મુજબ વર્ણન કરીને રજૂ કરી શકે છે. જેમાં સમયાંતરે બનતી ઘટના ને કારણ, પરિણામ અને અગત્યતાના રૂપમાં વર્ણવી શકે. ઘણીવાર તારણો કાળક્રમ મુજબ વર્ણવવાના બદલે વિષય આધારિત રજૂ કરવામાં આવતા હોય છે. જેમાં ચોક્કસ વિષય, થીમ, ક્ષેત્ર, વિભાગ વગેરેને ધ્યાનમાં રાખીને તારણો રજૂ કરવામાં આવે છે. દા.ત. રાજકીય, સામાજિક, ધાર્મિક, આર્થિક, સાંસ્કૃતિક વગેરે ઉપરોક્ત બે પદ્ધતિ સિવાય ઘણીવાર તારણો રજૂ કરવા માટે ઘટનાની અગત્યતાને ધ્યાનમાં લેવાતી હોય છે. આ પદ્ધતિમાં સ્ત્રોતોનું અર્થઘટન કરવામાં આવે છે. જેમકે ઘટના અંગેના કારણ અને પરિણામ, ઐતિહાસિક પાત્રોની ભૂમિકાની મુલવણી, ઘટનાની અસર વગેરે. આમ સંશોધક અહીં પોતાના સંશોધનનો મૂળાધાર રજૂ કરે છે.*

**(9) ચર્ચા**

*આ પ્રકરણમાં સંશોધક તારણોના બહોળા પ્રભાવની ચર્ચા કરી. તેને જ્ઞાન વધારામાં પ્રદાનના ભાગરૂપે રજૂ કરે છે. અહીં સંશોધક પોતાના તારણોને અન્ય સંશોધક, લેખક કે ઈતિહાસકારોના વર્ણનો સાથે તુલના કરે છે. પોતાનો અભ્યાસ કઈ રીતે અલગ અને મહત્ત્વનો છે તે પ્રસ્થાપિત કરે છે. સંશોધક પોતાના તારણોને પોતાના શીર્ષક કે વિષય પુરતા મર્યાદિત ન રાખતા સમગ્ર વિષયના જ્ઞાનના વૃદ્ધિના રૂપમાં રજૂ કરે છે. તે પોતાના નવા દૃષ્ટિકોણને રજૂ કરે છે. પ્રવર્તમાન સમયમાં પોતાના તારણોના ઔચિત્યને સંશોધક રજૂ કરે છે. તે સંશોધક સમયના પોતાના અનુભવો, પડકાર, મર્યાદા વગેરેની ચર્ચા કરે છે. સંશોધક અહીં ભાવિ સંશોધન માટે દિશાસૂચન અને વિષયોની યાદી આપે છે. આમ સંશોધક આ પ્રકરણમાં એવી તમામ બાબતો રજૂ કરી શકે છે જે બીજે ક્યાં સમાવી શકાઈ ન હોય.*

**(10) સમાપન**

*સંશોધક છેલ્લે સમાપનના ભાગરૂપે પોતાના સમગ્ર કાર્યની ટૂંકમાં સમીક્ષા કરે છે. તે મહત્ત્વની બાબતોનું પુનરાવર્તન કરે છે. પોતાના સંશોધનનાં મહત્ત્વને પ્રસ્થાપિત કરે છે. પોતે કરેલા પ્રયાસો અને ક્ષતિઓ તથા મર્યાદા અંગે સ્વીકાર કરે છે. પોતે રોકાણ કરેલ સમય, નાણાં અને શક્તિ સમાજ, દેશ અને વિદ્યાશાખાને કઈ રીતે લાભદાયી થશે તેની ચર્ચા કરે છે. અહીં તે ભાવિ સંશોધકોને મહત્ત્વની બાબતો એક ચેતવણી અને પ્રેરણા પણ આપી શકે છે. આમ આ પ્રકરણ એ સંશોધનનું છેલ્લું પ્રકરણ હોય છે જેમાં સંશોધક પોતે પોતાની જાતને અને પ્રયાસોની સાર્થકતાને રજૂ કરે છે.*

**(11) સંદર્ભસૂચિ**

*આ વિભાગમાં સંશોધક પોતે ઉપયોગમાં લીધા હોય તેવા તેમામ સંદર્ભોની સૂચિ તૈયાર કરીને આપે છે. સંદર્ભસૂચિ લખવાની વિવિધ પદ્ધતિ છે. જેમાં હાલમાં* APA *સ્ટાઈલનો ઉપયોગ થાય છે. સંદર્ભસૂચિમાં એ તમામ સંદર્ભનો સમાવેશ કરવામાં આવે છે જેનો સંશોધકે ઉપયોગ કર્યો હોય પછી તે વર્તમાનપત્ર, જર્નલ, મેગેઝિન, વેબસાઈટ, ગ્રંથ કે વિવિધ સ્ત્રોત પણ હોય શકે. સંદર્ભ સૂચિ ટૂંકી અને સચોટ હોવી જોઈએ. સંદર્ભસૂચિ ભાષા અને વિષયવાર હોવી જ જોઈએ. દા.ત. અંગ્રેજી, હિન્દી,*

*ગુજરાતી, ગ્રંથ, જર્નલ, વેબસાઈટ વગેરે. સંદર્ભસૂચિ કક્કાવારીના ક્રમમાં હોવી જોઈએ. સંદર્ભસૂચિના આધારે વાચકોને લેખકના શ્રમ અંગે ખ્યાલ આવે છે તેમજ અન્ય સંશોધકોને માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. સંદર્ભસૂચિમાં ઉપયોગમાં ન લેવાયા હોય તેવા સંદર્ભ ન લખવા જોઈએ. સંદર્ભ સૂચિના સંદર્ભ વિષયને અનુરૂપ હોવા જોઈએ. સંદર્ભસૂચિમાં એ તમામ લોકોને ક્રેડિટ આપવી જોઈએ જેની મહેનતનો લાભ આપણે લીધો હોય. અન્ય સંશોધકોની સંદર્ભસૂચિની કોપી ન કરવા પોતાની સંદર્ભસૂચિ રચવી જોઈએ. સંદર્ભસૂચિ ભાવિ સંશોધકોને ઉપયોગી થાય તેવી હોવી જોઈએ. હાલમાં* APA (American Psychological Association) *સ્ટાઈલ મોટા પાયે ઉપયોગમાં લેવાય છે. તેના કુલ* 7 *એડિશન છે.* APA1 Edition (1952), APA2 (1974), APA3 (1983), APA4 (1994), APA5 (2007), APA6 (2009), APA7 (2019).

APA7 Edition *મુજબ સંદર્ભસૂચિ નીચે મુજબ લખાય છે.*

**ગ્રંથ :**

- *ચૌધરી, ડી.કે.* (2020), *ઐતિહાસિક સંશોધન પદ્ધતિ, એસ. ચાંદ પ્રકાશન (લેખક, (વર્ષ), ગ્રંથનું શીર્ષક, પ્રકાશક)*

**જર્નલ :**

- *ચૌધરી ડી. કે.* (2021), *મૌર્ય સામ્રાજ્યનું પતન, જર્નલ ઑફ હિસ્ટોરીકલ સ્ટડીઝ,* 45(3), 120-125.
- *(લેખક, (વર્ષ), લેખનું શીર્ષક, જર્નલનું નામ, વોલ્યુમ (ઈશ્યુ), પૃષ્ઠ.*
- *બુક ચેપ્ટર :*
- *ચૌધરી, ડી.કે.* (2022), *ભારતમાં શિક્ષણનો વિકાસ, પી.કે. દેસાઈ અને આર. વી. પટેલ (ઓડિટર). ભારત પ્રાચીન અર્વાચીન,* (50-70) *ભારત પ્રકાશન*
- *(લેખક (વર્ષ) પ્રકરણનું શીર્ષક, એડિટર, પુસ્તકનું નામ (પાના), પ્રકાશક.*

**વેબસાઈટ :**

- *ચૌધરી, ડી. કે.* 2024, AP*માં* 1) *ભારતમાં શિક્ષણનું મહત્ત્વ, ભારતમાં શિક્ષણ* http://www.IITE.org/archives/Education
- *(લેખક (વર્ષ, મહિનો, તારીખ) વેબ પેજનું શીર્ષક વેબસાઈટનું નામ.*URL

**વર્તમાનપત્ર :**

- *ચૌધરી, ડી.કે.* (2024, *માર્ચ* 15), *ગ્રાહક જાગૃતિ. સંદેશ* P3 *(લેખક, (વર્ષ, માસ, તારીખ) આર્ટીકલનું શીર્ષક, વર્તમાનપત્ર, પૃષ્ઠ*

**થીસીસ કે ડિઝર્ટેશન :**

- *ચૌધરી, ડી.કે.* (2004), *ગાંધીનગર જિલ્લામાં શિક્ષણના વર્તમાન પ્રવાહ અને પ્રશ્નોનો અભ્યાસ (અપ્રકાશિત ડોક્ટરલ ડિઝર્ટેશન), ગુજરાત યુનિવર્સિટી.*

- *લેખક (વર્ષ) થીસીસ કે ડિઝર્ટેશનનું શીર્ષક (અપ્રકાશિત ડોક્ટરલ ડિઝર્ટેશન/થીસીસ, સંસ્થાનું નામ.*

**(12) પરિશિષ્ટ (Appendices)**

*પરિશિષ્ટમાં એ તમામ બાબતોનો સમાવેશ થાય છે જે સંશોધન માટે પુરક સામગ્રીરૂપ હોય. અહીં સંશોધક પુરાવાના ભાગરૂપે એવા તમામ દસ્તાવેજો મૂકી શકે જે તારણોની પારદર્શિતા માટે મહત્ત્વના આધારરૂપ હોય. સંશોધનના તારણો સમજવા જરૂરી સારણી, ચાર્ટ, ગ્રાફ, આકૃતિ, ફોટા વગેરે અહી મૂકી શકાય. સંશોધન લેખનમાં પરિશિષ્ટ પણ મહત્ત્વના હોય છે. તે સંશોધનને લગતી પુરક, વધારાની અને વિશિષ્ટ માહિતી પૂરી પાડે છે.*

**(13) અનુક્રમણિકા (Index)**

*અનુક્રમણિકા એક પ્રકારની કક્કાવારી મુજબની યાદી છે. જેમાં વિવિધ નામ, જગ્યા, ચાવીરૂપ શબ્દો, પરિભાષા વગેરેની માહિતી તે ક્યા પૃષ્ઠ પર છે તે સાથે આપવામાં આવે છે. આ વિભાગ વૈકલ્પિક છે પરંતુ મહત્ત્વનો પણ છે. તે વાચકો માટે સરળતાથી સંદર્ભ સૂચિ પહોંચવામાં મદદરૂપ થાય છે. તે સમગ્ર સંશોધનની મહત્ત્વની બાબતોનું સરળતાથી શોધખોળ કરવામાં મદદરૂપ થાય છે. તે તજ્જ્ઞો, ઈતિહાસ ક્ષેત્રેના લોકો તથા સંશોધકો માટે વરદાનરૂપ બને છે.*

## 11.3 તમારી પ્રગતિ ચકાસો

**1. નીચે આપેલી ખાલી જગ્યા યોગ્ય શબ્દોની મદદથી પૂરો.**

(1) *સંશોધન અહેવાલ _____________દસ્તાવેજ છે.*

(2) *સાર સંક્ષેપ _____________થી _____________ શબ્દોમાં લખવામાં આવે છે.*

(3) *વિષય સારણીમાં _____________ અને _____________ કઈ જગ્યાએ જોવા મળશે તે માહિતી આપેલી હોય છે.*

(4) *સંબંધિત સાહિત્યની સમીક્ષા _____________પ્રકારે હાથ ધરવામાં આવે છે.*

(5) *સંશોધક સંશોધનના _____________અને _____________અનુરૂપ માહિતી અર્થઘટન અને તારણો રજૂ કરે છે.*

**2. નીચેના વિધાનો ખરાં છે કે ખોટા જણાવો.**

(1) *સંશોધનનું શીર્ષક સંક્ષિપ્ત, ચોક્કસ અને વર્ણનાત્મક હોવું જોઈએ.*

(2) *સાર સંક્ષેપનો મુખ્ય ઉદ્દેશ સમગ્ર સંશોધનની ઝલક આપવાનો હોય છે.*

(3) *વિષય સારણીમાં ખાસ મહત્ત્વની બાબતો ક્યાં આવેલી છે તેનો ખ્યાલ આવતો નથી.*

(4) *સંશોધનની પ્રસ્તાવનાનો ઉદ્દેશ ઔપચારિકતા ખાતરનું લખાણ લખવાનો હોય છે.*

(5) *સંશોધક સંશોધન માટે એક જ પદ્ધતિની પસંદગી કરે છે.*

## 11.4 સારાંશ

*આમ આ પ્રકરણમાં આપણે ઈતિહાસમાં સંશોધન અહેવાલ કઈ રીતે લખાય તેની ચર્ચા કરી. અહી આપેલ પરિરૂપ સામાન્ય રીતે મોટાભાગની સંસ્થાઓમાં ઉપયોગમાં લેવાય છે. દરેક સંસ્થા પોતાની રીતે પરિરૂપ બનાવી શકે. જેમાં અહીં આપેલા પ્રકરણો આગળ પાછળ કે ઉપર-નીચે હોય શકે. ઉપરાંત સંસ્થા પોતાની રીતે પ્રકરણ ઉમેરી શકે કે રદ પણ કરી શકે. અહીં આપેલ પરિરૂપ આદર્શ પરિરૂપ છે. સમય, સ્થિતિ અને સ્થળ મુજબ તેમાં ફેરફાર હોય શકે.*

## 11.5 ચાવીરૂપ શબ્દો

**સંબંધિત સાહિત્ય** *સંશોધન સાથે સંબંધિત વિવિધ પ્રકારના સાહિત્યને સંબંધિત સાહિત્ય કહે છે. જેમાં વિષયની સમજ આપતા ગ્રંથ કે અગાઉ થયેલા સંશોધન તમામનો સમાવેશ સંબંધિત સાહિત્યમાં થાય છે.*

**APA** *સંશોધનમાં ઉપયોગમાં લેવાયેલ વિવિધ સંદર્ભ સાહિત્યને રજૂ કરવાની શૈલીમાં સર્વસામાન્ય શૈલી* APA (American Psychological Association) *છે. આ ઉપરાંત અન્ય શૈલીમાં* MLA (Modern Language Style, Chicago / Turabian Style, Harvard Styel *વગેરે મહત્ત્વની છે.*

## 11.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**ખાલી જગ્યાના ઉત્તર**

(1) *ઔપચારિક* (2) 100 *થી* 300 (3) *વિભાગ અને પેટાવિભાગ*

(4) *બે* (5) *હેતુ અને પ્રશ્નો*

**વિધાન ખરાં છે કે ખોટાંના ઉત્તર**

1- *સાચું* 2- *સાચું* 3-*ખોટું* 4-*ખોટું* 5-*ખોટું*

**બહુવિકલ્પ પ્રશ્નો**

(1) *નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ શીર્ષક પેજમાં થતો નથી.*

(a) *સંશોધન શીર્ષક* (b) *સંશોધકનું નામ*

(c) *સાર સંક્ષેપ* (d) *સંસ્થાનું નામ*

(2) *નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ સારસંક્ષેપમાં થતો નથી.*

(a) *સંશોધન સમસ્યા* (b) *સંબંધિત સાહિત્યની વિસ્તૃત ચર્ચા*

(c) *પદ્ધતિશાસ્ત્ર* (d) *મહત્ત્વના તારણો*

(3) *સંશોધન લેખનમાં વિષય સારણીનો મુખ્ય ઉદ્દેશ શું હોય છે ?*

(a) *તારણોની સંક્ષિપ્ત સમજ*

(b) *સંદર્ભોની સંક્ષિપ્ત યાદી*

(c) *વિવિધ વિભાગોની પૃષ્ઠ સાથે માહિતી*

(d) *સંશોધન પદ્ધતિનું વિહંગાવલોકન*

(4) *નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ પ્રસ્તાવનામાં થતો નથી.*

(a) *વિષયની પૃષ્ઠભૂમિ* (b) *તારણોની ચર્ચા*

(c) *સંશોધન પ્રશ્ન* (d) *સંશોધનના હેતુ*

(5) *નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ પદ્ધતિ શાસ્ત્રમાં થતો નથી.*

(a) *સ્રોત પસંદગી* (b) *સ્રોત વિશ્લેષણ*

(c) *સૈદ્ધાંતિક ચર્ચા* (d) *સંદર્ભસૂચિ*

*જવાબ :* (1) C (2) B (3) C (4) B (5) D

## 11.7 સ્વાધ્યાય

**1. નીચે આપેલ પ્રશ્નોના વિસ્તારથી જવાબ આપો.**

(1) *ઈતિહાસમાં સંશોધન અહેવાલના સામાન્ય પરિરૂપનો પરિચય આપો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

(2) *સંબંધિત સાહિત્ય સમીક્ષા પ્રકરણમાં સમાવિષ્ટ યાદી બાબતો સમજાવો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

(3) *માહિતી એકત્રીકરણ અને વિશ્લેષણ પ્રકરણમાં કઈ કઈ બાબતો સમાવિષ્ટ થાય છે તેની ચર્ચા કરો.*

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

_______________________________________________

**2. નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

(1) *શીર્ષક પૃષ્ઠ લખતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે ?*

(2) *સાર સંક્ષેપ લખતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?*

(3) *સંદર્ભસૂચિ લખતી વખતે કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ?*

**3. નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો.**

(1) *વિષય સારણીમાં કઈ કઈ બાબતો લખવામાં આવે છે ?*

(2) *પ્રસ્તાવના લખવાનો મુખ્ય ઉદ્દેશ કયો છે ?*

(3) *ઈતિહાસ સંશોધનમાં કઈ કઈ પદ્ધતિઓ ઉપયોગમાં લેવાય છે ?*

(4) *માહિતી અર્થઘટન સમયે કઈ બાબત ધ્યાનમાં રાખવી જોઈએ ?*

## 11.8 સંદર્ભ


1. *ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ - ડૉ. રમણલાલ ક. ધારૈયા, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બૉર્ડ, અમદાવાદ.*
2. Research Methodology in History (2020), Jaiswal Pradip, Gaurav Books, Bengaluru.
3. Historical Research : A Handbook for students (2013), Suresh Sharma-Usha Sharma, Atlantic Publishers & Distributes, New Delhi.
4. A Manual of Historical Research Methodology (2010), N. N. Pilli, Gyan Publishing House, New Delhi.
5. Itihas : Sangrah Evam Adhayan (2012), Sundarlal, Rajaputana Granthghar, Jaipur.
6. Writing History : A Guide for students (2018) William Kelleher Storey, Oxford University Press, New York.

| એકમ : 12 | પાદનોંધ અને સંદર્ભસૂચિ |
|---|---|

:: રૂપરેખા ::


**12.0 ઉદેશ્યો**

**12.1 પ્રસ્તાવના**

**12.2 પાદનોંધ**

**12.3 પાદનોંધનુ સ્થાન**

**12.4 પાદનોંધના લાભ**

**12.5 પાદનોંધના ગેરલાભ**

**12.6 પાદનોંધનું મહત્ત્વ**

**12.6.1 સંદર્ભસૂચિ**

**12.6.2 પરિશિષ્ટ**

**12.7 સારાંશ**

**12.8 ચાવીરૂપ શબ્દો**

**12.9 તમારી પ્રગતિ ચકાસો**


## 12.0 ઉદેશ્યો

1. *વિધાર્થીઓ ઈતિહાસ લેખનની મહતા સમજે.*
2. *ઈતિહાસ લેખન ચોક્કસ પદ્ધતિશાસ્ત્ર મુજબ જ કરાય.*
3. *યોગ્ય પદ્ધતિ વિના લખેલા ઇતિહાસની વિશ્વનીયતા સાબિત થતી નથી.*
4. *આ પદ્ધતિથી ઈતિહાસ લેખન કરી જાણે.*
5. *વિશ્વ સ્તરે સ્વીકારાયેલી ઈતિહાસલેખનની પદ્ધતિને સમજી ચાલે.*

## 12.1 પ્રસ્તાવના

*આપણે જાણીએ છીએ કે અન્ય વિષયના આલેખનની જેમ યોગ્ય પદ્ધતિ વિના ઈતિહાસ આલેખન કરી શકાતું નથી. ઇતિહાસ આલેખનમાં પાદનોંધ તથા સંદર્ભ સૂચિ બંને ખૂબ જ મહત્ત્વની બાબત છે. સામાન્ય રીતે દરેક લેખક પોતાનું વિશિષ્ટ મંતવ્ય રજૂ કરે તેને મૌલિક આધાર આપવા બીજા ગ્રંથો અને દસ્તાવેજો કે ફાઈલો વગેરેમાંથી અવતરણ આપે છે તેને પાદનોંધમાં દર્શાવતા હોય છે. પાદનોંધ એટલે પાનાનાં સૌથી નીચેના ભાગમાં લખાણમાં વિક્ષેપ ન પડે એમ જે તે પાના પર સંદર્ભ કે ટૂંકી નોંધ કરવામાં આવે છે તેને પાદનોંધ કહેવામાં આવે છે. તેના દ્વારા લેખક એમ*

*મૂલવવા માંગે છે કે પોતે વિશિષ્ટ કથન કર્યું છે તે આધાર વિનાનું નથી. કેટલીક વાર પાદનોંધ કે પોતાની પૂર્વે થઈ ગયેલા લેખકની મહત્ત્વની નોંધ રજૂ કરે છે. પાદનોંધમાં સામાન્ય રીતે લેખકે પોતાના કરતા કૃતિનો ઉલ્લેખ કરે તો જ તેનો હેતુ સરે છે, નહીંતર તે નકામી બની જાય છે. પાયાનો પ્રશ્ન એ છે કે શું સંદર્ભ આપવો જરૂરી છે. તેના જવાબમાં એમ કહી શકાય કે હા ઈતિહાસ આલેખનમાં અત્યંત જરૂરી છે. દરેક લેખકની પોતાની લખવાની વિશિષ્ટતા હોય છે પણ પોતાની વિદ્વતા બીજા પાસે માન્ય કરવાની હોય તો સંદર્ભ આપવો જરૂરી છે.*

## 12.2 પાદનોંધ

*ઈતિહાસ આલેખનમાં મુખ્ય ત્રણ બાબતો પાદનોંધ,સંદર્ભસૂચિ અને પરિશિષ્ટ જેના પર ખાસ ધ્યાન આપવું પડે છે. તેમાંય પાદનોંધને તો અત્યંત મહત્ત્વની ગણવામાં આવે છે. જેના વિના મીઠા વિનાના શાક જેવું ઈતિહાસ લેખન લાગે. પાદનોંધની શી જરૂરિયાત છે તે લખાણ માટે ખૂબ જ જરૂરી છે. તેથી જ ગેરેઘાન, રેનિયર જેવા ઈતિહાસકારો માને છે કે કૃતિની વિગતોની મૂળ હકીકતોમાં જેનો સમાવેશ ન થઈ શકતો હોય; છતાં વિગતોનો આધાર આપવો જરૂરી હોય; ત્યારે પાદનોંધ આપવી જરૂરી છે. ઉપરાંત વિગતોના આધાર આપવો જરૂરી હોય ત્યારે પાદનોંધ આપવી જરૂરી હોય છે. ઉપરાંત વિગતોના ખરાપણા અંગે વાચકોને શંકા જાય કે શું આમ હોય શકે ખરું ? ગીરના જંગલમાં* 12 *જ સિંહ બચ્યા હતા એ વાત તથા સિંહની પ્રથમ વસતિ ગણતરી ઈ.સ.*1936*માં થઈ હતી એ વાત ખોટી છે. તેના સમાધાન માટે એ બાબત સમજાવવા પાદનોંધ જરૂરી છે. ઉપરાંત એવું પણ બની શકે કે કોઈ એક ગ્રંથનો લેખક વગર મહેનતે ખોટી નામના ન મેળવી લે, ખોટું લખી ન લે, તે માટે પણ પાદનોંધ જરૂરી છે. આ આલેખન કરવા માટે મેં આટલા સંદર્ભો કે અસલ ફાઈલો તપાસી એમ સૂચવે છે. સમર્થ ઈતિહાસકારે સમર્થન માટે નહીં પણ જિજ્ઞાસા વૃતિ માટે પણ પાદનોંધ આપવી જરૂરી છે.*

## 12.3 પાદનોંધનુ સ્થાન

*પાદનોંધ મૂકવાની મુખ્ય ચાર પદ્ધતિ છે* (1) *જે પાનામાં લખાણ આવતું હોય તે પાનામાં નીચે* (2) *દરેક પ્રકરણના અંતે* (3) *પુસ્તકના અંતે* (4) *જે ફકરામાં લખાણ પૂર્ણ થાય ત્યાં જ કૌંસમાં મૂકવી. આ ચારેયમાંથી પ્રથમ અને બીજી પદ્ધતિને સારી અને અસરકારક માનવામાં આવે છે. કારણ કે તે જ પાના પર સંદર્ભ છે તેની વિગતે પાના ઉપર આપી હોય તો વાંચવાની સરળતા રહે છે. જો પ્રકરણ કે પુસ્તકને અંતે પાદનોંધ આપી હોય તો તે જોવાની બહુ ઓછા લોકોને ઈચ્છા થાય છે. પાના ફેરવીને પુસ્તક કે પાઠના અંતે આપેલી પાદનોંધ વાંચવાનું બહુ ફાવતું નથી; તેથી વાચક આળસ કરે છે પરિણામે લેખકે પાદનોંધ આપી હોવા છતાં વાચકો કે સંશોધકો તેનો બહુ ઉપયોગ કરતા હોતા નથી. પાદનોંધમાં એક પછી તરત જ બીજી પાદનોંધ તેજ લેખકની હોય તો ત્યાં ફરી તેનું નામ ન લખતા ત્યાં એજન,વહી કે અંગ્રેજીમાં* Ibid *શબ્દ મૂકવામાં આવે છે.*

## 12.4 પાદનોંધના લાભ

1. *પાદનોંધનો સૌથી મોટો લાભ લખાણના કોઈપણ વિધાનને  તેના દ્વારા ચકાસી શકાય છે અને જે તે પુસ્તક કે લેખ ઉપર વાચકને વધુ વિશ્વાસ બેસે છે.*
2. *તેનાથી લેખકની દક્ષતા અને વિદ્વતાની તેણે કરેલી મહેનતની  કસોટી કરી શકાય છે.*
3. *તેનાથી એ પણ જાણવા મળે છે કે લેખકે કયા કયા પ્રકારના સાધનોનો ઉપયોગ કર્યો છે અને તે સાધનો કયા પ્રકારના છે અને જે કેટલી  મહેનતથી એણે એ શોધ્યા હશે એ પણ વાચક કે સંશોધકને ખ્યાલ આવે છે.*
4. *પાદનોંધ ફરજિયાત આપવાની હોવાથી લેખક લખવામાં વિશેષ કાળજી લે છે અને શંકા વાળી  બાબતો કે ખોટી બાબતોને પોતે પોતાના લખાણમાં સ્થાન આપતો નથી. અથવા એવી કોઈ બાબતને સ્થાન આપે ત્યારે તે પોતાને યોગ્ય શા માટે લાગ્યું, તે બાબતનો  ખુલાસો પાદનોંધમાં કરી શકે છે.*
5. *પાદનોંધ દ્વારા ઈતિહાસકાર મૌલિક સાધનોના સંશોધન માટે પ્રેરાય છે. છતાં સંશોધક એ તે વાત ધ્યાનમાં રાખવાની હોય છે કે પાદનોંધ ટૂંકી હોવી જોઈએ. કારણ તેનું કદ મોટું હોય તો સંશોધકની ખરાબ છાપ પડે છે.*
6. *કેટલીક વખત એક બાબત પ્રત્યે એકથી વધારે મંતવ્યો  પ્રવર્તતા હોય ત્યારે લેખકે અમુક મંતવ્યો શા માટે સ્વીકાર્યા છે; તેનો ખુલાસો પાદનોંધમાં કરી શકાય છે.*
7. *લેખનમાં ક્યારેક પુરાણો શબ્દ આવતો હોય તો તેનો ખુલાસો પાદનોંધમાં કરી શકાય છે. જેમ જરીફ,મસવાડી,બારખલીદાર,ઉભડવેરો,ભામવેરો,*
8. *પાદનોંધ ઘણી વખત વિશેષ વાચકો માટે ઉપયોગી બને છે.*

## 12.5 પાદનોંધના ગેરલાભ

(1) *કેટલીક વાર પાદનોંધમાં જે સાધનોનો ઉપયોગ કર્યાનું દર્શાવે છે તેનો હકીકતમાં સંશોધકે કે લેખકે ઉપયોગ કર્યો હોતો નથી. પરંતુ  પોતાના પહેલાના અથવા સમકાલીન લેખકે પાદનોંધ રજૂ કરી હોય તેની સીધે સીધી ઉઠાંતરી કરી તે પોતાના સંશોધનમાં અમુક સંશોધકો ઉપયોગ કરી લેતા હોય છે. એમ  કરી પોતે બહુ મહેનત કરી છે એવી ખોટી છાપ જમાવવાનો વાહિયાત પ્રયત્ન કરે છે.*

(2) *ઘણીવાર લેખક માત્ર પાદનોંધ આપીને દંભ અને જુઠાણાને નોતરે છે કે મેં  આ ગ્રંથ લખવા માટે કે લેખ લખવા માટે આટલા બધા વિશાળ પ્રમાણમાં સંદર્ભોનો ઉપયોગ કર્યો છે. હકીકતે એમાંના અડધો અડધ બિલકુલ કામના સંદર્ભો હોતા નથી. માત્ર બહુ વધારે સંદર્ભોનો ઉપયોગ કર્યો છે એવું દેખાડવા માટે જ વધારે પાદનોંધ અમુક ખોટી છાપ પાડનારા પાદનોંધ મૂકતા હોય છે. તેથી પાદનોંધ આપવામાં  સંયમ રાખવો જોઈએ કોઈની પર ઠોકી બેસાડવા માટે નથી. પાદનોંધથી લેખકની માનસિકતા છતી જાય કે આ ગ્રંથનું કદ વધારવા કાં પોતે આ લખવામાં કેટલા બધા સંદર્ભ  લીધા એવી માત્ર વાહવાહી બતાવવા માંગતા લાગે છે. એટલે વિશેષ બાબત હોય ત્યાં જ પાદટીપ આપવી જોઈએ.*

(3) ઉચ્ચ શ્રેણીના દસ્તાવેજ માટે અને પાઠ્યપુસ્તક માટે વધારે પડતી પાદનોંધ ખોટી જણાય છે. કારણ કે તે સામાન્ય જનને નડતરરૂપ અથવા બિનઉપયોગી જેવી લાગે છે.

(4) કોઈ વિશેષ બાબતો કે વિગતો પર પ્રકાશ ન ફેંકતી હોય તો તે નકામી છે. ઘણી પાદનોંધ એકબીજાની વિરોધી હોય છે. પાદનોંધ અન્ય ગ્રંથો કરતાં વિશિષ્ટ કે નવીન ન હોય તો મૌલિકતા વિનાનું સંશોધન ગણાય. તે બીજા લેખકો કે સંશોધકની નકલ કે ઉઠાંતરી કરેલ જેવું લાગે.

(5) કેટલીક વખત પાદનોંધમાં મૌલિકતા હોતી નથી. તેથી તે માત્ર વાહવાહી અને જૂઠાણાને અથવા એક છાપ ઊભી કરવા માટે જ મૂકાતી હોય છે ત્યારે પાદનોંધ ગેરલાયક ઠરે છે.

(6) પાદનોંધને સામાન્ય લખાણ કરતા અલગ દર્શાવવા માટે એક ફોન્ટ નાના અક્ષરમાં બતાવાય છે. તેથી એ પાનું એક સરખા લખાણ જેવું લાગતું નથી. વળી આ પ્રકારનું પાદનોંધનું સેટિંગ કરવામાં પણ પાદટીપની વધઘટની સંખ્યાને કારણે મુશ્કેલી પડે. કોઈક પાને એક પાદટીપ આવે તો અમુક પાને ચાર પાંચ પાદટીપ આવે એવું બની શકે છે તેથી છાપકામમાં કે દેખાવમાં એકરૂપતા લાગતી નથી. પણ ઈતિહાસના ગ્રંથોમાં એ રહેવાનું અને જરૂરી પણ છે.

## 12.6 પાદનોંધનું મહત્ત્વ

સામાન્ય વાતમાં આપણને પાદનોંધમાં રસ નથી. છતાં તેના લાભ જોતા તે જરૂરી છે. પાદનોંધને સક્ષિપ્ત કરવા માટે પુસ્તકના ટૂંકાક્ષરી નામ લખવામાં આવે છે. જેમકે ગુ.રા.સા.ઈ. (ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ) પણ પછી એ તમામ ટૂંકાક્ષરી ગ્રંથોના પૂર્ણ યાદી અલગથી આપવી જોઈએ. ગેરેઘાન કહે છે કે પાદનોંધથી વાચકનું જ્ઞાન વધે છે અને લેખકને માન મળે છે. કેટલીક બાબતો એવી હોય છે કે ગ્રંથમાં ખૂબ જ રજૂ કરવાથી વાચકનો મૂળ રસ ભંગ થાય ત્યારે તેને પાદનોંધમાં મૂકી શકાય. દાખલા તરીકે આર્યોના મૂળ નિવાસસ્થાન અંગેના વિદ્વાનોના મંતવ્યો, સિધ્ધરાજની વાતમાં જસમા ઓડણની દંતકથાને નીચે પાદનોંધમાં મૂકી શકાય. જેમ કે અકબરની મનસબદારી અંગેના મંતવ્યો, શિવાજીના અષ્ટપ્રધાન મંડળના મંતવ્યો કે કેટલાક વિદ્વાનોના અવતરણોને પાદનોંધમાં મૂકી શકાય. પરંતુ તે ટૂંકી હોવી જોઈએ સામાન્ય પાઠ્યપુસ્તકમાં પાદનોધ નહિવત ઉપયોગી છે. ઉચ્ચ શ્રેણીના લેખક માટે પોતે આધારભૂત માહિતી ક્યાંથી મેળવી છે. તે દર્શાવવા પાદનોંધ આપતા હોય છે. આ પાદનોંધની મદદથી નિષ્ણાત લેખકની માહિતીને કોઈપણ ચકાસી શકે છે અને પાદનોંધના આધારે નિષ્ણાતે ગ્રંથને ઉચ્ચકોટિનો છે કે નિમ્નકોટીનો છે તેની કસોટી કરી શકે છે. પાદનોંધ સંશોધકને મજબૂત કે ડર વિહીન બનાવે છે કે આ મંતવ્ય મારું અંગત અહીં આ દસ્તાવેજ કે આધારનું છે. આથી તે મક્કમ અને નક્કર બને છે.

### 12.6.1 સંદર્ભસૂચિ

*પાદનોંધની એ મર્યાદા છે કે તેમાં જે કંઈ વિગતો હોય તે ટૂંકી હોય છે અને મૂળ લખાણના અનુસંધાનમાં જ હોય છે. એટલે કે વિશિષ્ટ બાબતની તે માત્ર નોંધ હોય છે. પરંતુ નિષ્ણાત કે વિષયના રસ ધરાવનારા તે ગ્રંથ આલેખનમાં જે સાધન સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય તે બધી જ બાબતો જોવી હોય તો તે માટે સંદર્ભસૂચિનો ઉપયોગ કરવામાં આવે છે. સંદર્ભસૂચિએ સંશોધકને મળેલ ચાવીઓ છે કે જેના દ્વારા પોતે આ આકાર ધારણ કરી શક્યો છે. જે એનું કલેવર છે. એ જેટલું સમું સરખું ગોઠવે એટલી તેની ઉતમ છાપ પડે અને બીજા લોકોને સમજાય. સંદર્ભ સૂચિ પુસ્તક કે લઘુ શોધ નિબંધ કે મહાશોધ નિબંધમાં મૂકાય છે.*

**સંદર્ભસૂચિ એટલે શું ?**

*લેખકે પોતાના લખાણમાં ઉપયોગમાં લીધેલા પુસ્તકો, ડાયરીઓ, લેખો, સિક્કાઓ, જીવન ચરિત્રો, અખબારો, અસલ ફાઈલો વગેરેની યાદી સંદર્ભ સૂચિમાં મોટેભાગે હોય છે. અન્ય સાધનોનો ઉપયોગ કર્યો હોય તો તેના પણ તેનો પણ તેમાં સમાવેશ કરવામાં આવે છે. સામાન્ય રીતે સંદર્ભસૂચિમાં નીચે પ્રમાણેની યાદી હોય છે. ગ્રંથોની યાદી, સામયિકોની યાદી, સંશોધન જર્નલોની યાદી, છાપાઓની યાદી, લેખોની યાદી, અભિલેખોની યાદી, સિક્કાઓની યાદી, સંસ્મરણોની યાદી, ડાયરીઓની યાદી, રૂબરૂ મુલાકાતીઓની યાદી, ચિત્રો કે નકશા કે ફોટાની યાદી. સંદર્ભ સૂચિ લાંબી ન બની જાય એટલે હવે નવી પદ્ધતિમાં સંક્ષેપમાં નામો મૂકવામાં આવે છે. જેમકે ઓક્સફર્ડ યુનિ.પ્રેસનું (સંક્ષેપ* OUP*) જો પુસ્તકમાં એકથી વધુ લેખકોના નામ હોય તો પ્રથમ લેખકનું નામ મૂકવામાં આવે છે.હા એ પણ ખ્યાલ રાખવો જરૂરી હોય છે કે લેખક પોતાનું નામ જે રીતે લખતો હોય તે રીતે જ સંદર્ભસૂચિમાં લખવું જોઈએ.પણ કેટલાક લેખકો પિતાનું નામ અંગ્રેજીમાં લખતા હોય. જેમકે, ડો.મહેશચંદ્ર જી.પંડ્યા તો તેનું ટૂકમાં આપણે મ.જી.પંડ્યા લખીએ તો તે બરાબર નથી, જેમાં સંશોધક કંઈક છુપાવવા માંગતો હોય કે તેના તરફ રાગદ્રેષ ધરાવતો જણાય. સંદર્ભસૂચિમાં લેખકના માટે કોઈ વિશેષણ ડોકટર,પદ્મશ્રી,રાજમાન રાજેશ્રી એવા શબ્દોનો ઉપયોગ કરવામાં આવતા નથી. છતાં જો તેનો ઉપયોગ કરવો હોય તો કૌંસમાં (ડો.)લખવું જોઈએ. જો સંશોધકે પોતાના સંશોધનમાં ફિલ્ડ વર્ક કરેલ હોય અને કોઈ વ્યક્તિની મુલાકાત લીધેલ હોય તો તેનું પૂરું નામ ગામ અને મુલાકાતની તારીખ પણ આપવી જોઈએ.*

*સંદર્ભસૂચિ પણ કેટલાક સંશોધક જાણે પોતે દુનિયાના તમામ સંદર્ભ તપાસ્યા છે એવી ખોટી શેખી મારવા ગમે તે પુસ્તકના નામ સંદર્ભસૂચિમાં લખે છે પણ તેને જાણકાર વિદ્વાન તરત પકડી પાડે છે કે આ ગ્રંથની આમાં એકપણ લીટી ઉપયોગમાં લેવાઈ જ ન હોય. આથી ખોટી રીતે મોટી સંદર્ભસૂચિ ન બનાવવી જોઈએ બાકી પકડાઈ જશો.*

*સંદર્ભસૂચિનું આયોજન બે રીતે રજૂ કરી શકાય છે. સામાન્ય સૂચિ અથવા વિશેષ સૂચિ; પ્રકાશિત સાધનોની સૂચિ અથવા અપ્રકાશિત સાધનોની સૂચિ. આ બધી યાદીઓમાં લેખકની કક્કાવારી પ્રમાણે યાદી બનાવવામાં આવે છે. તેમાં સૌપ્રથમ*

*અટક થી નામ શરૂ કરવાની પ્રણાલી છે. પછી પુસ્તકનું નામ, પછી પ્રકાશકનું નામ, પ્રકાશન સ્થળ અને પ્રકાશન વર્ષ પછી તેની આવૃત્તિ આટલી બાબતો દર્શાવી જરૂરી છે. અપ્રકાશિત સાધનોમાં દફતરો, હસ્તપત્ર, આત્મકથા, હિસાબી ચોપડાઓનો સમાવેશ થાય છે. પ્રકાશિત સાહિત્યને સમજાવવાની જરૂર નથી પણ તેમાં પણ કેટલાક મહત્ત્વના ગ્રંથો હોય છે જેમ કે હીરોડોટસ અને થ્યુસીડાઈડીસએ પ્રાચીન ગ્રીસના છે. ડો. આર.સી. મજુમદાર પ્રથમ કક્ષાના લેખક ગણાય. પરંતુ બાસમ કે નીલકંઠ શાસ્ત્રીએ લખેલા ભારતના ઈતિહાસના ગ્રંથોએ સામાન્ય ગ્રંથો ગણાય છે. લેખકે પોતાના ગ્રંથમાં જે ખરેખર ગ્રંથનો ઉપયોગ કર્યો હોય તેનો જ ઉલ્લેખ કરવો જોઈએ. સંશોધનમાં અનેક પ્રકારની સાધન સામગ્રીનો ઉપયોગ ઈતિહાસકાર કરતા હોય છે. તેનો બધો ઉપયોગ થતો નથી. નહી ઉપયોગ કરેલા સાધનોનું લખાણ છેતરપિંડી ગણાય. વળી કોઈ લેખકની સામગ્રીનો સ્વીકાર કર્યો હોય તેનો ઋણ સ્વીકારમાં ઉલ્લેખ કરવો જોઈએ. સંદર્ભસૂચિ આ પ્રકારના ક્રમમાં આ રીત મુજબ બનાવવામાં આવે છે.*

*(અ) મૂળ અસલ સાધન સામગ્રી*

*(એ) રાષ્ટ્રીય અભિલેખાગાર, નવી દિલ્હી*

(1) PR.5663 Gujarati General,1949

(2) PR.5664 Gujarati miscellaneous

*(બી) ગુજરાત રાજ્ય અભિલેખાગાર, રાજકોટ*

(1) *ફાઈલ નં.*185/12/127 *,આરઝી હકૂમત, ઈ.સ.*1947/48

(2) *ફાઈલ નં.*186/12/146*,આરઝી હકૂમત, ઈ.સ.*1947/48

*(સી) ગુજરાત રાજ્ય અભિલેખાગાર, જૂનાગઢ*

(1) *દીવાન દફતર ફાઈલ નં.*45, *'બળવાખોર નિયાજમહમદ તથા લિયાકતઅલી બાબત' … ઈ.સ.*1874

(2) *ચાંદ દફતર ફાઈલ નં.*12, *'ખુદાવિંદ હજુર શ્રીને ચાંદ મળતા તે લગતી કામગીરી બાબત'ઈ.સ.*1926

**1- દેશી રાજ્યોના વાર્ષિક વહીવટી અહેવાલો**

(1) *જૂનાગઢ રાજ્ય, ઈ.સ.*1908 *થી ઈ.સ.*1945

(2) *પોરબંદર રાજ્ય, ઈ.સ.*1914 *થી ઈ.સ.*1945

**2- વસતિ ગણતરીના અહેવાલ**

Sorley H.T. and Dracus A.H. "Census of India" 1931. Vol.x. Bombay 1933 A.D.

**3 -ગેઝેટિયરો**

- Junagadh District" Gaz[a]teer" Ahmedabad, A.D. 1975

- *'ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ જૂનાગઢ જિલ્લો', પ્રકાશક એ.એસ.પટેલ, ગાંધીનગર, પ્રથમ આવૃત્તિ, ઇ.સ.* 1907
- *કડાકા ધનજીશા હોરમસજી, 'કાઠિયાવાડ ડિરેક્ટરી' રાજકોટ ઇ.સ.*1886.

**5. અભિલેખ સંગ્રહો**

- *આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, 'ગુજરાતનાં ઐતિહાસિક લેખો ' ભાગ-*1 *થી* 3 *ફાર્બસ ગુજરાતી સભા મુંબઈ, ઇ.સ.*1933, 1937, 1942.
- *શાસ્ત્રી હરિપ્રસાદ ગંગાશંકર, 'ગુજરાતનાં ઐતિહાસિક લેખો' ભાગ-*4/5', *ફાર્બસ ગુજરાતી સભા મુંબઈ, ઈ.સ.* 1979, 1981.

**6. પીએચ.ડી.ના માન્ય મહાનિબંધો**

- *ધાધલ દીપેન્દ્ર આર., 'જૂનાગઢના બાબી રાજવંશનો ઈતિહાસ' (સમકાલીન પદ્યસાહિત્યના વિશેષ સંદર્ભમાં) –એક અભ્યાસ' સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ, અપ્રકાશિત શોધ મહાનિબંધ, ઇ.સ.*2010.
- *સાખટ જીતેશ એ.,'સૌરાષ્ટ્રના વાણિજય જગતમાં નવોન્મેષ લાવનાર પ્રહરીઓના પ્રદાનનો ઐતિહાસિક અભ્યાસ' અપ્રકાશિત શોધનિબંધ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, ઈ.સ.*2013

**7. દૈનિકો, સાપ્તાહિકો**

- *સૌરાષ્ટ્ર દર્પણ, જામે જમશેદ, સૌરાષ્ટ્ર,ઊર્મિ નવરચના,શારદા, દેશી રાજ્ય, ફૂલછાબ,દીન, મુજાહિદ,વિદ્યાપીઠ,*

**(બ) અન્ય સાહિત્યક સામગ્રી**

1 *અંગ્રેજી*

- Adolph Koeppel and Raymond D. Manners, The Court fee and Revenue Stamps of the Princely
- India, The Fiscal Philatelic Foundation New York, A.D. 1983.
- State Publication 'A SILVER JUBILE TRIBUTE (Nawab Mahabatkhanji 1920 1945) Rajkot, 1945 A.D.

2. *હિંદી*

- *ટોડ જેમ્સ , પશ્ચિમી ભારત કી યાત્રા' રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિષ્ઠાન, જોધપુર, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.* 1965
- *રેઉ વિશ્વનાથ, 'ભારત કે પ્રાચીન રાજવંશ' કાશી નાગરી પ્રચારિણી સભા, વારાણસી, પ્રથમ આવૃત્તિ, ઈ.સ.*1910

3. *ઉર્દૂ ગ્રંથ :*

- *શેખ જી. એ., 'મિરાતે મુસ્તુફાબાદ', જૂનાગઢ, ઈ.સ.*1931

4. *સંસ્કૃત ગ્રંથ :*

- *પાઠક રામજીભાઈ ગોરાભાઈ (ભાષાંતરકાર), શ્રી સ્કંદપુરાણ પ્રભાસખંડ', જૂનાગઢ, ઈ.સ* 1889
- *સ્કંદપુરાણ, વેંક્ટેશ પ્રેસ, મુંબઈ, ઈ.સ.*1966

5. *ગુજરાતી ગ્રંથ :*

- *અત્રિ, છોટુભાઈ,'ઉપરકોટ' પ્રકાશક,ગુજરાત સરકાર પુરાતત્વ ખાતુ અમદાવાદ,ઈ.સ.*1995
- *આચાર્ય, ગિરજાશંકર વલ્લભજી – 'ગુજરાતના ઐતિહાસિક લેખ, ભાગ* 1,*પ્રકાશક ફાર્બસ ગુજરાતી સભા મુંબઈ, ઈ.સ.* 1933

**(ક) વેબસાઈટ**

www.britishlibraryonlinegalory.com

www.junagadhstate.org

*(ડ) નકશા અને ચિત્રોની યાદી*

(1) *જસદણ રાજ્યનો નકશો*

(2) *કેસરે હિંદ પુલના ઉદ્‌ઘાટનની તસવીર*

(E) *રૂબરૂ મુલાકાતો*

*સ્વ. કર્નલ સી.સી. બક્ષી, ઉંમર વર્ષ*-92, *અમદાવાદ . તા.*6/2/2001

*શ્રી લક્ષેશગિરિ શાંતિગિરિ ઉંમર વર્ષ* -79, *માંગનાથ પીપળી. તા.*24/12/2000

### 12.6.2 પરિશિષ્ટ

*ઈતિહાસ આલેખનમાં ચાલુ લખાણમાં વિક્ષેપ કર્યા વિના જરૂરી કોઈ માહિતી વિગતે આપવા માટે પરિશિષ્ટનો ઉપયોગ કરી શકાય છે, તે પણ સંદર્ભ આપવાનું સાધન છે. કોઈ લેખક અગત્યની ચર્ચા કે મંતવ્ય રજૂ કરવા માંગતો હોય તો તે ત્યાં રજૂ કરી શકાય. દાખલા તરીકે મરાઠાઓના ઈતિહાસના ગ્રંથમાં ચોથ અને સરદેશમુખી અંગે પરિશિષ્ટમાં વધુ લખી શકાય. તે અંગેના વિદ્વાનોના મંતવ્યો પણ તેમાં રજૂ કરી શકાય. અથવા આધુનિક ભારતની રાષ્ટ્રીય ચળવળનો ઈતિહાસ લખતા હોય તેમાં તિલક, ગાંધીજી નહેરુ કે કોઈ વિશેષ મહત્ત્વ ધરાવતા નેતાઓના પ્રવચનો હોય તો તેને પરિશિષ્ટમાં મૂકી શકાય. ઉપરાંત પ્રમુખના કોઈ દેશના ભાષણો વંશાવળી કે ગવર્નર જનરલ કે રાષ્ટ્રપતિની યાદીઓ વગેરે પરિશિષ્ટમાં મૂકી શકાય. આ ત્રણ પ્રકારની ઈતિહાસ આ લેખનમાં સંદર્ભ આપવાની મુખ્ય ત્રણ પદ્ધતિ છે.*

## 12.7 સારાંશ

*પાદનોંધ આપવી કે ન આપવી તે અંગે વિદ્વાનોમાં મતભેદ છે. પણ ઉચ્ચ કક્ષાના ગ્રંથો અને ઐતિહાસિક સંશોધન પત્રમાં પાદનોંધ અવશ્ય આપવી જ જોઈએ. કારણ પાદનોંધ વાળા લેખો કે પુસ્તકોની વિશ્વસનિયતા વધી જાય છે. પાદનોંધનો જો યોગ્ય*

*રીતે નિર્દેશ કરવામાં આવે તો જરૂર ઉપયોગી ગણાવી શકાય. ઘણી વખત તેનો સામાન્ય પાઠ્યપુસ્તકમાં પણ ઉપયોગ કરવામાં આવે છે તે બિન ઉપયોગી બની જાય છે. પરંતુ ઉચ્ચ શ્રેણીના પાઠ્યપુસ્તકમાં કરતા માટે પોતે આધારરૂપ લખાતા ત્યાંથી મેળવ્યું છે તે દર્શાવવું જરૂરી છે. પાદનોંધમાં બધા જરૂરી ઉલ્લેખોનો સમાવેશ થઈ શકે નહીં. વળી વાચકની કક્ષા જોતા પણ શ્રેષ્ઠ ગ્રંથો માટે પૂરતી નોંધ આપવી અનિવાર્ય છે. પોતાને ચકાસી જવાની કોઈપણ નિષ્ણાતોને તક આપવા માટે તથા પોતે લખેલી હકીકતો અસલ સાધનો પર આધારિત છે, તે સિદ્ધ કરવા માટે પણ ઉચકોટીના ગ્રંથો માટે પાદનોંધ આવકારપાત્ર ગણાય છે. માત્ર તેનું પ્રમાણ અને જાળવવું જોઈએ અને કોઈ આંતરિક હકીકતની વિશિષ્ટ સમજૂતી માટે આપવી જોઈએ. બાકી કેટલાક ખોટો માભો બતાવવા માંગતા લેખકો સાવ અર્થહીન* 1100-1200 *પાદનોંધ ટાંકવા ખાતર ટાંકી દે છે તેનો કોઈ અર્થ નથી. ખોટા કે બનાવટી લોકોએ ખોટી સાવ માન્યતા ઊભી કરી દીધી છે કે જેમ વધુ પાદનોંધ એમ વધુ સારું લાગે. ભલેને આપના પેપરમાં પાંચ જ પાદનોંધ હોય પણ તે અસલ દફતરોની કે આજ સુધી કોઈ ન જાણતું હોય તો તે સૌથી યોગ્ય છે. એવા પેપરમાં પછી સાવ ચીલાચાલુ પુસ્તકોની કે ફલાણાનો દીકરો ફલાણો હતો એમાં પાદનોંધ આપવાની બિલકુલ જરૂર નથી. એ પાદનોંધ વધારવાનું જ લેખકની મનોવૃત્તિ ગણાવી શકાય. આજના સમયે તો પાદનોંધએ દંભ અને જુઠાણાને પોષવાની બની ગઈ હોય એવું ઘણીવાર લાગે છે. કારણ એ બીજાના સંશોધને પોતાની વિદ્વતામાં ખપાવવાનો પ્રયાસ કરે છે ત્યારે એવી પાદનોંધથી છેતરે છે. આથી પાદનોંધથી સંશોધકની સમજશક્તિ અને અને શો મેન છે કે ખરો સંશોધક છે એ વાચકોને તરત ખ્યાલ આવી જાય છે.*

## 12.9 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| **જરીફ** | *જમીનની માપણી કરનાર નોકરિયાત વ્યક્તિ* |
| **મસવાડી** | *રાજ્યના જંગલ કે વીડમાં પશુ ચરાવવા માટે લેવાતો વેરો* |
| **બારખલીદાર** | *જેને પોતાનો પાક ખળામાં લાવવો પડતો નથી એવો જમીનદાર* |
| **ઉભડવેરો** | *જેની પાસે જમીન નથી એવા વ્યક્તિ પાસેથી લેવાતો કર* |
| **ભામવેરો** | *પશુના ચામડા કમાવવા માટે લેવાતો કર* |

## 12.10 તમારી પ્રગતિ ચકાસો

**બહુવૈકલ્પિક પ્રશ્નો**

(1) *પાદનોંધ મુકવાની કુલ કેટલી પદ્ધતિ છે ?.*

*(એ) એક (બી) બે (સી) ત્રણ (ડી) ચાર*

(2) *કોઈ પ્રમુખ કે રાજવીના વિશિષ્ટ ભાષણને પુસ્તકમાં જે તે પ્રકરણમાં ન મૂકવું હોય તો ક્યાં મૂકી શકાય.*

*(એ) અનુક્રમણિકા (બી) સંદર્ભસૂચિ (સી) પરિશિષ્ટ (ડી) પુસ્તકના પૂંઠા પર*

(3) *એકના એક લેખકનું નામ બીજીવાર પાદટીપમાં આવતું હોય તો ત્યાં કયો શબ્દ મૂકવામાં આવે છે.*

*(એ) એજન, વહી,*Ibid *(બી) ઉપર મુજબ*

*(સી) એનો એ સંદર્ભ* *(ડી) ન કોઈ ફેરફાર*

(4) *પાદનોંધની અગત્યની ચર્ચા વિશેષ કોણે કરી છે.*

*(એ) રામ્સે મુર (બી) એકટન (સી) ગેરેઘાન (ડી) જેમ્સ વિલિયમ*

(5) *આપને પાદનોંધ મૂકવાની આ ચાર માંથી કઈ પદ્ધતિ ગમે છે. (આ પ્રશ્નમાં દરેકનો જવાબ સાચો ગણવો)*

*(એ) પાનાંના અંતે (બી) પ્રકરણને અંતે (સી) પુસ્તકને અંતે (ડી) જે તે ફકરાને અંતે*

**નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

1. *કોઈ એક વિષયના લઘુશોધ નિબંધની સંદર્ભસૂચિ તૈયાર કરો.*

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

2. *કોઈ એક સંદર્ભસૂચિમાં આપેલા પુસ્તકોના સંક્ષેપાકાર તૈયાર કરો.*

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

3. *પાદનોંધની અગત્યતાને સંક્ષેપમાં વર્ણવો.*

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

4. *કયા કયા પ્રકારના પરિશિષ્ટ મૂકી શકાય તેની યાદી બનાવો.*

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

## 12.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. *ચાર* 2. *પરિશિષ્ટ* 3. *એજન, વહી,*Ibid 4. *ગેરેઘાન* 5.

## 12.12 સંદર્ભો ગ્રંથો


1. *ધારૈયા રમણલાલ કે., 'ઈતિહાસનું તત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ', અમદાવાદ, ઈ.સ.*1994
2. *ધારૈયા રમણલાલ કે., 'ઐતિહાસિક પદ્ધતિ' અમદાવાદ, ઈ.સ.*1967
3. *ખાચર પ્રદ્યુમ્ન ભ., 'ઈતિહાસ એટલે ?' સણોસરા, ઈ.સ.*1999
4. *વાઘેલા અરુણ અને બી.એન. ગાંધી 'ઈતિહાસનું પદ્ધતિશાસ્ત્ર' અમદાવાદ ઈ.સ.*2024
5. *પાંડે ગોવિંદચંદ્ર 'ઈતિહાસ સ્વરૂપ એવમ સિદ્ધાંત'જયપુર, ઈ.સ.*1973
6. *ચૌબે ઝારખંડે, 'ઈતિહાસ દર્શન', વારાણસી, ઈ.સ.*1984

## એકમ : 13 માહિતી પૃથ્થકરણ અને ઈતિહાસ લેખન

:: રૂપરેખા ::

**13.0** ઉદ્દેશો

**13.1** પ્રાસ્તાવિક

**13.2** સંશોધન પધ્ધતિ અનુસાર માહિતીનું પૃથક્કરણની રજૂઆત

13.2.1 ઐતિહાસિક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

13.2.2 સર્વેક્ષણ સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

13.2.3 વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

13.2.4 વ્યક્તિ અભ્યાસ સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

13.2.5 સહસંબંધાત્મક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણોની રજૂઆત

13.2.6 પ્રાયોગિક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણનું નિરૂપણ

**13.3** ઈતિહાસ લેખન

**13.4** તમારી પ્રગતિ ચકાસો

**13.5** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**13.6** સંદર્ભગ્રંથો

### 13.0 ઉદ્દેશો

- *સંશોધકોએ કઈ રીતે માહિતી પૃથ્થકરણ કરવુ જોઈએ તેને જાણી શકીશું.*
- *વિવિધ સંશોધન પધ્ધતિઓને જોઈ શકીશું.*
- *ઈતિહાસ લેખનમાં ધ્યાનમાં રાખવાની માહિતીને તપાસી શકીશું.*

### 13.1 પ્રાસ્તાવિક

*સંશોધન અહેવાલનો આ શાસ્ત્રીય ભાગ છે. સંશોધન સમસ્યાના ઉકેલ આ પ્રકરણમાંથી મળે છે. ખરેખર વિચારીએ તો સંશોધનકાર્યનો અંત આ પ્રકરણમાં જ આવી જાય છે. કારણ કે સંશોધન પરિણામો અહીં પ્રાપ્ત થઈ જાય છે.*

*પ્રસ્તુત પ્રકરણમાં કઈકઈ વિગતો કયા ક્રમમાં આપવી તેનુ સર્વસામાન્ય માળખું આપવું શક્ય નથી. જેવી રીતે સંશોધન અહેવાલના અન્ય પ્રકરણોમાં કઈ કઈ બાબતો દર્શાવવી જોઈએ તે અંગેનું સુનિશ્ચિત માર્ગદર્શન આપી શકાય છે. તેવું આ પ્રકરણમાં*

*આપવું કઠિન છે. કારણ કે આ પ્રકરણની રજૂઆત ઘણી બધી બાબતો પર આધારિત છે.*

## 13.2 સંશોધન પધ્ધતિ અનુસાર માહિતી પૃથ્થકરણની રજૂઆત

*ઐતિહાસિક સંશોધન પધ્ધતિ, વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ અને વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ દ્વારા સામાન્ય ગુણાત્મક માહિતી એકત્ર થાય છે. વળી, આ ત્રણ પધ્ધતિઓ દ્વારા પ્રાપ્ત માહિતીના પૃથક્કરણની દિશા અલગ-અલગ હોય છે. સર્વેક્ષણ સંશોધન પધ્ધતિ, કારણ-તુલનાત્મક સંશોધન પધ્ધતિ, સહસંબંધનાત્મક સંશોધન પધ્ધતિ, વિકાસાત્મક સંશોધન પધ્ધતિ અને પ્રાયોગિક સંશોધન પધ્ધતિ વડે સામાન્યતઃ સંખ્યાત્મક માહિતી એકત્ર થાય છે. અહીં પણ આ પધ્ધતિઓ દ્વારા પ્રાપ્ત માહિતીના કરવામાં આવતાં પૃથક્કરણમાં વિવિધતા હોય છે.*

*અત્રે ઉપયોગમાં લેવાતી પ્રત્યેક સંશોધન પધ્ધતિ અનુસાર પ્રસ્તુત પ્રકરણની રજૂઆત કેવી હોઈ શકે તેની ચર્ચા કરવામાં આવી છે.*

### 13.2.1 ઐતિહાસિક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

*માહિતીના સંદર્ભમાં પુરાવાઓ/સંદર્ભસ્થાનોની શોધ, તેની ચકાસણી, તેમાં આવરાયેલી ગુણાત્મક માહિતીની તારવણી, માહિતીનું સંકલન અને પરિણામોની પ્રાપ્તિ વગેરે બાબતો ઐતિહાસિક સંશોધન પધ્ધતિના હાર્દરૂપ તત્વો છે. આથી ઐતિહાસિક સંશોધન પધ્ધતિનો જેમાં ઉપયોગ થયો હોય તેવા સંશોધનમાં માહિતી પૃથ્થકરણના સંદર્ભમાં નીચેની બાબતોની ક્રમશઃ રજૂઆત કરવી જોઈએઃ*

- *સૌપ્રથમ નીચેની બાબતો ટૂંકમાં દર્શાવવી*
  1. *ઐતિહાસિક સંશોધન શેના પર હાથ ધરવામાં આવ્યું હતું ? તે જણાવવું.*
  2. *કઈ કઈ બાબતોને ધ્યાનમાં રાખીને ઐતિહાસિક સંશોધન હાથ ધરાયેલું હતું ? તેની વિગત આપવી.*
  3. *માહિતી મેળવવાના સંદર્ભમાં મુખ્ય કયાં કયાં સ્રોતો હતાં તે દર્શાવવું.*
  4. *કયા પ્રકારની માહિતી મેળવાયેલી છે તે જણાવવું.*
  - *પ્રત્યેક સંદર્ભસ્થાન/પુરાવા કઈ રીતે મેળવાયેલા છે તેનું દર્શન કરાવવું.*
  - *આ સંદર્ભ પ્રાથમિક છે કે ગૌણ તે આધાર સાથે દર્શાવવું.*
  - *આ પુરાવાની ઉચિત બહિર્ગત કસોટી વડે કરેલી બાહ્ય સમીક્ષા અને તેની તપાસાયેલી અસલિયતની છણાવટ રજૂ કરવી.*
  - *અંતર્ગત કસોટી વડે સંદર્ભના વિષયવસ્તુની સત્યતાની કરેલી ચકાસણીની ચોકસાઈપૂર્વક રજૂઆત કરવી.*
  - *પ્રત્યેક સંદર્ભમાંથી શી માહિતી મેળવવામાં આવી તેની વિગત આપવી.*
  - *મેળવાયેલી વિવિધ માહિતીને અભ્યાસના હેતુઓ અનુસાર ઉચિત વિભાગોમાં ગોઠવવી.*
  - *પ્રત્યેક વિભાગોમાં ફાળવાયેલી વિવિધ માહિતના તાર્કિક રીતે કરેલા સંયોજન પરથી તેમાંથી નીપજાયેલા પરિણામો/તરાહની રજૂઆત કરવી.*
  - *આ રજૂઆત વર્ણનાત્મક રીતે અને તે પણ ત્રુટક ત્રુટક ન લાગે તે રીતે કરવી.*

### 13.2.2 સર્વેક્ષણ સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

*સામાન્યતઃ પ્રવર્તમાન પરિસ્થિતિ તપાસવા માટે સર્વેક્ષણ સંશોધન હાથ ધરવામાં આવતાં હોય છે. અહીં પ્રશ્નાવલી, મુલાકાત કે અવલોકન જેવાં ઉપકરણોનો ઉપયોગ કરીને વિવિધ પ્રશ્નો કે કલમો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવે છે. પ્રાપ્ત થતી માહિતી સામાન્યતઃ સંખ્યારૂપે રજૂ કરી શકાય છે. આથી માહિતીને સારણીરૂપે દર્શાવી શકાય છે.*

- *સૌ પ્રથમ નીચેની બાબતો ટૂંકમાં દર્શાવવી. :*
  1. *સર્વેક્ષણ અભ્યાસ શેના પર હાથ ધરવામાં આવ્યો હતો તેની વિગત આપવી.*
  2. *અભ્યાસ હેઠળ કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો તેની માહિતી આપવી.*
  3. *માહિતી કોની પાસેથી મેળવી હતી, તેની વિગત જણાવવી.*
  4. *માહિતી મેળવવા માટે કયાં ઉપકરણનો ઉપયોગ કર્યો તે દર્શાવવું.*
  5. *માહિતી-પૃથ્થકરણ શી રીતે હાથ ધરવામાં આવ્યું તેની વિગત આપવી.*
  - *ઉપકરણમાં સમાવિષ્ટ પ્રત્યેક પ્રશ્ન કે કલમ દ્વારા પ્રાપ્ત માહિતીનું પૃથ્થકરણ રજૂ કરવું.*
  - *પ્રાપ્ત માહિતીને વર્ગીકૃત કરી સારણીરૂપે વિવિધ વિભાગોમાં દર્શાવવી પ્રત્યેક વિભાગમાં પ્રત્યુત્તર આપનારની સંખ્યા કે આવૃત્તિ આપવી.*
  - *સારણી બાદ સારણીમાં દર્શાવાયેલી સંખ્યાત્મક માહિતીને આધારે અર્થઘટનો આપવા.*
  - *જરૂરિયાત અનુસાર આલેખ વડે પણ માહિતીની રજૂઆત કરીને અર્થઘટનો સમજાવવા.*
  - *વિવિધ અર્થઘટનોને આધારે પ્રવર્તમાન પરિસ્થિતિ અંગે અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખીને પરિણામો રજૂ કરવા.*

### 13.2.3 વિષયવસ્તુ વિશ્લેષણ પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત

*સંશોધનની આ પધ્ધતિ દ્વારા સાહિત્ય અને દસ્તાવેજ જેવાં લેખિત સંદર્ભોમાં સામાવિષ્ટ હોય, અસ્પષ્ટ રીતે આવરાયેલી હોય કે છુપાયેલી હોય તેવી માહિતીને વિશ્લેષિત કરીને તારવવામાં કે શોધવામાં આવે છે. આ માહિતી સંખ્યાને બદલે વિસ્તૃત શાબ્દિક વર્ણન સ્વરૂપે હોય છે. પ્રાપ્ત થતી આ માહિતીનું અભ્યાસના હેતુઓના સંદર્ભમાં ઉચિત રીતે વર્ગીકરણ અને સંયોજન કરવામાં આવે છે. અહીં વિશ્લેષણ અને સંયોજન એમ બંને પ્રક્રિયાઓને ગુણાત્મક રીતે ઉપયોગમાં લેવામાં આવે છે.*

*અહીં માહિતી પૃથ્થકરણોની રજૂઆતમાં નીચેની બાબતો માર્ગદર્શનરૂપ છે.*

- *સૌ પ્રથમ નીચેની બાબતો ટૂંકમાં જણાવવી.*

1. *કયા લેખિત સાહિત્યનો અભ્યાસ કર્યો છે તે દર્શાવવું.*
2. *અભ્યાસમાં કઈ કઈ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો હતો તે જણાવવું.*
3. *સંદર્ભોમાંથી કયા સ્વરૂપે ગુણાત્મક માહિતી તારવવામાં આવી હતી તે જણાવવું.*

4. *મેળવાયેલી માહિતીનું વર્ગીકરણ અને સંયોજન શી રીતે કરવામાં આવ્યુ હતું તે જણાવવું.*
5. *સંદર્ભોનું વિશ્લેષણ કરીને માહિતી મેળવવા માટે તેમજ વિશ્લેષિત માહિતીનું વર્ગીકરણ અને સંયોજન કરવા માટે ઉપયોગમાં લેવાયેલા નોંધપાત્રની વિગત આપવી.*

- *પ્રત્યેક સંદર્ભના ઊંડાણપૂર્વકના અભ્યાસ દ્વારા તેમાં આવરાયેલી જરૂરી માહિતી શાબ્દિક સ્વરૂપે અલગ તારવી. માહિતી તારવતી વખતે તેની આસપાસનાં સંદર્ભો પૂરેપૂરાં ધ્યાનમાં લેવાં.*
- *આ રીતે મેળવાયેલી માહિતીનું અભ્યાસના હેતુઓ અનુસાર વર્ગીકરણ કરવું.*
- *પ્રત્યેક વિભાગમાં એકત્રિત થયેલી માહિતીનું ગુણાત્મક રીતે સંયોજન કરી તેમાંથી નીપજતો અર્થ તારવવો.*
- *આ રીતે પ્રાપ્ત વિવિધ અર્થ ઉપરથી અભ્યાસના હેતુઓ અનુસાર વર્ણનાત્મક નીપજો મેળવવી.*

### 13.2.4 વ્યક્તિ અભ્યાસ સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણની રજૂઆત :

*સંશોધનની વ્યક્તિ અભ્યાસ પધ્ધતિ દ્વારા અભ્યાસ હેઠળના એકમનો સર્વગ્રાહી અભ્યાસ કરવામાં આવે છે. અહીં સામાન્ય રીતે અવલોકન અને મુલાકાત દ્વારા કે દસ્તાવેજોમાંથી જરૂરી માહિતી મેળવાય છે. આ માહિતીના પૃથ્થકરણની રજૂઆત માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ.*

- **સૌ પ્રથમ નીચેની બાબતો ટૂંકમાં જણાવવી :**
  1. *કયાં એકમનો વ્યક્તિ અભ્યાસ હાથ ધર્યો હતો તેની વિગત.*
  2. *અભ્યાસ હેઠળ મુખ્યત્વે કઈ કઈ બાબતો સમાવાયેલી હતી તેની માહિતી.*
  3. *માહિતી મેળવવાના મુખ્ય સ્રોત શા હતા તેની વિગત.*
  - *અવલોકન, મૂલ્યાંકન કે દસ્તાવેજોમાંથી મેળવાયેલી છૂટી છૂટી ગુણાત્મક તેમજ સંખ્યાત્મક માહિતી પરથી ઉચિત રીતે પૃથ્થકરણો રજૂ કરવા અને અર્થઘટનો દર્શાવવા.*
  - *એકત્ર કરેલી કેટલીક માહિતી તેમજ આ અર્થઘટનો પરથી એકમ અંગે સર્વગ્રાહી ચિત્ર રજૂ કરવું. જેમાં શાબ્દિક વર્ણનાત્મક અને પ્રવાહ શૈલીમાં એકમ અંગે સંપૂર્ણ ચિતાર દર્શાવવો.*
  - *એકમ અંગેનું વર્ણન સાતત્યપૂર્ણ, વાચનારાનો રસ જળવાઈ રહે તેવું અનાત્મલક્ષી હોવું જોઈએ.*
  - *એકમની વિશિષ્ટતાઓ અને ઊણપો માટેનાં કારણો તાર્કિક રીતે રજૂ કરવાં.*
  - *કોઈ લક્ષણ/લક્ષણોનાં સંદર્ભમાં અભ્યાસ હેઠળના એકમના વિકાસનું ચિત્ર સારણીરૂપે સંખ્યાત્મક માહિતી દ્વારા તેમ જ આલેખ વડે દર્શાવવું.*

### 13.2.5 સહસંબંધાત્મક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણોની રજૂઆત

*સમયના પ્રવાહની સાથે સાથે કોઈ ચોક્કસ લક્ષણ/લક્ષણોમાં શા ફેરફાર ઉદ્દભવે છે તે તપાસવા માટેની આ સંશોધન પધ્ધતિ છે. અહીં પ્રાપ્ત થતી સંખ્યાત્મક માહિતીનાં પૃથ્થકરણોની સારણી વડે રજૂઆત કરાતી હોય છે.*

*અહીં માહિતી પૃથ્થકરણની રજૂઆતમાં નીચેની બાબતો અગત્યની છે.*

- *સૌ પ્રથમ નીચેની બાબતો ટૂંકમાં દર્શાવવી.*
  1. *કયાં પાત્રોના અને તેના કયાં લક્ષણ/લક્ષણોના વિકાસનો અભ્યાસ છે તે સ્પષ્ટ કરવું.*
  2. *સમયનાં સંદર્ભમાં કયા ગાળા દરમિયાનનો અભ્યાસ છે તે જણાવવું.*
  3. *વિકાસાત્મક સંશોધન પધ્ધતિના કયા પ્રકારથી અભ્યાસ હાથ ધર્યો હતો તે દર્શાવવું.*
  4. *માહિતી પૃથક્કરણની શી રીત ઉપયોગમાં લેવામાં આવી છે તે જણાવવું.*
  - *સમયનાં સંદર્ભમાં ઉચિત સારણી રચવી જેથી સંબંધિત લક્ષણમાં સમય જતાં શા ફેરફાર થતા ગયા તે સમજાવી શકાય.*
  - *સામાન્યતઃ એક સારણી દ્વારા એક લક્ષણના સંદર્ભમાં માહિતી-પૃથ્થકરણ રજૂ કરવું.*
  - *સારણી બાદ વિકાસની તરાહ અંગે વિગતપૂર્ણ અને તાર્કિક રીતે સમજૂતી આપવી.*

### 13.2.6 પ્રાયોગિક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથ્થકરણનું નિરૂપણ

*સામાન્યતઃ પ્રાયોગિક સંશોધનમાં પ્રાપ્ત માહિતી સંખ્યાત્મક સ્વરૂપમાં હોય છે. આ માહિતીનું અંકશાસ્ત્રીય કસોટી વડે પૃથ્થકરણ કરવાનું હોય છે. આ પૃથ્થકરણની રજૂઆત સારણી દ્વારા કરવામાં આવે છે. આ સારણી અર્થપૂર્ણ રીતે રજૂ કરવી જરૂરી છે.*

*પ્રાયોગિક સંશોધનમાં માહિતીના પૃથ્થકરણના પ્રકરણની રજૂઆતમાં નીચેની બાબતો મદદરૂપ થઈ શકે તેમ છે.*

- *સૌ પ્રથમ નીચેની બાબતો ટૂંકમાં સ્પષ્ટ કરવી.*
  1. *અભ્યાસમાં કયા સ્વતંત્ર ચલની અસર તપાસાયેલી હતી, કઈ કઈ માવજતો લગાડાયેલી હતી અને કયા પરતંત્ર ચલ પર થતી અસર તપાસાયેલી હતી તે જણાવવું.*
  2. *અભ્યાસમાં કેટલાં પ્રયોગો હાથ ધર્યા હતા અને આ પ્રયોગો કયાં પાત્રો પર હાથ ધર્યા હતા તે સ્પષ્ટ કરવું.*
  3. *પ્રત્યેક પ્રયોગમાં કેટલાં જૂથો હતાં અને તે કયાં કયાં જૂથો હતાં તે દર્શાવવું.*
  4. *કઈ પ્રાયોગિક સંશોધન યોજનાનો ઉપયોગ કર્યો હતો તે જણાવવું.*
  5. *પરતંત્ર ચલ અંગેની માહિતી શી રીતે મેળવાયેલી હતી તે દર્શાવવું.*
  6. *માહિતી પૃથ્થકરણ માટે કઈ અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કર્યો હતો તે જણાવવું.*

- હાથ ધરાયેલા પ્રત્યેક પ્રયોગ દીઠ પૃથ્થકરણો રજૂ કરવાં.
- પ્રત્યેક પ્રયોગ દ્વારા પ્રાપ્તાંક સ્વરૂપે પ્રાપ્ત થયેલી કાચી માહિતી એક સારણીમાં રજૂ કરવી. જેમાં પ્રાયોગિક જૂથ અને અંકુશ જૂથ (જો હોય તો)ના પ્રત્યેક પાત્રના પૂર્વકસોટી (જો હોય તો) અને ઉત્તરકસોટી પરના પરતંત્ર ચલના પ્રાપ્તાંકો રજૂ કરવાં.
- ત્યાર બાદની સારણીમાં ઉપયોગમાં લીધેલી અંકશાસ્ત્રીય પ્રયુક્તિને અનુરૂપ પૃથ્થકરણની રજૂઆત કરવી. સારણી બાદ મળેલા અંતિમ અંકશાસ્ત્રીય મૂલ્યની સાર્થકતા પરથી અર્થઘટન દર્શાવવું રચેલી ઉત્કલ્પના અસ્વીકાર-સ્વીકાર અંગેનો નિર્ણય જણાવવો.
- હવે ઘણા સંશોધકો પૃથ્થકરણ માટે સહવિચરણ પૃથ્થકરણ કે આવયવિક વિચરણ પૃથ્થકરણ જેવી ઉચ્ચ કક્ષાની અંકશાસ્ત્રીય પ્રયુક્તિનો ઉપયોગ કરવો પડે તેવી પ્રાયોગિક યોજનાઓનો ઉપયોગ કરે છે. આના પૃથ્થકરણની રજૂઆત કાળજી માંગી લે છે.

## 13.3 ઈતિહાસ લેખન

અન્ય શાસ્ત્રો કરતાં ઈતિહાસમાં સંશોધન કરવું ઘણું અઘરૂ હોય છે. ઈતિહાસ લેખનમાં ખાસતો સંશોધકે પોતાના વિષયને ન્યાય આપવા માટે તેણે પ્રથમકક્ષાના સાધનોનો વધુ ઉપયોગ કરવો જોઈએ.

સંશોધક પીએચ.ડી કે સંશોધન લેખ લખતો હોય તો નીચેની બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે.

- સંશોધન કરતા પહેલાં તેના વિષય માટેનું મટેરિયલ કયાંથી ઉપલબ્ધ થશે તે ખાસ જોવું.
- પસંદગી કરેલ વિષય પર અન્ય વિધ્વાનોએ સંશોધન કરેલ હોય તો તેનો પૂરક તરીકે ઉપયોગ કરવો જોઈએ.
- સંશોધનનું કાર્ય કપરૂ હોવાથી ધિરજપૂર્વક સંશોધનને આગળ ધપાવવું જોઈએ.
- માર્ગદર્શક સાથે સંશોધકે અવાર-નવાર સલાહ-સૂચન લઈને તેનું કાર્ય આગળ વધારવું જોઈએ.
- સંશોધકે જે મુદ્દાઓ-પ્રકરણો પાડ્યા હોય તે મુજબ જ કાર્ય કરવું જોઈએ. કેટલીક વાર સંશોધક પ્રકરણો કે મુદ્દાઓને ઉપર-નીચે કરીને કાર્ય કરતો હોય છે.
- શક્ય હોય તો માત્ર પ્રથમ કક્ષાના સાધનોનો ઉપયોગ કરવો જોઈએ.
- સંશોધક સારી રીતે પાદનોંધ (પાદટીપ)ને કયાં રજૂ કરાય છે ? તે જાણતો હોવો જોઈએ.
- ઈતિહાસ લેખનમાં પાદનોંધનું મહત્ત્વ વધારે છે તેના વગર સંશોધન શક્ય જ નથી.
- સમગ્ર સંશોધન બાદ સંશોધકે ઉપયોગમાં લીધેલ સંદર્ભોને વ્યવસ્થિત દર્શાવેલા હોવા જોઈએ.

- *સંશોધકે પરિશિષ્ટો ખાસ રજૂ કરેલા હોવા જોઈએ. તે ખ્યાલ આવે કે સંશોધકે કઈ રીતે માહિતી મેળવી છે ?*
- *ભાવી પેઢીને ઉપયોગી થાય તેવું સંશોધન કરવાનો આગ્રહ રાખવો જોઈએ.*

*ઉપરોક્ત તમામ બાબતો આમતો સામાન્ય લાગે તેવી છે. છતાંયે ઈતિહાસના અભ્યાસુ તરીકે આ બાબતો ખાસ અમલમાં મૂકવી જોઈએ.*

## 13.4 તમારી પ્રગતિ ચકાસો

**(અ) લાંબા પ્રશ્નોના જવાબ લખો.**

1. *ઐતિહાસિક સંશોધન પધ્ધતિ અને માહિતી પૃથક્કરણની રજૂઆત અંગેની સમજ આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. *પ્રયોગ સંશોધનમાં કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી જોઈએ ? સમજાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

3. *સંશોધકે ઈતિહાસ લેખન કરતી વખતે કયાં કયાં મુદ્દાઓને ધ્યાનમાં રાખવા જોઈએ ?*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**(બ) નીચેનાં વાક્યો ખરાં છે કે ખોટા તે લખો.**

(1) *પ્રથમકક્ષાનાં સાધનોનું મહત્ત્વ ગૌણ કક્ષાના સાધનો કરતાં ઓછું હોય છે.*

(2) *સંશોધન દરમ્યાન સંશોધકે માર્ગદર્શકનું માર્ગદર્શન મેળવવું ખૂબજ જરૂરી હોય છે.*

(3) *સંશોધન દરમ્યાન અગાઉના થયેલા સંશોધનમાંથી પૂરેપૂરાં ઉતારા કરવા જોઈએ.*

(4) *સંશોધકે સંશોધન દરમ્યાન ખંત અને ધીરજથી કામ લેવું જોઈએ.*

(5) *ઈતિહાસ લેખનમાં આધાર-પુરાવાઓની ખૂબ જ જરૂર હોય છે.*

## 13.5 તમારી પ્રગતિ ચકાસોનાં જવાબો

**(બ) ખરાં છે કે ખોટા**

(1) *ખોટું* (2) *ખરુ* (3) *ખોટું* (4) *ખરુ* (5) *ખરુ*

## 13.6 સંદર્ભગ્રંથો


1. *પાંડે ગોવિંદચંદ્ર, ઈતિહાસ, સ્વરૂપ અને સિધ્ધાંત, જયપુર*-2003
2. *પરીખ રસીકલાલ, ઈતિહાસ સ્વરૂપ અને પધ્ધતિ, અમદાવાદ* – 1967
3. *વાઘેલા અરૂણ, બી.એન. ગાંધી, ઈતિહાસનું પધ્ધતિ શાસ્ત્ર, અમદાવાદ* – 2021
4. *ડૉ. ધારૈયા રમણલાલ ક., ઈતિહાસનું તત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ, અમદાવાદ*

## એકમ : 14 ઈતિહાસકારની ભાષાશૈલી

### :: રૂપરેખા ::

**14.0** પ્રસ્તાવના

**14.1** ઈતિહાસકારોના લક્ષણો

**14.1.1** વિશ્વસનીયતા

**14.1.2** તટસ્થતા

**14.1.3** કાલ્પનિક સર્જનાત્મક કે અલંકારીક શૈલીનો અભાવ

**14.1.4** બે શૈલી વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક

**14.1.5** પક્ષપાતી શૈલી

**14.1.6** સાધનોની સુલભતા

**14.1.7** ભાષાની વિવિધતા

**14.1.8** સરળ અને રસપ્રદ ભાષા

**14.1.9** સચોટતા અને બે દાગ

**14.1.10** ઈતિહાસનું લોકપ્રિયકરણ

**14.1.11** શબ્દોનું ચયન

**14.1.12** નફરત કે પ્રેમ ન દેખાડે એવી શૈલી

**14.1.13** સંવેદનશીલ બિલકુલ નહીં

**14.1.14** ટુચકા કે વાર્તાનો વિનિયોગ અથવા કથન શૈલી

**14.1.15** વર્તમાન અને ભૂતકાળની ઘટનાનું જોડાણ

**14.1.16** અન્ય શાસ્ત્રો સાથે સંબંધ જોડતી શૈલી

**14.1.17** પાઠકોને ધ્યાને લીધેલ શૈલી

**14.2** સારાંશ

**14.3** તમારી પ્રગતિ ચકાસો

**14.4** સ્વાધ્યાય

**14.5** તમારી પ્રગતિ ચકાસોના જવાબો

**14.6** સંદર્ભગ્રંથો

## 14.0 પ્રસ્તાવના

*ઈતિહાસકારની ભાષા શૈલી એ ચોક્કસ પ્રકારની હોવી જોઈએ. તેની શૈલીમાં આડું અવળું ન ચાલે. કારણકે તેમાં સચોટતા તટસ્થતા અને વાસ્તવિકતાનું નિરૂપરણ કરવાનું હોય છે. ઈતિહાસકારે ભૂતકાળની ઘટનાનું વર્ણન કરવામાં અન્ય બીજા લેખકોના જેવા શબ્દો તે બિલકુલ વાપરી શકે નહીં, કારણ તેની બહુ મોટી જવાબદારી છે. તેથી જ સમાજે તેને ઈતિહાસકારનું બિરુદ આપ્યું હોય છે. તે પોતાને મળેલા સાધનોને આધારે સત્ય અને એ સત્ય કોઈ પણ પ્રકારના વાદ કે રાગ વિના રજૂ કરે છે. ઈતિહાસકારો મોટે ભાગે બે શૈલીનો ઉપયોગ કરી પોતાનું લખાણ પ્રસ્તુત કરતા હોય છે. જેણે પસંદ કરેલ વિષય કયા પ્રકારનો છે. તે પ્રકારે તે શૈલી અપનાવે છે. એ શૈલી બે પ્રકારની હોય છે* (1) *વર્ણનાત્મક શૈલી જેમાં તથ્યોને આધારે એક સામગ્રી તથા ચિત્ર ઊભું થાય તેવું વર્ણન કરે છે. પણ એ સાહિત્યકાર જેવું ચિત્ર ઊભું કરતો નથી.* (2) *વિશ્લેષણાત્મક શૈલીમાં ભૂતકાળની ઘટનાઓ આંકડાઓ વિગતો આ બધુ જ સામે મૂકી તેનું વિશ્લેષણ કરી પોતાનો મત તારવે છે કે આમ બન્યું હતું. ભલે ઈતિહાસકાર પણ સાહિત્યકારની જેમ ભાષા ભંડોળને સમૃદ્ધ બનાવી ચોક્કસ શબ્દો વાપરે પણ તેમાં માપ રાખવું પડે છે. તે કોઈ માનવી કે રાજવીના સ્વરૂપ કે ઉપનામો અંગે જાઝા શબ્દોમાં વર્ણન ન કરી શકે. જ્યારે સાહિત્યકાર વ્યક્તિ કે રાજાના મુખ કે આંખનુ વિસ્તારથી વર્ણન કરતા હોય છે. ઈતિહાસકારની ભાષા શૈલી કેવી હોય તેને સમજવા માટે આપણે નીચેના લક્ષણો અલગ તારવીને સમજીએ.*

## 14.1 ઈતિહાસકારોના લક્ષણો

### 14.1.1 વિશ્વસનીયતા

*ઈતિહાસ એ સામાજિક વિજ્ઞાન છે; તે ચોક્કસ સિદ્ધાંતો અને પદ્ધતિ મુજબ જ લખાય છે. તેથી તેનું આલેખન કરતાં ખૂબ જ સજાગ રહેવું જરૂરી છે. ઈતિહાસકારની ભાષા શૈલીનું પ્રથમ લક્ષણ વિશ્વસનીયતા છે. કારણ કે તે માત્ર લેખન શૈલી નથી, પરંતુ વિશ્વસનીયતા ઈતિહાસ લેખનનો મૂળ પાયો છે જે ડગમગી ન જવો જોઈએ. આથી ઈતિહાસકાર ચમત્કારિક બાબતોને એક બાજુ મૂકી દેશે; જે બાબતોમાં લોકોને વિશ્વાસ પડે એવું જ વર્ણન કરશે. દા.ત. પૌરાણિક ઈતિહાસની ઘટનામાં કેટલાય પ્રસંગો એવા આવે કે જેને વિજ્ઞાન આજે માની શકે નહીં. જેમ કે વિવિધ અવતારોનું અવતરણ. ત્યારે ઈતિહાસકાર તે વાતો ઘટના સાથે કશોક વૈજ્ઞાનિક અભિગમને જોડીને તે વાતને સમજાવવાનો પ્રયત્ન કરી વિશ્વસનિયતા સાબિત કરવાનો પ્રયત્ન કરે છે. આવી જ રીતે લડાઈઓના વર્ણનમાં કોઈ ચમત્કાર આવતા હોય; કોઈ દેવી-દેવતાના આશીર્વાદની વાત આવતી હોય; ત્યાં તેની કલમ સાત ગરણે ગાળી વિચારીને સત્યથી વધુ નજીકનો મત જ સ્વીકારે છે. તે લેખન દ્વારા એમ બતાવવા માંગે છે કે તે સાધારમા સાચો છે.*

### 14.1.2 તટસ્થતા

*ઈતિહાસ તટસ્થ જ હોવો જોઈએ; જેને કોઈની પણ શેહ શરમ નડવી ન જોઈએ. ન કોઈ જાતના જ્ઞાતિ, જાતિ, ધર્મ, કે દેશના બંધન નડવા ન જોઈએ. પણ તેણે તો પોતે પસંદ કરેલા વિષયમાં વધુમાં વધુ પ્રમાણ એકઠા કરી માત્ર સત્યનું તટસ્થતા પૂર્ણ આલેખન કરવાનું હોય છે. જો તે તટસ્થતા ગુમાવે તો તેનું ઈતિહાસકાર તરીકેનું પદ ગુમાવી બેસે છે. આથી ઈતિહાસકાર પોતાના વર્ણનમાં તટસ્થ ભાષાશૈલી વાપરી જોખીને, વિચારીને બેમાંથી એકેય પક્ષને જરાય નુકસાન ન થઈ જાય કે અન્યાય ન થઈ જાય એવી રીતે આલેખન કરે છે. જેમ કે કોઈ મુસ્લિમ રાજ્ય વિશે આલેખન કરે તો તેમાં હિન્દુ પ્રણાલિકાનું પાલન થતું હોય તો તે સાધાર અવશ્ય લખે છે. એવી જ રીતે હિન્દુ રાજ્યમાં અન્ય ધર્મના લોકો તરફ સમદ્રષ્ટિ રાખવામાં આવતી હોય તે તટસ્થતા દાખવી રજૂ કરવાનો પ્રયત્ન કરે જેને જ સાચો ઈતિહાસકાર ગણી શકાય. જો એક પક્ષને ચડાવી દેવા અને બીજા પક્ષને ઉતારી પાડવા કે તેને નુકસાન કરવા આલેખે તો એવા વ્યક્તિને સમાજમાં ઈતિહાસકાર કરતા પ્રચારકનો દરજ્જો જ વધુ મળે છે.*

### 14.1.3 કાલ્પનિક સર્જનાત્મક કે અલંકારીક શૈલીનો અભાવ

*ઈતિહાસકારની ભાષા શૈલી અને સાહિત્યકારની ભાષા શૈલીમાં હાથી ઘોડાનો તફાવત છે. કારણ કે ઈતિહાસમાં આધાર વિના જરા પણ છૂટ લેવાતી નથી. કારણ તેના કેન્દ્રમાં સત્ય અને વાસ્તવિકતા પડેલી છે. જ્યારે સાહિત્યમાં કલ્પના, ભાવના, અલંકાર વિવિધ રસના ઉમેરણ કરી તેને રોચક બનાવાય છે. પણ તેમ છતાં કેટલાક ઈતિહાસ લેખકો ક્યારેક આ પ્રકારની થોડીક છૂટ લઈને ઈતિહાસને રોચક બનાવવાનો પ્રયત્ન કરતા હોય છે. પણ તેથી તેની સત્યતાની કડકાઈની આભા પડતી નથી. જેમ કે જદુનાથ સરકારે ઈતિહાસ લેખનમાં આ પ્રકારની શૈલીનો ઉપયોગ કરેલ નથી. પણ અમુક ગુજરાતના ઈતિહાસ લેખકો આવી ક્યાંક છૂટ લીધેલી જણાય છે. દાખલા તરીકે કે.કા.શાસ્ત્રી, નરોતમ પલાણ.*

### 14.1.4 બે શૈલી વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક

*ઈતિહાસ લેખક વર્ણનાત્મક અને વિશ્લેષણાત્મક આ બેમાંથી કોઈ એક પદ્ધતિ અપનાવે છે. જેમાં વર્ણનાત્મક શૈલી અપનાવે તે વધુ પ્રસિદ્ધ થાય છે. જ્યારે વિશ્લેષણાત્મક શૈલી અપનાવે તેમને સમજવા અઘરા છે. કારણ કે એ તથ્ય આધારિત સત્ય હોય છે. દા.ત. જેમ કે કોઈ દાંડીકૂચનું રોચક વર્ણન કરે, તારીખ આપે; યાત્રિકોની સંખ્યા બતાવે વચ્ચે ક્યાં ક્યાં દાંડીકૂચના યાત્રિકો રોકાયા ત્યાં કોણ કોણ આવ્યું? એ ગામોમાં શું શું ભાષણો થયા એ બધું વર્ણન કરે છે. જ્યારે બીજો લેખક એ લખે કે દાંડીકૂચ શરૂ થવાના કારણો ગાંધીજી કેમ નેતા થયા, તેની અસરો બ્રિટિશ સરકાર ઉપર શું પડી? એ બધું વિશ્લેષણાત્મક શૈલી અપનાવનાર કરી શકે છે. અભિલેખાગારમાંથી સાધનોનું એક દફતર મળી જાય તે વર્ણનાત્મક શૈલીથી સરસ વર્ણન કરી શકશે; પણ વિશ્લેષણાત્મક તો એને અનુરૂપ બીજા સાધનો તપાશે તે જ આ શૈલીનો ઉપયોગ કરી શકે. મોટાભાગના ઈતિહાસ લેખકોની ભાષા શૈલી*

વર્ણનાત્મક જ રહેતી હોય છે. કારણ વિશ્લેષણાત્મક શૈલીનો ઉપયોગ કરવો બહોળો અનુભવ સમજ અને પરખની એમાં જરૂર પડે છે.

### 14.1.5 પક્ષપાતી શૈલી

જે રીતે જુદા જુદા ધર્મ વાળા લોકો હોય છે, એમ ઈતિહાસકારોમાં પણ ડાબેરી જમણેરી અને પક્ષની અસરો વાળા હોય છે. આથી કોઈ લેખક જે તે પોતે પક્ષમાં માનતો હોય એનું સારું લખે અને બીજાને ઉતારી પાડવા અથવા તેને નીચા બતાવવાનો ક્યારેક પ્રયત્ન કરે છે. આ રીતે બ્રિટિશ ઈતિહાસ લેખકો અને રાષ્ટ્રવાદી ઈતિહાસ લેખકોમાં આંખે ઊડીને વળગે એવો તફાવત જોઈ શકાય છે. વળી આ બંને પક્ષના એકબીજાના સત્યોને માનવા તૈયાર હોતા નથી. એ માનવ જાતની અને ઈતિહાસ જગતની કરુણતા છે.

### 14.1.6 સાધનોની સુલભતા

ઈતિહાસ લેખકને સાધનો જો સહેલાઈથી હાથવગા થાય તો તે પોતાના આ લેખને વધુ વજૂદ વાળું અને સત્યની નજીક લઈ જઈ શકે છે. આથી તેની ભાષાશૈલી તેને સાધનો કેટલા પ્રમાણમાં મળ્યા છે તે મુજબ તે પસંદ કરે છે. જૂનાગઢ રાજ્યના તમામ અસલ રેકોર્ડ જોયા તપાસ્યા પછી એ અજાણ્યા ઈતિહાસ લેખકની વિચારસરણી કે શૈલી બદલાયા વિના ન રહે. એવું ત્યાં અભિલેખાગારમાં દફતર રહેલું છે. પરંતુ તે જ્યાં સુધી એ અસલ રેકોર્ડો તપાસતા નથી, વધુ મહેનત કરતા નથી, સાધનો મેળવતા નથી, ત્યાં સુધી તેવા લેખકોની ભાષા શૈલી આપમેળે જે તરફ ઢાળ હોય એ તરફ ઘણીવાર ઢળતી જણાય છે.

### 14.1.7 ભાષાની વિવિધતા

જેટલી વધારે ભાષા ઈતિહાસ લેખક જાણે કે તેનો ભાષાભંડોળ જેટલો વિસ્તૃત એ મુજબ તેની ભાષા શૈલી ઘડાય છે. વળી સમય મુજબ ભાષા અને લઢણ પણ બદલાય છે. તે સમજવાની તેનામાં સમજ હોવી જોઈએ. બાકી અભિલેખાગારોના દફતરોમાં આવતા વિવિધ ભાષાના કેટલાક શબ્દો તે સમજી ન શકતા અવળા અર્થો તારવે છે. દા.ત.અભિલેખાગારમાં મેલાની ફાઈલ જોઈ, કોઈ સંશોધક સમજી બેસે કે આમાં મેળાની વિગત હશે. હકીકતે એ દફતર રાજવી કે રાજ પરિવારના મરણ વખતે લખાયેલા પત્રો અથવા કાળોતરી કે જેને મેલા કહે છે એની હતી પણ તે નવોસવો એ અર્થ સમજી ન શક્યો તેથી તેનું તારણ જુદું આવ્યું.

### 14.1.8 સરળ અને રસપ્રદ ભાષા

વિવિધ શબ્દકોષોના પાનાના પાના ઉથલાવીને વિવિધ શબ્દોને અર્થો શોધીને ભારેખમ લખવા કરતા સરળ અને રસપ્રદ ભાષા શૈલી જે ઈતિહાસ લેખક અપનાવે તે વધુ સફળ થાય છે. જેમ કે આપણે રાંકેને સમજવો અઘરો પડે પણ ભગવાનલાલ ઈન્દ્રજીને સમજવા સહેલા પડે છે. આથી કેટલાક લેખકો અઘરા શબ્દો વાપરે કે વચ્ચે વચ્ચે મોટા પ્રમાણમાં અંગ્રેજી કે અન્ય ભાષાના શબ્દો વાપરે એવી શૈલી હોય તે

*સામાન્યજનને સમજવામાં અડચણરૂપ થાય છે. લખાણમાં સ્પષ્ટતા હોવી જોઈએ; કે ગોળ ગોળ નહીં જે સરળતાથી સમજાય.*

### 14.1.9 સચોટતા અને બે દાગ

*ઈતિહાસકારનું કાર્ય સચોટ માહિતી આપવાનું હોય છે. આથી તે કોઈ પણ વાત કરતા કે આલેખન કરતા પહેલા જ્યાં ત્યાંથી સંભાવના હોય ત્યાંથી તમામ સાધનો એકત્ર કરે છે. પછી જે તે વિષય પર પોતાનો મત કે દાવો રજૂ કરે છે. એમાં જરાય રાગદ્વેષ કે ભેદભાવ પ્રભાવને એક બાજુ રાખે એવી તેની ભાષા શૈલી હોય છે. તે ભૂતકાળની ઘટનાને વાસ્તવિક રૂપમાં જે રજૂ કરે છે, કાલ્પનિક રંગ કે કથાને વાદને જોડતા નથી.*

### 14.1.10 ઈતિહાસનું લોકપ્રિયકરણ

*આ લક્ષણ કોઈ ઈતિહાસકારની ભાષા શૈલીમાં અપનાવે તો તે લાંબા ગાળે સરવાળે નુક્સાન કરે છે. કોઈ એવી શૈલી અપનાવે તો એ ભળતી હવા કે વાતાવરણથી ત્યારે સફળ થાય પણ પછી તે તૂટી પડે છે. તેથી ઈતિહાસ તો જેવો હોય એમ જ એ જ સ્વરૂપે રહેવા દેવો જોઈએ; એ જ માનવજાતનું કલ્યાણ છે. આથી આ પ્રકારની ભાષા શૈલી અપનાવનાર સરવાળે નુક્સાનકારક સાબિત થઈ શકે. ઈતિહાસ તરફ બીજા લોકોને નફરત કરતા કરી મૂકે છે. અમુક ઈતિહાસકાર નવા દ્રષ્ટિકોણ અને પરિસ્થિતિને સમજાવવાનો પણ પ્રયત્ન કરે છે.*

### 14.1.11 શબ્દોનું ચયન

*ઈતિહાસ લેખકની જરૂરી ખૂબ મોટી જવાબદારી હોય છે. આથી તેણે પોતાની ભાષા શૈલીને સંવારવામાં ગમે તેવા શબ્દ પ્રયોગો કરવાનો નથી. પણ યોગ્ય વ્યાખ્યાયિત શબ્દો જ વાપરવાના હોય છે. મધ્યયુગના ઈતિહાસ લેખકોએ અન્ય ધર્મી માટે બહુ સારા શબ્દો વાપર્યા નથી. જેમ કે કાફીર, મૂર્તિપૂજક વગેરે એ બાબતમાં પડવાનું નથી. તેણે તો સત્યને જ રજૂ કરવાનું છે. એનો ક્યાં કોઈ પક્ષ કે વાદ હોય છે. આથી પોતાના આલેખનમાં ડગલે ને પગલે શબ્દોનું ચયન કરવામાં ધ્યાન રાખી તેની ભાષા શૈલી ઘડે છે. જેથી કોઈ પણ પક્ષ તરફ ઢળતા પણ ન લાગે અને કોઈ પક્ષના દુશ્મન પણ ન લાગે. ઈતિહાસકારે પોતાના આલેખનમાં કાર્ટૂનો પોતે બનાવી ઉપયોગ કરવાનો નથી. તેણે તો માનવ જાતને બોધપાઠ મળે સાચી સમજ મળે એવા શબ્દોનું ચયન કરી ઉત્તમ ભાષા શૈલી રાખીને કાર્ય કરવાનું હોય છે.*

### 14.1.12 નફરત કે પ્રેમ ન દેખાડે એવી શૈલી

*કોઈ લેખક અકબરને 'ધ ગ્રેટ' બતાવવા માંગે છે તે તેની પ્રેમભરી શૈલી કે ભાવ છે. પણ બીજા લેખક નફરત બતાવવા માગે તો તેના વાક્યોમાં નફરત કરતી શૈલી આવી જાય તો તે યોગ્ય નથી. માત્ર આધારને બોલતા કરી તેની વિરુદ્ધ દિશામાં વર્ણન યોગ્ય શૈલીથી જ કરવું એ જ ઈતિહાસકાર. જો કોઈ લેખક બૌદ્ધ ધર્મ તરફી હોય તો તેના તરફ ઢળીને લખે અને બીજાને ઝાટકે એવી શૈલી બિલકુલ યોગ્ય નથી.*

### 14.1.13 સંવેદનશીલ બિલકુલ નહીં

*ઈતિહાસ માટે એમ કહેવાય છે કે તેને આંસુ  હોતા નથી. ઈતિહાસકારની ભાષા શૈલીમાં બિલકુલ કુમાસ કે સંવેદનશીલતા દાખવવાની જરૂર નથી. એ તો જે સ્વરૂપે બન્યું હોય એ જ સ્વરૂપે એને રહેવા દેવાનુ  છે. જેમાં જો સંવેદનશીલતા દાખવે તો કોઈ એકાદ પક્ષને તે અવશ્ય નુકસાન કરી બેસે છે. જેણે દેશનો જ્ઞાતિ જાતિનો કે ધર્મનો ખ્યાલ રાખવાનો નથી. તેણે તો બધાથી પર રહીને આલેખન કરવાનું છે. પ્રાચીન, મધ્ય અને આધુનિક કાળની ઘટનાઓ એકબીજાથી સાવ અલગ છે. તેથી તેણે જે તે સમયમાં જે તે વાતાવરણમાં સમય માં જે વાતાવરણમાં લઈ જઈને જ આલેખે એ જ ખરો ઈતિહાસકાર છે. જો આજે મધ્યયુગીન ઈતિહાસની ઘટનાઓ સતત વાગોળીએ કે સામે રાખીને કોઈ આલેખન કરે તો તેના વિરોધમાં જ આલેખન થવાનું. આથી જે તે યુગના ચશ્મા ઉતારીને આલેખન કરવાનું હોય છે. આજના સમયમાં મોટાભાગના ઈતિહાસકારોને રાજાશાહી  ઢબ ન ગમે અને તે લોકશાહી વિચારોને જ આગળ વધારે બિરદાવે તો તે યોગ્ય નથી. તેણે રાજાશાહીની પણ ઉત્તમ પરંપરા પદ્ધતિ સંસ્થાઓ વગેરેને સમજીને લખવું જોઈએ,પણ અમુકના મનમાં ફિલ્મનો રાજા કે અત્યાચારી અને અવિવેકી રાજા જ  ભરાયેલો હોય તો તેના આલેખનમાં રાજાશાહીનું સત્ય અને સારી બાબતો આવતી નથી.*

### 14.1.14 ટુચકા કે વાર્તાનો વિનિયોગ અથવા કથન શૈલી

*કેટલાક લેખકોને કોઈપણ બાબતને પ્રસ્તુત કરવામાં ટુચકા કે તેનો પ્રસંગ કે ઘટનાને હળતી ભરતી વાર્તા  રજૂ કરી પ્રસ્તુત કરવાની ટેવ હોય છે. આ શૈલી ઈતિહાસ લેખન માટે બરાબર નથી તે તો સગવડીયા ધર્મ જેવું કહેવાય. જે તરફ વિચારોને કે વાતને ઢાળવી છે  એવા ટુચકા કે વાર્તા મૂકવી આ શૈલી બિલકુલ અયોગ્ય છે. કથાત્મક અભિગમ અપનાવી જરૂર વધુ લોકો સુધી પહોંચાડી શકાય પણ  અનુસંધાન સાંગોપાંગ મળતા હોવા જોઈએ.*

### 14.1.15 વર્તમાન અને ભૂતકાળની ઘટનાનું જોડાણ

*દરેક યુગ કાળ મુજબ પરિસ્થિતિ અલગ અલગ હોય છે. તેથી બંનેની  સેળભેળ કરી વાત કરવી યોગ્ય નથી. કારણ બંનેનો સમય પરિસ્થિતિ અલગ હતી તેથી તે ઘટના બની હતી. આથી જે તે સમયને બીજા સમય સાથે કે ઘટના સાથે જોડવો અને  વાત કરવી એ પોતાના સાનુકૂળ વલણને ફેલાવવા જેવું જ ગણાય. આથી આ શૈલી સાચો ઈતિહાસકાર અપનાવતો નથી.*

### 14.1.16 અન્ય શાસ્ત્રો સાથે સંબંધ જોડતી શૈલી

*કેટલાક બહુમુખી પ્રતિભા ધરાવતા ઈતિહાસ લેખક પોતાના આલેખનમાં સમાજ વિજ્ઞાન સાથેના તમામ વિષયોનો પરિચય કેળવી; તેના જ્ઞાનનો પોતાના લેખનમાં વિનિયોગ કરી; પોતાની ભાષા શૈલીનું ઊંડાણ ભર્યું અને સવિશેષ ઘડતર કરે છે. કારણ કે તેણે અન્ય શાસ્ત્રો સાથે સંબંધ જોડી વિવિધ દ્રષ્ટિકોણથી તપાસી આલેખન કરેલું હોય છે.*

### 14.1.17 પાઠકોને ધ્યાને લીધેલ શૈલી

*ઈતિહાસકાર કોઈ સ્વતંત્ર ગ્રંથ લખે તો તેની ફિલસુફી સ્વતંત્ર રીતે તે લખે છે. પણ જો કોઈ પાઠકો વાચકો માટે તેણે લખવાનું હોય તો તેને ધ્યાને રાખીને જ ભાષા શૈલી પસંદ કરે છે. કક્ષા મુજબ ભાષા શૈલીનો ખ્યાલ રાખવામાં આવે છે. સામાન્ય જનતા સુધી કોઈક બાબતો કે જ્ઞાનને પહોંચાડવામાં તેની ભાષા શૈલી એકદમ હળવી કરી નાખે છે. જેથી પાઠકની વય મર્યાદા મુજબ તે શૈલી રાખવી જોઈએ. સાવ બાળવયના પાઠકો માટે ચિત્રો અને તસવીરોનો વધુ ઉપયોગ કરતી શૈલી અપનાવે છે.*

## 14.2 સારાંશ

*આમ તો ઈતિહાસકાર કે લેખક કયા દેશમાં, કયા પ્રાંતમાં, કયા કુળમાં, કયા ધર્મમાં જનમ્યો છે. એ મુજબ તેની લેખન શૈલી ઘડાય છે. પરંતુ તેને તે ઐતિહાસિક પદ્ધતિ અને ઈતિહાસ લેખનવિદ્યાના નિયમો અને ધારા ધોરણ મુજબ ઘડવાનો પ્રયત્ન કરે છે. આમ છતાં ક્યાંકને ક્યાંક તેની શૈલીમાં દેશ, ધર્મ, પ્રાંત, જ્ઞાતિ,જાતિ ડોકિયું કર્યા વિના રહેતા નથી. પણ આ તમામ મુદ્દાથી તે જેટલો પર રહેવાનો પ્રયત્ન કરે એટલી તેની શૈલી ઉત્તમ ઘડાય છે. જે પોતાના અંગત મતો કે પૂર્વગ્રહને એક તરફ રાખીને તટસ્થ રીતે આલેખન કરે છે. મળેલા સાધનોનો કે પુરાવાઓનું વિશ્લેષણ છે. જેના આધારે જ કોઈક નિષ્કર્ષ તારવી સમાજ સમક્ષ મૂકે છે. દરેક ઘટનાને કાળક્રમે સમયાનુક્રમમાં મૂકીને જ રજૂઆત કરે છે નહીં કે પહેલા ગાંધીજી આવે અને પછી ગુરુ રામદાસ. વળી ક્યાંય પણ આવેગશીલ શબ્દો પ્રયોજતો નથી. માહિતીના સાધનો કે સ્રોતોને સ્પષ્ટ રીતે બતાવે છે. કે બીજા પણ એ ચકાસી શકે તપાસી શકે. ટૂંકમાં એમ કહી શકાય કે તેની ભાષા શૈલી અસરકારક તટસ્થ અને સત્યશીલ હોય છે. ભૂતકાળની ઘટનાઓ સામે પ્રશ્નો ઉઠાવી તેના આલેખનની ઘટનાને સમજાવવાનો પ્રયત્ન કરે અથવા બંનેની તુલનાથી સામ્યતા તારવી નવીનતા તારવે છે. શંકાસ્પદ કે વિવાદાસ્પદ માહિતી કે શબ્દોને ક્યારેય તે સ્થાન આપતો નથી અથવા તેને લગતો જરૂર ખુલાસો પાદનોંધમાં ટાંકે છે કે આમાં હું બરાબર પાકો નથી. આ બધુ જ કરીને મિથ્યા ધારણાઓનું ખંડન કરી સત્ય સમજાવે છે. જરૂર પડ્યે વિશ્વના વિવિધ દેશોની ઘટના સાથે પણ તાલમેલ બતાવી સમજાવવાનો પ્રયત્ન કરે એવી નિરાળી અને નવી જ ભાષા શૈલીનો માલિક ઈતિહાસકાર છે. કારણ ઈતિહાસકાર કોઈ બંધનમાં બંધાયેલો હોતો નથી. તે આંતર રાષ્ટ્રીય સીમાડાઓથી પાર જઈને વૈશ્વિક સંદર્ભમાં ઈતિહાસને સમજાવવાની ભાષા શૈલી ધરાવે છે.*

## 14.3 તમારી પ્રગતિ ચકાસો

(1) *ઈતિહાસકાર કેવું આલેખન કરે છે.*

*(એ) રાષ્ટ્રપ્રેમવાળું (બી) દેશભક્તિ વાળું (સી) સત્ય વર્ણવતુ (ડી) ગુમાનવાળુ*

(2) *ઈતિહાસકારની શૈલીના મુખ્ય કેટલા પ્રકાર છે.*

*(એ) એક (બી) બે (સી) ત્રણ (ડી) ચાર*

(3) ઈતિહાસકારે રાષ્ટ્ર હિત,જ્ઞાતિ હિત, ધર્મ હિત કે તટસ્થ હિત શેમાં લખવું જોઈએ.

(એ) રાષ્ટ્ર હિત (બી) જ્ઞાતિ હિત (સી) ધર્મ હિત (ડી) તટસ્થ હિત

(4) ઈતિહાસકારે કોને વફાદાર રહેવુ જોઈએ.

(એ) દેશ (બી) સત્ય (સી) ધર્મ (ડી) જ્ઞાતિ

(5) દેશ,જ્ઞાતિ,જાતિ કે ધર્મ આધારિત ઈતિહાસ લખાય તે કેટલા અંશે વ્યાજબી છે.

(એ) જરાય નહી (બી) ઠીક ઠીક (સી) બિલકુલ વ્યાજબી (ડી) પૂર્ણ વ્યાજબી

## 14.4 સ્વાધ્યાય

(1) વર્ણનાત્મક શૈલીથી કોઈ એક વિષય પર લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) વિશ્લેષણાત્મક શૈલીથી કોઈ એક વિષય પર લખો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

## 14.5 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

બહુવૈકલ્પિક પ્રશ્નોના જવાબ

1. (સી) 2 (બી) 3. (ડી) 4. (બી) 5. (એ)

## 14.7 સંદર્ભગ્રંથો


(1) ખાચર પ્રદ્યુમ્ન ભ., 'ઈતિહાસ એટલે?, સણોસરા, ઈ.સ.2003

(2) પાંડે ગોવિંદચંદ્ર, 'ઈતિહાસ સ્વરૂપ એવમ સિદ્ધાંત', જયપુર,ઈ.સ.1973

(3) ચૌબે ઝારખંડે, 'ઈતિહાસ દર્શન', વારાણસી,ઈ.સ.1984

**એકમ : 15**

## ઈતિહાસલેખનની વિવિધ શાખાઓ :
### બ્રિટીશ સામ્રાજયવાદી શાખા, ભારતીય રાષ્ટ્રવાદી શાખા, માર્કસવાદી શાખા, એનાલ્સ શાખા, સબલ્ટર્ન શાખા


**15.0 ઉદ્દેશો**

**15.1 પ્રસ્તાવના**

**15.2 સામ્રાજયવાદી ઈતિહાસલેખન**

**15.3 સામ્રાજયવાદી ઈતિહાસલેખનનો સ્થાપક જેમ્સ મીલ**

**15.4 અન્ય સામ્રાજયવાદી લેખકો**

**15.5 રાષ્ટ્રવાદી શાખા**

**15.5.1 ઈતિહાસ લેખનમાં પરિવર્તન**

**15.5.2 રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણથી ઈતિહાસ લેખન**

**15.5.2.1 ભારતીય ઈતિહાસકારો અને તેમના ગ્રંથો**

**15.5.2.2 ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસ લેખનમાં ઉચ્ચ આદર્શો**

**15.5.3 રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની ખામીઓ**

**15.6 માર્કસવાદી શાખા**

**15.6.1 ભૌતિક દ્વંન્દ્વવાદનો સિધ્ધાંત**

**15.6.2 વર્ગવિહિન સમાજરચનાનો ખ્યાલ**

**15.6.3 કાર્લ માર્કસનું માનવ ઈતિહાસ ચિંતન**

**15.6.4 માર્કસવાદી ઈતિહાસ ચિંતન**

**15.6.5 ચાવીરૂપ શબ્દો**

**15.6.6 સંદર્ભગ્રંથ**

**15.7 એનાલ્સ શાખા**

**15.7.1 એનાલ્સ શાખાની વિશેષતાઓ**

**15.7.2 એનાલ્સ શાખાના મુખ્ય ઈતિહાસકારો**

**15.7.2.1 હેનરી બર :**

**15.7.2.2 માર્ક બ્લાંશ** (Mark Bloch) **(1886-1944) :**

**15.7.2.3 ફર્નેલ્ડ બ્રોડેલ** (Fernand Braudel) **(1902-1985) :**

**15.7.3 એનાલ્સ શાખાના અન્ય ઈતિહાસકારો :**

**15.7.4 મૂલ્યાંકન :**

**15.8 સબલ્ટર્ન**

**15.8.1 સબલ્ટર્ન શબ્દચર્ચા :**

15.8.2 રણજીત ગુહાનું જીવન-કવન :

15.8.2.1 રણજીત ગૃહાના ગ્રંથો :

15.8.2.2 રણજીત ગુહાની ઈતિહાસલેખન પધ્ધતિ

15.8.3 મૂલ્યાંકન

15.9 તમારી પ્રગતિ ચકાસો

15.10 ચાવીરૂપ શબ્દો

15.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

15.12 સંદર્ભગ્રંથો

## 15.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ બાદ...*

- *સામ્રાજયવાદી ઈતિહાસકારોનાં દ્રષ્ટીકોણને સમજી શકાશે.*
- *સામ્રાજયવાદી ઈતિહાસકારોએ લખેલ ગ્રંથોને જાણી શકીશું.*
- *આધુનિક ભારતીય ઈતિહાસલેખનમાં રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણ*
- *ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની વિશેષતાઓ*
- *રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનનો અર્થ પ્રકૃતિ અને વિષયવસ્તુ*
- *પ્રમુખ રાષ્ટ્રવાદી ઈતિહાસકાર અને તેમનું લેખન*
- *રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનના ગુણ અને દોષ*
- *ભૌતિક દ્વંન્દ્વવાદના સિધ્ધાંતને સમજી શકાશે.*
- *હેગલ અને કાર્લ માર્કસની વિચારસરણીને સમજી શકાશે.*
- *યુરોપીયન માર્કસવાદી ઈતિહાસકારોના પુસ્તકોમાં રજૂ કરેલ ચિંતનને જાણી શકાશે.*
- *ભારતીય માર્કસવાદીના ઈતિહાસકારોના ગ્રંથોમાં રજૂ કરેલ ચિંતનને જાણી શકાશે.*
- *આધુનિક ભારતીય ઈતિહાસ લેખનમાં એનાલ્સ શાખાનો દ્રષ્ટિકોણ*
- *ભારતીય એનાલ્સ શાખાની વિશેતાઓ.*
- *પ્રમુખ એનાલ્સ શાખાના ઈતિહાસકારોની લેખન પ્રવૃત્તિ*
- *એનાલ્સ શાખાના અન્ય ઈતિહાસકારો અને તેમનું લેખનકાર્ય*
- *એનાલ્સ શાખા લેખનના ગુણ દોષો.*
- *ઈતિહાસમાં સબલ્ટર્ન નાં સિધ્ધાંતને...*
- *ભારતમાં જાતિ વ્યવસ્થાના ઉદ્દભવ અને વિકાસને...*
- *સબલ્ટર્ન ઈતિહાસ લેખનના પ્રયોજક રણજીત ગુહાની લેખન પ્રવૃત્તિને...*

## 15.1 પ્રસ્તાવના

*ઈતિહાસ એ સદીઓ જૂનું શાસ્ત્ર છે. 20મા સૈકામાં ઈતિહાસને વિજ્ઞાનનો દરજ્જો મળ્યો. સેંકડોની સંખ્યામાં ઈતિહાસકારોએ ઈતિહાસલેખન વિદ્યામાં યોગદાન આપી તેને સમૃધ્ધ બનાવી છે. પરંતુ ઈતિહાસકારોના ઈતિહાસ લેખનમાં એકમત નથી. તેનું કારણ ઈતિહાસકારોના ઈતિહાસ લેખનમાં સ્રોતસામગ્રીમાં વિવિધતા, અર્થઘટન એ ઘણી મહત્ત્વની બાબત છે. ઈતિહાસકારોનું અર્થઘટન તેનાં ધર્મ, રાષ્ટ્રીયતા, પ્રાદેશિકતા અને વિશેષ તો વિચારસરણીને આધારે ઘડાય છે. કોઈપણ ઈતિહાસકારના લેખનમાં ઉપરોક્ત બાબતો જાણે-અજાણ્યે અસર કરે છે અને તેમાંથી તેના ઈતિહાસલેખનના અભિગમનું સર્જન થાય છે. જેને ઈતિહાસ લેખનનો અભિગમ કે ઈતિહાસલેખનની શાખા કહેવામાં આવે છે. 19મી સદીથી લઈ આજ સુધી ઈતિહાસલેખનમાં અનેક અભિગમો આવ્યાં છે. આ પ્રકરણમાં ઈતિહાસલેખનના કેટલાંક અભિગમોની ચર્ચા કરવામાં આવી છે.*

## 15.2 સામ્રાજયવાદી ઈતિહાસલેખન

*બ્રિટિશ સામ્રાજયવાદી ઈતિહાસકારોના દ્રષ્ટિકોણનો મૂળભૂત ઉદ્દેશ ભારતમાં બ્રિટિશ સામ્રાજયને સ્થાયી અને સુદ્રઢ બનાવવાનો હતો. ઈતિહાસની સામ્રાજયવાદી વિચારસરણીના બીજ પ્રાચ્યવિદ્યાવાદી વિચારસણીમાં પડેલાં છે. ભારતનો પહેલો મહત્ત્વપૂર્ણ ઈતિહાસ ઈસ્ટ ઈન્ડીયા કંપનીના અધિકારી જેમ્સ મીલે લખ્યો હતો. ભારતમાં બ્રિટિશ સામ્રાજયવાદી ઈતિહાસલેખનની પ્રકૃતિ અને ચરિત્ર સમજવા માટે આ શાખાના ઈતિહાસકારોની મનોવૃત્તિઓ અને પ્રયોજનો સમજવા જરૂરી છે. બ્રિટિશ સામ્રાજયવાદી ઈતિહાસલેખનની પ્રવૃત્તિઓ ૧૮૫૭ના સંગ્રામ પૂર્વે જ શરૂ થઈ ચૂકી હતી. આ વિભાગમાં સંસ્થાનવાદી ઈતિહાસલેખનનો પરિચય આપવામાં આવ્યો છે.*

*સંસ્થાનવાદી ઈતિહાસલેખન ભારતમાં બ્રિટિશ શાસનના પાયા સ્થિર થયા પછી શરૂ થયું હતું. તેનો પ્રધાન આશય ભારતના ઈતિહાસને સામ્રાજયવાદી કે સંસ્થાનવાદી દ્રષ્ટિકોણથી તપાસવાનો હતો. વહીવટકર્તામાંથી ઈતિહાસકાર બનેલા લેખકોનો ઉદ્દેશ સામ્રાજયવાદને સ્થિરતા અને દ્રઢતા આપવાનો હતો. તેઓ ઈતિહાસલેખન દ્વારા એ સાબિત કરવા માગતા હતા કે ભારતીય સમાજની જડતાને બ્રિટિશ શાસન અને તેની કાયદો-વ્યવસ્થા દ્વારા જ નાથી શકાશે. તેમના મતે ભારતીય સમાજનું હિત બ્રિટિશ શાસનની ગુલામીમાં રહેલું છે. ભારતની ભલાઈ બ્રિટિશ સામ્રાજયની સુરક્ષા અને સ્થિરતામાં છે.*

*સામ્રાજયવાદી ઈતિહાસકારોએ પ્રાચીન ભારતથી લઈ આધુનિક ભારત સુધીનો વિસ્તૃત ઈતિહાસ લખ્યો છે. તેમણે ભારતના સમગ્ર ઈતિહાસને (1) પ્રાચીન (2) મધ્ય કાલીન અને (3) અર્વાચીન એમ ત્રણ વિભાગોમાં વહેંચી નાખ્યો છે. એજ રીતે અનુક્રમે હિંદુ ઈતિહાસ, મુસ્લિમ ઈતિહાસ અને બ્રિટિશ ઈતિહાસ તરીકે પ્રસ્થાપિત થઈ ગયો. જેને બદલવાનું આજ સુધીના ભારતીય રાષ્ટ્રવાદી કે બિનરાષ્ટ્રવાદી ઈતિહાસકારોથી બની શક્યું નથી. એ જ રીતે ભારતમાં રાજકીય ચેતનાનો વિકાસ*

અને ભારતનો આજનો વિકાસ બ્રિટિશ શાસનની દેન હોવાનું તેઓ પ્રસ્થાપિત કરવા માગતા હતા. ભારતના ઈતિહાસકારોનો એક મોટો વર્ગ પણ લાંબાગાળા સુધી સામ્રાજયવાદી માનસિકતાનો શિકાર બન્યો હતો.

## 15.3 સામ્રાજયવાદી ઈતિહાસલેખનનો સ્થાપક જેમ્સ મીલ

સામ્રાજયવાદી ઈતિહાસલેખનનો સ્થાપક જેમ્સ મીલ હતો, પરંતુ તેની પરંપરાનું સૌથી વિકસિત સ્વરૂપ વિન્સ્ટન્ટ આર્થર સ્મિથ (1848-1920)માં જણાય છે. સામ્રાજયવાદી શાખાની ચિંતનપરક શાખાનો ઈતિહાસકાર વિન્સ્ટન્ટ સ્મિથ ડોકટરનો પુત્ર હતો. 1869માં તે ભારતીય સિવિલ સેવામાં જોડાયો હતો. ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં સેવા બજાવી. 1900માં તેણે ડબલીનમાં ભારતીય ઈતિહાસનું અધ્યાપન પણ કરાવ્યું હતું. 1904માં તેણે પોતાનું પ્રસિધ્ધ પુસ્તક 'અર્લી હિસ્ટરી ઓફ ઈન્ડિયા' લખ્યું હતું. તેના મહત્ત્વના પુસ્તકોમાં 'ઓકસફર્ડ હિસ્ટરી ઓફ ઈન્ડિયા, હિસ્ટરી ઓફ ફાઈન આર્ટ ઈન ઈન્ડિયા એન્ડ સિલોન' જેવા ગ્રંથો લખ્યા હતાં. તેણે પુરાણો અને ભારતીય રાજવંશોના સમયનું પણ સટીક નિર્ધારણ કર્યુ હતું; જે આજે પણ આધારભૂત બની રહ્યું છે. પ્રાચીન ભારતનો ઈતિહાસ ગ્રંથમાં તેણે સિકંદરે ભારત પર કરેલાં આક્રમણ (ઈ.સ.પૂ.327)ને સિત્તેરથી વધુ પાનામાં આલેખ્યું છે. જે દ્વારા તેનો ઉદ્દેશ ભારત સદીઓથી વિદેશીઓના આક્રમણોનો ભોગ બનતું આવ્યું હોવાનું પ્રસ્થાપિત કરવાનો હતો. એલ્ફિન્સ્ટન્ટે પ્રાચીન ભારતીય વ્યાપારનું વર્ણન પણ વિસ્તૃત રીતે કર્યું છે. જેણે ભારતના સાંસ્કૃતિક ઈતિહાસનો યોગ્ય પરિપ્રેક્ષ્ય પાયો નાખ્યો હતો.

## 15.4 અન્ય સામ્રાજયવાદી લેખકો

સામ્રાજયવાદી ઈતિહાસલેખનના બે સીમાસ્તંભ સમાન લેખકો હેનરી ઈલિયડ અને જોન ડાઉસન હતા. તેમણે 1867 થી 1877 દરમિયાન આઠ ખંડોમાં 'હિસ્ટરી ઓફ ઈન્ડિયા એઝ ટોલ્ડ બાય ઈટ્સ ઓન હિસ્ટોરીઅન્સ' પ્રકાશિત કર્યુ હતું. તેમણે પણ એલ્ફિન્સ્ટન્ટની જેમ ઈતિહાસલેખનમાં ભારતીય આધારસામગ્રીનો ઉપયોગ કર્યો હતો. ઈલિયડ અને ડાઉસનની આ ગ્રંથ શ્રેણીએ ભારતીય ઈતિહાસલેખન પર ઊંડો પ્રભાવ પાડ્યો હતો. ભારતના પાછળના ઈતિહાસલેખન પર ખાસ તો મુસ્લિમ ઈતિહાસલેખન આ ગ્રંથોથી ખાસ્સું પ્રભાવિત થયુ હતુ.

ઉપરોક્ત મુખ્ય ઈતિહાસકારો ઉપરાંત જેમ્સ ફિટ્ઝજેમ્સ, હેનરી માઈને (એન્શયન્ટ લો-1861) આલ્ફ્રેડ લાયલ (એશિયાટિક સ્ટડીઝ – 188h, 1889) વિલિયમ વિલ્સન હન્ટર (એનાલ્સ ઓફ રૂરલ બેંગાલ - 1868, 'ઈન્ડિયન મુસલમાન્સ – 1876), વેલેન્ટાઈન ચિરોલ, પર્સીવલ સ્પીવર, કુપલેન્ડ રેજીનાન્ડ વગેરે પણ સામ્રાજયવાદી દ્રષ્ટિકોણથી ભારતના ઈતિહાસને લખનારા ઈતિહાસકારો હતા.

## 15.5 રાષ્ટ્રવાદી શાખા

*સમયાંતરે ઈતિહાસની વિભાવના બદલાયા કરે છે. પ્રાચીન અને મધ્યકાલમાં ઈતિહાસની વ્યાખ્યા અને તે અંગેના લખાણોમાં મર્યાદા હતી. જ્યારે આધુનિક સમયમાં તમામ પાસાંઓને આવરી લઈને ઈતિહાસ લેખન થતુ હોય છે. ભારત 18મી સદીના ઉતરાર્ધથી ભારતના ઈતિહાસને લખવાની શરૂઆત થઈ ચૂકી હતી. તેમના લેખનનો પ્રધાન હેતુ ભારતીય સંસ્કૃતિ, ભવ્ય વારસા પર વૈચારિક હુમલાઓ કરી ભારતમાં બ્રિટિશ શાસનને સ્થિર અને સ્થાયી બનાવવાનો હતો. સૃષ્ટિમાં જેમ ક્રિયાની પ્રતિક્રિયા હોય છે તેમ સામ્રાજ્યવાદી ઈતિહાસલેખનની પ્રતિક્રિયા સ્વરૂપે રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન અસ્તિત્વમાં આવ્યું હતું. રાષ્ટ્રીયતાથી રંગાયેલા ભારતીય વિદ્વાનોની પેઢીમાં ઈતિહાસકાર આર.સી.મજૂમદાર, પટ્ટભિ સીતારમૈયા અને લાજપતરાય વગેરેનુ નામ આપી શકાય.*

### 15.5.1 ઈતિહાસ લેખનમાં પરિવર્તન

*18મી સદીમાં કેટલાય ભારતીયોએ સમકાલીન સામયિક પરિવર્તનો અને ઘટનાઓ વિશે ગ્રંથો લખ્યા હતાં. પરંતુ તે બધા મધ્યકાલીન પરંપરાના અને ખામીયુક્ત હતાં. 19માં સૈકાના ઉત્તરાર્ધમાં ધીરે ધીરે સામંતશાહી પદ્યશૈલીના ગ્રંથોના બદલે વિવેચનાત્મક દ્રષ્ટિકોણથી ભારતનો ઈતિહાસ લખવાની શરૂઆત થઈ. ઉદા.તરીકે રાજા બસુકૃત 'રાજા પ્રતાપાદિત્ય, શેરૂઅલી અફસોસ લિખિત 'એરાઈશ-ઈ-મહેફીલ, મૃત્યુંજય વિદ્યાલંકરા કૃત 'રાજાવલિ' અને ગોવિંદ નારાયણ મડગાંવકર રચિત 'મુંબઈ વર્ણન' નોંધપાત્ર છે.*

*પાશ્ચાત્ય શિક્ષણ પધ્ધતિએ ભારતીય વિદ્યાજગતમાં ધરખમ ફેરફારો કર્યા હતાં. અંગ્રેજી શિક્ષણના પ્રચારથી અંગ્રેજીમાં લખાયેલા ઈતિહાસના પુસ્તકોનો ભારતીય ભાષાઓમાં અનુવાદો થયા હતાં. ૧૯માં સૈકાના પ્રારંભે મહારાષ્ટ્ર, બંગાળ, મદ્રાસ અને ઉત્તર ભારતમાં કેટલાક સમાજસુધારકોએ પ્રાચીન અને સમકાલીન ઈતિહાસના વિષયોની ચર્ચા ઉપાડી હતી. આ પરંપરામાં ઈતિહાસલેખનનો માર્ગ મોકળો થયો હતો.*

*19માં સૈકાના મધ્યે આધુનિક ભારતીય ઈતિહાસલેખન પોતાના પગ પર ઊભા રહેવાની સાથે બ્રિટિશ સંસ્થાનવાદ સામે અવાજ ઉઠાવવા માટે કાર્યક્ષમ બન્યું હતું. 1857ના સંગ્રામ પછી કેદારનાથ દત્ત, રજનીકાંત ગુપ્ત અને સર સૈયદ એહમદ જેવાં લેખકોએ 1857ના સંગ્રામ વિશે ગ્રંથો લખ્યાં હતા. આ જ ગાળામાં બ્રિટિશ સામ્રાજ્યવાદી ઈતિહાસલેખનની તીખી ટીકાઓ પણ શરૂ થઈ ચૂકી હતી. ઉદા. તરીકે નીલકંઠ કીર્તને ગ્રાન્ટ ડફના 'મરાઠાઓનો ઈતિહાસ' અને વિષ્ણુ શાસ્ત્રી મિથુંલકરે જેમ્સ મીલ તથા થોમસ મેકોલેની કરેલી ટીકાઓ. આ પ્રક્રિયામાં બંકીમચંદ્ર ચેટરજી કૃત 'ઐતિહાસિક બોધ' પત્રિકા મહત્ત્વનો પ્રેરણાસ્રોત બની હતી.*

### 15.5.2 રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણથી ઈતિહાસ લેખન

*રાષ્ટ્રવાદી દ્રષ્ટિકોણથી ઈતિહાસ લખવા માટે એશિયાટીક સોસાયટીના સંશોધનો, જર્મન ઈતિહાસ મેક્સમુલર અને થિયોસોફીકલ સોસાયટીનો પ્રચાર પણ મદદરૂપ નીવડયો હતો. અનેક સંશોધન સંસ્થાઓ પણ અસ્તિત્વમાં આવી હતી. દા.ત. ભારતીય ઈતિહાસ સંશોધક મંડળ* (1910), *કાશી નગરી પ્રચારિણી સભા વગેરે.*

### 15.5.2.1 ભારતીય ઈતિહાસકારો અને તેમના ગ્રંથો

19*મી સદીના અંત સુધીમાં ભારતીય ઈતિહાસકારોએ અનેક ગ્રંથો લખ્યાં હતા. મહાદેવ ગોવિંદ રાનડેએ મરાઠી સત્તામાં ઉદયનું વિશ્લેષણ કર્યું. મુહમ્મદ લતીફે 'હિસ્ટરી ઓફ પંજાબ' પ્રકાશિત કર્યું. બિપિનચંદ્ર પાલ અને સુરેન્દ્રનાથ બેનરજીએ તત્કાલીન રાજકારણ પર કલમ ચલાવી. આ દરમિયાન ભારતીય ઈતિહાસલેખનમાં આર્થિક શોષણના ઈતિહાસનો નવો અધ્યાય ઉમેરાયો. દાદાભાઈ નવરોજીનું 'પોવર્ટી એન્ડ અનબ્રિટિશ રૂલ ઈન ઈન્ડિયા'* (1901) *અને રમેશચંદ્ર દત્તે 'ઈકોનોમીક હિસ્ટરી ઓફ ઈન્ડિયા (બે ભાગ,* 1901, 1903) *તેની પ્રારંભિક કડીઓ હતી. ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની પરિપાટી પર પાછળથી તારાચંદ, રામપ્રસાદ ત્રિપાઠી, ડૉ. બેનીપ્રસાદ, જી.એસ.સરદેસાઈ, સુલેમાન નદવી, જી.એસ.યોગી, બનારસી પ્રસાદ સકસેના, કે.પી. પદ્મનાભ મેનન, સી.એમ.નિવાસાચારી, કે.એમ.પાણીકર, પટ્ટાભિ સિતારામૈયા, પંડિત સુંદરલાલ, વિનાયક દામોદર સાવરકર વગેરે મુખ્ય ઈતિહાસકારો હતા. અલ્હાબાદ સ્કૂલ ઓફ હિસ્ટરી રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન શાખા તરીકે પ્રસિધ્ધ થઈ હતી.* 20*માં સૈકામાં ભારતીય રાષ્ટ્રીય આંદોલન દરમિયાન રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન અને સાહિત્યસર્જનનું ઘોડાપુર આવ્યુ હતું. તેણે ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનને મજબૂત બુનિયાદ પૂરી પાડી હતી.*

### 15.5.2.2 ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસ લેખનમાં ઉચ્ચ આદર્શો

*ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન યુરોપીયન સામ્રાજયવાદી ઈતિહાસલેખનની પ્રતિક્રિયામાંથી ઊભુ થયુ હતું. પ્રારંભિક પ્રતિક્રિયામાંથી વિવિધ ઈતિહાસકારોની વિચારણા અને ભારતીય સ્વતંત્રતા આંદોલનને આપેલાં મૂલ્યોએ તેનું ઘડતર કર્યું હતું. તેમાં નીચે મુજબના મુદ્દાઓ કેન્દ્રસ્થાને હતા.*

(1) *રાષ્ટ્રવાદી ઈતિહાસલેખને ભારતીય સંસ્કૃતિને ઈતિહાસ પરના સામ્રાજયવાદીઓના આકરા વૈચારિક હુમલાઓને ખાળવાના પ્રયત્નો કર્યાં.*

(2) *સામ્રાજયવાદી ઈતિહાસકારો દ્વારા હિંદુ ધર્મ અને તેના પવિત્ર સાહિત્ય પર થતા આઘાતોને નિરસ્ત કરવાં.*

(3) *પુરાતત્વીય સંશોધનો અને પ્રાચીન સાહિત્યને આધારે ભારતીય સંસ્કૃતિને શ્રેષ્ઠ સાબિત કરવી.*

(4) *ભારતીય ભૌતિક સંસ્કૃતિનું મહિમામંડન કરવું.*

(5) *ભારતીય સંસ્કૃતિનું નિર્માણ વિદેશોના પ્રભાવમાં જ થયું છે તેવી યુરોપીયન દલીલોને પડકારી ભારતીય સંસ્કૃતિનો ઈતિહાસ વિકાસ બ્રાહ્ય પરિબળોથી મુક્ત હતો તે પ્રસ્થાપિત કરવું.*

(6) *કેટલાંક ઈતિહાસકારોએ આર્ય મૂળ ભારતના જ હતા તેવી મૂળ નિવાસી સ્થળની વિચારણાને ગતિ આપી.*

(7) *ભારતીય રાષ્ટ્રવાદનું બીજ તત્ત્વ ઈંગ્લેન્ડ કે યુરોપીયન દેશો નહીં, પરંતુ ભારતીય આધ્યાત્મિકતા અને સમન્વયની ભાવનામાં હતું તે પ્રસ્થાપિત કરવું. ભારતમાં રાષ્ટ્રવાદની ભાવના જગાડવી.*

(8) *કેટલાક ઈતિહાસકારોએ હિંદુ-મુસલમાન સમન્વયના મુદ્દાઓ મધ્યકાલીન ઈતિહાસમાંથી પ્રસ્તુત કર્યાં.*

*ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનમાં રાષ્ટ્ર, સંસ્કૃતિ, સમન્વયના ઉચ્ચ આદર્શો હોવા છતાં તેમાં બ્રિટિશરો પ્રત્યે ધૃણા, સંશોધન પધ્ધતિ વગેરે જેવી અનેક ખામીઓ હતી.*

### 15.5.3 રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની ખામીઓ

*રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની ટીકા કરતાં માર્કસવાદી ઈતિહાસકાર રોમિલા થાપરે નોંધ્યુ છે કે ''રાષ્ટ્રવાદી ઈતિહાસકારો સામ્રાજયવાદી ઈતિહાસલેખન સામે એક મજબૂત પ્રતિકારાત્મક લેખન પધ્ધતિ વિકસાવી હોવા છતાં તેઓ જેમ્સ મીલ દ્વારા પ્રસ્થાપિત ભારતના ઈતિહાસના કાળવિભાજનને પડકારી શક્યા નથી.'' અત્રે એ પણ ઉમેરવું જરૂરી છે કે રાષ્ટ્રવાદી ઈતિહાસકારો દ્વારા પ્રાચીન ભારતીય ઈતિ!ાસ અને હિંદુ ઈતિહાસનું ગૌરવ કરવાને કારણે કાળવિભાજનને બળ મળતું હતું. વળી તેમનો ઈતિહાસ શહેરી અને ભદ્રવર્ગીય ઈતિહાસ બની રહ્યો. સ્ત્રીઓ, દલિતો, આદિવાસીઓ આ રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનમાં હાંસિયામાં જ રહી ગયા હતાં. તેઓ શિવાજી, ગુરુગોવિંદ સિંહ, રાણા પ્રતાપ જેવાં રાષ્ટ્રનાયકોનો હિંદુ નાયકો તરીકે પ્રસ્થાપિત કરતાં ભારતમાં સાંપ્રદાયિકતાનો વિકાસ થયો હોવાનું કેટલાંક વિદ્વાનો માને છે. ટૂંકમાં, રાષ્ટ્રવાદી ઈતિહાસલેખન સામ્રાજયવાદી ઈતિહાસલેખનના પ્રતિકારના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવ્યું હોવા છતાં તેમનું ઈતિહાસલેખન ભારતીય કે રાષ્ટ્રવાદી સંદર્ભમાં પણ દોષમુક્ત ન હતું.*

## 15.6 માર્કસવાદી શાખા

*પ્રશિયાના (જર્મની)ના યહુદી કુટુંબમાં જન્મેલ, તીવ્ર બુધ્ધિશાળી એવા જગ પ્રસિધ્ધ કાર્લ માર્કસે* (*ઈ.સ.* 1813 *થી* 1883) *જે વિચાર દર્શન આપ્યુ તે સામાજિક શાસ્ત્રો (વિજ્ઞાનો)માં 'માર્કસવાદી ચિંતન' તરીકે ઓળખાય છે. આ ચિંતનનું વિચાર દર્શન 'આર્થિક સિધ્ધાંતો' પર આધારિત છે. હેગલ (જર્મન ચિંતક) અને કાર્લ માર્કસે ઈતિહાસના વિકાસને સમજવા માટે દ્વંન્દ્રાત્મક* (Dialectical) *પ્રક્રિયાનો ઉપયોગ કર્યો છે. કાર્લ માર્કસના ઈતિહાસ વિશેનાં તત્વજ્ઞાનમાં મૂળ મુખ્યત્વે આધુનિક સમયની આર્થિક, સામાજિક અને રાજકીય પરિસ્થિતિમાં રહેલાં છે. કાર્લ માર્કસે* **'વર્ગ વિહીન'** *સમાજ રચનાનો ખ્યાલ રજૂ કર્યો છે. તેણે તર્ક રજૂ કર્યો હતો કે ઈતિહાસના નિર્માણમાં આર્થિક તત્ત્વોનો મોટો પ્રભાવ હોય છે.*

### 15.6.1 ભૌતિક દ્વંન્દ્વવાદનો સિધ્ધાંત

*હેગલના વર્ણન કરેલ વિધાન, વિરોધી વિધાન, સંઘર્ષ તથા સમન્વયના ખ્યાલમાંથી મુખ્યત્વે કાર્લ માર્કસનો ખૂબ જાણીતો ભૌતિક દ્વંન્દ્વવાદનો સિધ્ધાંત ઉદ્દભવ્યો હોવાનું ઈતિહાસકારો માને છે. હેગલે ''ચૈતન્ય''માંથી જડ કે ભૌતિક સૃષ્ટિ ઉત્પન્ન થઈ હોવાનો રજૂ કરેલો ખ્યાલ માર્કસને કાલ્પનિક લાગ્યો. આમ છતાં આ મંતવ્યને આધારે કાર્લ માર્કસે એવો સિધ્ધાંત પ્રતિપાદિત કર્યો કે ચૈતન્યમાંથી ભૌતિક જગતનો ઉદ્દભવ થયેલો નથી, પરંતુ ભૌતિક સૃષ્ટિમાંથી ચેતનાશક્તિની ઉત્પતિ થયેલી છે. માર્કસનો આ સિધ્ધાંત* (Dialectical Materialism) *(ભૌતિક દ્વંન્દ્વવાદ)ને નામે પ્રસિધ્ધ થયેલો છે. આ સિધ્ધાંત અનુસાર માનવજીવનની પ્રત્યેક બાબત અને તેની પ્રત્યેક પ્રવૃત્તિ આર્થિક પરિસ્થિતિ પર આધારિત છે. માનવજીવનની પ્રત્યેક બાબત અને તેની પ્રત્યેક પ્રવૃત્તિ આર્થિક પરિસ્થિતિ પર આધારિત છે. માનવજીવનની જરૂરિયાતોનાં સાધનોનું ઉત્પાદન, તેમની વહેંચણી, તેમનો વપરાશ વગેરે કોના હસ્તક છે. તેને આધારે માનવ તથા સમાજજીવનનું ઘડતર થાય છે અને ઈતિહાસ રચાય છે. હેગલે ઈતિહાસને લગતું મુખ્યત્વે રાજકીય દર્શન કર્યુ; જયારે કાર્લ માર્કસે તેને લગતું આર્થિક દર્શન રજૂ કર્યું.*

*હેગલ મૂળતઃ ફિલસૂફ હતો, જયારે માર્કસ ચિંતક હતો. આથી હેગલનું દર્શન બહુધા આદર્શવાદી* (Idealistic) *છે, જયારે માર્કસનું દર્શન મોટે ભાગે વાસ્તવવાદી* (Realistic) *છે. માર્કસના વિચારક સ્વભાવને લીધે તેનું મનુષ્ય, સમાજ તથા તેના ઈતિહાસને લગતું જ્ઞાન સૂક્ષ્મ તથા ઊંડું હતું. આથી માનવ અને સમાજની પરિસ્થિતિનું પૃથક્કરણ કરતાં કાર્લ માર્કસ તથા તેના સાથીદાર ફ્રેડરિક એંજલ્સને લાગ્યું કે માનવસમાજનું માળખું બહુધા આર્થિક સંજોગોને લીધે જ ઘડાય છે. તેમજ આના આધારે જ મનુષ્યના સામાજિક સંબંધને બંધાય છે તથા પ્રચલિત સમાજ રચનામાં તેનો દરજ્જો નક્કી થાય છે. જીવન જરૂરિયાતના સાધનો* (Means of Production) *કોના અધિકારમાં છે અને તેનો કોણ કેટલો અને કેવી રીતનો ઉપયોગ કરે છે તેને આધારે માનવસમાજનું અર્થતંત્ર ઘડાય છે તથા તેનો ઈતિહાસ રચાય છે.*

### 15.6.2 વર્ગવિહિન સમાજરચનાનો ખ્યાલ

*કાર્લ માર્કસે રજૂ કરેલ ભૌતિક દ્વંન્દ્વવાદના સિધ્ધાંતમાંથી તેણે અને તેના સાથીદાર એંજલ્સે રજૂ કરેલ વર્ગવિહીન સમાજરચનાનો ખ્યાલ ઉદ્દભવેલો છે. આ વિચાર દર્શન મુજબ માનવસમાજના બે વર્ગો* (1) *સંપત્તિવાન અને* (2) *સંપત્તિરહિત છે; એટલે કે પહેલા વર્ગ સંપત્તિવાન હસ્તક ઉત્પાદનનાં પુષ્કળ સાધનો અને મિલકત છે, જયારે બીજા વર્ગ સંપત્તિરહિત પાસે ઉત્પાદનના કોઈ સાધનો કે મિલકત નથી. માર્કસ પહેલા વર્ગને* Haves *(સાધન સંપન્ન) કહે છે, જયારે બીજા વર્ગને* Have Notes *(સાધન રહિત) કહે છે. પહેલો વર્ગ ખૂબ નાનકડો પણ શોષક છે, બીજો વર્ગ ખૂબ મોટો બહુમતીવાળો છતાંએ શોષિત છે. આ બંને વર્ગો વચ્ચે સતત સંઘર્ષ ચાલ્યા કરે છે, જેને માર્કસ વર્ગ વિગ્રહ* (Class Struggle)*નું નામ આપે છે. માર્કસનાં કથન મુજબ આમાંથી માનવજીવન તેમજ માનવસમાજનું માળખું ઘડાય છે તથા ઈતિહાસનું સર્જન*

*થાય છે અને તેમાં પરિવર્તન થયા કરે છે. કાર્લ માર્ક્સે રચેલ સુપ્રસિધ્ધ ગ્રંથ* Das Capital *(દા કેપિટલ) તથા તેણે અને તેના સાથીદાર એંજલ્સે લખેલ જાણીતાં પુસ્તક* "Communist Manidesto" *(સામ્યવાદી જાહેરનામું)માં માર્ક્સના ઉપરોક્ત વિચારદર્શનનું વિગતથી વિવરણ કરવામાં આવેલું છે. કાર્લ માર્ક્સની રજૂઆત પ્રમાણે આ સંઘર્ષનો ઉકેલ સમન્વયમાં નથી, કારણ કે બન્ને વર્ગોના આર્થિક હિતો એકબીજાથી તદ્દન ભિન્ન હોવાથી સમન્વય શક્ય નથી. તેનો ઉપાય વર્ગ વિહીન સમાજરચના* (Classless Society)*માં રહેલો છે. આમ બને તો જ માનવજીવન અને તેના ઈતિહાસનું સાચું તથા વાસ્તવિક સ્વરૂપ ઘડી શકાય. આ પરિસ્થિતિ શક્ય બને તો રાજ્ય જેવી નિયંત્રક સંસ્થાની આવશ્યકતા રહે નહિ, કારણ કે સમાન સ્થિતિવાળા મનુષ્ય સમાજમાં પોતે જ પોતાના જીવનનું નિયંત્રણ કરી શકશે.*

### 15.6.3 કાર્લ માર્કસનું માનવ ઈતિહાસ ચિંતન

*માનવ-સમાજમાં વિકસેલા કાર્ય (શ્રમ)-વિભાજન* (Division of Labour) *તથા પાયાગત રચના* (Infrastructure)*ના સ્વરૂપોને આધારે પ્રારંભિક સામ્યવાદના તબક્કા પછીના માનવ-ઈતિહાસને માર્ક્સે ચાર તબક્કાઓમાં વહેંચી નાખ્યો છે. આ ચાર તબક્કા આ પ્રમાણે છે.* (1) *એશિયાટિક તબક્કો* (Asiatic Stage), (2) *પ્રાચીન તબક્કો* (Ancient Stage) (3) *સામંતશાહી તબક્કો* (Feudal Stage) (4) *આધુનિક બુર્ઝવા અથવા મૂડીવાદી તબક્કો* (Modern Bourgeois or Capitalist Stage).

**(1) એશિયાટિક તબક્કો** (Asiatic Stage) **:**

*રેમન્ડ એરોન જણાવે છે તેમ માર્ક્સે દર્શાવેલા ચાર તબક્કાઓમાંથી આ પ્રથમ તબક્કો પશ્ચિમના (ખાસ કરીને યુરોપના) દેશો સાથે સંબંધિત નથી. તેમણે એશિયામાં પ્રવર્તતો હતો તે તબક્કો તેમાં દર્શાવ્યો છે. આવો તબક્કો યુરોપમાં પણ પ્રાચીન તબક્કા અગાઉ પ્રવર્તતો હતો એવું દર્શાવવાનો માર્ક્સનો ઈરાદો હશે એમ ધારી શકાય. પરંતુ એ અંગે કોઈ ઠેકાણે સ્પષ્ટતા કરી નથી. આ તબક્કામાં પ્રવર્તતી આર્થિક વ્યવસ્થામાં તમામ શ્રમજીવીઓ રાજ્યના તાબેદાર હતાં. તેઓ કોઈ અન્ય સામાજિક વર્ગના તાબેદાર નહોતા. પરિણામે આ તબક્કામાં વર્ગસંઘર્ષ જોવા મળતો નહોતો. આ તબક્કાની વિશેષતા એ હતી કે રાજ્ય અથવા અમલદાર વર્ગ* (Bureaucratic Class) *દ્વારા સમગ્ર સમાજનું શોષણ થતું હતું.*

*માર્ક્સે દર્શાવેલા બાકીના ત્રણે તબક્કાઓ પશ્ચિમના (તેમાં પણ ખાસ કરીને યુરોપના) દેશોના ઈતિહાસ સાથે સંબંધિત છે.*

**(2) પ્રાચીન તબક્કો** (Ancient Phase) **:**

*આ તબક્કાની અર્થવ્યવસ્થાની સૌથી આગળ તરી આવતી વિશેષતા તેની ગુલામી પ્રથા છે. શિકાર, પશુપાલન અને ખેતી આ સમયના મુખ્ય વ્યવસાયો હતા. પશુઓ, જમીન તથા ખેતીના સાધનોની માલિકી અમુક મર્યાદિત લોકોની જ હતી. ગુલામી-પ્રથા અનુસાર આ મર્યાદિત લોકો ગુલામ ગણાતા લોકો ઉપર માલિકી (એટલે કે ગુલામોનાં ખરીદી અને વેચાણના અધિકારો) સમાજમાં માન્ય અને પ્રસ્થાપિત હતી. આમ, આ યુગમાં મુખ્યત્વે માલિકો અને ગુલામો એવા બે વર્ગો હતા. ઉત્પાદન*

*સંબંધોમાં પણ માલિક-ગુલામના સંબંધો મુખ્યત્વે જોવા મળતા હતા. માલિકો દ્વારા ગુલામોનું શોષણ કરવામાં આવતું હતું. રાજયશાસનમાં પણ માલિક વર્ગનું જ વર્ચસ્વ હતું. ગુલામોને રાજયશાસનમાં ખાસ કોઈ અધિકારો નહોતાં.*

**(3) સામંતશાહી તબક્કો** (Feudal Phase) **:**

*આ તબકકામાં મુખ્ય વ્યવસાય ખેતી હતો. આ યુગની અર્થવ્યવસ્થા અને ઉત્પાદન વ્યવસ્થાની વિશેષતા 'ખેતી-ગુલામી' (હાળી-પ્રથા) હતી. તેમાં મુખ્યત્વે બે વર્ગો હતાં. એક વર્ગમાં સામંતો, જમીનદારો કે જાગીરદારોનો સમાવેશ થતો હતો. બીજો વર્ગ જે મુખ્ય અને વ્યાણક હતો તે ખેતમજૂરો અને ખેત ગુલામોનો બનેલો હતો. આ બંને વર્ગો વચ્ચેનો સંબંધ પણ મુખ્યત્વે શોષક-શોષિતનો જ હતો. સામંતો, જમીનદારો અને જાગીરદારોનો નાનકડો વર્ગ નાના ખેડૂતો, ખેત-મજૂરો અને ખેત-ગુલામોના બનેલા વિશાળ વર્ગનું શોષણ કરતો હતો. આ વિશાળ વર્ગની સ્થિતિ લગભગ ગુલામીની જ હતી. રાજયશાસન ૫ શોષક વર્ગને પોષક અને તેના જ વર્ચસ્વવાળું હતું.*

**(4) મૂડીવાદી અથવા બુર્ઝવા તબક્કો** (Mprdern Bourgeois or Capitalist Phase) **:**

*આ તબક્કામાં મુખ્યત્વે મૂડીવાદી (મૂડીપ્રધાન) ઔદ્યોગિક અર્થવ્યવસ્થા વ્યાપેલી જોવા મળે છે. તેની વિશેષતા તરીકે રોજ અથવા પગારથી કામ કરવાની પ્રથા ગણાવી શકાય. તેવી જ રીતે અર્થવ્યવસ્થામાં મૂડીનું પ્રાધાન્ય, મોટાં યંત્રો અને મોટા પાયા પર ઉત્પાદન પણ આ તબક્કાની વિશેષતાઓ છે. આ વિશેષતાઓ ધરાવતી અર્થવ્યવસ્થામાં મૂડીવાદી અથવા બુર્ઝવા વર્ગ અને રોજ કે પગારથી કામ કરી નભતો કામદાર* (Proletariat) *વર્ગ એવા મુખ્ય બે વર્ગો રચાઈ ગયેલા જોવા મળે છે. મૂડીવાદી અથવા બુર્ઝવા વર્ગ ઉપ્રાદનનાં સાધનોની માલિકી ધરાવે છે. આ જ વર્ગ ઉત્પાદન, તેની વિતરણ-વ્યવસ્થા તેમ જ રાજયસત્તા ઉપર પણ કાબૂ ધરાવે છે. આ બે વર્ગો વચ્ચે પણ મુખ્યત્વે શોષક-શોષિતના જ સંબંધો પ્રવર્તે છે. મૂડીવાદી વર્ગ કામદાર વર્ગનું શોષણ કરે છે. તેમની વચ્ચે જે કંઈ સહકાર છે તે પણ દુશ્મનાવટભર્યો* (Antagonistic) *છે. વળી, આ તબક્કામાં કામદાર વર્ગમાં નોંધપાત્ર સભાનતા આવી છે અને તે વધુને વધુ વિકસતી જાય છે. તેમનામાં સંગઠિતતા પણ વધુને વધુ સધાતી જતી જોવા મળે છે. પરિણામે આ તબક્કામાં આ બે વિરોધી વર્ગો વચ્ચે વર્ગ-સંઘર્ષ વધુને વધુ તીવ્ર બનતો જાય છે.*

*આથી આગળ વધીને ઈતિહાસના ભાવિ અંગે પણ માર્ક્સે પોતાની દ્રષ્ટિએ અનુમાન તારવ્યાં છે. આ અનુમાન મુજબ, મૂડીવાદી અથવા બુર્ઝવા તબક્કો વિરોધી કે દુશ્મનાવટભરી અર્થવ્યવસ્થાવાળો છેલ્લો જ તબક્કો હશે. કારણ કે આ પછી વિકસનારા બલકે, આ જ તબક્કાના ગર્ભમાં વિકસતા સમાજવાદી તબક્કાની ઉત્પાદન-વ્યવસ્થામાં માનવી દ્વારા માનવીનું શોષણ થશે નહિ. તેમજ તેમાં ઉત્પાદનનાં સાધનોની માલિકી ધરાવનાર કે મૂડીને જોરે ઉત્પાદન-વ્યવસ્થા તથા*

*રાજયવ્યવસ્થા ઉપર કાબૂ ધરાવનાર મૂડીવાદી અથવા અન્ય કોઈ વર્ગ જ રહેશે નહિ. પરિણામે ઊતરતા કે ચડિયાતા વર્ગો જ હશે નહિ.*

*આ દરેક તબક્કાની વિકાસ પ્રક્રિયા માર્કસે દ્વંદ્વાત્મકતા તથા ક્રાંતિના સિધ્ધાંતો દ્વારા સમજાવી છે. એટલે કે, ઉપરોક્ત દરેક ઐતિહાસિક તબક્કો પોતાની અગાઉના તબક્કામાં વિકસતા વિરોધી અને વિસંવાદી આર્થિક વર્ગો તથા પરિબળોના સંઘર્ષોમાંથી વિકસ્યો છે. જેમ કે પ્રાચીન તબક્કાના વિરોધી અને વિસંવાદી આર્થિક વર્ગો અને પરિબળોના વિકાસ અને સંઘર્ષોને અંતે પરિણામ સ્વરૂપે સામંતશાહી તબક્કો અસ્તિત્વમાં આવ્યો હતો. સામંતશાહીના વિસંવાદી વિરોધી આર્થિક વર્ગો અને પરિબળોના વિકાસ સંઘર્ષમાંથી આધુનિક ઔદ્યોગિક મૂડીવાદી તબક્કો વિકસ્યો. અને વર્તમાન મૂડીવાદી અથવા બુર્ઝવા તબક્કામાં વિકસેલા તથા વિકસતાં વિસંવાદી પરિબળો અને વર્ગોના તીવ્ર બનતા જતા સંઘર્ષમાંથી જ આ તબક્કાના ગર્ભમાં સમાજવાદી તબક્કો આકાર લઈ રહ્યો છે. આ સમાજવાદી તબક્કો અસ્તિત્વમાં આવી પૂરો વિકસી જશે ત્યારે કોઈ વિરોધી કે વિસંવાદી વર્ગો રહેશે નહિ. તેમાં કોઈ પણ પ્રકારના શોષણને અવકાશ રહેશે નહિ.*

*આમ, આ મુદ્દાઓ દ્વારા સમાજ અને તેના ઈતિહાસની માર્કસે આપેલી સમજૂતીની ઝાંખી કરાવી શકાય.*

### 15.6.4 માર્કસવાદી ઈતિહાસ ચિંતન

*વિશ્વના હજારો ઈતિહાસકારોને પ્રભાવિત કર્યા હતા. તેની અભ્યાસની સરળતા ખાતર આપણે* (1) *યુરોપિયન માર્કસવાદી ઈતિહાસ ચિંતન અને* (2) *ભારતીય માર્કસવાદી ઈતિહાસ ચિંતન એમ બે ભાગોમાં ચર્ચા કરીશું.*

### (અ) યુરોપિયન માર્કસવાદી ઈતિહાસ ચિંતન :

*ઈતિહાસલેખનમાં માર્કસવાદી અભિગમનો પ્રારંભ યુરોપથી થયો હતો. માર્કસવાદી ઈતિહાસકારોના યોગદાન વિશે આર્થર માર્વિકે લખ્યું છે કે ''માર્કસવાદી ઈતિહાસકારોએ જનસાધારણના ઈતિહાસનો પ્રારંભ કર્યો અને તે પણ જુના-પુરાણા અને અસ્પષ્ટ ઉપાયોથી નહીં પરંતુ ઉપલબ્ધ નવા માહિતી સાધનો અને નવી સંશોધન પધ્ધતિનો ઉપયોગ કરીને.'' યુરોપમાં માર્કસવાદી ઈતિહાસકારોમાં ક્રિસ્ટોફર હિલ* (1912-2003), *ઈ.એચ. હોબ્સબામ (*1917-2012), *ઈ.પી.થોમ્પસન* (1917-1993) *અને ઈ.એચ.કાર વગેરે મહત્ત્વના ઈતિહાસકારો છે. તેમાંથી અહીં ઈ.એચ.હોબ્સબામ અને ઈ.પી.થોમ્પસનના યોગદાનની સંક્ષિપ્તમાં ચર્ચા કરીશું.*

### (1) એરિક જહોન અર્નેસ્ટ હોબ્સબામ (1917-2021) :

**લેખન કાર્ય :** *તેઓએ 'જનરલ ક્રાઈસીસ ઓફ ધી યુરોપિયન ઈકોનોમી ઈન ધી સેવેન્ટીન્થ સેન્ચુરી' નિબંધ લખ્યો છે. લેખકે તેને 'સામંતશાહી અર્થવ્યવસ્થાથી મૂડીવાદી અર્થવ્યવસ્થા તરફ સામાન્ય સંક્રમણનું અંતિમ ચરણ માને છે.', 'પ્રિમિટીવ રિબેલ્સ : સ્ટડીઝ ઓફ આર્કાઈવ ફોર્મ્સ ઓફ સોશ્યલ મુવમેન્ટ ઈન ધી નાઈટીન્થ એન્ડ ટ્વેન્ટીન્થ સેન્ચુરીઝ'* (1959), *'લેબરીંગ મેન'* (1964), *'કેપ્ટન સ્વિંગ'*

*(સહલેખક-1969) જેવા મહત્ત્વપૂર્ણ પુસ્તકો લખ્યાં છે. તેમાં લેબરીંગ મેન કામદાર વર્ગ પર આધારિત કૃતિ છે. કેપ્ટન સ્વિંગમાં 1830ના કિસાન આંદોલનની મહાન અને મર્મસ્પર્શી ગાથા છે. તેમનું 'ધિ મેકીંગ ઓફ રિવોલ્યુશન' 1789-1848 (1962) પાઠ્યપુસ્તકોમાં શ્રેષ્ઠ છે.*

**(2) એડવર્ડ પામર થોમ્પ્સન (1917-1993) :**

**વિશ્વવિખ્યાત કૃતિ :** *'ધિ મેકીંગ ઓફ ઈંગ્લીશ વર્કીંગ કલાસ' ઈ.પી.થોમ્પ્સનની વિશ્વ વિખ્યાત કૃતિ છે. 800 પાનાંઓમાં વિસ્તરેલો અને 1963માં છપાયેલાં આ ગ્રંથની વિષયવસ્તુ કામદાર વર્ગની વિશિષ્ટ ચેતનાનો વિકાસ છે.*

**(બ) ભારતીય માર્કસવાદી ઈતિહાસકારો :**

*કાર્લ માર્ક્સના ઐતિહાસિક ભૌતિકવાદની ભારતીય ઈતિહાસકારો પર પણ ગાઢ અસર પડી હતી. ભારતના માર્કસવાદી ઈતિહાસકારોએ તેમના લેખનમાં કિસાનો, કબીલાઓ અને મજૂર આંદોલનો તથા મૂડીવાદી અને જમીનદારોના સામ્રાજયવાદ અને રાષ્ટ્રવાદના સંબંધો પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભારતીય માર્કસવાદી ઈતિહાસકારોની પ્રારંભિક પેઢી માનતી હતી કે ભારતને માત્ર અંગ્રેજોથી મુક્ત કરાવવું પૂરતું નથી. પરંતુ ભારતમાં સ્વતંત્રતાની સાથે સામાજિક પરિવર્તન પણ એટલું જ જરૂરી છે, જેનાથી સમાજમાં સમાનતા ઊભી થાય. ભારતમાં માર્કસવાદી ઈતિહાસલેખનમાં સાંસ્કૃતિક એકતાને બદલે અહીંના વર્ગભેદ અને શોષણ પણ વધુ ભાર મૂકયો છે. આ સંદર્ભમાં તેમણે ગાંધીવાદી રાષ્ટ્રવાદની પણ ટીકા કરી છે. ટૂંકમાં ભારતના સંપૂર્ણ ઈતિહાસને તેમણે કાર્લ માર્કસના ચશ્માથી જોવાનો પ્રયત્ન કર્યો છે.*

**(1) દામોદર ધર્માનન્દ કોસામ્બી (1907-1966) :**

*તેમણે ગણિતશાસ્ત્ર, જીવશાસ્ત્ર, પુરાતત્ત્વવિદ્યા, માનવઉત્થાન વિદ્યા, ઈતિહાસ, સાહિત્ય વગેરે માનવજીવનની વિવિધ શાખાઓનું ખેડાણ કર્યું હતું. તેણે ગણિતશાસ્ત્ર અને જીવશાસ્ત્રમાં તો વિવિધ લેખો દ્વારા નોંધપાત્ર પ્રદાન કર્યુ; પરંતુ સંસ્કૃતના ખૂબ પુરાણા કાવ્ય ''ભર્તૃહરિ કાવ્ય'' તથા ''સુભાષિતરત્નકોશ''નું તેણે કરેલું સમીક્ષાત્મક સંપાદન હસ્તપ્રતની વિવેચન પધ્ધતિનો ઉત્તમ નમૂનો ગણાય છે. તેણે પૂર્વ ઈતિહાસકાર તરીકે તેણે પ્રાચીન ભારતીય ઈતિહાસ અને સંસ્કૃતિનાં ભિન્ન ભિન્ન પાસાં પર આશરે 100 જેટલા લેખો લખ્યાં.*

**(1) ઈતિહાસને લગતી કૃતિઓ :**

*તેમણે કરેલ ઐતિહાસિક અધ્યયન તથા સંશોધનના ફળ સ્વરૂપ તેમની મુખ્ય બે કૃતિઓ ગણાવી શકાય.*

(i) "Introduction to the Study of Indian History."

*(ભારતીય ઈતિહાસના અભ્યાસનો પ્રવેશક)*

(ii) "Culture and Civilisation of Ancient India in Historical outline"

*(પ્રાચીન ભારતની સંસ્કૃતિ અને સંસ્કારિતાની ઐતિહાસિક રૂપરેખા)*

*બન્ને ગ્રંથોમાં ભારતીય ઈતિહાસ તથા તેની સંસ્કૃતિનાં મૂળ તત્ત્વોનું નવા દ્રષ્ટિકોણથી વિવરણ કરવામાં આવ્યું છે.*

**(2) આર.એસ.શર્મા (1920-2011) :**

*રામશરણ શર્મા પ્રાચીન ભારત અને પ્રારંભિક મધ્યયુગીન ઈતિહાસના નિષ્ણાત ઈતિહાસકાર છે. દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર અને ઈન્ડિયન કાઉન્સિલ હિસ્ટોરીકલ રિસર્ચ સંસ્થાના પ્રથમ અધ્યક્ષ હતા. 'શુદ્રાઝ ઈન એન્શિયન્ટ ઈન્ડિયા'* (1958), *'ઈન્ડિયન ફયુડાલિઝમ'* (1966), *'લાઈટ ઓન ઈન્ડિયન સોસાયટી એન્ડ ઈકોનોમી'* (1966), *'અર્બન ડીકે ઈન ઈન્ડિયા'* (1987), *'મટીરીયલ કલ્ચર એન્ડ સોશ્યલ ફોર્મેશન ઈન એન્શિયન્ટ ઈન્ડિયા'* (1983) *વગેરે આર.એસ.શર્માના જાણીતા ઈતિહાસ ગ્રંથો છે.*

**(3) રોમિલા થાપર (જન્મ - 1930) :**

*દિલ્હીની જવાહરલાલ નહેરું યુનિવર્સિટીમાં ઈતિહાસના પ્રોફેસર હતા. 'અશોકા એન્ડ ધિ ડેકલાઈન ઓફ ધિ મૌર્યન્સ'* (1963), *'હિસ્ટરી ઓફ ઈન્ડિયા'* (1866), *'ઈન્ટરપ્રેટીંગ અર્લી ઈન્ડિયા* (1992), *'એન્શ્યન્ટ ઈન્ડિયન સોશ્યલ હિસ્ટરી* (1978), *ફ્રામ લિન્યેજ ટુ સ્ટેટ* (1984), *સોમનાથ : મેની વોઈસીસ ઓફ હિસ્ટરી* (2004) *વગેરે તેમના જાણીતા ગ્રંથો છે.*

**(4) બિપનચંદ્ર (1928-2014) :**

*ભારતીય માર્કસવાદી ઈતિહાસકારોમાં આધુનિક ભારત અને ખાસ તો સ્વતંત્રતા આંદોલનનો ઈતિહાસ લખનારા ઈતિહાસકારોમાં પ્રોફેસર બિપનચંદ્રનું પ્રમુખ સ્થાન છે. અમેરિકાની સ્ટૈનફર્ડ યુનિવર્સિટીમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ તેઓ દિલ્હીની જવાહરલાલ નહેરું યુનિવર્સિટીમાં ઈતિહાસના અધ્યાપક તરીકે જોડાયા હતા. 'ધિ રાઈઝ એન્ડ ગ્રોથ ઓફ ઈકોનોમીક નેશનાલિઝમ ઈન ઈન્ડિયા', 'નેશનાલિઝમ એન્ડ કોલોનિયાલિઝમ ઈન ઈન્ડિયા', 'કમ્યુનાલિઝમ ઈન ઈન્ડિયા' વગેરે બિપનચંદ્રના ગ્રંથો છે. 'ધિ રાઈઝ એન્ડ ગ્રોથ ઓફ ઈકોનોમિક નેશનાલિઝમ ઈન ઈન્ડિયા' ગ્રંથમાં તેમણે સ્વદેશી આંદોલન* (1905-11) *પહેલાં રાષ્ટ્રવાદી વિચારધારા પાછળના આર્થિક અને વૈચારિક પરિબળોની વિવેચના કરી છે.*

*'ઈન્ડિયાઝ સ્ટ્રગલ ફોર ઈન્ડીપેન્ડેન્સ' બિપનચંદ્રનો સંપાદિત ગ્રંથ છે. ભારતના ઈતિહાસ વિષયક ગ્રંથોમાં સૌથી વધુ વેચાયેલા અને વંચાયેલા ગ્રંથોમાં આ ગ્રંથનું સ્થાન ટોચ પર છે.*

**(5) ઈરફાન હબીબ (જન્મ-1931) :**

*સ્વતંત્રતા પછીના સૌથી પ્રખ્યાત ભારતીય ઈતિહાસકારોમાં ઈરફાન હબીબ અગ્રગણ્ય છે. તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના પ્રોફેસર અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ. હિસ્ટોરીકલ રિસર્ચના અધ્યક્ષ રહ્યાં હતા.*

'ઈન્ટપ્રેટિંગ ઈન્ડિયન હિસ્ટરી', 'કાસ્ટ એન્ડ મની ઈન ઈન્ડિયન હિસ્ટરી', પ્રોબ્લેમ્સ ઓફ માર્કસીસ્ટ હિસ્ટોરિયોગ્રાફી', 'ધિ એગ્રેરિયન સિસ્ટમ ઓફ મુઘલ ઈન્ડિયા', 'એન એટલાસ ઓફ ધિ મુઘલ એમ્પાયર' વગેરે તેમનાં જાણીતા ગ્રંથો છે.

ટૂંકમાં મુઘલકાલીન ઈતિહાસ પર ઉચ્ચ અને ગુણવત્તાસભર કક્ષાનું સંશોધન કરનાર ઈરફાન હબીબ ભારતના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ઈતિહાસકાર છે. ઈરફાન હબીબે તપનરાય ચૌધરી સાથે કેમ્બ્રિજ ઈકોનોમિક હિસ્ટરી ઓફ ઈન્ડિયા ખંડ-1નું સંપાદન પણ કર્યું છે.

ઉપર ઉલ્લેખેલા ઈતિહાસકારો ઉપરાંત રજની પામદત્ત, અક્ષયકુમાર દેસાઈ, સુમિત સરકાર, રજત રાય, વરૂણ ડે વગેરે પણ જાણીતા માર્કસવાદી ઈતિહાસકારો છે.

ભારતમાં માર્કસવાદી ઈતિહાસલેખનનો પ્રવાહ 20મી સદીના મધ્યમાં શરૂ થયો હતો. ટૂંક સમયમાં જ આ ઈતિહાસલેખન શાખાએ ભારતીય ઈતિહાસલેખનનું પ્રતિનિધિત્વ પ્રાપ્ત કર્યું હતું. તેમણે ઈતિહાસનો વ્યાપ, પ્રસ્તુતિ તથા વિશ્લેષણ દ્વારા પરંપરાગત ઈતિહાસલેખનને નવી દિશા આપી હતી. તેમણે રાજકીય ઈતિહાસલેખનથી ફંટાઈ સામાજિક અને આર્થિક ઈતિહાસને વધુ પ્રાધાન્ય આપ્યું હતું. તેમણે ઘટના કે વ્યક્તિથી વધુ ઉપેક્ષિત સમૂહો, વિવિધ સામાજિક-આર્થિક સમસ્યાઓનું મુળગામી અધ્યયન કર્યું છે.

## 15.7 એનાલ્સ શાખા

ઈ.સ. 1789ની ફ્રેન્ચ ક્રાંતિ દરમિયાન ફ્રાન્સનાં તત્વચિંતકો વોલ્ટર અને મોન્તસ્કયુ એ ઈતિહાસની રાજકીય વિભાવનાને જબરદસ્ત પડકાર આપ્યો હતો. 18મી સદીના અભિનવ ઈતિહાસે જીવનશૈલી, આચાર-વિચાર, પરંપરાઓ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જે જનસમુદાયના ઈતિહાસ સાથે સંકળાયેલું હતું. તેમણે સામાજિક તથા સાંસ્કૃતિક વિકાસના વ્યાપક પ્રતિમાનોને પણ રેખાંકિત કર્યું હતું. મનુષ્યના સમગ્ર અને સમૃધ્ધ ઈતિહાસની દિશામાં પહેલ કરનારા આ ફ્રેન્ચ ઈતિહાસકારો ઉપરાંત લુસિયન ફેબ્રે અને માર્ક બ્લાંશ (Mark Bloch) પણ હતા.

1929માં પેરિસમાં 'દિ એનલ્સ' (The Annales) શીર્ષકથી ઈતિહાસના જર્નલનો પ્રારંભ થયો. તેની સાથે એનાલ્સ શાખાના ઈતિહાસ લેખનનો પ્રારંભ થયો હોવાનું માનવામાં આવે છે. એનાલ્સ શાખાના સ્થાપક ઈતિહાસકારોમાં હેનરી બર, લુસે ફેબ્રે અને માર્ક બ્લાંશનો સમાવેશ થાય છે. તેમની પ્રેરણાનો સ્રોત પ્રખ્યાત ફ્રેન્ચ વિચારક ઈમાઈલ દર્ખાઈમ હતો.

### 15.7.1 એનાલ્સ શાખાની વિશેષતાઓ

ઈતિહાસલેખનના ક્ષેત્રે એનાલ્સ શાખાની મહત્ત્વપૂર્ણ વિશેષતા એ છે કે તેના સ્થાપકો ઈતિહાસની કોઈપણ પરંપરાગત કે પૂર્વે પ્રચલિત પરંપરાથી જુદાં રહીને સમગ્ર ઈતિહાસલેખન પર જોર આપ્યું હતું. તેમણે ઈતિહાસને રાજકીય, સામાજિક, ધાર્મિક અને આર્થિક બાબતો જેવાં વિશાળ ફલક પર જોવાને બદલે ઈતિહાસમાં નાની નાની બાબતો પર પણ ધ્યાન કેન્દ્રિત કર્યું. ઉદા. તરીકે વ્યાપારી માર્ગો, વાહન-

*સંદેશાવ્યવહારના સાધનો, મોસમ, ભૂગોળ, કૃષિ, વ્યાપાર, યુધ્ધની પધ્ધતિઓ, રીતિરિવાજ, ખાનપાન, રહેણી-કરણી, બોલચાલ, વસ્ત્રોની બદલાતી રૂચિ વગેરે જેવી અનેક બાબતોને ઉજાગર કરી છે.*

*એનાલ્સ શાખાના ઈતિહાસકારોએ ઈતિહાસ સંશોધન અને લેખનની મૌલિક પધ્ધતિ વિકસાવી હતી. તેઓએ ઈતિહાસને સમૃધ્ધ અને તાજગીસભર બનાવવા માટે સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, ભૂગોળ, કાયદા વગેરે જેવા વિષયોની મદદ લીધી હતી. જેનો મુખ્ય ઉદ્દેશ ઈતિહાસની સંશોધન પ્રક્રિયાને સમૃધ્ધ બનાવી ઈતિહાસના કાર્યક્ષેત્રને વિકસાવવાનો હતો. એનાલ્સ શાખાના પ્રયત્નોને બીરદાવતા ટેવર રોપરે લખ્યું છે કે 20મી સદીના ઈતિહાસ અધ્યયન પર સૌથી વધુ પ્રભાવ એનાલ્સ શાખાનો હતો.*

*એનાલ્સ પરંપરામાં ઈતિહાસને કાઈ વિશિષ્ટ વિચારધારાનું બંધન, ઈતિહાસના કોઈ વિશિષ્ટ સિધ્ધાંતનું પ્રતિપાદન, ઈતિહાસનું કોઈપણ પ્રકારનું વિભાજન સ્વીકાર્ય નથી. તેઓ સમગ્ર ઈતિહાસલેખનમાં વિશ્વાસ ધરાવતા હતાં અને વધુમાં વધુ હકીકતો કે પૂરાવાઓ ભેગા કરવા પર ભાર મૂક્યો છે. તેઓ પોતાને ભૌતિક અને સામાજિક પરિસ્થિતિઓથી નિરપેક્ષ રહી માત્ર ઘટનાઓના કાલક્રમાનુસાર લેખનમા માનનારા ઈતિહાસકારોની શ્રેણીથી પણ જુદાં ગણે છે. તેમની સમજ મુજબ ઈતિહાસની નાની કે મોટી ઘટનાઓના સમગ્ર અધ્યયનમાં રૂચિ રાખી એ ઘટનાઓના પારસ્પરિક સબંધ સમજવા જોઈએ. આમ, તેઓ ઈતિહાસને માનવજાતિનું વિજ્ઞાન માને છે.*

*એનાલ્સ પરંપરા મુજબ માનવ જાતને માત્ર આર્થિક સમુદાય, ધાર્મિક કે સામાજિક પરિસ્થિતિ જ પ્રભાવિત નથી કરતી ભૌગોલિક, પ્રાકૃતિક અને મોસમી કારણો પણ માનવજીવનને પ્રભાવિત કરે છે. તેમના મતે ઈતિહાસ અધ્યયનના સૈધ્ધાંતિક તત્ત્વો નીચે મુજબ છે.*

1. *ઈતિહાસને તેની સમગ્રતામાં જ સમજી શકાય માનવ કાર્યનું જીવંત અધ્યયન પણ બૃહદ ઈતિહાસનું સૂક્ષ્મ અંગ છે.*
2. *એનાલ્સ શાખાના ઈતિહાસકારોની કૃતિઓ મહદઅંશે અનુભવ પરક છે. તેમનું મુખ્ય વ્યાવસાયિક દાયિત્વ વ્યક્તિગત ઈચ્છાઓને સમજવાનું છે.*
3. *મનુષ્યના કાર્યો વ્યક્તિગત રીતે સ્વતંત્ર નહિ પણ બાહ્ય પરિબળોથી પ્રભાવિત રહે છે.*
4. *માનવીના કાર્યો તેની આંતરિક પ્રેરણામાંથી પેદા થાય છે જેને બાહ્ય પરિબળો સીમાબધ્ધ કરે છે.*
5. *ઈતિહાસકારનું મુખ્ય કાર્ય મનુષ્યના કાર્યો અને તેનાં આંતરીક કાર્યકરણના સંબંધમાં સમજવાનું છે. જો એ શક્ય ન બને તો બાહ્ય પરિબળોના સાપેક્ષમાં માનવકાર્યોને પૂર્વગ્રહ વિના સમજવાં જોઈએ. આ માટે જરૂર પડે તો સામાજિક, ભૌતિક તથા જીવ વિજ્ઞાનની પણ મદદ લેવી જોઈએ.*

6. તેઓ માર્કસવાદીઓ અને સામાજિક ડાર્વિનવાદીઓની જેમ માત્ર પરિવર્તનમાં જ આસ્થા રાખતા નથી. તેઓ વ્યક્તિગત ઈચ્છા અને વ્યવહારના સ્થાને સામુહિક વ્યવહાર પર ભાર મૂકે છે.

એનાલ્સ શાખાની પ્રમુખ વિશેષતા એ છે કે તેણે ઈતિહાસને વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોયો છે. ઈતિહાસના અધ્યયનમાં વિજ્ઞાન અને સામાજિક વિજ્ઞાનનો ઉપયોગ અંતિમ નિષ્કર્ષ પર પહોંચવા માટે લીધો છે. પરિવર્તન સમગ્ર વિશ્વના સંશોધકોને પસંદ પડ્યું હતું. કોઈ સિધ્ધાંત નહી, ન કોઈ દર્શન, માત્ર ઈતિહાસ અને સમગ્રલક્ષી ઈતિહાસ એ એનાલ્સ શાખાની ઈતિહાસની સમજ છે. આ શાખા સાથે લુસે ફેબ્રે, માર્ક બ્લાંશ, ફર્નેલ્ડ બ્રોડેલ, ફેડમેન, લે રાય લાદુરી, ફેરો લીયુલિયટ જેવા ઈતિહાસકારોના નામો સંકળાયેલા છે. એનાલ્સ ઈતિહાસલેખન પરંપરાનો ફ્રાન્સ ઉપરાંત અમેરીકા, રશિયા, ઈટાલી, રોમાનિયા, પોર્ટુગલ સાથે ભારત પર પણ પ્રભાવ પડ્યો હતો. કેટલાકના મતે ભારતીય ઈતિહાસકાર અમલેશ ત્રિપાઠીનો ગ્રંથ 'ધ એક્સ્ટ્રીમિસ્ટ ચેલેન્જ' એનાલ્સ શાખાથી પ્રભાવિત છે. એનાલ્સ શાખાથી પ્રભાવિત ઘણા આર્થિક અને સામાજિક ઈતિહાસના સંશોધન સામયિકો પણ પ્રકાશિત થઈ રહ્યાં છે.

એનાલ્સ શાખાની સ્થાપનાના બીજા પરોક્ષ રીતે પ્રત્યક્ષવાદી સંશોધન પ્રક્રિયામાં જોઈ શકાય તેમ છે. ઈમાઈલ દર્ખાઈમને પ્રત્યક્ષવાદના ઓગસ્ટ કોમ્તેનો ઉત્તરાધિકારી ગણવામાં આવે છે. દર્ખાઈમની વિચારધારા પર કોમ્તના પ્રત્યક્ષવાદનો ઘણો પ્રભાવ હતો. તેણે પોતાની વિચારધારામાં પ્રત્યક્ષવાદને વધુ પરિષ્કૃત કરી.સમૂહવાદ (Agelecism) ને મહત્ત્વ આપ્યું હતું. સમૂહવાદનો સમાજશાસ્ત્રીય સિધ્ધાંત સામાજિક ઘટનાઓના નિર્ધારણમાં વ્યક્તિની અપેક્ષાએ સમૂહને પ્રાથમિકતા આપે છે. ઈ.સ.1898માં દર્ખાલિમે પ્રકાશિત કરેલ સમાજશાસ્ત્રની એલ. એની સોશિયોલોજિક્યુ (L Anne Sociologique) ને પ્રત્યક્ષવાદ અને એનાલ્સ શાખા વચ્ચે જોડતી કડી ગણવામાં આવે છે. આ પત્રિકાએ ફ્રાન્સમાં સમાજશાસ્ત્રને સ્વતંત્ર રૂપ આપવાની સાથે ત્યાંના બૌધ્ધિક વાતાવરણમાં ક્રાંતિકારી પરિવર્તનો પણ આણ્યાં હતાં. એનાલ્સ શાખાના ઈતિહાસલેખન પર આ સામયિકનો પ્રભાવ હોવાનું માનવામાં આવે છે. સમાજશાસ્ત્રના અધ્યયનમાં જે પધ્ધતિનો ઉપયોગ દર્ખાઈમે કર્યો તે જ પધ્ધતિનો એનાલ્સ શાખાના ઈતિહાસકારોએ ઈતિહાસના અધ્યયનમાં કર્યો હતો. ઉદા. તરીકે પધ્ધતિશાસ્ત્રમાં અન્ય સામાજિક વિજ્ઞાનની પધ્ધતિઓનો ઉપયોગ. ટૂંકમાં, એનાલ્સ શાખાના ઈતિહાસ લેખન પર સમાજશાસ્ત્રી ઈમાઈલ દર્ખાઈમના વૈજ્ઞાનિક વિચારોની ઊંડી અસર હતી. દર્ખાઈમે સમાજશાસ્ત્રીય અધ્યયનમાં અપનાવેલા વિચારોને એનાલ્સ શાખાના ઈતિહાસકારોએ ઈતિહાસમાં લાગુ પાડવાનો પ્રયત્ન કર્યો હતો. એનાલ્સ, શાખાનો ઈતિહાસકાર હેનરી બર, ઈકોલ નોર્મલ અકાદમીમાં ઈર્ખાઈમનો સહાધ્યાયી અને લુસે ફેબ્રે તેનો વિદ્યાર્થી હોવાથી આ માન્યતાને બળ મળે છે.

### 15.7.2 એનાલ્સ શાખાના મુખ્ય ઈતિહાસકારો

ઈ.સ.1929માં ફ્રાંસમાં 'Annaled D Histoire Economiqueet Sociale' નામનું સામયિક શરૂ થયું હતું, 1947 થી આજ સામયિકને 'Annales Economics,

Sociales, Civilizations' *નામથી ચલાવવામાં આવ્યું. આ પ્રક્રિયા અને એનાલ્સ ઈતિહાસલેખન પરંપરાને આગળ ધપાવી હતી. તેના મુખ્ય ઈતિહાસકારોનું પ્રદાન નીચે મુજબ છે.*

**15.7.2.1 હેનરી બર :**

*હેનરી બરના ઈતિહાસદર્શનનો પ્રેરણાસ્ત્રોત સમાજશાસ્ત્રી ઈમાઈલ અને તેનું જર્નલ હતું. તે ફ્રાંસમાં એનાલ્સ શાખાના સંસ્થાપકો પૈકીનો એક હતો. એનાલ્સ પરંપરાના એક ઈતિહાસકાર ફર્નેન્ડ બ્રોડલેએ હેનરી બરને* 'Bit of the Annales' *તરીકે ઓળખાવ્યો છે. હેનરી બરે* 1898*માં તેણે મુખ્ય કૃતિ* Synthesis of Historical Knowledge : Essay on the Future of Philosophy *નું સર્જન કર્યું. તેણે આ ઈતિહાસમાં તમામ પ્રકારના સ્ત્રોતો અને વિચારોનો પ્રયોગ કર્યો. તેનો ઉદ્દેશ ઈતિહાસના અધ્યયન-સંશોધનમાં નવી ઊંચાઈ હાંસલ કરવા વ્યર્થ સ્ત્રોતો અને વિચારોથી ઈતિહાસને જુદો પાડવાનો હતો.*

*હેનરી બરનું ઈતિહાસલેખનમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન એ છે કે તેણે સૌપ્રથમ વાર જ્ઞાનની વિવિધ શાખાઓ જેવી કે સામાજિક, રાજકીય, આર્થિક, ધાર્મિક, વૈજ્ઞાનિક, નીતિશાસ્ત્રને સમગ્રતાથી લખવા માટેનો વિચાર કર્યો હતો. તેણે ઈતિહાસલેખનના પ્રચલિત ખ્યાલોને ફગાવી સમગ્રલક્ષી ઈતિહાસ લેખન પર ધ્યાન કેન્દ્રીત કર્યું. જેણે પરંપરાવાદી અને રૂઢિચુસ્ત ઈતિહાસલેખન સામે પડકારજનક સ્થિતિ ઊભી કરી હતી. તેનું અધુરુ કાર્ય બ્લાંશ અને લુસે ફેબ્રેસે આગળ ધપાવ્યું હતુ.*

**15.7.2.2 માર્ક બ્લાંશ (Mark Bloch) (1886-1944) :**

*લિયોપોન્ડ બેન્જામીન માર્ક બ્લાંશનો જન્મ લિયોસનાં યહુદી પરિવારમાં થયો હતો. તેણે પ્રથમ વિશ્વયુધ્ધ દરમિયાન ફ્રેન્ચ સેનામાં નોકરી કરી અનેક સન્માનો પ્રાપ્ત કર્યા હતાં.* 1919*માં તે સ્ટ્રોબર્ગમાં મધ્યકાલીન ઈતિહાસ વિભાગનો અધ્યક્ષ બન્યો હતો.* 1936*માં ઓગોન યુનિવર્સિટીમાં આર્થિક ઈતિહાસ વિભાગનું અધ્યક્ષપદ હતું. બીજા વિશ્વયુધ્ધમાં પણ તે ફ્રાન્સની સેનામાં જોડાયો હતા.* 1943*માં તેણે જર્મની વિરૂધ્ધના આંદોલનમાં ભાગ લીધો હતો. તેની ધરપકડ કરી* 1944*માં મૃત્યુંદંડ આપવામાં આવ્યો હતો. માર્ક બ્લાંશ દેશભક્ત, સૈનિક અને વિદ્વાન ઈતિહાસકાર હતો. તેના જીવનમાં ભૂતકાળ વર્તમાન કરતાં અલગ ન હતો. ઉદાર ગુણો ધરાવતો બ્લાંશ બીજા વિશ્વયુધ્ધ પછીની પેઢી માટે સશક્ત પ્રતિક બની રહ્યો હતો.*

*એનાલ્સ શાખાનો મુખ્ય ઈતિહાસકાર માર્ક બ્લાંશ ઈતિહાસકારનો પુત્ર હતો. ઈતિહાસનું અધ્યયન અને સંશોધનનો વારસો તેનામાં પણ ઉતર્યો હતો. તત્કાલીન ફ્રાન્સના બૌધ્ધિક વાતાવરણ અને એનાલ્સ પરંપરાના સથવારે તેણે ઈતિહાસની ઉત્તમ કૃતિઓની રચના કરી હતી.* 1929-30*માં તેણે ફ્રેન્ચ રૂરલ હિસ્ટરી નામનો ગ્રંથ પ્રકાશિત કર્યો હતો. તેમાં* 1789*ની ફ્રેન્ચ ક્રાંતિને અંતરપટને બદલે નિરંતરતાના પ્રતીક સમાન ગણાવી હતી. અતીતના પુનઃ અભ્યાસને પણ તે નિરંતરના પ્રક્રિયાના અંગ સમાન ગણે છે. તેની ઉત્તમ કૃતિ 'ધિ હિસ્ટોરીઅન્સ કાફટસ' છે. જેમાં તે તેના*

*પુત્રના મુખમાંથી ઊઠેલો પ્રશ્ન 'ઈતિહાસનો ઉપયોગ શો છે ?' નું નિરાકરણ બતાવે છે.*

*માર્ક બ્લાંશ પુરાતન અને ઐતિહાસિક સંશોધનની પરંપરાગત પધ્ધતિઓ પર સંપૂર્ણ નિર્ભર ન હતા. પરંતુ તેને ભૂગોળ અને સામૂહિક મનોવિજ્ઞાનમાં રૂચિ હતી. તેણે સમાજશાસ્ત્રની સંશોધન પધ્ધતિની સટીકતા અને ભાષા સંતુલન પ્રાપ્ત કર્યું હતુ. પુરાતત્વ, કૃષિ, અર્થવ્યવસ્થા, નકશા વિજ્ઞાન, લોકકથા તથા ભાષાશાસ્ત્રનું અધ્યયન કર્યુ તથા ઈતિહાસ સંશોધનમાં આર્થિક સિધ્ધાંત અને આંકડાકીય પધ્ધતિઓનો પ્રયોગ કર્યો હતો. ઈતિહાસલેખનમાં તુલનાત્મક અને પ્રતિગામી એમ બંને પ્રકારની પધ્ધતિઓનો સૌ પ્રથમ ઉપયોગ કરનાર ઈતિહાસકાર માર્ક બ્લાંશ હતો. તેની અન્ય ઐતિહાસિક કૃતિઓમાં ધિ આઈલેન્ડ ઓફ ફ્રાન્સ, પેરીસ એન્ડ દ ફાઈલ સરાઉન્ડીંગ ડિપાર્ટમેન્ટ* (1913) *દ રોયલ ટચ* (1924), *કિંગ્સ એન્ડ સપર્સ: એ ચેપ્ટર ઓફ કેપેરિયન હિસ્ટરી, દ ફ્રેન્ચ રૂરલ હિસ્ટરી : એન એસે ઓન ઈટ્સ બેઝિક કેરેક્ટરિસટિક્સ* (1921), *ફ્યુડલ સોસાયટી* (1926) *દ હિસ્ટોરીઅન્સ ક્રાફ્ટ્સ વગેરેનો સમાવેશ થાય છે. આર્થર માર્વિકે હિસ્ટોરીઅન્સ ક્રાફટસ પુસ્તકને ઈતિહાસમાં વ્યક્તિગત આસ્થાના અત્યંત માનવીય પ્રમાણ અને યુધ્ધ દરમિયાન ઐતિહાસિક લેખનની ઉન્નત ધારાનું ઘાષણાપત્ર ગણાવ્યું છે. માર્ક બ્લાંશ* 1929*માં એનાલ્સ જર્નલના સંપાદક બન્યાં હતા. ટૂંકમાં એનાલ્સ ઈતિહાસલેખનનાં વિકાસમાં સૌથી મહત્ત્વપૂર્ણ પ્રદાન માર્ક બ્લાંશનું હતું.*

**15.7.2.3 ફર્નેલ્ડ બ્રોડેલ (Fernand Braudel) (1902-1985) :**

*એનાલ્સ શાખાના ઈતિહાસ લેખનને આગળ ધપાવવામાં ફર્નેલ્ડ બ્રોડેલનું નામ મહત્ત્વનું છે. તેનો જન્મ પૂર્વ ફ્રાન્સમાં ઈ.સ.*1902*માં થયો હતો. પિતા ગણિતશાસ્ત્રી હોવા છતાં તેની રૂચિ ઈતિહાસમાં હતી. તેથી તેણે પોતાની કારકિર્દી ઈતિહાસના શિક્ષક તરીકે શરૂ કરી હતી. ઈતિહાસના શિક્ષક તરીકેના અનુભવના આધારે તેણે ઈતિહાસના વણખેડાયેલા પાસાંઓ તરફ નજર દોડાવી હતી. બ્રોડેલે એ તેનું કાર્યક્ષેત્ર ફ્રાન્સ, જર્મની, સ્પેન અને ભૂમધ્ય સમુદ્રના ઈતિહાસ પર કેન્દ્રીત કર્યુ હતું. જેમાં* 16*મી સદીના સ્પેનના રાજા ફીલીપ બીજાના સમયના ભૂમધ્ય સાગરના ઈતિહાસ પર પ્રથમ નજર દોડાવી હતી. જે 'મિડિટેરેનિયન એન્ડ દ મિડિટેરેનિયન વર્લ્ડ ઈન દ એઈઝ ઓફ ફીલીપ-ર તરીકે પ્રસિધ્ધ થયું છે. આ ગ્રંથ લખતાં તેને* 20 *વર્ષનો સમય લાગ્યો હતો.*

*ભૂમધ્ય સાગરનો ઈતિહાસ લખવા માટે બ્રોડેલ અથાક પરિશ્રમ કર્યો હતો. સંશોધન પ્રક્રિયા દરમિયાન તેણે પુષ્કળ ધૈર્ય અને શ્રમસાધના કરી હતી. બીજા વિશ્વયુધ્ધ દરમિયાન* (1939-1945) *જર્મનોના હાથે કેદ થયો હતો. જેલવાસ દરમિયાન સમયનો સદુપયોગ બૌધ્ધિક મંથન અને લેખનમાં કર્યો હતો. બ્રોડેલની ભૂમધ્ય સાગરનો ઈતિહાસ એક ઉત્કૃષ્ટ કૃતિ છે. જે તેની જેલયાત્રા દરમિયાનના અથાગ પ્રયત્નોનું સુખદ પરિણામ હતું. જેમાં તેણે પ્રાપ્ત સ્રોતોનો મંથર ગતિએ અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરી યાદશક્તિના બળે લેખનકાર્ય શરૂ કર્યું. ભૂમધ્ય સાગરનો*

*ઈતિહાસ એનાલ્સ શાખાનું પણ મહત્ત્વપૂર્ણ પુસ્તક છે. આ ગ્રંથના પ્રકાશન પછી બ્રોડેલ તેની વ્યવસાયી કારકિર્દીમાં ફ્રાન્સના મહત્ત્વના ઈતિહાસકાર તરીકે પ્રસ્થાપિત થયો હતો.*

*મેડિટેરનિયન લેખનમાં તેણે અનેક પ્રકારની આંકડાકીય માહિતી પ્રાપ્ત કરી હતી. જેમાં વ્યાપાર, કર, ભાવ, મજૂરી, વજન, સોના ચાંદી, નદી-નાળા, પર્વત, ઋતુઓ, વાતાવરણ, ભૂગોળ વગેરેના સમાવેશ થતો હતો. ઈતિહાસના નિષ્કર્ષો તારવવામાં આંકડાકીય પધ્ધતિનો ઉપયોગ બ્રોડેલ દ્વારા શરૂ થયેલી નવીન વિદ્યા હતી. તેણે ભૂગર્ભીય ઈતિહાસલેખન તરફ લોકોનું ધ્યાન આકર્ષિત કરી. એનાલ્સ શાખાના ઈતિહાસલેખનમાં નવો આયામ ઉમેર્યો હતો. તેણે પોતાના પૂરોગામીઓ જેવાં કે હેનરી બર, માર્ક બ્લાંશ, લુસે ફેબ્રેની ઈતિહાસલેખનની પરંપરાને સ્થાયી કરી હતી.*

### 15.7.3 એનાલ્સ શાખાના અન્ય ઈતિહાસકારો :

*બ્રોડેલ, ફેબ્રે, માર્ક બ્લાંશ એનાલ્સ શાખાના પહેલી પેઢીના ઈતિહાસકાર હતાં. બ્રોડેલના પુસ્તક મેડિટેરેનિયન એ ઈતિહાસના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પીટર બર્ક* 1950 *પછીના દશકાના યુરોપીયન ઈતિહાસકારો તેનાથી પ્રભાવિત હોવાનું નોંધે છે. તેણે ઈટાલી, સ્પેન, પોલેન્ડ, બ્રિટન અને અમેરીકામાં અનેક ઈતિહાસકારોને નવીન પધ્ધતિએ વિચારવા તથા સંશોધન કરવા માટે પ્રેરિત કર્યા હતાં.*

*એનાલ્સ શાખામાં પાછળથી ઘણાં મહત્ત્વપૂર્ણ ઈતિહાસકારો પેદા થયા હતાં. જેમાં સૌથી મોખરે પિયરે ગાઉનું નામ છે. તેણે બ્રોડેલની પેઠે એટલાન્ટીક સમુદ્રને તેના અભ્યાસનો વિષય બનાવ્યો હતો. તેનો આ ગ્રંથ* 12 *ખંડોમાં* (1955-60) *વિભાજીત છે. તે સિવાય ‘દ પેઝન્ટસ ઓફ દ લેંગ્લેડોક* (1966) *નામની કૃતિ પણ લખી હતી. તે પછીનો મહત્ત્વનો ઈતિહાસકાર રોબર્ટ મેડાઉ હતો. તેણે ઈન્ટ્રોડકસન ટુ મોર્ડન ફ્રાન્સ :* 1500-1640(1961)*’ નામનો મહત્ત્વપૂર્ણ ગ્રંથ લખ્યો છે.*

### 15.7.4 મૂલ્યાંકન :

*એનાલ્સ શાખાનું ઈતિહાસલેખન શ્રમ સાધ્ય છે. વળી તે એકલ દોકલ ઈતિહાસકારનું કર્તુત્વ બનવાને બદલે ઈતિહાસકારોના સમૂહનું સર્જન છે. તેમણે ઈતિહાસને સીમાઓમાં ન બાંધીને ઈતિહાસ તત્ત્વનું રક્ષણ કર્યું હતુ. આ શાખાના ઈતિહાસકારોએ વૈજ્ઞાનિક પ્રક્રિયા અને શ્રમસાધ્ય પધ્ધતિથી ઈતિહાસને ઊંડાણપૂર્વક શોધવા પર ભાર મૂક્યો હતો. આંતરશાસ્ત્રીય અભિગમના હિમાયતી હોવા છતાં તેઓ ઈતિહાસમાં કોઈ મૂળભૂત પરિવર્તન ઈચ્છતા ન હતા. તેમનો મૂળ ઉદ્દેશ ઈતિહાસ સંશોધન પધ્ધતિને સમૃધ્ધ કરી ઈતિહાસના દાયરાને વિસ્તારવાનો હતો. એનાલ્સ ઈતિહાસલેખન શાખાએ ઈતિહાસને સામાજીક વિજ્ઞાનોમાં ગૌરવપૂર્ણ સ્થાન અપાવવાનો પ્રયત્ન પણ કર્યો હતો. ટૂંકમાં ઈતિહાસલેખનના ઈતિહાસમાં એનાલ્સ ઈતિહાસ લેખન શાખા મહત્ત્વપૂર્ણ મુકામ છે.*

## 15.8 સબલ્ટર્ન

*ભૂતકાળ અપરિવર્તીત છે પરંતુ તેની ચેતના વર્તમાન સાથે સંકળાયેલી છે. અર્થાત્ બદલાતા જતાં વર્તમાનની સાથે ભૂતકાળ તરફ જોવાનો અભિગમ પણ બદલાતો જાય છે. બીજી રીતે કહીએ તો વર્તમાનની જરૂરિયાતો સંતોષવા અને વર્તમાનના બદલાવ મુજબ ઈતિહાસલેખન થાય છે.* 19*માં સૈકામાં કાર્લ માર્કસે મોટાભાગના સમાજવિજ્ઞાનો પર તેના વિચારોની અસર છોડી.* 20 *મા સૈકાના ઉતરાર્ધમાં સબલ્ટર્ન નામની નવતર ઈતિહાસલેખન પધ્ધતિ આવિષ્કાર પામી. રણજીત ગુહા સબલ્ટર્ન ઈતિહાસલેખન પધ્ધતિના પ્રયોજક હતાં. શાહીદ અમીન, ગૌતમ ભદ્ર, ડેવિડ હાર્ડીમેન, ડેવિડ અર્નોલ્ડ અને અજય સકારીયા સબલ્ટર્ન ઈતિહાસલેખન શાખાના મુખ્ય ઈતિહાસકારો છે.*

### 15.8.1 સબલ્ટર્ન શબ્દચર્ચા :

*'સબલ્ટર્ન' અંગ્રેજી ભાષાનો શબ્દ છે.* 17*મા સૈકામાં ઈગ્લેન્ડના લશ્કરમાં નીચલી પાયરીના અધિકારીઓ કે સૈનિકો* (Non Commissioned or Infiriar Range) *માટે પ્રયોજાતો હતો.* 18*મી સદીમાં શૈક્ષણિક ચિંતક આંન્તોનિયો ગ્રામ્શીએ સમાજશાસ્ત્રી સંશોધનો બાદ સમાજવિજ્ઞાનમાં ચલણમાં આણ્યો હતો. તેઓએ આ શબ્દ સમાજના ગૌણ, દલિત, ઉત્પિડીત અને કચડાયેલા લોકો માટે ઉપયોગમાં લીધો છે.* 1980*ના અરસામાં રણજીત ગુહાએ તેને ઈતિહાસ લેખનમાં અમલમાં મૂકયો હતો અને ઈતિહાસ લેખન પધ્ધતિમાં 'સબલ્ટર્ન સ્ટડીઝ કે હિસ્ટીરીયોગ્રાફી' નામની પધ્ધતિ આકાર પામી. સર્વહારા વર્ગનો ઈતિહાસ, શોષિતોનો ઈતિહાસ, દબાયેલા અને કચડાયેલાઓનો ઈતિહાસ, અધીનસ્થોનો ઈતિહાસ, અભિજન ઈતિહાસ,* Subatern History, History of Historyless, History from below, History of the oppressed, Plebeian History *વગેરે તેના ગુજરાતી- અંગ્રેજી પર્યાયવાચી નામો છે. તેના અન્વયે દલિતો, આદિવાસીઓ, સ્ત્રીઓ, ખેતદાસો અને કારખાનાઓના મજૂરો જેવા નિમ્ન કે પછાતવર્ગો વગેરેને ઈતિહાસલેખનમાં પ્રાધાન્ય અપાય છે. રણજીત ગુહા, ડેવિડ હાર્ડીમેન, ડેવિડ આર્નોલ્ડ, દિપેશ ચક્રવર્તી, અજય સકારીયા, પાર્થ ચેટરજી અને શાહીદ અમીન વગેરે આ ઈતિહાસલેખન શાખાના સીમાસ્તંભ સમાન ઈતિહાસકારો છે.*

*વંચિતલક્ષી લેખનપધ્ધતિ મુજબ ઈતિહાસનું નિર્માણ એક સામુહિક પ્રક્રિયા છે. ઈતિહાસના નિર્માણમાં કોઈપણ સમાજના માત્ર ભદ્રવર્ગની જ ભૂમિકા હોતી નથી. એ સંદર્ભમાં વિચારતા ઈતિહાસ એ માત્ર ભદ્રવર્ગ કે અભિજાત વર્ગનો જ ઈતિહાસ ન હોઈ શકે! ઈતિહાસમાં વંચિત વર્ગની અવગણનાને ખ્યાલમાં રાખી ગરીબ ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ, દલિતો અને સ્ત્રીઓનો ઈતિહાસ લખવાનો પ્રારંભ થયો. વંચિતલક્ષી ઈતિહાસલેખન પધ્ધતિ શોષિતોનો ઈતિહાસ જાણવા પૂરતું પોતાનું કાર્યક્ષેત્ર સિમિત રાખતી નથી, પરંતુ ઈતિહાસલેખનમાં વંચિતોની વૈચારિક પ્રક્રિયા, સામાજિક ચેતના, જીવનશૈલી, તેમની વિટંબણાઓ, આક્રોશો, સ્પંદનો અને ઉર્મિઓને સ્પર્શવાનો પ્રયત્ન પણ કરે છે. આ સંદર્ભમાં તે ઈતિહાસમાં સામાજિક*

ન્યાય અને આર્થિક-સાંસ્કૃતિક વિકાસ માટેની તેમની લડતો, સંઘર્ષો અને આંદોલનોને મહત્ત્વનુ સ્થાન આપે છે.

શાહીદ અમીને નોંધ્યું છે કે, નીચલા વર્ગની સ્વાયત્ત ચેતના પર બળ આપવા પાછળ અમારો લેશમાત્ર ઈરાદો માત્ર નિમ્ન વર્ગોનો ઈતિહાસ લખવાનો ન હતો. અમારી કોશિશ એક નવતર ઈતિહાસલેખનની દિશામાં હતી અને છે. જે ઈતિહાસને ભદ્ર વર્ગના ચોકઠાંમાંથી બહાર કાઢી નિમ્નવર્ગની ઐતિહાસિક પ્રક્રિયાઓને પારખે, સાથોસાથ અભિજન અને નિમ્નવર્ગની પ્રક્રિયાઓને બે જુદાં પાટા પર ધકેલવાને બદલે બંનેના પારસ્પરિક સંબંધો, આશ્રય અને દ્વન્દ્વ પર જોર આપી સાંસ્થાનિક યુગની સમજને વિકસાવે. અમે માનીએ છીએ કે આ બંને પાસાંઓને અપનાવ્યા વિના, નિમ્નવર્ગીય પરિવેશ ઈતિહાસમાં લાવ્યાં વિના હિન્દુસ્તાનનો તો શું કયાંયનો પણ ઈતિહાસ લખી ન શકાય.

એક સામાન્ય મત મુજબ કોઈપણ સમાજનો ગૌણમાં ગૌણ કે તૂચ્છ અને હીન જૂથનો માણસ આખરે મનુષ્ય તો હોય જ છે ને ? તે પણ સમજી વિચારીને પોતાની જીવન જીવવાની પધ્ધતિ નક્કી કરે છે. વંચિતો કે શોષિતો પણ દુનિયામાં જીવવાનો, આગળ વધવાનો કે બદલો લેવાનો રસ્તો અવશ્ય વિચારે છે. તેઓમાં વર્ગસભાનતા, નેતૃત્વ પધ્ધતિ વગેરે પણ વંચિતલક્ષી ઈતિહાસલેખનમાં મહત્ત્વના સ્થાને છે. ઈતિહાસકારો અગાઉના બધા પ્રકારના (માર્કસવાદી સહિત) ઈતિહાસલેખનને નકારે છે. જો કે મોટાભાગના વંચિતલક્ષી ઈતિહાસકારો માર્કસવાદી વિચારધારામાંથી જ આવેલા છે. માર્કસવાદી લેખન ઈતિહાસને વિવિધ યુગોમાં વહેંચી તથા તેમાં ઉત્પાદનના સાધનો પરના માલિકી હક્કો, 'Haves' (સંચિત) અને 'Have not' (વંચિત) તથા 'Class Strugle' (વર્ગ સંઘર્ષ) પર વિશેષ જોર આપે છે. જ્યારે વંચિતલક્ષી ઈતિહાસકારોએ ભારતીય સંદર્ભમાં તેને લાગુ પાડતી વખતે ઈતિહાસને વર્ગસંઘર્ષ અને આર્થિક દ્વન્દ્વની કોરી આર્તિકતામાંથી બહાર કાઢી તેમાં સામાજિક અને સાંસ્કૃતિક સ્વરૂપ અને વિશિષ્ટતાનું નિરીક્ષણ કરવાની પધ્ધતિ પણ અપનાવી છે. કારણકે ભદ્રવર્ગ અને નિમ્ન વર્ગ વચ્ચેના તફાવતો માત્ર રાજકીય કે આર્થિક બાબતો પૂરતા જ સિમિત હોતા નથી. પરંતુ સમાજ જીવનના પ્રત્યેક ક્ષેત્રોમાં આ બંને વર્ગો વચ્ચે તફાવતો માલુમ પડે છે. ઉદા. તરીકે ખાનપાન, પોશાક, રહેઠાણ, દેવી-દેવતાઓ, ધાર્મિક આસ્થાઓ વગેરે. ટૂંકમાં એવુ કહી શકાય કે સમાજજીવનના દેરક ક્ષેત્રમાં ભદ્રવર્ગ સરસાઈ ભોગવતો હોય છે. તો પછી ઈતિહાસલેખનમાં આર્થિક અને રાજકીય ભેદભાવોને જ શા માટે લક્ષમાં લેવા ?

વંચિતલક્ષી ઈતિહાસ લેખન એક નવતર ઈતિહાસ લેખનશૈલી છે. તેના લેખનના આધારો નીચે મુજબ છે.

1. તેઓ વંચિતોની સ્વયં ચેતનામાં શ્રદ્ધા ધરાવે છે. એટલે કે નિમ્નવર્ગીય નેતાઓ જુજારૂં છે. તેમની ક્રાંતિની સ્વાયત પરંપરા છે.
2. વંચિતલક્ષી લેખન ઈતિહાસમાં નેતૃત્વ નહી પરંતુ નિમ્નવર્ગનું જ નેતૃત્વ સ્વીકારે છે.

3. *નિમ્નવર્ગીન ઈતિહાસ લેખનમાં બાહ્ય પરિબળોને દખલગીરી અને નિમ્નવર્ગોના સુગ્રંથિત ક્ષેત્રમાં અતિક્રમણ કરવાવાળા ખલનાયક મનાયા છે. તેમનો નિમ્નવર્ગીય સમાજોમાં પ્રવેશ સંશયવાદી લેખાયો છે.*
4. *નિમ્નવર્ગીય લેખન પધ્ધતિ ઈતિહાસમાં પ્રતિરોધ અને સંઘર્ષને વધારે જુએ છે.*
5. *તેઓ ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં નિમ્નવર્ગના આંદોલનને અસલી આંદોલન ગણાવે છે.*

*ઈતિહાસલેખનની સ્થાપિત પરંપરાઓ અને ખામીઓથી બચવા માટે વંચિતલક્ષી ઈતિહાસલેખનમાં રણજીત ગુહા એ બે બાબતો પર ભાર મૂક્યો છે.*

1. *ભારતીય સમાજની એક સમરૂપ* (Homogeneous) *સમાજ કે પ્રતિયોગી જોડાણ* (Fraction) *આપવા સામાજિક વર્ગો અને ઉત્પાદન સંબંધોમાં જોવાને બદલે સંચિત અને વંચિત સંબંધમાં ભારતીય સમાજને જોવાની હિમાયત કરી છે.*
2. *ઐતિહાસિક વિશ્લેષણમાં શોષક અને પ્રભુત્વની વિષમતા પર ધ્યાન આપવું જોઈએ. વંચિતોના વિદ્રોહો, આંદોલનો, બલિદાનો કે રોજબરોજના જીવનને તેમની ચેતના અને માનસિકતાના સંદર્ભમાં તપાસવું જોઈએ.*

*નવી ઈતિહાસલેખન પધ્ધતિમાં ઈતિહાસલેખનના નવા સ્ત્રોતો પ્રયોજવાનું કે સ્ત્રોતોનું નવેસરથી અર્થઘટન કરવાનું વલણ પણ અભિપ્રેત હોય છે. પ્રારંભે સબલ્ટર્ન ઈતિહાસકારો પ્રસ્તુત પ્રશ્ને મુંઝવણ અનુભવતા હોવાથી ટીકાને પાત્ર બન્યા હતાં. નવા સ્ત્રોતો શોધવાના અભાવના કારણે પ્રોફે. બિપિનચંદ્રએ સબલ્ટર્ન ઈતિહાસલેખનને નવ સામ્રાજ્યવાદી ઈતિહાસલેખનના ભાગરૂપે ગણાવ્યું હતું. મૃદુલા મુખરજીએ નોંધ્યું છે કે આવો ઈતિહાસ નીચેથી ઉપર જવાને બદલે નીચેનો ઈતિહાસ જ બની રહે છે. પરંતુ પાછળથી આ શાખાના ઈતિહાસકારોએ ઈતિહાસલેખનના સ્ત્રોતોનો ઉપાય પણ શોધ્યો હતો. અત્યાર સુધી ઈતિહાસલેખનના સાધન તરીકે અવગણાયેલા લોક સાહિત્યના પ્રકારો જેવા કે મૌખિક પરંપરાઓ, લોકગીતો, ભજન વગેરેને ઈતિહાસલેખનના મહત્ત્વના સાધનો ગણાવ્યાં. તેનું કારણ તેમની દ્રષ્ટિએ એ હતુ કે સરકારી દસ્તાવેજો અને ભદ્રવર્ગીય સ્ત્રોતોમાં શોષિતોના પુરુષાર્થ અને ઈતિહાસનિર્માણમાં તેઓની ભાગીદારીનું સંપૂર્ણ ચિત્ર પ્રાપ્ત થયું નથી. વળી નિરક્ષર અને પછાત જ્ઞાતિઓ પોતાના દસ્તાવેજો સાચવી પણ કેવી રીતે શકે ? જ્યારે બીજી બાજુ સરકારી દસ્તાવેજો અને ભદ્રવર્ગીય સાહિત્યમાં આદિવાસી પ્રજાના ઉલ્લેખો મારધાડીયા, લૂંટારા અને બેદિલ લોકો તરીકે થયા છે. આ સ્થિતિમાં નિમ્ન કે કચડાયેલા વર્ગો દ્વારા સર્જાયેલા સાહિત્યનો ઈતિહાસલેખનમાં ઉપયોગ કરવો એ ઉત્તમ ઉપાય રહ્યો છે.*

*પ્રસ્તુત મુદ્દે એક ધ્યાનપાત્ર બાબત એ છે કે સાહિત્યસર્જનની જેમ ઈતિહાસ એ સમસંવેદનની બાબત નથી. ઈતિહાસ સંશોધકે પૂર્વગ્રહો કે અનુગ્રહોથી ઉપર ઉઠી ઈતિહાસલેખનના સાધનોને ઉપયોગમાં લેવા જોઈએ. કહેવાનો આશય એ છે કે વંચિત વર્ગના ઈતિહાસલેખનમાં તેમના દ્વારા જ સર્જાયેલા સ્ત્રોતોનો ઉપયોગ કરવો કે એકપક્ષીય પુરાવાઓને પ્રાધાન્ય આપવું એ ઈતિહાસની તટસ્થતા સામે પ્રશ્નો ઊભા*

*કરે છે. વળી વંચિતલક્ષી લેખનનો મહત્ત્વનો સ્રોત એવા લોકસાહિત્યના પણ અનેક આયામો હોય છે. તેથી તેનો ઈતિહાસલેખનમાં ઉપયોગ કરતાં પહેલા તેનો સમય, સંદર્ભ, સ્થાન, ઉદ્દેશ વગેરેની બારીક તપાસ અનિવાર્ય બને છે. મગજ વલોવી નાંખનારી આ પ્રક્રિયામાંથી સંશોધકે પસાર થવું જ રહ્યું. ઈતિહાસલેખન ક્ષેત્રકાર્ય પણ ઘણું ઉપયોગી સાધન પૂરવાર થયું છે. ઈતિહાસની ખૂટતી કડીઓને જોડવામાં તે મદદરૂપ નીવડ્યું છે. ચાર-પાંચ સૈકાની જૂની ઐતિહાસિક ઘટનાઓના તાણાવાણા મેળવવા માટે પણ સાંપ્રત ઈતિહાસકારો ક્ષેત્રકાર્યનો આશરો લે છે. આવા નવા સાધનો દ્વારા ઈતિહાસલેખનમાં દફતરીય અને ભદ્રવર્ગીય સાધનોને અવગણવાનું વલણ નથી. માત્ર આવા સાધનોના નવેસરથી અર્થઘટનની બાબત કેન્દ્રમાં રાખવી જોઈએ. બંને સાધનોનું તુલનાત્મક અધ્યયન અને નીરક્ષીર ન્યાયે લેખન જ ઈતિહાસમાં પૂર્વગ્રહોનું નિવારણ કરી, સમતોલપણાનું સ્થાપન કરી શકે. વંચિતલક્ષી ઈતિહાસલેખનનો ત્રણ દાયકાનો ઈતિહાસ હોવા છતાં તે ઈતિહાસલેખનનો નવો પ્રવાહ છે. કેટલાય ઈતિહાસકારોએ તેની સંશોધન પધ્ધતિ, શૈલી ઉપરાંત મૂળભૂત ધારણાઓ વિશે પ્રશ્નો ઊઠાવ્યા છે. જે નીચે મુજબ છે.*

- *આ લેખનશૈલીમાં 'સબલ્ટર્ન ' શબ્દ મૂળભૂત રીતે ભ્રામક છે જે ઈતિહાસલેખનને સરળ બનાવવાને બદલે મુશ્કેલ બનાવે છે.*
- *તેમની શોષક અને શોષિત સમૂહોની વ્યાખ્યા સ્પષ્ટ નથી.*
- *વંચિતલક્ષી ઈતિહાસકારો વંચિતોની ચેતના કે માનસિકતા ઈતિહાસલેખનમાં લાવવા માંગે છે. પરંતુ નિરક્ષર સમૂહની નિરક્ષરતા અને મૌખિક પરંપરાઓની કેટલીક સમસ્યાઓને કારણે તે શક્ય બન્યું નથી.*
- *'સબલ્ટર્ન ' ઈતિહાસકારોમાં સંશોધન પધ્ધતિ વિશે એકમત નથી.*

*વંચિતલક્ષી ઈતિહાસલેખનમાં ઉપરોક્ત મર્યાદાઓ હોવા છતાં ઈતિહાસલેખનની આ શાખાએ વિશ્વ ઈતિહાસલેખનમાં ઊહાપોહ ખડો કર્યો હતો. કોઈપણ ઈતિહાસલેખન શાખા સ્વયંભૂ, સંપૂર્ણ હોતી નથી. એ રીતે વિચારતા વંચિતલક્ષી ઈતિહાસલેખન પણ દોષયુક્ત હોવા છતાં ભારતીય ઈતિહાસલેખનમાં તેણે ઈતિહાસને જોવા અને સંશોધન કરવાની નવી દ્રષ્ટિ પ્રદાન કરી હતી. ઈતિહાસલેખનની મુખ્ય ધારામાં આજ સુધી હાંશીયામાં રહેલાં સમૂહો જેવા કે કિસાનો, મજૂરો, દલિતો, આદિવાસીઓ, મહિલાઓ વગેરે પર શાસ્ત્રીય અને વૈજ્ઞાનિક ઢબે સંશોધન કરવાનું શ્રેય તેમને ફાળે જાય છે. સામ્રાજયવાદી ઈતિહાસલેખન પછી બીજી કોઈ ઈતિહાસલેખન શાખાની સૌથી વધુ ટીકા થઈ હોય તો તે સબલ્ટર્ન ઈતિહાસલેખન છે, છતાં તે પણ તેના મહત્ત્વને જ પ્રતિબિંબિત કરે છે.*

### 15.8.2 રણજીત ગુહાનું જીવન-કવન :

*શ્રી રણજીત ગુહાનો જન્મ પૂર્વ બંગાળમાં જમીનદાર કુટુંબમાં થયો હતો. તેઓ બંગાળી સાહિત્ય અને રવિન્દ્રનાથ ટાગોરથી ઘણાં પ્રભાવિત હતાં. તેમનો અભ્યાસ કલકત્તાની પ્રેસીડેન્સી કોલેજમાં થયો હતો. શરૂમાં તેઓ માર્કસવાદથી પ્રભાવિત હતાં. તેમણે વર્ષો સુધી સસેક્સ યુનિ. (ઈંગ્લેન્ડ)માં ઈતિહાસનું અધ્યાપન કરાવ્યું*

*હતું. ત્યારબાદ રિસર્ચ સ્કૂલ ઓફ પેસિફીક સ્ટડીઝ, નેશનલ યુનિ. કેનબરા(ઓસ્ટ્રેલિયા)માં પ્રોફેસર તરીકે હતાં. તેમના ઈતિહાસ લેખને માત્ર ભારતીય ઊપખંડને જ નહી સમગ્ર વિશ્વના ઈતિહાસલેખન, સંસ્કૃતિ અભ્યાસો, સાહિત્યિક થિયરીઓ અને સામાજિક પૃથ્થકરણોને પ્રભાવિત કર્યા હતાં.* 1959 *માં તેઓ ઈંગ્લેન્ડ અને* 2011 *માં ઓસ્ટ્રીયાના વિયેનામાં જઈ વસ્યા હતાં. તેમણે પોતાના અંગત પત્રો, સબલ્ટર્ન સ્ટડીઝ ગ્રંથ શ્રેણીના લેખકો સાથેનો પત્રવ્યવહાર, તેમના ખાનગી કાગળો, ઈતિહાસના દસ્તાવેજો વગેરે પણ ઓસ્ટ્રીયન યુનિ. ઓફ સાયન્સ એકેડેમી, વિયેના (ઓસ્ટ્રીયા)ને ભેટ આપી દીધાં હતાં.*

**15.8.2.1 રણજીત ગૃહાના ગ્રંથો :**

*તેમના મુખ્ય ગ્રંથોની યાદી નીચે મુજબ છે.*

1. *અ રૂલ ઓફ પ્રોપર્ટી ફોર બેન્ગાલ : એન એસે ઓન ધિ આઈડિયા ઓફ થી પરમેનન્ટ સેટલમેન્ટ* (1963) (A Rule of property for Bengal : An essay on the idea of the permanent settlement (1963).
2. *એલિમેન્ટરી આસ્પેક્ટસ ઓફ ઈન્સર્જન્સી ઈન કોલેનિઅન ઈન્ડિયા* (1983) (Elementary aspects of Insurgency in Colonial India-1983).
3. *ડોમીનન્સ વિધાઉટ હંગેમની : હિસ્ટરી એન્ડ પાવર ઈન કોલોનિયલ ઈન્ડિયા* (1998)
4. *સંબાલ્ટર્ન સ્ટડીઝ (સંપાદીત ગ્રંથો)*
5. *હિસ્ટરી એટ ધી લિમીટ ઓફ વર્લ્ડ હિસ્ટરી* (2002)
6. *એન ઈન્ડિયન હિસ્ટોરીયોગ્રાફી ઓફ ઈન્ડિયા, એના એઈટીન્થ સેન્ચુરી એજન્ડાઝ એન્ડ ઈટસ એપ્લીકેશન્સ* (1988)
7. *ધિ સ્મોલ વોઈસીસ ઓફ હિસ્ટરી* (2009)

*તદઉપરાંત તેમણે કેટલાંક સંશોધન લેખો પણ લખ્યા હતા. તે બધામાં ગુહાનો પ્રયત્ન વંચિતલક્ષી ઈતિહાસને વંચિતોના દ્રષ્ટિકોણથી આલેખવાનો હતો.*

**15.8.2.2 રણજીત ગુહાની ઈતિહાસલેખન પધ્ધતિ :**

*રણજીત ગુહાની વંચિતલક્ષી ઈતિહાસલેખનની વિચારસરણી નીચે મુજબ છે.*

1. *ભારતના આજ સુધીના ઈતિહાસકારો વસ્તુત : ભદ્રવર્ગીય* (Elite) *દ્રષ્ટિકોણથી ઈતિહાસ લખનારા ઈતિહાસકારો હતા. તેમના ઈતિહાસની વિષયવસ્તુ રાજા-મહારાજાઓ, જમીન-જાગીરદારો, સામંતો અને સમાજનો ભદ્રવર્ગ હતો. ઉદા. તરીકે તેઓ મહારાણા પ્રતાપના મુઘલ સલ્તનત સામેના આરપારના જંગને ગૌરવશાળી તરીકાથી આલેખે છે. પરંતુ મહારાણા પ્રતાપના પીઠબળ સમાન જંગલોમાં વર્ષો સુધી તેમને રક્ષા કવચ પુરુ પાડનાર આદિવાસીઓ વિશે ઈતિહાસકારોની કલમ ચૂપ કેમ છે ? બંને પરસ્પર સહાયક હતા તો ઈતિહાસ નિરૂપણ એકપક્ષીય કેમ ? ઈતિહાસકારો ઝાંસીની રાણી અને અહલ્યાબાઈ જેવી વીરાંગનાઓની શૌર્યપૂર્ણ ગાથાઓ પ્રસ્તુત કરે છે. પરંતુ તેમના અગણિત સૈનિકો, સહાયકો વિશે મૌન કેમ સેવે છે ? ઉપરોક્ત વીરપુરુષોના જીવનસંઘર્ષમાં*

*કરોડરજ્જુ સમાન પાત્રો કેમ ઈતિહાસના પાનાંઓ પર ચડ્યા નથી ? એટલે ગુહા આવા ઈતિહાસને વાસ્તવિક ઈતિહાસ માનતા નથી.*

2. *સબલ્ટર્ન ઈતિહાસ લેખનનો મુખ્ય ઝોક સ્વતંત્રતા આંદોલનના ઈતિહાસ પર છે. ગુહાના મતે ભારતીય ઈતિહાસકારો મુખ્ય આંદોલનો પર તેમનું ધ્યાન કેન્દ્રીત કરે છે. દેશ અને પ્રાંત વ્યાપી ઘટનાઓનો સાંકળે છે. પરંતુ સામાન્ય લોકો અને કિસાન સમુદાયોની સાંસ્કૃતિક અને આર્થિક સ્થિતિને નજરઅંદાજ કરે છે. પરિણામે તેમનો ઐતિહાસિક સંદર્ભ માત્ર અભિજન વર્ગ કેન્દ્રી બની રહે છે.*
3. *ઈતિહાસના વિષયવસ્તુમાં સમાજના હાંસિયામાં રહેલાં સમુદાયોનો સમાવેશ થવો જોઈએ. દેશના ઈતિહાસને જેમ રાજા-મહારાજાઓ અને નેતાઓએ બનાવ્યો છે. તો આમ જનતાએ પણ ઈતિહાસ નિર્માણમાં કોઈ કસર છોડી નથી એટલે આમ સમુદાયોની ઓળખ પણ ઈતિહાસમાં ઊભી થવી જોઈએ.*
4. *જેમ ભદ્રવર્ગીય સમાજોની રાજનીતિ* (Elite Politics) *હોય છે તેમ આદિવાસી, દલિત, કિસાનો જેવાં ઉપેક્ષિત સમૂહોની પણ રાજનીતિ હોય છે. જેનું પ્રતિબિંબ ઈતિહાસમાં પડવું જોઈએ.*
5. *વંચિત સમૂહો પોતાનો ઈતિહાસ ખુદ બનાવે છે. તેઓ ઈતિહાસ નિર્માણ માટે અભિજાત વર્ગો પર નિર્ભર નથી.*
6. *ઉપેક્ષિતોનો ઈતિહાસ એ આમ જનતાના જીવનનો અભ્યાસ છે. તે જનતાના જીવનનું વિશ્લેષણ છે.*
7. *સમાજ, રાષ્ટ્રને ઉપરથી નીચે જોનારાઓને તે ચિત્ર રળિયામણું લાગે છે. પરંતુ આજ ચિત્રને ઉપરની તરફ જોતાં તે બદલાઈ જાય છે. એટલે દેશ, સમાજને, દલિત, આદિવાસી, કિસાનો, મહિલાઓ, મજૂરોના દ્રષ્ટિકોણથી મૂલવવો જોઈએ. ઈતિહાસનું આલેખન પણ ઉપરથી નીચે તરફ નહી પરંતુ નીચેથી ઉપરની તરફ થવું જોઈએ.*
8. *વંચિતોનો ઈતિહાસ તેમના જ દ્રષ્ટિકોણથી લખાવો જોઈએ. રણજીત ગુહા કહે છે કે ઈતિહાસમાં વંચિતલક્ષી અભિગમ લાવવા માટે ઈતિહાસનો પ્રાણ કહી શકાય તેવા ઈતિહાસના માહિતીસાધનો વંચિતો દ્વારા જ સર્જાયા હોવા જોઈએ. ભદ્રવર્ગીય કે બ્રિટિશરો દ્વારા સર્જાયેલા સ્રોતોમાં વંચિતો કે ઉપેક્ષિતોના ઐતિહાસિક પુરુષાર્થનું યથાર્થ પ્રતિબિંબ પડતું નથી એટલે વંચિતોના ઈતિહાસમાં તેમના ઐતિહાસિક કાર્યો અને માનસિકતાને વાસ્તવિક સ્વરૂપમાં પ્રગટાવવા માટે ખુદ વંચિતોના લોકગીતો, ગાથાઓ, ઉખાણાઓ વગેરેને ઉપયોગમાં લેવા જોઈએ અને તો જ સાચા અર્થમાં વંચિતોના ઈતિહાસનું લેખન થઈ શકે. રણજીત ગુહાએ વંચિત કે ઉપેક્ષિતોનું ઊંડું પૃથ્થકરણ કરી તેમની સામાજિક સંસ્થાઓ, જીવનશૈલી, મુશ્કેલીઓ, ગમા-અણગમાઓ, જીવનમૂલ્યો પણ ઈતિહાસમાં લાવવાની હિમાયત કરી છે.*

*રણજીત ગુહા સબલ્ટર્ન ઈતિહાસલેખન વિદ્યાના પ્રણેતા હતાં. નવી ઈતિહાસ લેખનશૈલીને બહાર લાવવાની સાથે તેને સ્થાપિત કરવાનું કાર્ય પણ એટલું જ મહત્ત્વનું હતું. જે તેઓએ કૂશળતાપૂર્વક કર્યું. તેમણે વંચિતલક્ષી ઈતિહાસકારોની વ્યવસ્થિત ટીમ તૈયાર કરી હતી.* 1980-90*ના દાયકામાં તેઓ વિશ્વના જુદાંજુદાં સ્થળોએ પરિસંવાદો યોજી નિમ્નવર્ગીય ઈતિહાસલેખન માટે ચર્ચા કરતાં હતાં. આ દરમ્યાન રણજીત ગુહા જ વંચિતલક્ષી ઈતિહાસકારોના માર્ગદર્શન અને પ્રોત્સાહનનું કેન્દ્રબિંદુ હતાં. તેઓના સહિયારા પ્રયત્નોથી 'સબલ્ટર્ન સ્ટડીઝ' નામથી ગ્રંથોની એક ગ્રંથશ્રેણી તૈયાર થઈ હતી. તે જુદાં જુદાં ઈતિહાસકર્તાના સંશોધનલેખોનું ગ્રંથસ્ય સ્વરૂપ છે. સબલ્ટર્ન સ્ટડીઝ ગ્રંથશ્રેણીમાં કુલ* 76 *જેટલાં સંશોધનપત્રો છે. જેમાં સૌથી વધુ લેખો* 16 *લેખો શ્રી રણજીત ગુહા અને પાર્થ ચેટરજીના છે. ઉપરાંત ડેવિડ આર્નોલ્ડ, ડેવિડ હાર્ડીમેન, જ્ઞાનેન્દ્ર પાંડે, દીપેશ ચક્રવર્તી, ગૌતમ ભદ્ર, ગાયત્રી સ્પિવાક ચક્રવર્તી, શાહીદ અમીન અને અજય સકારીયાએ આ ગ્રંથશ્રેણીમાં યોગદાન આપ્યું છે. તેમાં ભારતના દલિતો, આદિવાસીઓ, ખેતમજૂરો, કિસાનો, મહિલાઓના ઐતિહાસિક પ્રદાનને વંચિતલક્ષી દ્રષ્ટિકોણથી નિરૂપવામાં આવ્યું છે.*

*આ ગ્રંથશ્રેણીએ ભારતીય વિશ્વના ઈતિહાસલેખનવિદ્યામાં નવી તાજગી દાખલ કરી હતી તેની પ્રશંસાની સાથે આકરી ટીકાઓ પણ થઈ હતી.*

**15.8.3 મૂલ્યાંકન :**

*નવી ઈતિહાસ સંશોધન પધ્ધતિના પ્રણેતા તરીકે રણજીત ગુહા પ્રસિધ્ધ છે. તેમણે ન તો માત્ર ઈતિહાસના છૂપાયેલા પાનાંઓને ઉજાગર કર્યા સાથો સાથ વંચિત કે ઉપેક્ષિતોના ઈતિહાસના સંશોધન માટેની નવી દ્રષ્ટિ પણ આપી હતી. વંચિતલક્ષી દ્રષ્ટિકોણથી ઈતિહાસ સંશોધન કરનારી ઈતિહાસકારોની ઉત્તમ પેઢી તૈયાર કરી હતી. જે એક સિધ્ધહસ્ત ઈતિહાસકાર પાસેથી સંશોધન જગત અપેક્ષા રાખતું હોય છે. રણજીત ગુહાની નવી ઐતિહાસિક દ્રષ્ટિની પ્રશંસા કરતાં ટીકાઓ વધુ થઈ છે. છતાં રણજીત ગુહા ભારતીય ઈતિહાસલેખન વિદ્યાનો એક મહત્ત્વપૂર્ણ મુકામ છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી.*

## 15.9 તમારી પ્રગતિ ચકાસો

**(અ) તમારી પ્રગતિ ચકાસો**

**(અ) વિસ્તારપૂર્વક પ્રશ્નોના જવાબ લખો.**

(1) *સામ્રાજ્યવાદી ઈતિહાસલેખનનાં સ્થાપક જેમ્સ મીલનો પરિચય આપી તેને લખેલ ગ્રંથોની માહિતી આપો.*

(2) *સામ્રાજ્યવાદી ઈતિહાસલેખનનાં અન્ય ઈતિહાસકારોની માહિતી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(1) *ભારતનો મહત્ત્વપૂર્ણ ઈતિહાસ ..............એ લખ્યો.*
*(અ) જેમ્સ માર્સ (બ) જેમ્સ મીલ (ક) જેમ્સ બોશ*

(2) *સામ્રાજ્યવાદી ઈતિહાસકારોએ ભારતનાં સમગ્ર ઈતિહાસને ............વિભાગમાં વહેંચ્યો છે.*
*(અ) એક (બ) બે (ક) ત્રણ*

(3) *.............ભારત પરનાં સિકંદરના આક્રમણનો ઈતિહાસ લખ્યો છે.*
*(અ) જેમ્સ માર્સ (બ) જેમ્સ મીલ (ક) જેમ્સ બોન્ડ*

(4) *સામ્રાજ્યવાદી ઈતિહાસ લેખનનાં અન્ય લેખકોમાં ............અને ............હતા.*
*(અ) હેનરી માર્સલ અને હેનરી સ્માર્ટ*
*(બ) હેનરી ઈલિયર અને જહોન ડાઉનશન*
*(ક) હાયશન અને ખુરાના*

**(બ) તમારી પ્રગતી ચકાસો.**

**(અ) લાંબા પ્રશ્નોના જવાબ લખો.**

(1) 19*મી સદીના અંતમાં ભારતીય ઈતિહાસકારોએ લખેલી ગ્રંથોની માહિતી આપો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

(2) *ભારતીય રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની ખામીઓ દર્શાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

**(બ) ખાલી જગ્યા પૂરો :**

(1) *ભારતમાં ............ના ઉતરાર્ધથી જ દ્રષ્ટિકોણથી ભારતના ઈતિહાસને લખવાની શરૂઆત થઈ.*
*(અ)* 16*મી સદી* *(બ)* 17*મી સદી* *(ક)* 18*મી સદી*

(2) *મુહમ્મદ લતીફે ........................ પ્રકાશિત કર્યું.*

*(અ) હિસ્ટ્રી ઓફ પંજાબ (બ) હિસ્ટ્રી ઓફ બંગાલ (ક) હિસ્ટ્રી ઓફ ઓરિસ્સા*

(3) *રાષ્ટ્રવાદી ઈતિહાસલેખનની ટીકા ......................ઈતિહાસકારે કરી.*

*(અ) રોમિલા થાપર (બ) મહેબુબ પંજાબી (ક) કે.એમ.પાનીકર*

**(ક) તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) લાંબા પ્રશ્નોના જવાબ આપો.**

(1) *માર્કસવાદી ઈતિહાસ દર્શનની વિવેચન કરો.*

(2) *વર્ગસંઘર્ષના સિધ્ધાંત પર પ્રકાશ પાડો.*

(3) *ભૌતિક દ્વંદ્વવાદનો સિધ્ધાંત સમજાવો*

(4) *યુરોપીયન માર્કસવાદી ઈતિહાસ લેખકોનો પરિચય કરાવો.*

(5) *ભારતીય માર્કસવાદી ઈતિહાસ ચિંતકોએ રજૂ કરેલ ચિંતનની ચર્ચા કરો.*

(બ) ખરાં છે કે ખોટાં જણાવો.

1. *હેગલ ગ્રીસ તત્ત્વચિંતક હતો.*
2. *કાર્લમાર્કસે વર્ગવિહિન સમાજ રચનાનો ખ્યાલ રજૂ કર્યો.*
3. *કાર્લ માર્કસે દાસ કેપિટલ નામનો ગ્રંથ લખ્યો.*
4. *સામંતશાહી તબક્કામાં મુખ્ય વ્યવસાય ઉદ્યોગનો હતો.*
5. *'પાસ્ટ એન્ડ પ્રેજન્ટ' નામનો ગ્રંથ એડવર્ડ પામર થોમસને લખ્યો.*
6. *'ભારતીય સામંતવાદ' નામનો ગ્રંથ આર.એસ.શર્માએ લખ્યો.*
7. *દિલ્લીની જવાહરલાલ નહેરુ યુનિવર્સિટીના ઈતિહાસનાં અધ્યાપક બિપનચંદ્ર હતા.*
8. *મુઘલકાલીન ઈતિહાસ પર વધુ લખાણ કરનાર ઈરફાન હબીબ હતા.*

**(ડ) તમારી પ્રગતિ ચકાસો.**

**(અ) લાંબા પ્રશ્નોના જવાબ આપો.**

(1) *ઈતિહાસલેખનના ક્ષેત્રે એનાલ્સ શાખાની વિશેષતાઓ જણાવો.*

(2) *એનાલ્સ શાખાના મુખ્ય ઈતિહાસકારો આપેલ ઈતિહાસનું પ્રદાન સમજાવો.*

(3) *એનાલ્સ શાખાના અન્ય ઈતિહાસકારોની લેખન પ્રકૃતિની ચર્ચા કરો.*

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(1) ......................*ક્રાંતિ દરમ્યાન વોલ્ટરે અને મોન્ત્તેજ્યુ ઈતિહાસની રાજકીય વિભાવનાને પડકાર આપ્યો.*

(2) 1929*માં પેરિસમાં* ..................... *શીર્ષકથી ઈતિહાસના જર્નલનો આરંભ થયો.*

(3) ટેવર રોપરે લખ્યુ કે 20મી સદીના ઈતિહાસ અધ્યયન પર સૌથી વધુ પ્રભાવ .................. શાખાનો હતો.

(4) એનાલ્સ શાખાના ઈતિહાસ લેખન પર સમાજશાસ્ત્રી ................ના વૈજ્ઞાનિક વિચારોની અસર હતી.

(5) Synthesis of Historical Knowledge : Essay on the Future of Philosophy નામનો ગ્રંથ ................ લખ્યો.

(6) ...................... નો જન્મ લિયોસના યહુદી પરિવારમાં થયો.

(7) માર્ક બ્લાંશ .............માં એનાલ્સ જર્નલના સંપાદક બન્યા હતા.

(8) ફર્નેલ્ડ બ્રોડેલનો જન્મ .............માં થયો હતા.

(9) ફર્નેલ્ડ બ્રોડેલને 'મિડિટેરેનિયન એન્ડ દ મિડિટેરેનિયન વલ્ડ ઈન દ એઈઝ ઓફ ફિલીપ-૨' નામનો ગ્રંથ લખતાં ........... વર્ષ લાગ્યાં હતાં.

(10) .....................'ઈન્ટ્રોક્સન ટુ મોર્ડન ફ્રાન્સ' નામનો ગ્રંથ લખ્યો.

**(ઢ) તમારી પ્રગતિ ચકાસો :**

**(અ) નીચેના પ્રશ્નોના જવાબ આપો.**

(1) સબાર્લ્ટન શબ્દની વિશે ચર્ચા કરો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) રણજીત ગુહાએ લખેલ ગ્રંથોની માહિતી આપો.

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

**(બ) ખાલીજગ્યા પૂરો.**

(1) ................સબલ્ટર્ન ઈતિહાસલેખન પધ્ધતિના પ્રયોજક હતા.
(અ) માઈકલ જેબીન (બ) રોઈન બિન્ની (ક) રણજીત ગુહા

(2) ...................નો જન્મ પૂર્વ બંગાળમાં જમીનદાર કુટુંબને ત્યાં થયો હતો.
(અ) માર્કસ જેબીન (બ) રોઈન કુરીન (ક) રણજીત ગુહા

(3) રણજીત ગુહાનું અવસાન ..............માં થયું હતું.
(અ) 2010 (બ) 2012 (ક) 2013

## 15.10 ચાવીરૂપ શબ્દો

**સંપત્તિવાન** *જે વર્ગ પાસે ઉત્પાદનનાં સાધનો અને મિલકત વધારે હોય…*

**સંપત્તિ રહિત** *જે વર્ગ પાસે ઉત્પાદનનાં સાધનો ઓછા હોય તેમજ મિલકત નહિવત હોય…*

**વર્ગવિહીન સમાજ** *ઉચ્ચ નીચનો ભેદભાવ ન હોય તેવો સમાજ તથા વર્ગ વચ્ચે ભેદ ન હોય તેવો સમાજ*

**વર્ગ સંઘર્ષ** *સમાજો સમાજ વચ્ચેનાં ઘર્ષણો*

## 15.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

**(અ) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(1) *બ* (2) *ક* (3) *બ* (4) *બ*

**(બ) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**(બ) ખાલી જગ્યા પૂરો.**

**(1) ક (2) અ (3) અ**

**(ક) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

*(બ) ખરાં ખોટાં*

(1) *ખોટું* (2) *ખરું* (3) *ખરું* (4) *ખોટું*

(5) *ખોટું* (6) *ખરું* (7) *ખોટું* (8) *ખરું*

**(ડ) તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**(બ) ખાલી જગ્યા પૂરો.**

(1) *ફ્રાન્સ* (2) *દિ એનલ્સ* (3) *એનાલ્સ* (4) *ઈમાઈલ દર્ખાઈમ*
(5) *હેનરી બરી* (6) *માર્ક બ્લાંશ* (7) 1929 (8) 1902

(9) 20 (10) *રોબર્ટ મોકાઉ*

**(ઢ) તમારી પ્રગતિ ચકાસો**

*(બ)* (1) *ક* (2) *ક* (3) *બ*

## 15.12 સંદર્ભગ્રંથો


1. *આચાર્ય કૃપલાની જે.બી. (અનુ.ભોગીલાલ ગાંધી) ગાંધીજી, માર્ક્સ અને ક્રાંતિનું વિજ્ઞાન, વડોદરા.*
2. *ખુરાના કે. એલ. અને બંસલ આર. કે. –ઈતિહાસ લેખન ધારણાઓ અને પદ્ધતિઓ.*
3. *ધારૈયા આર.કે ઈતિહાસનું વિજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બાર્ડ.*
4. *ધારૈયા આર.કે ઈતિહાસનું તત્ત્વજ્ઞાન અને ઈતિહાસ લેખન અભિગમ, અમદાવાદ*-2017
5. *પટેલ હસમુખભાઈ હ.- કાર્લ માર્ક્સ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*
6. *વાઘેલા અરુણ અને ગાંધી બી. એન. ઈતિહાસનું પદ્ધતિશાસ્ત્ર, અમદાવાદ.*
7. *વર્મા લાલબહાદુર-ઈતિહાસ કેમ-ક્યાં-કેવી રીતે.*
8. *શર્મા રામશરણ-ભારતીય ઈતિહાસ એક પુર્નવિચાર.*
9. चंद्र वी.के.– इतिहासलेखन **:** अवधारणाये, विद्याये और साधन
10. थापर रोमिला (सं) इतिहासकी पुन**:** व्यारव्यादिल्ली–1991
11. पांडे गोविन्दचंद्र–इतिहास स्वरूप और सिद्धांत, ज*पुर–2003
12. बुध्ध प्रकाश, इतिहासदर्शन–इलाहाबाद–1962
13. शर्मा रामविलास–इतिहास दर्शन–हिंदी-1962

BAOU
Education for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**

978-93-5598-634-4